# અહો શ્રુતજ્ઞાનમ્ ગ્રંથ જીર્ણોદ્ધાર – સંવત ૨૦૬૬ (ઈ. ૨૦૧૦)

**શ્રી આશાપૂરણ પાર્શ્વનાથ જૈન જ્ઞાનભંડાર - સંયોજક– બાબુલાલ સરેમલ શાહ**

હીરાજૈન સોસાયટી, રામનગર, સાબરમતી, અમદાવાદ-૦૫. (મો.) ૯૪૨૬૫૮૫૯૦૪ (ઓ) ૨૨૧૩૨૫૪૩ (રહે.) ૨૭૫૦૫૭૨૦

---

**પ્રાયઃ જીર્ણ અપ્રાપ્ય પુસ્તકોને સ્કેન કરાવીને સેટ નં.-૨ ની ડી.વી.ડી.(DVD) બનાવી તેની યાદી**

*આ પુસ્તકો www.jainelibrary.org વેબસાઇટ પરથી પણ ડાઉનલોડ કરી શકાશે.*

| ક્રમ | પુસ્તકનું નામ | ભાષા | કર્તા-ટીકાકાર-સંપાદક | પૃષ્ઠ |
|---|---|---|---|---|
| 055 | श्री सिद्धहेम बृहद्वृत्ति बृहद्न्यास अध्याय-६ | सं | पू. लावण्यसूरिजीम.सा. | 296 |
| 056 | विविध तीर्थ कल्प | सं | पू. जिनविजयजी म.सा. | 160 |
| 057 | ભારતીય જૈન શ્રમણ સંસ્કૃતિ અને લેખનકળા | ગુજ. | पू. पूण्यविजयजी म.सा. | 164 |
| 058 | सिद्धान्तलक्षणगूढार्थ तत्त्वलोकः | सं | श्री धर्मदत्तसूरि | 202 |
| 059 | व्याप्ति पञ्चक विवृत्ति टीका | सं | श्री धर्मदत्तसूरि | 48 |
| 060 | જૈન સંગીત રાગમાળા | ગુ. | श्री मांगरोळ जैन संगीत मंडळी | 306 |
| 061 | चतुर्विंशतीप्रबन्ध (प्रबंध कोश) | सं | श्री रसिकलाल हीरालाल कापडीआ | 322 |
| 062 | व्युत्पत्तिवाद आदर्श व्याख्यया संपूर्ण ६ अध्याय | सं | श्री सुदर्शनाचार्य | 668 |
| 063 | चन्द्रप्रभा हेमकौमुदी | सं | पू. मेघविजयजी गणि | 516 |
| 064 | विवेक विलास | सं/ગુજ. | श्री दामोदर गोविंदाचार्य | 268 |
| 065 | पञ्चशती प्रबोध प्रबंध | सं | पू. मृगेन्द्रविजयजी म.सा. | 456 |
| 066 | सन्मतितत्त्वसोपानम् | सं | पू. लब्धिसूरिजी म.सा. | 420 |
| 067 | ઉપદેશમાલા દોઘટ્ટી ટીકા ગુર્જરાનુવાદ | ગુજ. | पू. हेमसागरसूरिजी म.सा. | 638 |
| 068 | मोहराजापराजयम् | सं | पू. चतुरविजयजी म.सा. | 192 |
| 069 | क्रियाकोश | सं/हिं | श्री मोहनलाल बांठिया | 428 |
| 070 | कालिकाचार्यकथासंग्रह | सं/ગુજ. | श्री अंबालाल प्रेमचंद | 406 |
| 071 | सामान्यनिरुक्ति चंद्रकला कलाविलास टीका | सं. | श्री वामाचरण भट्टाचार्य | 308 |
| 072 | जन्मसमुद्रजातक | सं/हिं | श्री भगवानदास जैन | 128 |
| 073 | मेघमहोदय वर्षप्रबोध | सं/हिं | श्री भगवानदास जैन | 532 |
| 074 | જૈન સામુદ્રિકનાં પાંચ ગ્રંથો | ગુજ. | श्री हिम्मतराम महाशंकर जानी | 376 |
| 075 | જૈન ચિત્ર કલ્પદ્રૂમ ભાગ-૧ | ગુજ. | श्री साराभाई नवाब | 374 |
| 076 | જૈન ચિત્ર કલ્પદ્રૂમ ભાગ-૨ | ગુજ. | श्री साराभाई नवाब | 538 |
| 077 | સંગીત નાટ્ય રૂપાવલી | ગુજ. | श्री विद्या साराभाई नवाब | 194 |
| 078 | ભારતનાં જૈન તીર્થો અને તેનું શિલ્પસ્થાપત્ય | ગુજ. | श्री साराभाई नवाब | 192 |
| 079 | શિલ્પ ચિન્તામણિ ભાગ-૧ | ગુજ. | श्री मनसुखलाल भुदरमल | 254 |
| 080 | બૃહદ્ શિલ્પ શાસ્ત્ર ભાગ-૧ | ગુજ. | श्री जगन्नाथ अंबाराम | 260 |
| 081 | બૃહદ્ શિલ્પ શાસ્ત્ર ભાગ-૨ | ગુજ. | श्री जगन्नाथ अंबाराम | 238 |
| 082 | બૃહદ્ શિલ્પ શાસ્ત્ર ભાગ-૩ | ગુજ. | श्री जगन्नाथ अंबाराम | 260 |
| 083 | આયુર્વેદના અનુભૂત પ્રયોગો ભાગ-૧ | ગુજ. | पू. कान्तिसागरजी | 114 |
| 084 | કલ્યાણ કારક | ગુજ. | श्री वर्धमान पार्श्वनाथ शास्त्री | 910 |
| 085 | विश्वलोचन कोश | सं./हिं | श्री नंदलाल शर्मा | 436 |
| 086 | કથા રત્ન કોશ ભાગ-1 | ગુજ. | श्री बेचरदास जीवराज दोशी | 336 |
| 087 | કથા રત્ન કોશ ભાગ-2 | ગુજ. | श्री बेचरदास जीवराज दोशी | 230 |
| 088 | હસ્તસઞ્જીવનમ્ | સં. | पू. मेघविजयजीगणि | 322 |
| 089 | એન્દ્રચતુર્વિંશતિકા | સં. | पूज. यशोविजयजी, पू. पुण्यविजयजी | 114 |
| 090 | સમ્મતિ તર્ક મહાર્ણવાવતારિકા | સં. | आचार्य श्री विजयदर्शनसूरिजी | 560 |

"અહો શ્રુતજ્ઞાનમ્" ગ્રંથ જીર્ણોદ્ધાર ૮૩

# આયુર્વેદના અનુભૂત પ્રયોગો ભાગ-૧

: દ્રવ્યસહાયક :

શ્રી તપાગચ્છાધિરાજ પ.પૂ. આચાર્ય દેવ
શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાના સમુદાયવર્તિની
આદ્યપ્રવર્તિનીરત્ના પૂજ્ય સાધ્વીજી શ્રી જયાશ્રીજી મ.સા.ના
તપસ્વી શિષ્યરત્ના પૂજ્ય સાધ્વીજી શ્રી પૂર્ણપ્રભાશ્રીજી મ.સા.
પૂ. વિદૂષી સાધ્વીવર્યા શ્રી હંસપ્રભાશ્રીજી મ.સા.ની પ્રેરણાથી
શા. લહેરીબેન વનેચંદજી ઉપાશ્રયમાં
થયેલ જ્ઞાનદ્રવ્યની ઉપજમાંથી સપ્રેમ...
હ. પ્રભાબેન જગદીશભાઈ શાહ

: સંયોજક :

શાહ બાબુલાલ સરેમલ બેડાવાળા
શ્રી આશાપૂરણપાર્શ્વનાથ જૈન જ્ઞાનભંડાર
શા. વિમળાબેન સરેમલ જવેરચંદજી બેડાવાળા ભવન
હીરાજૈન સોસાયટી, સાબરમતી, અમદાવાદ-૩૮૦૦૦૫
(મો.) ૯૪૨૬૫૮૫૯૦૪ (ઓ.) ૨૨૧૩૨૫૪૩ (રહે.) ૨૭૫૦૫૭૨૦

સંવત ૨૦૬૬ ઈ.સ. ૨૦૧૦

# આયુર્વેદના અનુભૂત પ્રયોગો

[ સચિત્ર ]

## ભાગ ૧ લો

૧૨૧૯૨.



સંપાદક :

મુનિ કાન્તિસાગર

પરમ પ્રભાવક જૈનાચાર્ય વિજયગચ્છાધિપતિ શ્રી વિનયસાગરસૂરીશ્વરજી
મહારાજના શિષ્ય, કુશલ ચિકિત્સક, વૈદ્ય વિદ્યાવિશારદ

શ્રી પીતાંબર સંકલિત

# આયુર્વેદના અનુભૂત પ્રયોગો

(સચિત્ર)

ભાગ ૧ લો

श्री चन्द्रसागर सूरीश्वर जैन ज्ञान मंदिर
क्रमांक १२१९२
श्रीपाल मार्ग उज्जैन म.प्र.

: સંપાદક :

પરમ પૂજ્ય શાંતમૂર્ત્તિ ઉપાધ્યાય પદ વિભૂષિત
સ્વ૦ શ્રી સુખસાગરજી મહારાજના સા૦ ના શિષ્ય
મુનિરાજ શ્રી મંગલસાગરજી મ. સા.ના આજ્ઞાનુવર્ત્તિ

મુનિ કાન્તિસાગર

પ્રાપ્તિસ્થાન :

૧. શ્રી સારાભાઈ મણિલાલ નવાબ
માંડવીની પોળમાં છીપા માવજીની પોળ,
અમદાવાદ-૧

૨. શ્રી સરસ્વતી પુસ્તક ભંડાર
રતનપોળ, હાથીખાના,
અમદાવાદ-૧

૩. શ્રી મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે
ત્રણ દરવાજા, અમદાવાદ ૧.

૪. ઇન્દ્રકુંવર સરદારસિંહ સોલંકી
૫૬, ભોપાલપુરા, ઉદયપુર (રાજ૦)

મૂલ્ય રુપિયા પાંચ


પ્રથમાવૃત્તિ પ્રત ૧૦૦૦

વિ. સં. ૨૦૨૫ : સને ૧૯૬૮

(સર્વ હક્ક સંપાદકને સ્વાધિન છે)

પ્રકાશક :
શ્રી બાલાભાઈ લાલાભાઈ મકવાણા
જૈન ભવન, તલાટી રોડ,
પાલીતાણા (ગુજરાત)

મુદ્રક :
શ્રી મણિલાલ છગનલાલ શાહ
ધી નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ,
ઘીકાંટા રોડ, અમદાવાદ.



બૃહત્તાપાગચ્છીય આચાર્ય શ્રી હેમહંસસૂરિ (સમય સં. ૧૪૫૨-૧૫૧૩) ના કરકમલાંકિત આયુર્વેદના અનુભૂત પ્રયોગો, જે તેમની પારંપરિક સ્વાધ્યાય પુસ્તિકામાં ઉલ્લિખિત છે: મૂળ પ્રત સંપાદકના સંગ્રહમાં છે.

# પ્રસ્તાવના

## પ્રાથમિક :—

પુરાતન ભારતીય વિદ્યાઓમાં સ્વાસ્થ્યનું સ્થાન અતિ મહત્ત્વનું ગણાયું છે, જેને આયુર્વેદની સંજ્ઞાથી અભિહિત કરાય છે, એનું તાત્પર્ય પ્રાણ, આરોગ્ય અને દીર્ઘાયુ છે, વિશ્વના સમસ્ત પ્રાણીઓ આરોગ્યકામી છે, માનવ જ નહીં પશુઓ પણ માત્ર પોતાનાં આરોગ્ય પ્રતિ સજાગ જ નથી રહેતા, અપિતુ, ભાવી પ્રજા માટે પણ સાવધાની રાખે છે, એટલે સ્વાસ્થ્યનો પ્રશ્ન વૈયક્તિક નહીં, સમષ્ટિમૂલક છે, દીર્ઘાયુ સાથે સંકળાયેલો છે.

આપણો પ્રાચીન ઇતિહાસ એ વાતનો સાક્ષી છે કે નિરોગી અને બલિષ્ઠ મનુષ્યજ પ્રેરક અથવા સ્વસ્થ સમાજની રચના કરી શકે છે, માનવ–ચિન્તન અને તેનો ઉત્તરોત્તર વિકાસ રોગ રહિત શારીરિક સમ્પદા પર જ અવલંબિત હોય છે, ધર્મ અને દર્શનશાસ્ત્રની વ્યાપક દૃષ્ટિએ વિચાર કરતાં જણાઈ આવે છે કે એમના પ્રણેતાઓએ માનવ સમાજ માટે જે જે આવશ્યક વિધાનો કર્યાં છે તેમાં સ્વાસ્થ્ય એવમ્ દીર્ઘાયુનાં અપરિહાર્ય નિયમોનું ખૂબ જ ધ્યાન રાખવામાં આવ્યું છે, પરન્તુ આજે પ્રજા એ નિયમોના પ્રાણથી સ્વલ્પ જ પરિચિત છે, જે સ્વાસ્થ્ય–વર્દ્ધક અને સંરક્ષક આચારોનું પાલન થઈ રહ્યું છે. તે ધર્મની છાપને કારણે જ, પરન્તુ આયુર્વેદનાં સમ્યક્દર્શનની નિતાન્ત આવશ્યકતા છે.

કહેવાની ભાગ્યે જ આવશ્યકતા રહે છે કે માનવ–સંસ્કૃતિ અને સભ્યતાના વિકાસમાં જેટલો ફાળો મનુષ્યોનો છે એનાં કરતાં પશુ પક્ષીઓનો જરાયે ઓછો નથી, તેમ જ ગિરિ–કન્દરાઓ પણ અનુપેક્ષણીય છે, કારણ કે માનવ મનોન્નયનમાં પ્રાકૃતિક સૌન્દર્યસમ્પન્ન સ્થાનો પણ મુખ્ય ભાગ ભજવે છે, પ્રકાશના આ પ્રતીકો પર ઉપર્યુક્ત કથન કુતૂહલ ઉત્પન્ન કરે તેવું છે, પરન્તુ એનું સત્ય ગંભીર ચિન્તન બાદ સમજાય એવું છે. આપણા અધ્યાત્મપ્રધાન રાષ્ટ્રમાં પલ્લવિત–પુષ્પિત સંસ્કૃતિની તમામ ધારાઓના પ્રારંભિક ઇતિહાસથી જણાય છે કે મુનિ–યતિ અને મહર્ષિઓએ પ્રકૃતિના સ્વસ્થ અને પ્રશાન્ત વાયુમંડલમાં નિવાસ કરીને વિશ્વ કલ્યાણ વાંછુ સંસ્કૃતિનું તલસ્પર્શી મનન કર્યું હતું, તેઓનું દૃષ્ટિબિંદુ વિશાલ અને વ્યાપક હતું, એટલે જ પ્રકૃતિના સુરમ્ય પ્રાંગણમાં વસી કઠોર સાધનામય જીવનની પ્રયોગશાળામાં સત્યના મૌલિક પ્રયોગો દ્વારા તેઓએ જે જે અનુભવો કર્યા એજ આપણી અમર નિધિ–સમ્પત્તિ છે, ઉત્કર્ષનો આધાર છે, અન્તર્મુખી જીવન યાપનમાં તન્મય અનાકાંક્ષી મહાપુરુષોએ જેવી રીતે અન્તઃસૌન્દર્ય પ્રજાગરણાર્થ આત્મગવેષણાના ગહન ક્ષેત્રમાં ક્રાન્તિપૂર્ણ પ્રગતિ પણ કરી શક્યા તેવી જ રીતે તેઓ બાહ્ય સ્વાસ્થ્ય પર યથેષ્ટ ધ્યાન આપી જનસમુદાય સમક્ષ આદર્શ મૂકી ગયા, સ્વાસ્થ્ય એવમ્ દીર્ઘાયુના મૂળભૂત સિદ્ધાન્તો પર વેધક વિચાર કરતી વેળા તેઓએ અસીમ મનન અને આવિષ્કાર કરી અદ્યતન ભૌતિક દૃષ્ટિએ ગણાતા સર્વ સાધન સમ્પન્ન યુગ માટે અભૂતપૂર્વ ચમત્કાર સર્જ્યો, એમ કહેવામાં લેશ માત્ર પણ અત્યુક્તિ નથી.

## અતીત

ઐતિહાસિક દૃષ્ટિએ વિચાર કરતાં અનુભવાય છે કે અન્ય શાસ્ત્રાપેક્ષયા આયુર્વેદની કાલ–ક્રમિકતા અધિક ચિન્ત્ય છે, અદ્યાવધિ આયુર્વેદનાં સર્વાંગપૂર્ણ ઇતિવૃત્ત પર અભિનવ પ્રકાશ પાડી શકે એવો

# પ્રસ્તાવના

**પ્રાથમિક :—**

પુરાતન ભારતીય વિદ્યાઓમાં સ્વાસ્થ્યનું સ્થાન અતિ મહત્ત્વનું ગણાયું છે, જેને આયુર્વેદની સંજ્ઞાથી અભિહિત કરાય છે, એનું તાત્પર્ય પ્રાણ, આરોગ્ય અને દીર્ઘાયુ છે, વિશ્વના સમસ્ત પ્રાણીઓ આરોગ્યકામી છે, માનવ જ નહીં પશુઓ પણ માત્ર પોતાનાં આરોગ્ય પ્રતિ સજાગ જ નથી રહેતા, અપિતુ, ભાવી પ્રજા માટે પણ સાવધાની રાખે છે, એટલે સ્વાસ્થ્યનો પ્રશ્ન વૈયક્તિક નહીં, સમષ્ટિમૂલક છે, દીર્ઘાયુ સાથે સંકળાયેલો છે.

આપણો પ્રાચીન ઇતિહાસ એ વાતનો સાક્ષી છે કે નિરોગી અને બલિષ્ઠ મનુષ્યજ પ્રેરક અથવા સ્વસ્થ સમાજની રચના કરી શકે છે, માનવ-ચિન્તન અને તેનો ઉત્તરોત્તર વિકાસ રોગ રહિત શારીરિક સમ્પદા પર જ અવલંબિત હોય છે, ધર્મ અને દર્શનશાસ્ત્રની વ્યાપક દૃષ્ટિએ વિચાર કરતાં જણાઈ આવે છે કે એમના પ્રણેતાઓએ માનવ સમાજ માટે જે જે આવશ્યક વિધાનો કર્યાં છે તેમાં સ્વાસ્થ્ય એવમ્ દીર્ઘાયુનાં અપરિહાર્ય નિયમોનું ખૂબ જ ધ્યાન રાખવામાં આવ્યું છે, પરન્તુ આજે પ્રજા એ નિયમોના પ્રાણથી સ્વલ્પ જ પરિચિત છે, જે સ્વાસ્થ્ય-વર્દ્ધક અને સંરક્ષક આચારોનું પાલન થઈ રહ્યું છે. તે ધર્મની છાપને કારણે જ, પરન્તુ આયુર્વેદનાં સમ્યક્દર્શનની નિતાન્ત આવશ્યકતા છે.

કહેવાની ભાગ્યે જ આવશ્યકતા રહે છે કે માનવ-સંસ્કૃતિ અને સભ્યતાના વિકાસમાં જેટલો ફાળો મનુષ્યોનો છે એનાં કરતાં પશુ પક્ષીઓનો જરાયે ઓછો નથી, તેમ જ ગિરિ-કન્દરાઓ પણ અનુપેક્ષણીય છે, કારણ કે માનવ મનોન્નયનમાં પ્રાકૃતિક સૌન્દર્યસમ્પન્ન સ્થાનો પણ મુખ્ય ભાગ ભજવે છે, પ્રકાશના આ પ્રતીકો પર ઉપર્યુક્ત કથન કુતૂહલ ઉત્પન્ન કરે તેવું છે, પરન્તુ એનું સત્ય ગંભીર ચિન્તન બાદ સમજાય એવું છે. આપણા અધ્યાત્મપ્રધાન રાષ્ટ્રમાં પલ્લવિત-પુષ્પિત સંસ્કૃતિની તમામ ધારાઓના પ્રારંભિક ઇતિહાસથી જણાય છે કે મુનિ-યતિ અને મહર્ષિઓએ પ્રકૃતિના સ્વસ્થ અને પ્રશાન્ત વાયુમંડલમાં નિવાસ કરીને વિશ્વ કલ્યાણ વાંછુ સંસ્કૃતિનું તલસ્પર્શી મનન કર્યું હતું, તેઓનું દૃષ્ટિબિંદુ વિશાલ અને વ્યાપક હતું, એટલે જ પ્રકૃતિના સુરમ્ય પ્રાંગણમાં વસી કઠોર સાધનામય જીવનની પ્રયોગશાળામાં સત્યના મૌલિક પ્રયોગો દ્વારા તેઓએ જે જે અનુભવો કર્યા એજ આપણી અમર નિધિ-સમ્પત્તિ છે, ઉત્કર્ષનો આધાર છે, અન્તર્મુખી જીવન યાપનમાં તન્મય અનાકાંક્ષી મહાપુરુષોએ જેવી રીતે અન્તઃસૌન્દર્ય પ્રજાગરણાર્થ આત્મગવેષણાના ગહન ક્ષેત્રમાં ક્રાન્તિપૂર્ણ પ્રગતિ પણ કરી શકયા તેવી જ રીતે તેઓ બાહ્ય સ્વાસ્થ્ય પર યથેષ્ટ ધ્યાન આપી જનસમુદાય સમક્ષ આદર્શ મૂકી ગયા, સ્વાસ્થ્ય એવમ્ દીર્ઘાયુના મૂળભૂત સિદ્ધાન્તો પર વેધક વિચાર કરતી વેળા તેઓએ અસીમ મનન અને આવિષ્કાર કરી અદ્યતન ભૌતિક દૃષ્ટિએ ગણાતા સર્વ સાધન સમ્પન્ન યુગ માટે અભૂતપૂર્વ ચમત્કાર સર્જ્યો, એમ કહેવામાં લેશ માત્ર પણ અત્યુક્તિ નથી.

**અતીત**

ઐતિહાસિક દૃષ્ટિએ વિચાર કરતાં અનુભવાય છે કે અન્ય શાસ્ત્રાપેક્ષયા આયુર્વેદની કાલ-ક્રમિકતા અધિક ચિન્ત્ય છે, અદ્યાવધિ આયુર્વેદનાં સર્વાંગપૂર્ણ ઇતિવૃત્ત પર અભિનવ પ્રકાશ પાડી શકે એવો

કોઈ સમીક્ષાત્મક ગ્રન્થ ઉપલબ્ધ નથી. યદ્યપિ પ્રાપ્ત સાધનોને આધારે જર્મન વિજ્ઞ **જોલી, શ્રી હેમરાજ શર્મા, શ્રી દુર્ગાશંકરભાઈ કેવળરામ શાસ્ત્રી અને શ્રી અત્રિદેવ** ગુપ્ત એ તત્સંબંધી વ્યવસ્થિત કાલક્રમ આપવાનો પ્રશંસ્ય પ્રયાસો કર્યા છે. કિન્તુ એમાં વિભિન્ન પ્રાન્તીય વિદ્વાનો દ્વારા પ્રોત્સાહિત–સર્જિત સાહિત્યનો સમાવેશ કરવામાં આવ્યો નથી, આયુર્વેદનાં મૂળભૂત સિદ્ધાન્તોની યુગાનુસાર વ્યાખ્યા પ્રત્યેક પ્રાન્તના વિશેષજ્ઞોએ પ્રચલિત પરમ્પરા પર પોતાના અનુભવની મુદ્રા લગાવી છે. આ લોક કલ્યાણકારી શાસ્ત્રનાં કયાં કયાં અંગો કયા કયા પ્રાન્તોમાં વિકાસ પામ્યાં ? કઈ જાતનાં વિશિષ્ટ રોગોની પરિચર્યામાં કેવા પ્રયોગો કર્યા ? કયાં ગતિમાન થયાં ? અને ત્યાંની પ્રજાએ એના ઉત્કર્ષમાં કેટલો ફાળો નોંધાવ્યો ? સંત પરમ્પરાએ આ પુનીત ધારામાં પોતાનો કેટલો અને કયા અંગ માટે ઉલ્લેખનીય શ્રમ સેવ્યો ? આદિ અનેક બાબતોનો સમાવેશ આવા ઇતિહાસોમાં થાય ત્યારે જ અષ્ટાંગ આયુર્વેદનો સુસંકલિત ઇતિહાસ તૈયાર થઈ શકે. હું એ વાત સ્વીકારું છું કે પ્રાન્તીય વિદ્વાનો દ્વારા પ્રણીત એતત્સંબંધી સાહિત્ય સ્વલ્પ જ પ્રકાશમાં આવ્યું છે. અને જે પ્રકાશિત છે તેનો પણ સમુચિત ઉપયોગ થઈ શક્યો નથી. એ બિના ખેદજનક છે. કેવલ શાસ્ત્રીય પરમ્પરાને વળગી રહી ક્ષેત્રીય પ્રયત્નોને ઉપેક્ષિત રાખવામાં કશું યે ઔચિત્ય નથી.

એ તો આપણે માનવું જ રહ્યું કે જ્યાં જ્યાં માનવો વસે છે ત્યાં ત્યાં આયુર્વેદનો પ્રસાર સ્વભાવત; હોય જ, અને દરેક પ્રાન્તના વિદ્વાનો દરેક રોગ પર સ્વતંત્ર સ્વાનુભવ પણ ધરાવતા હોય જ. કે જેનો ઉલ્લેખ કે સંકેત સુદ્ધાં વૃદ્ધત્રયીમાં ન હોય, જો કે અત્રે હું આયુર્વેદના વિસ્તૃત ઇતિહાસની સર્વાંગપૂર્ણ સમીક્ષા કરવા નથી માંગતો, પરન્તુ એટલું કહ્યા વિના નથી રહેવાતું કે આપણે સંકેતિત સાહિત્ય અને તેમના વિકસિત ક્ષેત્રીયાંગો પર વેળાસર ધ્યાન નહીં આપીશું તો અવશિષ્ટ નિધિ પણ સદા–સર્વદાને માટે ગુમાવી બેસશું.

વેદ–પૂર્વ કાળમાં આયુર્વેદનું અસ્તિત્વ પ્રમાણિત છે, વેદોમાં અનેક એવી ઋચાઓ છે કે જેમાં તદ્વિષયક વિવિધ અંગોનો સમાવેશ છે, દીર્ઘાયુ સંબંધી મૂલ્યવાન્ સંદર્ભોની તેમાં સમીક્ષા કરવામાં આવી છે. પ્રાણતત્ત્વની પ્રાપ્તિ એ જ વૈદિક આયુર્વેદનું અન્તિમ લક્ષ્ય હતું. પ્રકૃતિના મૌલિક સ્વરુપને આત્મસાત્ કરી સ્વાસ્થ્ય સંવર્દ્ધક નિયમોનું પરિપાલન જ ચિકિત્સાનો ઉદ્દેશ હતો, વસ્તુતઃ દીર્ઘાયુનું અપર નામ જ અમૃત છે—**अमृतं वै प्राणाः**

કોઈ પણ **વૈદિક સંહિતામાં** પઠ ધાતુની અપ્રાપ્તિ જ દર્શાવે છે કે તે કાળમાં શ્રવણ અને મનનનું મહત્ત્વ હતું, **છાંદોગ્યોપનિષદ્** અને **ગીતામાં** બન્નેનું મહત્ત્વ પ્રતિપાદિત છે, તાત્પર્ય કે અધ્યયન અને અધ્યાપન જેવી પ્રક્રિયાઓ પ્રવચનો દ્વારા જ સમ્પન્ન થતી, આયુર્વેદના મૌલિક સાહિત્યથી પણ કથિત સત્ય સાકાર થાય છે. ઉદાહરણાર્થ **સુશ્રુત સંહિતામાં** પૃચ્છક **સુશ્રુત** છે અને ઉત્તરદાતા છે **દિવોદાસ**, આવી જ પદ્ધતિ શ્રમણ પરમ્પરામાં પણ સર્વત્ર સ્વીકૃત છે. જૈનાગમ સાહિત્ય પણ એમાં અપવાદ નથી. ત્યાં ભગવન્ **ગૌતમ**સ્વામી પ્રશ્નકાર છે અને ઉત્તર આપે છે માનવ–સંસ્કૃતિના અગ્રદૂત મહાશ્રમણ ભગવાન્ **મહાવીર**, વૈદિક પરમ્પરામાં ગણાતા આગમિક અને તાન્ત્રિક સાહિત્યમાં પણ આજ તત્ત્વ પલ્લવિત થયું છે, ઉમા–માહેશ્વર સંવાદો પતીકાત્મક તથ્ય સમુપસ્થિત કરે છે.

બૌદ્ધિક ક્ષૌણ્ય, પ્રસાર અને યુગની આવશ્યક્તાનુસાર અન્ય શાસ્ત્રોવત્ આયુર્વેદ પણ લિપિબદ્ધ કરાયું, અનન્તર **ચરક** તથા રસશાસ્ત્રાચાર્ય **સિદ્ધ નાગાર્જુન** જેવા વિશિષ્ટ વિજ્ઞોએ પ્રતિસંસ્કાર કર્યો,

એમાં પૂર્વઋષિ કથિત સંક્ષિપ્ત તથ્યનો વિસ્તાર તથા અતિ વિસ્તૃત તથ્યોનું સંક્ષિપ્તિકરણ થયું, જૈનાગમ અને બૌદ્ધ સાહિત્યની વાચનાઓની જેમ આયુર્વેદની વિદ્વત્પરિષદો દ્વારા વિભિન્ન કાલોમાં પરિવર્દ્ધન થતું રહ્યું, કાલાન્તરે પૂર્વ લિખિત, સુચર્ચિત તત્સૈદ્ધાન્તિક વિષયો પર પોત-પોતાનાં અનુભવ દ્વારા આયુર્વેદાન્વેષક વિદ્વન્માન્ય વિભૂતિઓએ સ્વતંત્ર સાહિત્ય તૈયાર કર્યું. એવી રીતે શતાબ્દીઓ સુધી ચાલણના માધ્યમથી ચળાતો–ચળાતો આ વિષય પરિપુષ્ટ થયો.

## જૈનાશ્રિત આયુર્વેદ

કહેવાની ભાગ્યે જ આવશ્યકતા રહે છે કે પરમ નિઃસ્પૃહિ અનાકાંક્ષી અને ક્રાંતદર્શી જૈનાચાર્યોએ માનવજીવનોપયોગી કોઈ પણ વિષય એવો નથી રાખ્યો, જેના પર પોતાના સાધિકાર વિચાર અભિવ્યક્ત કરી સ્વતંત્ર ગ્રંથ રચના ન કરી હોય. જ્યારે આયુર્વેદ તો સ્પષ્ટતઃ **અહિંસાના મૌલિક સિદ્ધાંતને દૈનિક જીવનમાં વિકસાવવાનું મહત્ત્વનું અંગ છે.** અહિંસા ધર્મનો પ્રાણ છે. માનવ જીવનની સુખ, શાંતિ અને સમૃદ્ધિનો મુખ્ય આધાર અહિંસા જ છે. સામાયિક–સમત્ત્વ–અહિંસા અને સંગઠન એ બધાયે શબ્દો આયુર્વેદના સક્રિય વિકાસના પર્યાયો જ છે. જૈનાચાર્યોનો અધ્યાત્મવાદ વ્યક્તિપરક નહીં પણ સમાજમૂલક રહ્યો છે. ધર્મનું અસ્તિત્વ જેમ ધર્મી વિના નથી તેમ સમાજનું અસ્તિત્વ સ્વસ્થ વ્યક્તિઓ વિના નથી, એટલે સ્વાસ્થ્યની સમસ્યા પર પૂર્વાચાર્યોએ ખૂબ જ ભાર મૂકી ધર્મ અને આચારના નિયમો એવા બનાવ્યા છે કે અવાન્તર રીતે સ્વતઃ માનવને સ્વસ્થ જીવન પરત્વે ગતિમાન કરે.

જ્યાં સુધી આયુર્વેદ એક સ્વતંત્ર વિજ્ઞાન છે ત્યાં સુધી જૈનાચાર્યોએ તેને વિશદ બુદ્ધિમત્તાથી ચર્ચીને જનભોગ્ય બનાવવા માટે પ્રત્યેક અહિંસાત્મક માધ્યમનો સફળતાપૂર્વક ઉપયોગ કર્યો છે. ત્યાં સુધી કે સ્તુતિમૂલક સ્તોત્ર સાહિત્ય વિષયક રચનાઓમાં પણ તેઓ આયુર્વેદને વિસરી શક્યા નથી. ખરતરગચ્છીય **અભયદેવસૂરિ કૃત સ્તંભન પાર્શ્વનાથ સ્તોત્ર**માં સ્પષ્ટ રીતે સૂચિત કર્યું છે કે જેવી રીતે પ્રભુના ગુણાવલંબનથી માનવજીવનમાં દુર્ગુણો વિનષ્ટ થઈ સદ્ગુણો પ્રોત્સાહન પામે છે તેવી રીતે અમુક અમુક ઔષધો દ્વારા શરીરના રોગો સદાને માટે વિનષ્ટ થઈ સ્વાસ્થ્યનો વિકાસ થાય છે. તાત્પર્ય કે જૈનાગમ સાહિત્યથી માંડીને મધ્યકાળ સુધીના જૈન સાહિત્યાનુશીલન દ્વારા વિદિત થાય છે કે જૈન યતિ મુનિઓએ આયુર્વેદના સર્વાંગીણ વિકાસ માટે ઘણું ઘણું જાણ્યું, લખ્યું અને વિચાર્યું છે. જૈન ધર્મ અને સંસ્કૃતિના વિવેચનાત્મક ગ્રંથોમાં ભાગ્યે જ કોઈ કૃતિ એવી ઉપલબ્ધ થશે. જેમાં આયુર્વેદ સંબંધી કોઈ ઉલ્લેખ ન હોય. યદ્યપિ જૈન ધર્માવલંબીઓ દ્વારા થયેલા આયુર્વેદના મહત્ત્વપૂર્ણ કાર્યોના ક્રમિક ઇતિહાસની સમીક્ષા કરવાનું આ સ્થાન નથી પણ એટલું કહેવું આવશ્યક જણાય છે કે શ્રદ્ધાજીવી માનસ બહુધા ભાવુકતા વશ અથવા જડ સંસ્કારોથી વશીભૂત થઈ માની બેસે છે કે પૂર્ણતયા આધ્યાત્મિક જીવન વ્યતીત કરતા અથવા તો કરાવવાવાળા મુનિઓનો આ ભૌતિક વિષય સાથે શો સંબંધ? એ પ્રશ્ન પ્રાણીમાત્રને સુખ પહોંચાડવાની સમત્ત્વમૂલક પ્રવૃત્તિને ઝાંખપ નથી લગાડતો? વસ્તુતઃ એવા લોકો અહિંસાની સાર્વભૌમિક સૂક્ષ્મતાથી પરિચિત હોત અને તેમણે સર્વથા દયાનો મૌલિક મર્મ આત્મસાત્ કર્યો હોત તો સંભવતઃ આ વિચારરેખા તેમના મસ્તિષ્ક પટલપર અંકિત જ ન થઈ હોત! અસ્તુ.

પ્રભાવક આચાર્યો માટે પ્રત્યેક વિષયનું તલઃસ્પર્શી જ્ઞાન અપેક્ષિત હતું. રસાયણ શાસ્ત્રોના તજ્જ્ઞ અને ભારતીય રસશાસ્ત્રના પ્રવર્ત્તક આચાર્ય **નાગાર્જુનના** ગુરુ સૂરિવર **પાદલિપ્તાચાર્ય**ને જો શરીર વિજ્ઞાન, ચિકિત્સા જ્ઞાન અને અનુભવ ન હોત તો **પાટલિપુત્રના** રાજા **મુરુંડનો** મસ્તક રોગ કેમ

ઉપશમત ? **કાલિકાચાર્ય** જે માત્ર રસાયણ શાસ્ત્રના સૈધાન્તિક વિદ્વાન જ ન હતા, પરંતુ રસશાસ્ત્રના સક્રિય જ્ઞાતા પણ હતા. જેને પરિણામે તેમણે શક્તિ અર્જિત કરી નરપિશાચ અવંતીપતિ ગર્દભિલ્લ પાસેથી પોતાની બહેન સરસ્વતીને મુક્ત કરાવી. આવા તો અનેક દાખલાઓ ઇતિહાસના સ્વર્ણિમ પાનાઓ ઉપર નોંધાયેલા છે. અત્રે મારે ખૂબ જ ભારપૂર્વક જણાવવું જોઇએ કે આવા પ્રસંગો એ સમયના છે કે જ્યારે શ્રમણ જીવનમાં સ્વલ્પ શૈથિલ્ય પણ અક્ષમ્ય અપરાધ ગણાતો. અત્રે એ પણ ન ભૂલવું જોઈએ કે **તપાગચ્છીય** આચાર્ય **દેવસુંદરસૂરિ** અને **સોમસુંદરસૂરિના** શિષ્ય સમુદાયમાં પ્રત્યેક વિષયના પારદર્શક વિદ્વાન મુનિઓ, આચાર્યો તે સમયમાં વિદ્યમાન હતા. જેમના **વૈદ્ય વિદ્યા વિશારદ** અને **ધન્વંતરી અવતાર** જેવા ચિકિત્સાપોષક બિરુદો પ્રાચીન જૈન સાહિત્યમાં દષ્ટિગોચર થાય છે. આચાર્ય **મલયગિરિએ** પણ મંત્રૌષધિઓનો મહાન મહિમા ગાયો છે. પ્રસંગવશ જણાવ્યા વગર રહેવાતું નથી કે શ્વેતાંબર જૈનોની અપેક્ષાએ **પૂજ્યપાદ ઉગ્રાદિત્યાચાર્ય** આદિ દિગંબર જૈનાચાર્યોએ આયુર્વેદ પર વિશિષ્ટ ધ્યાન આપી તત્પરક એવા સિદ્ધાંતોનું સમર્થન કર્યું છે, જેને આપણે નિઃસંકોચ મૌલિક અન્વેષણ અને ચિંતનની સંજ્ઞાથી અભિહિત કરી શકીએ. કહેવાનો આશય એ છે કે વૃદ્ધત્રયી અને લઘુત્રયીમાં અસંકેતિત વિષયોનો સમાવેશ ઉપર્યુક્ત જૈનાચાર્યોએ કરી પોતાના બહુમુખી જ્ઞાન અને અનુભવ દ્વારા અહિંસાના માધ્યમથી સમાજની સાચી સેવા કરી છે.

## જૈન આમ્નાય ગ્રંથ

પુરાતન જૈનાચાર્યોની વૈયક્તિક સ્વાધ્યાય પોથીઓમાં પ્રસંગતઃ જ્યોતિષ, શકુન, અને આયુર્વેદને લગતા અગણિત પ્રયોગો પ્રાપ્ત થાય છે. જે તેમના જ નહીં, પરંતુ પારંપરિક પરિક્ષિત હોય છે. **નાગપુરીય તપાગચ્છના** સુવિખ્યાત આચાર્ય **હેમહંસસૂરિની સ્વાધ્યાય પુસ્તિકા** મારા હસ્તલિખિત ગ્રંથ સંગ્રહમાં સુરક્ષિત છે જે **સં. ૧૪૭૧ થી** તેમના પછી પણ **સં. ૧૫૬૦** સુધી તેમની પરંપરાના અન્ય આચાર્યો દ્વારા લખાતી રહી છે. એમાં **હેમહંસસૂરિના** સ્વકરકમલાંકિત આયુર્વેદના શતાધિક શતસોનુભૂત પ્રયોગો અંકિત છે, જેનું ચિત્ર આ ગ્રંથમાં અન્યત્ર પ્રકાશિત છે. એવી જ રીતે ભાગ્યે જ જૈન ભંડારોમાં એવા વિવિધ વિષય સંપોષક ગુટકાઓ મળશે, જેમાં ચિકિત્સાશાસ્ત્રને લગતા પ્રયોગો પ્રભૂત પરિમાણમાં પ્રાપ્ત ન હોય.

જૈનોએ આયુર્વેદ વિજ્ઞાનને ત્રિકોણ સેવા સમર્પિત કરી ભારતીય સંસ્કૃતિના અત્યાવશ્યક અંગની રક્ષામાં ઉલ્લેખનીય સહયોગ આપ્યો છે. સર્વ પ્રથમ મૌલિક સાહિત્યનું સર્જન કરી અનુભૂત પ્રયોગો દ્વારા ચિકિત્સા જગતમાં અભૂતપૂર્વ ખ્યાતિ પ્રાપ્ત કરી છે. તેમનું મૌલિક ચિંતન ચિકિત્સાના ક્ષેત્રમાં પણ અહિંસાના દૃષ્ટિબિંદુ પર કેંદ્રિત હતું. અર્થાત્ પ્રાણીજ ચિકિત્સાનો સમાવેશ જૈન આયુર્વેદમાં લગભગ નથી કરવામાં આવ્યો. વાનસ્પતિક તથા રસ–ધાતુ વિદ્યાનો જ વિકાસ કરવામાં આવ્યો છે. જીવન વિકાસના તમામ ક્ષેત્રોમાં સંસ્કૃતિને વિસ્મૃત કેમ કરી શકાય ?

દ્વિતીય, **માધવનિદાન, યોગચિન્તામણિ, ત્રિશતિ, વાગ્ભટ્ટ, લોલિંબરાજ, સારંગધર** જેવા ગ્રંથોનાં પદ્યાત્મક અનુવાદ તથા ગદ્યાત્મક વિવેચનો લખી લોકભોગ્ય ચિકિત્સાને પ્રોત્સાહન આપ્યું છે. જૈનોની સર્વાધિક ઉલ્લેખ્ય સેવા તે વિભિન્ન રોગો પરના અનેક પ્રયોગોનું આકલન છે. આવા સંગ્રાહાત્મક ગ્રંથો જૈન ભંડારોમાં જૈન યતિમુનિઓ દ્વારા પ્રતિલિપિત સહસ્રાધિક પ્રાપ્ત થાય છે.

ભારતીય શિક્ષા અને ચિકિત્સાની ક્રમિક વિકસિત પરંપરાના ઇતિહાસપર દૃષ્ટિપાત કરતાં જણાય છે કે આ દેશમાં એક સમય એવો પણ હતો કે જ્યારે શિક્ષા અને સ્વાસ્થ્યનું દાયિત્વ ધર્માચાર્યો પર નિર્ભર હતું. એને કારણે વિશેષ કરીને પશ્ચિમ અને દક્ષિણ ભારતમાં અનેક સ્થાને જૈન યતિ અને

ભટ્ટારકો જન સાધારણમાં લોકગુરુ તરીકે પંકાતા. તત્તત્ સ્થાનોના શાસકો પણ આ વિદ્યાને કારણે જ તેઓનું વિશિષ્ટ સન્માન કરી મોટી જાગીરો સમર્પિત કરી દેવામાં ગૌરવ માનતા.

સંકેતિત પ્રકારના સંકલનોનું અદ્યતન વિશુદ્ધ શાસ્ત્રીય પરંપરા પોષક અને સ્થિતિપાલક વિદ્વત્ વૈદ્યોની દૃષ્ટિએ અધિક મૂલ્ય ભલે ન હોય પરંતુ અલ્પવ્યયી અને સદ્ય ફલ પ્રદાયિકા ચિકિત્સાની અપેક્ષાએ તેનું અત્યધિક મહત્ત્વ છે. આવા પ્રયોગોને અધ્યયનની દૃષ્ટિએ આપણે બે ભાગોમાં વિભક્ત કરી શકીએ. એક તો શાસ્ત્ર સમર્થિત અથવા ઉલ્લિખિત અને બીજા પ્રાદેશિક તથા પારંપરિક શાસ્ત્રીય પ્રયોગ શતાબ્દીઓથી વિભિન્ન કાલોમાં ચરાતા આવતા હોઈ તેના પ્રતિ સહજ વિશિષ્ટ જનશ્રદ્ધા ધરાવે છે. જ્યાં સુધી રસોનો પ્રશ્ન છે ત્યાં સુધી એક જ રસ અથવા ધાતુના શોધન સ્વેદન માટે કાલાંતરમાં નવા નવા પ્રયોગોનો આવિષ્કાર થયો, જેનો ઉલ્લેખ શાસ્ત્રોમાં નથી. પરંતુ આવા આકલિત ગુટકાઓમાં તે પદ્ધતિઓ વર્ષોના અનુભવ જ્ઞાન–વિધિરૂપે સુરક્ષિત છે. અને તેનાથી જનસ્વાસ્થ્યની દિશામાં ઉત્તરોત્તર પ્રગતિ થઈ છે. પ્રત્યેક પ્રાંતમાં જ્યાં શાસ્ત્રીય ચિકિત્સા પદ્ધતિનો બહોળો પ્રચાર છે જે શતાબ્દીઓથી પારંપરિક અથવા સ્મૃતિમાં રમતા પ્રયોગોને આધારે માનવ અને પશુ ચિકિત્સા દ્વારા સ્વાસ્થ્ય કેળવે છે. અને તે પણ એવી વનસ્પતિઓ દ્વારા કે જેનો ઉલ્લેખ નિઘંટુઓમાં શોધ્યે મળતો નથી. તથા તે તે પ્રદેશોમાં પ્રાપ્ત થાય છે.

આવા સંકલનોની પરંપરાએ ભારતમાં ક્યારે જન્મ લીધો તેનો આદિકાળ અજ્ઞાત છે. પણ એટલું સહજ કલ્પ્ય છે કે વિશિષ્ટ બૌદ્ધિક જીવન યાપન કરનાર ચિન્તનને વિકસાવી શકે છે. અર્થાત્ સ્વાનુભવ ભાષાના માધ્યમ દ્વારા માનવ જગત સુધી અભિવ્યક્ત કરી શકે છે એમના વિચારોનો ક્રમબદ્ધ પરિપાક વિવેચનાત્મક ગ્રંથોમાં જોવા મળે છે. જ્યારે સામાન્ય કોટિના મનુષ્યો પોતા પૂરતા જ સ્ફુટ વિચારો લખી દૈનંદિની રૂપે સુરક્ષિત રાખે છે.

જૈન જ્ઞાન ભંડારોના પરિશિલનથી સ્પષ્ટ થાય છે કે જૈન યતિ મુનિઓ સ્વતંત્ર ગ્રંથ નિર્માણની પરંપરા સમાપ્ત અથવા તો સીમિત થવાને કારણે સ્ફુટ પ્રયોગોનું ટાંચણ પોતાની નિત્ય સ્વાધ્યાયની અતિ પ્રિય પુસ્તકોમાં કરવા લાગ્યા. કારણ કે જૈન મુનિઓ સમાજમૂલક જીવન વ્યતીત કરવા લાગ્યા હતા. સમાજના સંપર્કમાં રહી એક બીજાના સુખદુઃખથી અસંપૃક્ત રહેવું કેટલું કઠિન હતું એ સમજવાનો વિષય છે. જેમ જેમ સામાજિક સંપર્ક ગાઢ થતો ગયો, તેમ તેમ અનાકાંક્ષિજીવન આવા પ્રયોગોનું સ્વતંત્ર સાહિત્ય અભિવૃદ્ધ થવા લાગ્યું અને કાલાંતરમાં જૈન યતિ મુનિઓનો આ પ્રયત્ન ચિકિત્સા પદ્ધતિના અક્ષય ભંડારરૂપે ફેલાયેલો છે.

### પ્રસ્તુત સંકલન

વ્યક્તિ સ્વાતંત્ર્યમાં સંપૂર્ણપણે શ્રદ્ધા ધરાવતી શ્રમણ પરંપરા ભારતની એક પ્રતિષ્ઠિત સાંસ્કૃતિક સંસ્થા, પ્રાણવાન પુરુષાર્થ તથા પ્રેરણાનું પ્રતીક છે. રાષ્ટ્રના સર્વાંગીણ સમુત્કર્ષ અને વિશેષતઃ આધ્યાત્મિક તથા નૈતિક ચેતના જાગૃત કરવામાં તેનો ફાળો અન્ય સંત પરંપરાપ્રેક્ષ્યા સર્વાધિક ઉલ્લેખનીય રહ્યો છે પોતે સાધના, આરાધના અને સમુપાસનામાં અનુરક્ત રહીને પણ લોકમંગલ મૂલક પ્રત્યેક નિવૃત્તિ પ્રધાન પ્રવૃત્તિને વેગ આપી મનનશીલ મનીષા મુનિઓએ સમ, શ્રમ અને શમના સિદ્ધાન્તો દૈનિક જીવનમાં સાકાર કરી સમાજ સમક્ષ સ્વર્ણિમ આદર્શ ઉપસ્થિત કર્યો છે. તેમનું 'સ્વ' અતિ વ્યાપક પરમાં અનુસ્યૂત હતું એટલે તેઓ સ્વપરના સામાન્ય ગણાતા એવા ભેદને ભુલાવી દ્વૈતને અદ્વૈતમાં પરિણામવી શકયા. માનવ જ નહિ પ્રાણી માત્રની સેવા તેમનું અખંડ વ્રત હતું.

સમાજથી સ્વલ્પ લઈ વિશિષ્ટ દેય તેમનાં જીવનની વિશેષતા હતી. આધ્યાત્મિક ઉપદેશ આપી તેઓ જેવી રીતે મનસ્તાપ દૂર કરી શાંત અને શાશ્વત દિશામાં માનવને ગતિમાન કરતા તેવી જ રીતે **વસુધૈવ કુટુંબકમ્‌ના** મૂલ્યવાન્ આદર્શને જીવનમાં મૂર્તરૂપ આપી રોગગ્રસ્ત પ્રાણીઓની અહિંસાત્મક ચિકિત્સા કરી રોગ મુક્ત કરવા સદા-સર્વદા યથેષ્ટ રીત્યા સચેષ્ટ રહેતા.

ઉપર્યુક્ત પંક્તિગત કથનના સમર્થનમાં **સં. ૧૭૫૬ મા** સંકલિત પ્રસ્તુત **આયુર્વેદ સર્વ સાર સંગ્રહને** ઉપસ્થિત કરી શકાય, અસંદિગ્ધ રૂપેણ કહી શકાય કે આ સંગ્રહ શતાબ્દીઓના અનેક કુશલ અનુભવી પ્રાણાચાર્યોનો કોશ છે, જેની નોંધવા યોગ્ય વિશેષતા એ છે કે લગભગ સમ્પૂર્ણ પ્રયોગો વાનસ્પતિક જ અને તે પણ પ્રાયઃ સર્વત્ર સરળતયા સમુપલબ્ધ થઈ શકે એવા છે. આપાદ મસ્તક પ્રયોગોનું વ્યવસ્થિત સંકલન દર્શાવે છે કે સંગ્રાહકે વર્ષો સુધી અનેકવિધ પ્રયોગોનું પરીક્ષણ કર્યું, અનંતર ગ્રંથરૂપે સર્જ્યું કારણ કે એક એક રોગ નિવૃત્તિ માટે એકાધિક સરલ અને અલ્પ વ્યયી પ્રયોગો ટાંકયાં છે. વિશિષ્ટ પ્રયોગો જે જે પ્રાણાચાર્યો પાસેથી પ્રાપ્ત કર્યા છે તેમનું નામ આપી સંકલિકતાએ એમનું ઋણ સ્વીકાર્યું છે. ઉદાહરણ તરીકે **ઋષિ ખિમસી, જોષી ભગવાનદાસ, ઠાકુરશી નાણાવાલ, બાલગિરિ** આદિ આદિ.

આ સંકલન **ઉદયપુરમાં** કરવામાં આવ્યું હોવાથી વિશેષ કરીને મેવાડમાં પ્રાપ્ત વનસ્પતીઓનો ખૂબ ઉપયોગ દર્શાવવામાં આવ્યો છે. ઉદાહરણ તરીકે **ગાંઠિયાખડ** જેવી મહત્ત્વપૂર્ણ ઔષધિનો અત્યારે પણ તીવ્ર વાતનાશક ઔષધિ તરીકે તે પ્રદેશમાં વ્યવહૃત થાય છે જે અસ્થિ સંધાનમાં પણ મહત્ત્વનો ભાગ ભજવે છે. **એકલિંગજી** નિકટ **રાષ્ટ્રસેના-રાઠાસેનજીના**[1] ડુંગરમાં આ વધારે મળે છે. ત્યાં કોઈ પણ ઢોર અથવા માણસનું હાડકું ભાંગતાં એને વાટીને ત્રણ દિવસ પાવાથી ગમે તે જગ્યાના ખંડિત અસ્થિ ત્રણ જ દિવસમાં જોડાઈ જાય છે.

---

૧. એકલિંગજી (ઉદયપુરથી ૧૨ માઈલ)થી ૨ માઈલ દૂર પૂર્વ દિશામાં **રાઠાસેન-મગરો**-વિશાલ ગિરિશૃંગ છે. જેના સર્વોચ્ચ શિખર પર ભારતીય શિલ્પ-સ્થાપત્ય અને મૂર્તિકળાનાં અવિસ્મરણીય ધામરુપ માતૃમંદિર નિર્મિત છે, પ્રાકૃતિક સૌન્દર્યની દૃષ્ટિથી આ સ્થાન અત્યન્ત મનોરમ છે. એકલિંગ માહાત્મ્યાદિ મેવાડના પ્રાચીન સાહિત્યમાં સંકેતો મળે છે કે અહીં કુશિક શાખાના પાશુપતાચાર્ય હારીતરાશિએ ૧૨ વર્ષ સુધી ઉગ્રતપશ્ચર્યા કરી માતાને પ્રસન્ન કર્યાં હતાં, આચાર્યશ્રીની સેવામાં સદાતત્પર બાપા રાવળે એમનાં અનુગ્રહથી રાજ્ય વિસ્તાર કર્યો. અને હારીત રાશિએ બાપા રાવળનાં રાજ્યની અધિષ્ઠાતૃ-દેવી તરીકે એ શક્તિને સ્થાપિત કરી. પુરાણ અને માહાત્મ્યમાં માતા રાષ્ટ્રશ્યેના-રાઠાસેન નામો મળે છે, માતૃ ઉત્પત્તિ, પૂજન-પદ્ધતિ આદિનું વિશદ વર્ણન મહારાણા રાયમલ્લના સમયમાં બનેલ એકલિંગ માહાત્મ્યમાં મળે છે, મુંહતા નૈણસીની ખ્યાત અને તદુત્તરાવર્તી શિલા-લિપિઓમાં પણ રાષ્ટ્રશ્યેનાનાં ઉલ્લેખો મળે છે, શમળી રુપે બાપાના રાજ્યની રક્ષા કરવાને કારણે આ નામ પ્રસિદ્ધ થયું હોય એમ લાગે છે, ભારતમાં કોઈ પણ રાજ્યની સ્વતંત્ર રક્ષિકા દેવી તરીકેની સ્થાપનામાં રાષ્ટ્રશ્યેના પ્રથમ ગણી શકાય.

આ સ્થાન એકાન્ત અને ભયજનક છે. નિકટવર્તી જનતાનું લૌકિક તીર્થ પણ, સંસારનાં શક્તિ-બલિદાનોનાં ઇતિહાસમાં અન્યત્ર ન બનેલ એક ઘટનાએ અહીં વિક્રમ નોંધાવ્યો છે. અને તે એ કે સમીપસ્થ દેલવાડાના શાસક રાઘોદેવ સં. ૧૭૩૯ માં આશ્વિન નવરાત્રિના પ્રસંગે પોતાના બાદરબખ્શ હાથીની બલિ આપી મહારાણા રાજસિંહ (સમય ૧૭૦૯-૩૯)ના ઉપહાસનો ઉત્તર વાળ્યો હતો.

—મુનિ કાન્તિસાગરઃ-ભગવાન્ એકલિંગજી-એક અનુશીલન.

સંકલયિતાએ ધાતુ સ્તંભન વિષયક પ્રયોગો આપતાં **સિંહવાહની** ગુટિકાનો પણ ઉલ્લેખ કર્યો છે, જે **મહારાણા કુંભા** સેવન કરતા હતા. યદ્યપિ દ્રવ્ય ગુણ વિજ્ઞાનની અપેક્ષાએ દ્રવ્યો સાધારણ પ્રતીત થશે. પરંતુ ગુણ દષ્ટયા એ ગુટિકા અત્યંત અન્વર્થ મહૌષધ છે. એવી જ **રાજા જગન્નાથની કામેશ્વર ગુટિકા છે.** રાજકીય જીવન સામાજિક દૃષ્ટિએ મધ્યકાળમાં મોભાનું સ્થાન ગણાતું. પરંતુ રાજાની અવકૃપાનું પરિણામ ભોગવવાનું જોખમ પણ તેમાં રહેતું જ. વિષપ્રયોગો દ્વારા અથવા પ્રત્યક્ષ શસ્ત્રોથી મરાયેલા માનવોનો કરુણ ઇતિહાસ રાજકીય જીવન સાથે સંકળાયેલો છે. વિશેષ કરીને મંદ વિષ દ્વારા એકબીજાની પ્રતિસ્પર્ધામાં જોડાયેલા માણસોનું નિકંદન કાઢવામાં આવતું જેમાં વાઘની મૂછનો વાળ મુખ્ય ગણાતો. એટલે જ આ સંકલનમાં વિશેષરૂપે **"વાઘ બાલ વિષનાશ"**ના પ્રયોગો નોંધ્યા છે.

આયુર્વેદના સંગ્રહ પર વિચાર કરતાં દેશી પ્રચલિત મુદ્રાઓની ઉપેક્ષા ન થઈ શકે. યદ્યપિ શાસ્ત્રીય ગ્રંથોમાં માસા, તોલા, કર્ષ આદિનું માપ વ્યવસ્થિતરૂપે વર્ણિત છે. પરંતુ વિભિન્ન પ્રાંતીય વિદ્વાનો દ્વારા એકત્ર કરાયેલા આવા પ્રયોગોમાં પરિમાણરૂપે તે તે દેશોમાં ચાલતા સિક્કાઓનો ઉલ્લેખ જોવામાં આવે છે. ઉદાહરણાર્થ: આ સંગ્રહમાં લગભગ **શેરશાહી**નું માપ વધારે જોવામાં આવે છે. આ શબ્દનું તાત્પર્ય એટલું જ છે કે **મહારાણા રાજસિંહ** અને તેના પછી પણ મેવાડમાં **શેરશાહસૂરી**ના સિક્કાઓનું પ્રચલન હતું. એવા બીજા પણ દ્રમ્મ આદિ સિક્કાઓના સંકેત તાત્કાલીક અર્થ વિનિમય પર પ્રકાશ પાડે છે.

### ગ્રંથ સંકલયિતા

પ્રસ્તુત સંગ્રહના આકલક **ઋષિ પીતાંબર વિજયગચ્છીય** આચાર્ય **વિનયસાગરસૂરિના** શિષ્ય હતા. યદ્યપિ નૈતિક આધ્યાત્મિક સાહિત્યના વિકાસમાં વિજયગચ્છના સૂરિ અને મુનિઓનો ફાળો લેશમાત્ર ઓછો નથી, પરંતુ એ ગચ્છનું સાહિત્ય જ્યાં તે ગચ્છની વિશિષ્ટ પ્રવૃત્તિ હતી. ત્યાંના સંગ્રહાલયોમાં તેના સમુદ્ધારની પ્રતિક્ષા કરી રહ્યું છે. મારા કહેવાનો આશય એ છે કે **મેવાડ**, અને **હાડોતી** પ્રદેશોમાં **વિજયગચ્છના** [1]**કલ્યાણસાગરસૂરિ, વિનયસાગરસૂરિ,** [2]**સુમતિસાગરસૂરિ** તથા હિંદી સાહિત્યના સમર્થ સમીક્ષક **ઋષિમાન**[3] આદિનું વિશિષ્ટ સમ્માન હતું એમ તત્રસ્થ પ્રાપ્ત સાહિત્યના આધારે જણાઈ આવે છે. આ ગચ્છના મુનિવર **મોહનનો** લખેલો **સંવત ૧૭૫૬ નો** એક ગુટકો મારા સંગ્રહમાં સુરક્ષિત[4] હતો. જેમાં વિનયસાગરસૂરિ આદિ એતદ્‌ગચ્છીય મુનિવરોની અજ્ઞાત રચનાઓ પ્રતિલિપિત હતી. **વિનયસાગરસૂરિ** સ્વયં સમર્થ ઉપદેશક અને રસસિદ્ધ કવિ હતા. મહારાણા રાજસિંહના સમયમાં તેઓ વિદ્યમાન હતા. યદ્યપિ તેમના વૈયક્તિક જીવન પર અધિક પ્રકાશ પાડી શકે. તેવા ઐતિહાસિક પ્રમાણો પ્રાપ્ત નથી, પરંતુ તેમની જ શિષ્યપરંપરામાંના મુનિ મોહને તેમની પ્રશંસામાં જે પદ્ય આલેખ્યુ છે તે પરથી જણાવે છે કે આચાર્ય વિપ્ર કુલિન **ગોકલ**ની અર્ધાંગિની **લખમાદેવી**ના પુત્ર હતા. આચાર્યશ્રીનો **ઉદયપુર** સાથે અત્યંત ઘનિષ્ટ સંબંધ હતો. ત્યાંના પ્રતિષ્ઠિત નાગરિક

---

૧–૨ કલ્યાણસાગરસૂરિ અને સુમતિસાગરસૂરિ રચિત પદ્યાત્મક કૃતિઓ માટે **"રાજસ્થાનનો અજ્ઞાત સાહિત્ય વૈભવ"** દૃષ્ટવ્ય છે. સંકલક મુનિ કાન્તિસાગર.

૩ મુનિ કાન્તિસાગરઃ–નાગરી પ્રચારિણી પત્રિકા. વર્ષ ૬૭, અંક ૪.

૪ મેં મારા હસ્તલિખિત જે ગ્રંથો રાજસ્થાન ઓરિયેંટલ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ, ચિત્તૌડ શાખાને ભેટ આપ્યા, તેમાં આનો પણ સમાવેશ થાય છે.

**શેઠ ભોગીદાસનો** ઉલ્લેખ તેઓ પોતાની રચનાઓમાં કરે છે, જેણે ઉદયપુરથી કેશરિયાજીના અનેક સંઘો કાઢેલા તથા સંવત ૧૫૦૬ માઘ કૃષ્ણા દ્વિતીયા દિને પ્રતિલિપિત સ્વર્ણાક્ષરી **કલ્પસૂત્રની પ્રત સં. ૧૭૩૫ માઘ કૃષ્ણ એકાદશી રવિવારે ઉદયપુરમાં** આચાર્યશ્રીને સમર્પિત કરી જે અત્યારે નિત્ય વિનય મણિ જીવન જ્ઞાન ભંડાર કલકત્તા (કેનિંગ સ્ટ્રીટ)માં સુરક્ષિત છે.

જેમ પૂર્વ સંસૂચિત કરવામાં આવ્યું છે કે **વિજયગચ્છના** યતિમુનિઓનો રાજા, રાજપરિવાર અને અન્ય પ્રતિષ્ઠિત સરદારો સાથે અત્યંત ઘનિષ્ઠ સંબંધ હતો. **મહારાણા રાજસિંહનો** રાજ્ય કાલ **મેવાડના** સાંસ્કૃતિક ઈતિહાસમાં સ્વતંત્ર સ્થાન ધરાવે છે. સાહિત્ય, સંગીત અને શિલ્પ તથા ચિત્રકલાનો વિશિષ્ઠ વિકાસ તેમના સમયમાં જ થયો. પૌરાણિક આખ્યાનકો તથા **બિહારી સતસઈ, ગીતગોવિંદ, રસિક પ્રીયા, બારામાસા** આદિ વિવિધ વિષયક ગ્રંથસ્થ સાહિત્યને ચિત્રિત કરી તેમણે ભારતીય ચિત્રકલાની **ઉદયપુર** શૈલીને ખૂબ જ પ્રોત્સાહન આપ્યું હતું. પરંતુ **સં. ૧૭૨૫** નો કાળ અતિ વિષમ હતો. **ઔરંગઝેબ**ની મેવાડપર કુદૃષ્ટિ પડી. તેણે તહવરખાનના સેનાપતિપદે વિશાળ સેના મેવાડને કચડવા માટે મોકલી. અત્યંત ભીષણ પ્રસંગે **રાજસિંહ** જેવા વીર પુરુષને પણ **છપ્પનના** પહાડોમાં વિવશતાવશ આશરો લેવો પડતો. તેમના સેનાપતિઓમાં શ્રમણ સંસ્કૃતિમાં આસ્થાવાન **વીર દયાળદાસ** એક એવો વીર યોદ્ધો અને મંત્રી હતો. જેણે રાજસિંહને ષડયંત્રના પરિણામોથી પરિચિત કરી બચાવ્યો હતો.[1]

તે વિજયગચ્છનો ઉપાસક હોવાથી આચાર્ય વિનયસાગરસૂરિનો પરમ અનુરાગી હતો. તેણે **રાજસાગર** નામક વિશાલ સરોવરની પાળ પર ભગવાન્ ઋષભદેવસ્વામીનું ભવ્ય ભવન-મંદિર બંધાવ્યું. અને સં. ૧૭૩૨ માં ઉપર્યુક્ત આચાર્યના કરકમળ દ્વારા પ્રતિષ્ઠા સમ્પન્ન કરાવી. વિનયસાગરસૂરિ રસ-સિદ્ધ કવિ હતા. તેમની કૃતિઓ અદ્યાવધિ ક્યાંય ઉલ્લિખિત થઈ નથી. તમામ રચનાઓનો પરિચય મેં મારા **રાજસ્થાનના અજ્ઞાત સાહિત્ય વૈભવ** નામના ગ્રંથમાં કરાવ્યો છે.

પ્રસ્તુત સંકલનના કર્તા પીતાંબર તથા તેમના ગુરુ વિનયસાગરસૂરિનો ઉલ્લેખ સં. ૧૭૫૬ માં મુનિ મોહનદ્વારા પ્રતિલિપિત એક હસ્તલિખિત ગુટકામાં પણ જણાય છે. પરન્તુ તેમનો વિશેષ પરિચય પ્રયત્ન કરવા છતાં પણ પ્રાપ્ત થઈ શક્યો નથી. તેમના દ્વારા પ્રાકૃત સંકલિત અનેક રોગમુક્તિના પ્રયોગો એ વાત સિદ્ધ કરી આપે છે કે તેઓ વૈદ્યવિદ્યાવિશારદના બિરુદથી મંડિત હતા. અનેક અનુભવી ચિકિત્સકો પાસેથી મેળવેલા પરીક્ષિત પ્રયોગો લૌકિક ભાષામાં રજૂ કરી તેમણે જનસમાજની ઘણી સારી સેવા કરી છે, પ્રયોગો પ્રાપ્ત કરતાં તેઓ પ્રદાતાનાં નામો ટાંકે છે. કહેવાની ભાગ્યે જ આવશ્યકતા રહે છે કે આ સંકલનમાં મેવાડનાં રાજ પરિવારમાં વપરાતા યોગો પણ સંકલિત છે, **ઠાકરસી નાણા-વાલ, જોષી** [1]**ભગવાનદાસ** એ બન્ને તે કાળનાં ઉદયપુરના વિખ્યાત ચિકિત્સક અને રસાયણશાસ્ત્રી **ગુસાંઈ** [2]**ભારતીના** શિષ્યો તથા રાજવૈદ્ય હતા, એટલે જ પ્રયોગોની ભાષા મેવાડમાં પ્રયુક્ત રાજસ્થાની અર્થાત્ મેવાડી છે, એટલે મેવાડનાં અઢારમી શતાબ્દીના ગદ્ય ભાષા શાસ્ત્રીય અધ્યયન માટે પણ આ કૃતિ વિશેષ ઉપયોગી છે.

---

૧ રાજસ્થાનનાં પ્રકાશિત કોઈ પણ ઈતિહાસમાં આ પ્રસંગ પર જરા પણ લખાણું નથી, પરન્તુ **સમસામયિક** ખરતરગચ્છીય દૃષ્ટિ સમ્પન્ન યતિ જયચંદ્રે આનો ઉલ્લેખ સ્વરચિત અભૂતપૂર્વ અને **ઐતિહાસિક** કૃતિ **સઈકી**માં કર્યો છે.

—મુનિ કાન્તિસાગર–**સઈકી.** એક અધ્યયન

સં. ૧૭૫૬ માં આ કૃતિ સંકલિત કરવામાં આવી તેમાં ગ્રન્થની પ્રશસ્તિ પરથી જણાય છેઃ—

> સંવત્ ૧૭૫૬ વર્ષે શ્રીશ્રીવિધિપક્ષે (? વિજયગચ્છે) શ્રી ભટ્ટારક શ્રીમદ્
> ૧૦૮ વિનયસાગરસૂરિજી......તિથૌ શુક્રવાસરે, લિપિકૃતં પીતાંબરજી
> ઉદયપુરનગરે રાજાધિરાજ.........રાજ્યે આયુર્વેદ સારસંગ્રહ સમ્પૂર્ણમ્.

પુષ્પિકામાં પ્રયુક્ત વિધિપક્ષે શબ્દને આધારે મેં ભાઈ શ્રી પાર્શ્વને વિનયસાગરસૂરિ અંચલગચ્છના જણાવ્યા હતા. એને કારણે તેમણે અંચલગચ્છ દિગ્દર્શનની પૂર્તિ (પૃષ્ઠ ૬૧૭) માં પણ અંચલીય લખેલ છે, જ્યારે વસ્તુતઃ વિજયગચ્છના આચાર્ય છે.

## આયુર્વેદના અનુભૂત પ્રયોગો અને પ્રતિ પરિચય

ઉપર્યુક્ત શીર્ષકમાં પ્રસ્તુત કૃતિનું પ્રકાશન થોડું આશ્ચર્ય ઉત્પન્ન કરે એવું છે. સંકલનકારે આ ૮૧ પત્રાત્મક રચનાનું નામ **આયુર્વેદ સાર સંગ્રહ** સ્વીકાર્યું છે. નામની વ્યાપકતા જોતાં અતિ-વ્યાપ્તિ દોષથી તે રહિત નથી. આમાં આવેલા પ્રયોગો મારા પોતાના જ નહીં, અપિતુ સન ૧૯૪૧માં આ પ્રત મને પ્રાપ્ત થઈ છે તેમનાં પરિવારની વ્યક્તિઓનાં પણ અનુભૂત છે, એટલે જ મેં **આયુર્વેદના અનુભૂત પ્રયોગો** નામ રાખવાનું વિશેષ પસંદ કર્યું છે. આની મૂળ પ્રત મને **સિવની** (છપારા) નિવાસી સ્વ. **ડાલચંદજી** ભૂરા તરફથી પ્રાપ્ત થઈ હતી, તેમનાથી જાણવા મળ્યું કે **બીકાનેર**ના સુલેખક યતિશ્રેષ્ઠ શ્રી **અનૂપચંદજી** મહારાજે તેમના પિતામહ સ્વ. **લક્ષ્મીચંદજી** ભૂરાને આપી હતી. મૂળ પ્રતમાં વિશિષ્ટ પ્રયોગો પર પ્રયોક્તાએ કરેલાં ચિહ્નો એ વાત દર્શાવે છે કે એ તમામ પ્રયોગ પ્રતિ સંરક્ષકના અનુભવેલા છે.

પ્રતિના પત્રોની સંખ્યા ૮૧ છે. પ્રત્યેક પત્રમાં ૧૮ થી ૨૦ પંક્તિઓ છે. અને પ્રત્યેક પંક્તિમાં ૫૫ થી ૬૦ અક્ષરો છે. કાળી શાહીથી લખેલી સુવાચ્ય પ્રતિમાં વિષય પરિવર્તનસૂચક લાલ શાહીનો ઉપયોગ તથા ક્યાંક ગેરુના સંકેતો સ્પષ્ટ છે. વિષય અથવા તો પ્રયોગ સ્પષ્ટીકરણાર્થ હાંસિયા પર તેજ અક્ષરોમાં વિશિષ્ઠ વિવેચન પણ છે.

પ્રતિ આખીયે કોઈ વાર પાણીમાં પડી ગયેલી જણાય છે. કારણ કે કેટલાક પાનાઓમાં ઝાંખપ અને લિપિ અસ્પષ્ટ થઈ છે, પણ શ્રમથી વાંચી શકાય તેવી છે.

---

૧ આ વ્યક્તિનો આયુર્વેદનો એક બૃહદ્ ગુટકો મને શ્રી ઇન્દ્રકુંવર સરદારસિંહ સોલંકી (પ્રતાપ-ગઢનિવાસી, હાલ ઉદયપુર) તરફથી પ્રાપ્ત થયો હતો. જેમાં ભગવાનદાસ પોતાને રાજવૈદ્ય અને ગુસાંઈ ભારતીજીના શિષ્ય વર્ણવે છે. સંભવ છે એ સંખવાલ–સુખવાલ ગોત્રનાં હોય. ગુટકામાં ઠાકુરસી નાણા-વાલના પણ અનેક પ્રયોગો નોંધ્યા છે.

૨ એમના એક શિષ્ય તારાચંદ સુત હૃદયાનન્દ જોશી રચિત આયુર્વેદ વિષયક ગ્રન્થોમાં પણ ભારતીય ગુસાંઈનું નામ આવ્યું છે. વિશેષ માટે મારો "આયુર્વેદકા અજ્ઞાત સાહિત્ય" નામક લેખ જોવા ભલામણ છે,

—મિશ્રીમલ અભિનન્દન ગ્રંથ, પૃષ્ઠ ૩૦૦–૩૧૭,

જો કે પ્રકાશિત પ્રયોગો લગભગ વાનસ્પતિક જ છે પરન્તુ અંતિમ ભાગમાં સીંગ્રફ, પારદ, તામ્ર, બંગેશ્વર અને લોહસાર આદિ રસ અને ધાતુ વિષયક અમુક સંકેત છે જે વિશિષ્ઠ વ્યક્તિઓ દ્વારા પરીક્ષિત હોવાને કારણે જ નોંધાયેલા છે.

## સરકાર વિચારે

રાજનીતિ દ્વારા પ્રાપ્ત સ્વાધીનતાનું સાંસ્કૃતિક સંરક્ષણ ભારતીય સંત પરમ્પરાના ઊર્જસ્વલ આદર્શો પર અવલંબિત છે. નિસ્પૃહી અને અનાકાંક્ષી જીવન જ જગતને પ્રભાવિત કરી સન્માર્ગ તરફ પ્રેરે છે. સ્વાધીન ભારતની પ્રજા માટે આયુર્વેદ કેટલું ઉપયોગી છે એ કહેવાની જરુરત નથી, ભારતીય સંસ્કૃતિના આ મૂળભૂત અંગ પર આપણી સરકારો કેટલું ધ્યાન આપે છે, એ ચર્ચાની વિશદ્ સમીક્ષા કરવાનું આ સ્થાન નથી. પરન્તુ પ્રસંગતઃ એટલું બલપૂર્વક કહેવું જોઈએ કે સ્વાધીનતા પ્રાપ્ત કર્યા પછી અંગ્રેજી ભાષા અને સંસ્કૃતિના માનસ પુત્રો સમાન ગણાતા એવા આપણા દેશના મૂર્દ્ધન્ય રાજપુરુષોએ આ વિષયને અધિક વિકસાવવા યથેષ્ટ ધ્યાન આપ્યું નથી, આશ્ચર્ય, પરિતાપ અને લજ્જાની વાત તો એ છે કે અનેક આયુર્વેદ માન્ય યોગોને આધારે નિર્મિત ઔષધો વિદેશી સાજ-સજ્જામાં આવે ત્યારે તેના તરફ આપણે આકૃષ્ટ થઈએ છીએ, પરન્તુ આપણાં જ ઋષિ મુનિયો–આચાર્યો દ્વારા પરિષ્કૃત સ્વાસ્થ્ય વિજ્ઞાનની ચિરાનુભૂત પરમ્પરાની જો આજના પ્રગતિશીલ યુગમાં ઉપેક્ષા કરવામાં આવશે, તો આયુર્વેદ પણ એક દિવસ શબ્દકોશની શોભા બની રહેશે, જેવી રીતે આ પ્રયોગોનું સંકલન પ્રકાશિત થઈ રહ્યું છે તેવી જ રીતે આવા કોડી બંધ ભાગો તૈયાર કરી શકાય એટલી સામગ્રી તો જૂના ગ્રન્થ ભંડારોમાં આજે પણ વિદ્યમાન છે. ૧૫ ભાગોની સામગ્રી તો મારા એકલાનાં જ સંગ્રહમાં સુરક્ષિત છે, એનાંથીયે અતિ મહત્ત્વનાં અને રોગ નિવૃત્તિમાં મુખ્ય ભાગ ભજવનાર અગણિત્ યોગો ગ્રામીણ અને નિરક્ષર જનતાના કંઠમાં વસે છે. તેમાંનાં ઘણાંખરા તો એવા પણ છે કે જ્યાં પ્રત્યેક વિષયના નિષ્ણાત ચિકિત્સકો અસફલ રહ્યા છે ત્યાં તેઓએ આશ્ચર્યજનક સિદ્ધિ અર્જિત કરી છે.

આપણી કેન્દ્રીય સરકાર આયુર્વેદને નામે મોટું વ્યયપત્ર લોકસભા સમક્ષ મૂકી આયુર્વેદ સેવાનું બહાનું બતાવી યશાર્જિત થાય છે ત્યારે શું તે ઉપર્યુક્ત પ્રકારનાં પ્રયોગોને એકત્ર કરવા માટે સ્વલ્પ અર્થ રાશિનો પ્રબંધ ન કરી શકે ? શાસન તંત્ર પાસે આ અપેક્ષા વધુ ન કહેવાય.

હાલમાં જ ગુજરાત સરકારે આયુર્વેદ વિશ્વવિદ્યાલયની ભારતમાં સૌપ્રથમ સ્થાપના કરી અન્ય રાજ્યો સામે એક સુંદર આદર્શ ઉપસ્થિત કર્યો છે. એની સ્થાપનાથી વિદ્વજ્જગતમાં આશાનો સંચાર થયો હતો કે હવે ગુજરાતમાં આયુર્વેદની ચતુર્મુખ ઉન્નતિ થશે, વર્ષોથી વેરાયેલું–વિશ્રૃંખલિત આયુર્વેદિક સાહિત્ય એકત્ર કરી પ્રકાશિત કરવામાં આવશે. પરન્તુ વિગત કાલ અને કાર્યપ્રણાલિકા પરથી સિદ્ધ થયું છે કે ગુજરાતમાં જ આયુર્વેદના શાસ્ત્રીય પારમ્પરિક સાહિત્ય અને સ્ફુટ પ્રયોગ સંગ્રહોની કલ્પનાતીત ઉપેક્ષા થઈ રહી છે. શું આયુર્વેદના ઉત્કર્ષમાં રસ લેનારા સુયોગ્ય મંત્રીઓ માટે આ સમુચિત ગણાય ?

ગુજરાતની સરકાર આ દિશામાં પણ પહેલ કરી નામ શેષ થતા જતા સાહિત્યનો સમુદ્ધાર કરે એવી અપેક્ષા રાખીએ.

આ સંકલન **ઉદયપુરમાં** થયું છે. એટલે રાજસ્થાનની સરકારનું પણ મારે ધ્યાન આ વિષય પરત્વે આકૃષ્ટ કરવું જોઈએ, રાજસ્થાનનાં જૈનમંદિરો, મઠો, સમ્ભ્રાન્ત પરિવારો અને અન્યત્ર કેટલુંયે આવા પ્રકારનું સાહિત્ય ઉધઈ દ્વારા ભક્ષિત થવાની તૈયારીમાં છે. અને ત્યાં વસતા આદીવાસીઓમાં પણ હજારો વાનસ્પતિક પ્રયોગો વેરાયેલાં છે. એને એકત્ર કરવાની અતીવ આવશ્યક્તા છે. કોઈ પણ સરકાર આયુર્વેદનો સ્વતંત્ર વિભાગ સ્થાપી પોતાનાં એતદ્વિષયક કાર્યથી ઇતિશ્રી ન માની બેસે. એ ઇચ્છવા યોગ્ય છે.

**આભાર :—**

પ્રસ્તુત સંગ્રહ **પાલીતાણાંના** એક સમયના પ્રમુખ રાજપુરુષ સ્વ. **નારસિંહ જીજીભાઈ બ્રહ્મભટ્ટને** સકારણ જ સમર્પણ કરવામાં આવ્યો છે. તેમણે કેવલ સંપાદકને જ બાલદીક્ષા અને આયુર્વેદની સમુચિત શિક્ષા માટે જ પ્રયત્ન નથી કર્યો પરન્તુ તેમની પ્રામાણિક્તા અને સાર્વજનિક સેવામાં પણ સ્વતંત્ર સ્થાન પ્રાપ્ત કરી યશ અર્જિત કરેલ છે. તેમનાં સુપુત્ર સાહિત્ય સંસ્કૃતિ કલા અને શિક્ષાના ક્ષેત્રમાં વિશિષ્ટ અભિરુચિ ધરાવતા **શ્રી કાકુભાઈ બ્રહ્મભટ્ટને** પણ આ પ્રસંગે ન વિસરી શકાય, તેમણે યુગાનુકૂલ તેમના સદ્દગત પિતાનો સાર્વજનિક સેવાનો વારસો દીપાવ્યો છે. યથાર્થતઃ આ સંકલન પ્રકાશિત કરવાની યોજનાનું નિર્માણ તેમણે જ કર્યું છે અને જો તેમણે આમાં મુખ્ય ભાગ ન ભજવ્યો હોત તો મારે પણ આવા સાહિત્યનો અનુવાદ કરી સંપાદનનો પ્રસંગ ન સાંપડત, ભવિષ્યમાં પ્રકટ થનારા ભાગો માટે પણ અત્યારથી જ સક્રિય રહેવાની તૈયારી શ્રી કાકુભાઈ દાખવી રહ્યા છે.

શ્રી પુરબાઈ જૈન ધર્મશાળા (પાલીતાણા) નાં સ્થાનીય વ્યવસ્થાપક અને ડોણ (કચ્છ) નિવાસી **શ્રી ચુનીલાલભાઈ ભારમલે** પણ પ્રકાશનમાં જે રસ દાખવ્યો છે તેની નોંધ લેવી ઘટે.

**અંચલગચ્છ દિગ્દર્શનના** સફલ લેખક અને પ્રકાશ્યમાન જૈન ઐતિહાસિક રાસાદિ સાહિત્યના સંશોધક ભાઈ **શ્રી પાર્શ્વે** પણ જે યોગ આપ્યો છે તે ભૂલી ન શકાય, પ્રકાશન માટે જે સદ્ગૃહસ્થોએ પૂર્વે સહાયતા આપી છે તે પણ ધન્યવાદને પાત્ર છે. યદ્યપિ આ સંકલનનું પ્રકાશન ગત માર્ચ માસમાં જ થઈ જવું જોઈતું હતું. પરન્તુ અનિવાર્ય સંયોગોને લીધે અર્થદાતાઓને ખૂબ જ પ્રતીક્ષા કરવી પડી.

**સૂચનાત્મક અનુપૂર્ત્તિ**

આવા અનુભૂત પ્રયોગોને ૧૫ ભાગોમાં પ્રકાશિત કરવાની ભાવના છે. કારણ કે આવા સ્વાસ્થ્ય મૂલક સાહિત્યનું જૈનાચાર્યોએ વિશદ નિર્માણ કરી લોક કલ્યાણના માર્ગમાં ઉલ્લેખનીય પ્રગતિ કરી છે. અમારા સ્થિતિપાલક બંધુઓ પણ આવા સાહિત્યના પ્રકાશનમાં રુચિ લ્યે એ ઇચ્છવા યોગ્ય છે.

મૌન એકાદશી
સં. ૨૦૨૫
સોનબાઈ બિલ્ડીંગ
**પાલીતાણા.**

મુનિ કાન્તિસાગર

## સમજુતી

૧. આ સંકલનમાં તોલાનો જે ઉલ્લેખ વારંવાર આવ્યો છે તે ૧૨ ગ્રામની સમજવો. એક ટાંક એટલે એક તોલાનાં ત્રણ જાણવાં.

૨. પારદ, ગંધક, મનસીલ, હરતાલ, તુત્થ–મોરથૂથૂ, વચ્છનાગ, આદિ જે વિષો છે તે શુદ્ધ કરેલાં જ ઔષધોમાં મેળવવાં.

૩. જો કે આ સંકલનમાં અધિકતર પ્રયોગો વાનસ્પતિક જ છે. છતાં પણ સમુચિત ઉપયોગ કરતાં પૂર્વે યોગ્ય ચિકિત્સકની સલાહનો યથા સંભવ ઉપયોગ કરવો હિતાવહ છે.

હવે પછી....

# આયુર્વેદના અનુભૂત પ્રયોગો

નો

## ભાગ ૨ જો

અંચલગચ્છીય પાલીતાણા શાખાના વૈદ્યવિદ્યાનિષ્ણાત મુનિશ્રી–

શ્રી નયનશેખરજી મહારાજ વિરચિત

## "યોગ રત્નાકર ચોપાઈ"

# રોગ સૂચી


મસ્તક-રોગ-શમન પ્રયોગો ૧
૨ માથાનાં ગડ ગૂંબડ-ઉપચાર ૨
૩ નકસીર-નાકોડી ૩
૪ વમન ૩
૫ મુખ-રુધિર પતનના ઉપચાર ૪
૬ મુખ દુર્ગંધ ઉપચાર ૪
૭ દાંત રોગોપચાર ૫
૮ મોઢાંનાં ખીલ છાયા આદિના ઉપચાર ૬
૯ અંજનાધિકાર ૬
૧૦ મોતિયાબિંદ ૮
૧૧ આંખના ફૂલાના ઉપચાર ૮
૧૨ પરવાલા પર ૧૧
૧૩ રાત્યંધ પર ૧૧
૧૪ કાનના રોગો સંબંધી ઉપચાર ૧૧
૧૫ નાસૂર ઉપચાર ૧૨
૧૬ પીનસના ઉપચાર ૧૩
૧૭ અપસ્માર-મૃગી ૧૪
૧૮ હેડકી ઉપચાર ૧૫
૧૯ પડજીભી અધિકાર ૧૭
૨૦ દંતેરુ, નનામી, કાંખો લાર્ઇના ઉપચાર ૧૮
૨૧ ધનુર્વાતોપચાર ૧૯
૨૨ નિદ્રા લાવવાના પ્રયોગ ૧૯
૨૩ નિદ્રાનાશક યોગ ૧૯
૨૪ છાંદણુ વાય ૧૯
૨૫ વિસકંટા-ખીલનાશક ૨૦
૨૬ કાસ-ખાંસી, કફ ૨૦
૨૭ ઉદ્ધર્વ શ્વાસ પર વિશેષ ૨૪
૨૮ પીલિયો-કમળો ૨૪
૨૯ શોથ-સોજો ૨૬
૩૦ ઉદર-ગુલ્મ ઉપચાર ૨૭
૩૧ કઠોદર ઉપચાર ૩૦
૩૨ શૂલના ઉપચાર ૩૦
૩૩ સંગ્રહણી ઉપચાર ૩૧
૩૪ ઉદરપીડા ઉપચાર ૩૨
૩૫ ક્ષુધા-ભુખ લગાડવાના પ્રયોગો ૩૨
૩૬ વાયુ અધિકાર ૩૪
૩૭ પક્ષાઘાત-તેલ ૩૬
૩૮ અફીણનું ઝેર ઉતરે ૩૬
૩૯ વિવિધ વિષ ઉતારવા પર ૩૭
૪૦ વાઘબાલ વિષ નિવારણ ૩૮
૪૧ માંકડ મૂષકાદિ પલાયન ૩૮
૪૨ ગોહ-ઘોયરા વિષ ૩૮
૪૩ હડક્યા કૂતરાનું વિષ નિવારણ ૩૯
૪૪ ભિલામા વિષ ૩૯
૪૫ કુચલાદિ વટી ૪૦
૪૬ કલ્યાણ ઘૃત ૪૦
૪૭ પેચોટીનાં ઉપચાર ૪૧
૪૮ કૃમિ આદિ ઉપચાર ૪૧
૪૯ વિરેચન પ્રયોગ ૪૧
૫૦ ગુદાવર્ત્તિકા ૪૨
૫૧ રેચ સ્તંભન યોગ ૪૨
૫૨ જ્વરોપચાર ૪૪
૫૩ વીર્ય સ્થંભનાધિકાર પ્રમેહોપચાર ૪૪
૫૪ પૂહમેહ-સુજાક ૪૭
૫૫ મૂત્રકૃચ્છ્ર ૪૭
૫૬ અશ્મરી-પથરી ૪૯
૫૭ મદનલતા-વૃદ્ધિ ૫૦
૫૮ વીર્યવૃદ્ધિ, નપુંશક્તા, સ્તભંન, ધાતુ બિકારાદિ ૫૧
૫૯ કામદેવ રસ ૫૪
૬૦ જગન્નાથ-કામેશ્વર ગુટિકા ૫૬
૬૧ સિંહવાહની ગુટિકા મહારાણા કુંભાની ૫૬

| | | |
|---|---|---|
| ૬૨ | ઉપદંશ–ફિરંગ | ૫૯ |
| ૬૩ | મલમ–ઉપદંશ પર | ૬૦ |
| ૬૪ | દુષ્ટ વ્રણ પ્રતિકાર | ૬૦ |
| ૬૫ | શસ્ત્રઘાવ મલમ | ૬૨ |
| ૬૬ | સ્તન પીડા | ૬૨ |
| ૬૭ | શ્વેત કુષ્ટોપચાર | ૬૨ |
| ૬૮ | રક્તપિત્તિ | ૬૫ |
| ૬૯ | અંડવૃદ્ધિ–નલવૃદ્ધિ આદિનાં ઉપચાર | ૬૫ |
| ૭૦ | બબાસિર–મસ્સા | ૬૬ |
| ૭૧ | અગ્નિ દગ્ધોપચાર | ૬૭ |
| ૭૧ | રસોલી, મેદ–ઉપચાર | ૬૭ |
| ૭૨ | પામ, ચાંદી, દાદના ઉપચાર | ૬૮ |
| ૭૨ | કચ્છ દાદ પર વિશેષ | ૬૮ |
| ૭૩ | બભૂતાધિકાર | ૭૦ |
| ૭૪ | વાળા–નારૂ ઉપચાર | ૭૧ |
| ૭૫ | સ્ત્રી અધિકાર | ૭૧ |
| ૭૬ | સ્ત્રી–માસિક ધર્મ | ૭૨ |
| ૭૭ | ગર્ભાધાન | ૭૩ |
| ૭૮ | નાલ પરાવર્તન | ૭૫ |
| ૭૯ | કાકવંધ્યા | ૭૫ |
| ૮૦ | અધૂરો ન પડે | ૭૬ |
| ૮૧ | મૃતવત્સા દોષ | ૭૬ |
| ૮૨ | છોડ ગર્ભ વૃદ્ધિ | ૭૭ |
| ૮૩ | ગર્ભપાતન | ૭૭ |
| ૮૪ | સુખે પ્રસવ અધિકાર | ૭૮ |
| ૮૫ | યોનિ સંકોચન | ૭૮ |
| ૮૬ | ઋતુ બંધ કરવાના અધિકાર | ૮૦ |
| ૮૭ | ગર્ભ ન રહેવાનો અધિકાર | ૮૦ |
| ૮૮ | કુચ કઠણ કરવાનાં યોગ | ૮૧ |
| ૮૯ | પ્રસૂતિ વાયુ | ૮૧ |
| ૯૦ | સ્ત્રી દ્રાવ | ૮૧ |
| ૯૧ | દૂધ આવવાના યોગ | ૮૧ |
| ૯૨ | સ્ત્રી પૌષ્ટિક | ૮૨ |
| ૯૩ | બાલરોગ ચિકિત્સા | ૮૨ |
| ૯૪ | વાળ નાશક પ્રયોગ | ૮૩ |
| ૯૫ | વાળ ઉગાડવાનો પ્રયોગ | ૮૪ |
| ૯૬ | કેશ કાળા કરવાના પ્રયોગ | ૮૪ |
| ૯૭ | અન્ય પ્રયોગો | ૮૪ |
| ૯૯ | સિંગ્રહ–હિંગૂલ શુદ્ધિ | ૮૬ |
| ૧૦૦ | બીજો પ્રકાર | ૮૬ |
| ૧૦૧ | હરતાલ | ૮૭ |
| ૧૦૨ | વિષાણુ ભસ્મ | ૮૭ |
| ૧૦૩ | કજ્જલી ભસ્મ | ૮૭ |
| ૧૦૪ | પારદ ક્રિયા | ૮૭ |
| ૧૦૫ | પારદ વિધિ | ૮૭ |

# પ્રકાશનના આર્થિક સહાયકો

૧૦ આચાર્ય મહારાજ ૧૦૦૮ શ્રી શાન્તિવિમલ-સૂરીશ્વરજી મહારાજના સદુપદેશથી.
૨૦ આચાર્ય વિજયજિનેન્દ્રસૂરિજી મહારાજના શિષ્ય મુનિશ્રી પદ્મવિજયજી તથા મુનિશ્રી પ્રકાશવિજયજી મ.ના ઉપદેશથી.
૧૫૧ વિદુષી સાધ્વીજી શ્રી ઉદ્યોતજીશ્રી મહારાજના ઉપદેશથી.
૫૦ શ્રી મેઘજી માલશી કોચીન
૨૦ શ્રી માણેકલાલ કાળીદાસ તેજાજી અમદાવાદ
૨૦ શ્રી ગુલાબચંદજી ગોલેચ્છા (જીવરાજ અગરચંદ ફર્મ) ફલોદી
૧૦ શ્રી જયન્તીલાલ જીવરાજ ઘાટકોપર, મુંબઈ
૧૦ શ્રી રતિલાલ હીરજી મુંબઈ
૧૦ શ્રી હસમુખલાલ મેઘજી પચાણ મુંબઈ
૧૦ શ્રી પ્રવીણભાઈ છોટાલાલ હકાણી
૧૦ શ્રી ધારશી નાગજી ,,
૧૦ શ્રી શાન્તિલાલ દેવજી ,,
૧૦ શ્રી સકલચંદ શાહ (વર્ષાવાળા) ,,
૧૦ શ્રી રામજી વેરશી ,,
૧૦ શ્રી મોરારજી દેવજી ,,
૧૦ શ્રી શાન્તિચંદ્ર બાબુભાઈ મલજી ,,
૧૦ શ્રી હીરજી ઉમરશી ,,
૧૦ શ્રી પ્રેમજી મોણશી ,,
૧૦ શ્રી વેલજી કચરા બોરીવલી ,,
૧૦ શ્રી હીરજીભાઈ ,,
૧૦ શ્રી માણેકજી વેલજી ,,
૧૦ શ્રી નાનજી નેણશી ,,
૧૦ શ્રી મૂળજી નેણશી ,,
૧૦ શ્રી દામજીભાઈ શામજી ,,
૧૦ શ્રી દિલીપ લલ્લુભાઈ એન્ડ કંપની ,,
૧૦ શ્રી મોનજી ટોકરશી ,,
૧૦ શ્રી લાલજી મોનજી મુંબઈ
૧૦ શ્રી મોતીચંદ નરશી ,,
૧૦ શ્રી હીરજી જે. કારાણી ,,
૧૦ શ્રી નેણશી વીરજી ,,
૧૦ શ્રી કરમશી હંસરાજ ,,
૧૦ શ્રી વસનજી હંસરાજ ,,
૧૦ શ્રી પદમશી રામજી ,,
૧૦ શ્રી રાયચંદ હંસરાજ ,,
૧૦ શ્રી ભુલાભાઈ નરશી ,,
૧૦ શ્રી વસનજી માલશી ,,
૯૦ શ્રી હર્ષદરાય એમ. ,,
૧૦ શ્રી જયન્તીલાલ જીવરાજ ,,
૧૦ શ્રી નરેન્દ્ર એલ. ખોના માટુંગા ,,
૧૦ શ્રી બાબુભાઈ આર. શાહ ,,
૧૦ શ્રી ગાંગજી રાયશી ,,
૧૦ શ્રી ટોકરશી દામજી મુલુંડ ,,
૧૦ શ્રી નાનજી ઉભાયા ,,
૧૦ શ્રી રામજી ટોકરશી ,,
૧૦ શ્રી રાયચંદ જશરાજ ,,
૧૦ શ્રી વીશનજી લાલજી ,,
૧૦ શ્રી ધીરજલાલ પોપટલાલ કુર્લા ,,
૧૦ શ્રી દેવજી ચનાભાઈ ,,
૧૦ શ્રી સાકરદેવી જૈન ,,
૧૦ શ્રી આર. કે. શાહ દાદર મુંબઈ
૧૦ શ્રી કેશવજી તેજશી ,,
૧૦ શ્રી મનસુખલાલ પોપટલાલ ,,
૧૦ શ્રી મગનલાલ કરમચંદ શાહ ,,
૧૦ શ્રી ભીખમચંદ ચીમનાજી કોઠારી ભાયખલા ,,
૧૦ શ્રી સોહનલાલ ડી. જૈન ભાયખલા મુંબઈ
૧૦ ,, વી. પી. શાહ ,,
૧૦ ,, વાડીલાલ હરખચંદ વોરા ઘાટકોપર ,,

૧૦ ,, ડૉ. હરેશ એલ ગાલા ગોરેગાંમ ,,
૧૦ ,, ડૉ. બી. આઈ. દલાલ ,, ,,
૧૦ ,, ડૉ. એમ, એમ કોટક ,, ,,
૧૦ ,, પન્નાલાલ શાહ ,,
૧૦ સુ. શ્રી ઇન્દ્રકુંવર સરદારસિંહ સોલંકી ઉદયપુર
૩૫ સુ. શ્રી સુંદરકુમારી નેમીચંદ વૈદ્ય જૈસલમેર
૧૦ શ્રી ફૂલચંદ ગુલાબચંદ ઝાડચૂડ જયપુર
૧૦ ,, મણીલાલ લલ્લુભાઈ અજમેરા પાલીતાણા
૧૦ ,, વીરચંદ ચાંદમલ નાહટા આગરા
૧૦ ,, માનમલ કન્હૈયાલાલ જૈસલમેર
૧૦ ,, માણેકલાલ મોહનલાલ ત્રિચીનાપલ્લી
૧૦ ,, વીરચંદ ભીખમચંદ દૂગડ સાજા (મ. પ્ર.)
૧૦ ,, મનોહરમલ ધૂલચંદ દૂગડ રાજનાંદગાંવ, (મ. પ્ર.)
૧૦ ,,
૧૦ ,, વિશનદાસ ચન્દ્રારાની ગાઝિયાબાદ
૧૦ ,, અ. સૌ. શીલવંતી ડિપ્ટીલાલ જૈન, મુરાદાબાદ
૧૦ ,, ઉદયકરણ સિદ્ધકરણ મરોટી દુગ (મ. પ્ર.)
૧૦ ,, બાદરમલ દલીચંદ છાજેડ સીવાણા
૧૦ ,, વરધીચંદ ગણેશમલ પારલૂ
૧૦ ,, રતનલાલ ગુલાબચંદ શેઠ કૈલાસપુરી
૧૦ ,, લક્ષ્મણદાસ આસૂલાલ બાડમેર
૧૦ ,, નેમીચંદજી બડેરા વકીલ ,,
૧૦ ,, સૌભાગ્યમલ વરદીચંદ લૂંકડ પાલીતાણા
૧૦ ,, તેજપાલ સોમચંદ ધારશી સતના
૧૦ ,, સૌભાગ્યબાઈ શિખરચંદ બુરડ જયપુર
૧૦ ,, મેઘરાજ અનૂપચંદ મદ્રાસ
૧૦ શ્રી લાદુરામ હેમરાજ પારેખ વડોદરા
૧૦ શ્રી મગનલાલ વિઠ્ઠલદાસ પાલીતાણા
૧૦ શ્રી વાસુરામજી સેઠી બીકાનેર
૧૦ શ્રી હસ્તમલ પારેખ નવાપારા, રાજીમ
૧૦ શ્રી કેવલચંદ મનોહરલાલ રાજીમ


૧૦ શ્રી પુખરાજ પુનમચંદ બીનમાલ
૧૦ શ્રી બાબુભાઈ ભગુભાઈ પાલીતાણા
૧૦ શ્રી ડાહ્યાભાઈ ફુલચંદ શાહ અમદાવાદ
૧૦ શ્રી ચંપકલાલ હિમ્મતલાલ શાહ અમદાવાદ
૧૦ શ્રી શાહ ગિરધરભાઈ ફુલચંદ સુરેન્દ્રનગર
૧૦ શ્રી રતનલાલજી બદલીયા કલકત્તા
૧૦ શ્રી સજ્જનસિંહ કટારિયા જયપુર
૧૦ શ્રી નન્દલાલ મેહતા જયપુર
૧૦ શ્રી જેઠમલ શેરાજી હોસ્પેટ
૧૦ શ્રી છગનલાલ સોહનલાલ ગદગ
૧૦ શ્રી અનોપચંદ ઝાબક કુનૂર
૧૦ શ્રી વોરા રતનચંદ દીપચંદ પાલીતાણા
૧૦ શ્રી હીરાલાલ એમ. શાહ મદ્રાસ
૧૦ શ્રી છગનલાલ મલુકચંદ માંડવી
૧૦ શ્રી કુંવરજી જેઠાભાઈ વેરાવળ
૧૦ શ્રી રસીલલાલ નાનાલાલ શાહ અમદાવાદ
૧૦ શ્રી પદમચંદ દૂગડ કલકત્તા
૧૦ શ્રી લાભચંદજી ઓસ્તવાલ ઇંદૌર
૧૦ શ્રી શામજીભાઈ મયાભાઈ રાયપુર, અમદાવાદ
૧૦ શ્રી સૂરજમલ માણેકચંદ સાવનસુખા રાયપુર ,,
૧૦ શ્રી ઇશ્વિરલાલ ચુનીલાલ માંડવી
૧૦ શ્રી શામજી નાનજી મદુરાઈ
૧૦ શ્રી શાન્તિદાસ હેમરાજ દોશી મદ્રાસ
૧૦ શ્રી રતનચન્દ્ર કોઠારી જયપુર
૧૦ શ્રી જશવંતલાલ બબાભાઈ અમદાવાદ
૧૦ શ્રી કુંદનલાલ મોહનલાલ ગંટૂર
૧૦ શ્રી ડૉ. પ્રેમજી ભીમશી ગાલા ઘાટકોપર, મુંબઈ
૧૦ શ્રી લાલચંદ મેહતા કોટા
૧૦ શ્રી ભંવરસિંહ કોઠારી જયપુર
૧૦ શ્રી પ્રેમચંદજી ધાધિયા ,,
૧૦ શ્રી શુભકરણજી મરોટી બૈતૂલ
૨૦ શ્રી આર. જી. શાહ (નવરંગપુરા) અમદાવાદ
૧૦ શ્રી અમૃતલાલ ત્રિભુવનદાસ ભણશાલી પાલનપુર
૧૦ શ્રી ચુનીલાલ ભારમલજી ડોણવાલા પાલીતાણા

સ્વ. શ્રી નારસિંગ જીજીભાઈ બ્રહ્મભટ્ટ
પાલીતાણા



જન્મ : સં ૧૯૩૩ સ્વ.: ૧૯૯૯

જેમણે જૈન તીર્થની અપૂર્વ ભક્તિ કરી, આગત તૈર્થિકોની સેવામાં સદૈવ તત્પર રહી, સંઘર્ષ કાલમાં રાજ્ય અને જૈન સમાજના સેતુરૂપ બની સ્થાનિક જન-સમાજની ઉત્ક્રાંતિમાં નૈષ્ઠિક હિસ્સો આપ્યો; સંપાદકને પણ જેમણે સંયમની સાધનામય નિવૃત્તિમૂલક પ્રવૃત્તિમાં યોગ આપ્યો, તેમની પવિત્ર સ્મૃતિ રૂપે. . .



આચાર્ય શ્રી વિનયસાગરસૂરિના શિષ્ય અને પ્રકાશિત આયુર્વેદના અનુભૂત પ્રયોગોના સંકલયિતા શ્રી પીતાંબરના હસ્તાક્ષરોમાં લખાયેલી પ્રતનું ચિત્ર: મૂળ પ્રત સંપાદકના સંગ્રહમાં છે.

ૐ ધન્વતરયે નમઃ

# આયુર્વેદના અનુભૂત પ્રયોગો

## ભાગ પહેલો

### મસ્તકરોગ-શમન-પ્રયોગો

૧. સાંભરલૂણની પોટલી મીઠા તેલમાં ગરમ કરી માથે શેક કરવાથી મસ્તક પીડા જાય છે.

૨. અડદ, મગ અને કુળથ ત્રણેનો ક્વાથ પીવો. ત્રિદોષજનિત મસ્તકની પીડા જાય.

બધીયે વસ્તુઓ ૨-૨ તોલા લેવી અને ૨૫ તોલા પાણીમાં ઉકાળવી, ૫ તોલા રહે એટલે પાવી.

૩. સૂંઠ, પીપર, સુખડ, માથે ઘસી ચોપડવું.

૪. નાગરમોથ, દેવદારુ, ઉપલેટ, રોહિસ, જવખાર, સેંધવ પાણીથી ઘસી માથે લગાડવાથી શ્લેષ્મથી માથું દુખતું મટે છે.

૫. કમળકાકડી, ઉપલેટ, જેઠીમધ, સૂંઠ પાણી સાથે ઘસી માથે લગાડવાથી પિત્તવિષયક મસ્તક વેદના શાન્ત થાય છે.

૬. આરીઠા, કાળાંમરી, ચણોઠીની દાળ, સાકર ચારેને વાટી ભાંગરાના રસમાં ચણા પ્રમાણે ગોળી કરવી. કામ પડે ત્યારે પાણીથી ઘસી નાકમાં ત્રણ દિવસ ટીપાં નાખવાં.

૭. નેપાલાના બીજ વાટી માથે લગાવે તો આધાશીશી આદિ મસ્તકના રોગ જાય. જમણી બાજુનો ભાગ દુઃખે તો ડાબી બાજુ દવા ચોપડવી અને ડાબી બાજુનો ભાગ દુઃખે તો જમણી તરફ લગાડવી. માથું ઉતરે કે તરત જ દવા લૂંછી લેવી અને ઘી ચોપડી દેવું. અન્યથા સ્થાન તતડવાનો ભય રહે છે.

૮. વચ, સૂંઠ, સેંધવ, વરિયાળી અને સફેદ જીરું. પાણીથી ઘસીને નાકમાં ટીપાં નાંખે, શ્લેષ્મની ચીસ મટે.

૯. વાયવિડંગ, સાજી, હીંગ અડધો-અડધો તોલો, સરસિયાંનું તેલ ૧૫ તોલા, ગોમૂત્ર ૨૦ તોલા તેલમાં પકાવી ટીપાં નાખવાથી મસ્તકના કીડા બહાર નીકળી આવે છે.

૧૦. પીપર, મરી, કપૂર અને લોદ પાણીથી નાસ દે તો મસ્તક રોગ જાય.

૧૧. ફટકડી શુદ્ધ ટાંક બે, ગાયના પાશેર કાચા દૂધમાં નાખી પીવડાવે તો મસ્તક પીડા જાય.

૧૨. સતવા સૂંઠ, કાળાં મરી, પારસ પીપલ, સમુદ્રફલ સર્વ સમ ભાગ લઈ કપડછાણ કરી છીંકણીની પેઠે સૂંઘે તો મૃગી, આધાશીશી વગેરે મસ્તકની પીડા ઉપશમે.

૧૩. સમુદ્રફલ ઘસી પાણીથી નાસ દે તોઃ આધાશીશી જાય.

૧૪. પારદ, ગંધક, નેપાલામીંગી (ત્રણેય શુદ્ધ હોવાં જોઈએ) ત્રિફલા, ત્રિકટૂ એક એક ટંક, પારા ગંધકની એક દિવસ ઘૂંટી કજ્જલી કરવી. પછી નેપાળાના બીજ નાંખી એક પ્રહર ઘૂંટવું, અનન્તર બીજી દવાઓ મેળવી ખૂબ ઘૂંટી પાણી સાથે ૧ રતિ સમાન ગોળીઓ બનાવવી. સવારે એક ગોળી ગરમ પાણી સાથે આપવી. આધાશીશી વેગ આદિ અનેક મસ્તક રોગોમાં આરામ થશે.

૧૫. સૂંઠ, ઉપલેટ, દેવદારુ, ઘોડાવચ, હીંગ અને સૈંધવ સમ ભાગ નકછીકણીના રસમાં ગોલી કરે. પાણીથી ઘસી કાંનમાં ટીપાં નાંખે તો વેગ, આધાશીશી અને ચસકો મટે.

૧૬. પંચાંગ ધમાસાની ધૂણી લે તો આધાશીશી જાય.

૧૭. પમાડબીજ પાણીથી ઘસી માથે લેપ કરે માથું દુખતું મટે.

૧૮. ચંદન, જેઠીમધ, પીપલ, ભાંગરો, કેસર, વાલો, દ્રાક્ષ, સૂંઠ, વાયવિડંગ, સાકર, ગળોસત્વ. સર્વ સમાન ભાગે લેવું, ૧ માસા સુધી ઔષધ, વિષમ ભાગમાં ઘૃત મધુ સાથે મેળવી ખાવું. ત્રણ દિવસમાં જ મસ્તક વેદના મટી જશે.

૧૯. પટોલજડ પાણીથી ઘસી માથે–કપાળે લેપ કરવો.

૨૦. સહદેવીનો રસ અને જીરું વાટી નાસ લે તો મસ્તક પીડા શાન્ત થાય.

૨૧. આકડાની જડનું ચૂર્ણ અને કાળાં મરી સમભાગે ચૂર્ણ કરી નાસિકાની પેઠે સૂંઘવાથી જીર્ણ મસ્તક પીડા પણ જાય છે.

૨૨. આંબાની ગોઠલી અને આંબળા પાણી સાથે વાટી કપાળે લેપ કરવો. મસ્તક વેદના શાન્ત થશે.

૨૩. ભાંગરાનો રસ ૧ શેર, કાંજી ૧ શેર, તલનું તેલ ૧ શેર. ત્રણેને ભેગાં કરી સૂંઠ, નાગરમોથ, તજ, પત્રજ, ચણોઠી, ૨–૨ ટંક લઈ તેલમાં નાંખી પકાવે. તૈલાવશેષ રહે ત્યારે વસ્ત્રથી ગાળી શીશીમાં ભરી રાખે. તેલ જરુરત પડે ત્યારે માથે મસળે તો તમામ જાતનાં મસ્તકનાં દર્દો શાન્ત થાય છે.

## માથાનાં ગડ–ગૂમડના ઉપચાર

૧. કણગચના જડની છાલ, સાલની જડ, બોરની જડ, સૂક્ષ્મ વાટી ગોલી કરી રાખવી, પછી માથાનાં ગૂમડાં પર લગાડવાથી મટે છે.

૨. રાલ, કાથો, સિંદૂર ૧–૧ ટંક તેલમાં મેળવી માથે લગાડવું. ફોડા મટશે.

૩. બિલ્વપત્ર અને અપામાર્ગની જડ પીંડ કરી માથે બાંધવી. ફોડા મટશે.

૪. સાજીખાર, ટંકણખાર, કાથો, કસેલો, કળી ચૂનો, મોરથૂથૂ, મેંદીનાં સૂકાં પાન, સમભાગ લઈને ઘી અથવા તેલમાં મલમ બનાવવો, પછી થોડું કપૂર નાખી માથાના ફોડા ઉપર લગાડવો. અરૂઝ, ચાંદી, બિમચી આદિ નાબૂદ થશે.

૫. મીણ ગાળેલ, લીંબડાનાં પાન અને સાજીખારસર્વસમઘામાં પકાવી માથે લગાવે તો ફોડાં જશે.

૬. કાથો, રાલ, મેંદી, કપીલો, મુરદાસંગ, રુમીમસ્તકી, સિંદૂર, અગર, હીરાદૂષણ સમભાગે લઈ ચૂર્ણ ચાંદી પર ભભરાવે તો માથાની અરુઝ ચાંદી મટશે.

[stamp]

## નકસીર-નાકોડી ઉપચાર

૧. દાડમના પાનના રસમાં હરડે ઘસી નાકમાં ટીપાં નાંખવાં.

૨. દાડમના પુષ્પ, સાંઠાનો રસ, પટોલ ત્રણેને બકરીનાં દૂધ સાથે ઉકાળીને પાવો. દૂધ ૧૦ તોલા અને રસ ૧-૧ તોલા. આનાથી નાકોડી સદાને માટે બંધ થાય છે.

૩. દર્ભની જડ, ક્રૌની જડ, આંબલા, સાઠી ; ચોખા સમ ભાગ લઈ પાણી સાથે વાટી માથે લેપ કરવો. નાકોડી મટે.

૪. અરડૂસાનો રસ, પીપર, બકરીના દૂધ સાથે નાસ આપવી. ગમે તેવું લોહી નાકમાંથી વહેતું હશે તો તત્કાલ બંધ થશે.

૫. અરડૂસો, પીપર, નિવાત ૧-૧ માસા લઈ મધ સાથે મેળવીને ખાવું. આનાથી મુખ અને નાકનું લોહી બંધ થશે.

૬. ડાબા તરફની નકસીર ચાલે તો જમણા પગની ટચલી આંગળી દોરાથી મજબૂત બાંધી દેવી. અને જમણી ચાલે તો ડાબા પગની સૂચિત આંગળી બાંધવાથી નાકમાંથી પડતું લોહી તત્કાલ અટકે છે.

૭. ચૂલાની બળેલી માટી, ગોપીચંદન અને સાકર સમભાગે ચૂર્ણ કરવું, અડધો તોલો રોજ સવારે ખાવાથી નાક અને મોઢાનું લોહી બંધ થાય છે.

૮. કડવા તૂંબડાનું મૂળ સાકર સાથે આપવાથી અસાધ્ય નકસીરને આરામ આપે છે.

૯. દાડમની છાલ વાટી પા તોલા, મધ સાથે લેવી. આરામ થશે.

૧૦. ગોબરનો રસ અથવા લીલું છાણું ખૂબ શક્તિથી સૂંઘવાથી પણ નાકનું રક્ત તરત જ બંધ થાય છે.

૧૧. એલચી ૨ ટંક, પત્રજ અને વંશલોચન ૧-૨ ટંક. પીપલ ૮ ટંક, જેઠીમધ ૨ ટંક, દ્રાખ ૧૬ ટંક, મિશ્રી-સાકર ૧૧ ટંક. સર્વ વાટી અડધા તોલાની ગોળી કરવી. નયણે ખાવી, નાક મુખેથી લોહી પડતું બંધ થશે.

૧૨. આંમળાની થેપલી માથે બાંધવાથી પણ આરામ થશે.

૧૩. દાડમના સૂકાયેલા ફૂલોનું ચૂર્ણ ૩ માસા દહીં સાથે ખાવું. પેટ, મુખ અને નાકથી વહેતું લોહી બંધ થશે.

## છર્દિ-વમન

૧. ફૂટનું ચૂર્ણ ૧ માસા છાશથી પાવું, વમન બંધ થશે.

૨. ભાંગનું મૂળ પાણીમાં ઘસી પાવું.

૩. મોટી હરડે એક વાટી મધમાં ચટાડવી.

૪. આંબલીનો રસ સૈંધવ નાખી પાવો.

૫. નાની પીપર લીંબડાના રસમાં પાવી.

૬. રક્તચંદન, સાકર, મધ અને ચોખાનું ધોવણ પીવું.

૭. બાવળનો રસ, તુલસીનો રસ અને એલાયચી ત્રણે પાવાં.

૮. બીજોરાનો રસ અને પીપલ પાવાથી સગર્ભા સ્ત્રીનું વમન પણ બંધ થાય છે. આ નિર્ભય ઔષધ છે.

૯. લીંબૂના છોતરાંની રાખ ૧ માસો મધમાં ચટાડવાથી પણ સગર્ભાની તથા સામાન્ય છર્દિ–વમન રોકાય છે.

૧૦. મોરનાં ચાંદલાની ભસ્મ ૨ રતિ, પીપલ ૨ રતિ મધ સાથે અવલેહી આપવાથી પણ વમન મટે છે.

૧૧. જૂનું કંતાન બાળી ૩ ટંક રાખ પાણીથી પાવી.

૧૨. પીપર, જીરું, સાકર, દ્રાક્ષ, સમભાગે લઈ દાડમની કળીના રસમાં ગોળી બનાવવી, મોઢામાં રાખી ચૂસવી. વમન બંધ થાય છે,

૧૩. વડનાં લાકડાની રાખ માસા ૨, ગરમ પાણી સાથે પાવાથી પણ વમન મટે છે.

૧૪. ભમરો ઘર કરે છે એ માટી, કાથો, એલચી, તુલસીપત્ર, નાળિયેલની જટા, કમલકાકડી વાટીને મધમાં ગોળી બોર સમાન બનાવવી, મોઢામાં રાખવાથી ઉગ્ર વમન શ્વાસ, અતિસાર, અરુચિ, સંગ્રહણી-અને જ્વરમાં પણ આશાતીત લાભ થાય છે.

## મુખપાક–રુધિર પતનના ઉપચાર

૧. જાયફળ, ગળો, દેવદારુ, દ્રાક્ષ, ત્રિફલા સમભાગે જૌકૂટ કરી ક્વાથ બનાવવો. પછી કોગળા કરવા. પાકેલું મોઢું સારું થશે.

૨. ગોળ, મીઠું, હરદળ, સરસવબીજ અને પીપલનો ફાંટ બનાવી કોગળા કરવા. પાકેલું મોઢું સારું થશે.

૩. સૈંધવ, ખજૂર, દ્રાક્ષ અને દાડમની છાલનો કાઢો કરી કોગળા કરવા. આરામ મળશે.

૪. સાકર અને જીરાની ગોળી મધમાં બનાવી મુખમાં રાખવી. મુખપાક અને તૃષા શાન્ત થશે.

૫. કાકજંઘા અને ખૈરની લાકડી ૩૦–૩૦ ટંક લેવી. ૩ શેર પાણીમાં ખૂબ ઉકાળવી. અડધો શેર પાણી રહે ત્યારે એમાં બાવળના પાંદડા ૧૦ ટંક નાખી ઢાંકી રાખવું. પછી નવસેકું પાણી રહે ત્યારે કોગળા કરવા. આનાથી દાંત દૃઢ થાય છે અને મુખના તમામ રોગો દૂર થાય છે.

૬. ગલજીભીનું મૂલ સાત દિવસ મોઢામાં રાખવાથી તમામ મુખ રોગોમાં આરામ મળે છે.

૭. જાઈપત્ર, પુનર્નવ–સાટોડી, કાળી મુસલી, પીપર, વચ, સૂંઠ, ચિત્રક સમભાગે ચૂર્ણ કરી દાંતે મંજન કરે, સુદૃઢ થશે અને મુખની ચાંદી તથા પાકમાં રાહત મળશે.

૮. ખુરાસાણી વચ, પીપર, સૂંઠ, શુભ્રા (ફૂલાવેલ) સમમાત્રા ચૂર્ણ કરી મુખમાં ઘસે. પછી કોગળા કરે તો મોઢાંનાં છાલાં જાય.

## મુખ દુર્ગંધ–ઉપચાર

૧. લવિંગ, કંકોલ, નાગકેસર, કપૂર, જાવંત્રી, જાયફળ, વંશલોચન, એલચી, ખૈર, અગર, દ્રાખ, અને સેવંત્રો, સાકર સમમાત્રા લઈ ચૂર્ણ કરી વાસી પાણીથી ૧ માસા રોજ સવારે સાંજે સેવન કરે તો મોઢાની દુર્ગંધ નાશ થાય.

## દાંત રોગોપચાર

૧. સિરસની અન્તર છાલ વાટી દાંતમાં રાખે તો દઢ થાય અને દુખે નહીં.

૨. ભોરીંગણીનાં બીજ ગરમ તાવડીમાં રાખી એના પર ચલમ ઊંધી રાખી ધુમાડો કાનમાં કે દાંતે લે તો દંત પીડા શમે. કદાચ કીડો હોય તો પણ તત્કાલ નીકળે છે.

૩. ભોરીંગણીનાં પાનની લુગદી દાંતે દાબે તો પણ આરામ મળે છે.

૪. તલ, ગોળ, અજમો અને તૂઅરના પુષ્પનો રસ ગોલી કરી દાંતે દાબી રાખે તો દાંતની પીડા ઉપશમે છે.

૫. આકડાનું દૂધ, વાવડિંગ સૈંધવ અને અલતાનો રસ ચારે ભેગાં કરી દાંતે મસળે તો પીડા શાંત થાય.

૬. સૂંઠ, કાળાં મરી, તજ તમાલપત્ર, નાગકેશર, વાવડિંગ, નાગરમોથ, ભોરીંગણી, કપૂર, ધમાસો, કસેલો, કાથો, ઘોડાવચ, કાળી સોપારી, પીપર, અજમો, સૂઆ, મોરથુથુ (તાવડીમાં નાંખી આગ પર ફૂલાવી પેવું.) સમમાત્રા ચૂર્ણ કરવું. આ ચૂર્ણમાં અકલકરો, વજ્રદંતી, હીરા-કસીસ અને પીપરમેંટનાં ફૂલ મેળવવા પછી દંત પર મંજન કરવું. આનાથી પાયોરિયા-દંત-પૂય, દળતર વગેરે રોગો જાય છે અને દાંત મજબૂત બને છે, હલતા હોય તો પણ દઢ થાય છે.

૭. સાંભરનું લૂણ અને કાળાં મરી વાટી રૂનાં પૂમડાં વડે દાઢમાં દાબવું. બે કલાક રાખવું જેટલું પાણી નીકળે એ નીકળવા દેવું. દાઢની પીડા શાન્ત થશે.

૮. શુદ્ધ વચ્છનાગ, ઘોડાવચ, અજમો રાા-રાા તોલા, પીપર ૧ા તોલા વાટી ચૂર્ણ કરવું. પછી રાત્રે શયન સમયે સ્વલ્પ મધ સાથે મેળવી દાંતે મસળવું અને કોગળા કરી ઉપર પાનનું બીડું ખાવું. આનાથી દંત દઢ થાય છે.

૯. કેરની કૂંપળનો રસ કાઢવો. જે દાઢ દુખતી હોય તેની વિપરીત દિશાના કાનમાં રસ નાખવો, માત્ર ૪ દિવસમાં દાંત અને દાઢમાં આરામ થાય છે. માથું દુઃખે તો બીવું નહીં.

૧૦. આકડાના સાત પાંદડાં લેવાં. અડધા શેર પાણીમાં નાંખી બાફવા, પછી પાંદડાં નીચોવી અવશિષ્ટ પાણીનો બફારો લેવો અને કોગળા કરવા. દિવસ ચારમાં જ અસાધ્ય દંતપીડા નાબૂદ થશે. બફારો લેતી વખતે આંખો બંધ રાખવી.

૧૧. શોધેલ મોરથુથુ માસા ૧, ગાયના ગરમ દૂધમાં નાંખી કોગળા કરવા, ઉપર પાન ખાવું. દિવસ ૭ માં અસાધ્ય દંતપીડા સારી થઇ જશે.

૧૨. પીપર, ત્રિફલા, લોદ, તુત્થ, સૈંધવ સમભાગે ચૂર્ણ કરી દાંતે મંજન કરવું. દંતશૂલ મટશે.

૧૩. રવિવારે મરેલ કૂતરાની દાઢ લાવી ગળે બાંધે તો નિદ્રામાં દાંત કરડતા બંધ થાય.

૧૪. લજ્જાલુનું મૂલ દાઢે દાબી રાખે તો પીડા મટે.

૧૫. કાથો, મસ્તંગી ૧-૧ ટંક, હીરાકસી, અફીણ અને કાળાં મરી ૦ાા-૦ાા ટંક મંજન બનાવી દાંતે ઘસે તો દાંત હલતા રહે, કીડા જાય.

૧૬. ધતૂરા અને માલકાંકણીનાં બીજ ૧-૧ ટંક વાટીને ટિકડી કરે, પછી ૧૦ ટંક ગાયના ઘીમાં તળે. આ ઘૃત દાંતે અને દાઢે ઘસે તો બન્નેની પીડા જાય.

૧૭. હીરાકસી, ત્રિફલા, મોટી હરડે, માજૂફલ, કપૂર, ખૈરસાર, સોનાગાખી, લૌહચૂર્ણ, મજીઠ, નાસપાલા, લોદ, તુત્થ, શુભ્રા, મસ્તંગી, ગૂંદ, ચીકણી સોપારી ૧–૧ ટંક વાટીને ચૂર્ણ કરી દાંતે મંજન કરે, દાંત દઢ થાય.

## મોંઢાનાં ખીલ છાયા આદિના ઉપચાર

૧. ટંકણખાર ફુલાવી થૂકથી લગાવે તો મોઢાં પરનાં ખીલ સારા થાય.

૨. તલ, જીરું અને સરસિયાનાં બીજ વાટી ચોપડે તો ખીલ ન રહે.

૩. જેઠીમધ, લોદના પાન વાટીને ખીલપર લેપ કરવો.

૪. પેઠાના બીજની મીંગી, બદામ, હળદર સમભાગે લઈને ગ્રોના રસમાં ખૂબ ઘૂંટે. પછી બકરીનાં દૂધમાં ચોપડવા લાયક પ્રવાહી બનાવી ખીલ પર લગાડે, ખીલ મટે.

૫. દાંતણીનો રસ મુખની છાયા પર લગાડે તો આરામ થાય.

૬. પમાડિયો તોલા ૨૦, ગાડરના દૂધમાં વાટી એક દિવસ રહેવા દે. અનન્તર સુખડ, કેસર, બદામ સાથે ભેળવી પુનઃ શિલાપર ખૂબ બારીક વાટે. બીજે દહાડે છાયા પર લગાડે, એક અઠવાડિયામાં છાયા જશે.

૭. હળદર, ફટકડી ૨–૨ ટંક, નાના બોરની મીંગી ટંક ૧, સૂક્ષ્મ વાટી માખણમાં મેળવી મોઢાપર ચોળવું. મુખની છાયા મટશે.

૮. ઉપલેટ, કેસર, ટંકણ, તલ ૧–૧ તોલો, ગૌદુગ્ધ ૫ તોલા, મીણ એક તોલા, મીણ ગરમ કરી દૂધ નાખવું. પછી દવાઓનું ચૂર્ણ નાખી ધીરે ધીરે દૂધ બળવા દેવું. મીણ અવશેષ રહે ત્યારે ઉતારી લેવું. પછી રાતે શયન વખતે છાયાપર ચોપડી મસળવું. છાયા મટે છે.

૯. વરુણાની છાલ, ગૂંદાની મીંગી, કાંટાવાળા કરંજના પાનના રસમાં ખૂબ વાટી અવલેહ જેવું બનાવવું. પછી ગાયનું દૂધ આવશ્યકતાનુસાર મેળવી છાયા પર લગાડવું.

૧૦. ચવિક, વચ, સરસવ, મજીઠ, જેઠીમધ, દારુહળદર, સમભાગે લઇને પાણીમાં વાટી મુખ છાયા પર લેપ કરવો.

૧૧. હીંગોટની મીંગી, જાયનાં પાન, જાયફલ, સુખડ સમભાગે લઇ પાણીથી ઘસી લગાવે તો છાયા નાશ થાય.

૧૨. હિંગોટિયાની મીંગી, રામપીપલી, બોરની મીંગી, કેસર સમભાગે લઇને તેલમાં નાંખી છ;યાપર મર્દે તો છાયા, ખીલ બન્ને મટે, મુખ તેજસ્વી થાય.

## અંજનાધિકાર

૧. ભીલાવાં ૨૪, ખાપરિયો ટંક ૨॥, તુત્થ ટંક ૧॥, પ્રથમ ભીલાવાં બાળવા. લોઢાની ખરલમાં વાટવા. પછી ઔષધ જુદા જુદા વાટી માખણમાં મેળવી ડબ્બી ભરી રાખે. આ નેત્રાંજન આંખો માટે ઉપકારી છે.

૨. હળદર, પીપર, કાળાંમરી, લીંબડાનાં પાન, નાગરમોથ, સૈંધવ, તુત્થ કપડછાણ કરી અબ્યાવર બકરીનાં મૂત્રમાં ગોળી ચણા પ્રમાણે બનાવવી. ફૂલાવાળાને સ્ત્રી–દૂધથી, રાત્યાંધાને કાંજીથી અને ઓછું દેખાતું હોય એને પાણીથી ઘસી આંખમાં આંજવી.

૩. અહિફેન, આંબલી, સંદેસડાનાં પાન, લૂણ, ફટકડી, સૈંધવ, લોદ, સૂંઠ, હળદર, જીરું, પીપળામૂળ, ઉપલેટ, વચ, લીંબડાનાં પાન, તલ, તુલસીપત્ર બધાંયે ઔષધ ૪-૪ માસા, તેલ તલનું ૧ તોલો, લીંબૂનો રસ ૧ તોલો. બધાંને લોઢાની ખરલમાં વાટી થેપલી કરી આંખે બાંધવી. ૩ દિવસસુધી એક જ થેપલી ગરમ કરી સવારે સાંજે બાંધવી. પણ જ્યારે બાંધવી ત્યારે ગરમ કરી લેવી જોઇએ. આંખ દુઃખતી મટે.

૪. સમુદ્રફલ, દારુહલદળ, ત્રિકટુ, દૂડ, ચિત્રક, વાયવિડંગ, સૈંધવ, શુદ્ધ સૂરમો, ખાપરિયો,, મોરથુથુ સર્વ સમભાગ લઈ તાંબાના તષ્ટામાં તાંબાના લોટાથી લીંબુના રસ સાથે મર્દન કરવું. ગોળી ચણા પ્રમાણે કરવી.

૧. તિમિર અને ઓછું દેખાતું હોય તો વાસી પાણીથી અંજન.
૨. છાયા હોય તો કાંજીથી આંજવી.
૩. ફૂલું હોય તો બકરીના દૂધથી આંજવી.
૪. પાણી પડતું હોય તો કેળના રસમાં ઘસી આંજવી.
૫. ચેપડા વધારે આવતા હોય તો સ્ત્રીના દૂધથી અંજન.
૬. બધાયે નેત્રરોગોમાં વાસી પાણીથી ઘસી આંજવી.

૫. **ચંદ્રપ્રિયા ગુટિકા:**—ત્રિફલાની મીંગી, પીપર, વચ, કાળાં મરી, ઉપલેટ, શંખ, મણસીલ, સર્વ સમાન લઇ ગધેડીના દૂધની ભાવના આપવી. અભાવે ગાડરનું દૂધ લેવું. ગોળી વટાણા બરોબર કરી આ પ્રમાણે કામમાં લેવી.

૧. આંખ દુખતી હોય તો ગૌદુગ્ધથી ઘસી આંજવી.
૨. આંખમાં ફૂલું હોય તો સ્ત્રી દૂધમાં ઘસી આંજવી.
૩. નાસૂર હોય તો ભાંગરાના રસમાં વાટ બનાવી આંખે ભરવી.
૪. રાતે ન દેખાતું હોય તો છાશની આંછથી ઘસી આંજવી.
૫. પરવાલ હોય તો ચોખાના ધોવણથી ઘસી આંજવી.
૬. ખીલ હોય તો મધથી.
૭. બળતી હોય હોય તો સાકરથી.
૮. છાયા હોય તો પાણીથી.
૯. અંધારાં આવતાં હોય તો વાસી પાણીથી ઘસી આંજવી.

૬. સૂંઠ, મરી, પીપર, મણસીલ, નિર્મલી, અફીણ, શુભ્રા, કાલપીમિશ્રી, ઘોડાના નખ, કાંધા અને પૂંછડીના વાળ, ગધેડાના ખુર, કાંધાના તથા પૂંછડીના વાળ, માણસના નખ અને માથાના વાળ, પાંચ જાતના કાચ, બધી એ વસ્તુઓ ૨ા-૨ા તોલા લઈ, એક મોટી હાંડીમાં ભરવી, પછી સારી રીતે કપડમટ્ટી કરી ૪ પ્રહરની અગ્નિ દેવી. પોતાની મેળે હાંડી ટાઢી પડે ત્યારે ઔષધ કાઢી ખૂબ વાટવું. સમુદ્રફીણ, પીપર, ખાપરિયું, બીજબોળ, હીરાદૂખણ, ફટકડી ટંક ભેળવી પુનઃ ખૂબ બારીક ઘૂંટવું પછી સૂરમો બને તે આંખોમાં આંજવો. દરેક રોગો પર આ ઔષધ ઉત્તમ અને અવ્યર્થ પ્રમાણિત થયું છે.

૭. કેસરની જડ, રતનજ્યોત, ભમીરો, સાચાં બસરાનાં બારીક મોતી, સ્વર્ણમાક્ષિક, કુતકફલ, તુત્થ, કાલપી મિશ્રી, ચાકસૂના બીજની મીંગી, કપૂર, ભારંડ પક્ષીના ઇંડાના છોતરાં ( અભાવે મોરના ઇંડાના છોતરાં પણ લઈ શકાય ) રાગપીપર, સફેદ મરી, હળદર, કેવડિયો કાથો, મોટી એલચી, મોટી હરડે, લવિંગ, ફટકડી, સૂરમો, પ્રવાલ, સીપનો અંદરનો તેજસ્વી ભાગ, અથવા મુક્તા–શુક્તાભસ્મ, ખાપરિયું બધાંયને કપડ છાણ ચૂર્ણ કરી અંજન કરવું. આંખના તમામ રોગો પર આ પ્રયોગ અવ્યર્થ મહૌષધ છે.

૮. જૂનો તાંબાનો પૈસો લઈ એના કંટકવેધી પત્રાં કરાવે. વજનમાં ૬ તોલા હોવાં જોઈએ, પછી કાતરથી કાપી **રાખવાં,** પછી ૪ તોલા **ગંધક** અને ૨ તોલા સૈંધવ લઈ **ભેગાં** વાટવાં, કાચની નાની કટોરી લઈ નીચે સૈંધવ ગંધકનું ચૂર્ણ થોડું પાથરવું અને ઉપર તાંબાના કટવા મૂકવા. એવી રીતે જેટલા પડ બની શકે તેટલા કરવા, પછી લીંબૂનો રસ રેડવો, લગભગ ૧૫ તોલા રસ પાવો. ૬ કલાક પછી બોરની લાકડીથી હલાવવું, તડકે મૂકવું. યથાવસરે ખરલમાં નાખી ખૂબ ઘૂંટવું, કાજલ જેવું ચૂર્ણ થશે. તેમાં કપૂર એક તોલો મેળવી આંખે અંજન કરવાથી તમામ રોગોમાં સારો લાભ થાય છે.

મેં પણ આનો વિશેષ અનુભવ લીધો છે.

## મોતિયાબિંદ

૯. શંખાવલી બન્ને જાતની સ્ત્રી દૂધથી ઘસી આંખે લગાડે.

૧૦. કાળાંમળી, ઘોડાવચ, હરડા અને બહેડાની મીંગી, શંખની નાભી ઔષધ સમભાગે લઈ બકરીનાં દૂધમાં ઘૂટવું, પછી આંખે આંજવું, નીલબિંદુમાં પણ લાભ થાય છે.

૧૧. ગધેડીના પાશેર દૂધમાં સાઠી ચોખા ૫ તોલા રાંધી સૂકાવવાં. પછી કાળાં મરી ૩ માસા ભેળવી ભેજુવી ચૂર્ણ ખરલ કરી આંખે આંજવાથી મોતિયામાં ઉલ્લેખનીય લાભ થાય છે.

૧૨. રતાંજણી, કુતકફળ, પલાસ જડ, ગૂંદર, ધાવડાના ફૂલ, બન્ને જાતની હળદર, હરડે સૂક્ષ્મવાટી મધથી ગોળી બનાવવી, પછી સ્ત્રી–દૂધથી ઘસી આંજવાંથી કાચ બિંદુ, નીલબિંદુમાં સારો લાભ થાય છે.

૧૩. નાગરમોથ, સાકર, ફટકડી ત્રણે સમ ચૂર્ણ કરી અંજન.

૧૪. મૌલશ્રીનાં બીજ, રાયણની મીંગી, સફેદ ચણોઠી, બાવળનો ગૂંદર, ખાપરિયું સમભાગે દ્રવ્યો લઈ કાંસાના વાસણમાં કાંસાના જ વાસણથી ભાંગરાનો રસ નાખી ૪ દિવસ ખૂબ ઘૂટવું. કાળામરી સમાન ગોળી બનાવવી, કામ પડે ત્યારે ઘસીને લગાડવી, ઉપર રૂ બાંધવું, મોતિયા પરવાલ વગેરે રોગ જાય.

૧૫. કસ્તૂરી માસો ૧, ભમીરો માસો ૦।।, મોરથૂથુ ૦।। માસો, સ્વર્ણમાક્ષિક ૧ રતિ, મોટી એલાયચી માસો ૧।।, કાળાંમરી માસા ૨, લીંમડાના પાન માસા ૨, રતનજોત રતિ ૪, ચાકસૂના બીજ, ખાપરિયું, સમુદ્રફીણ, વાઘણનું દૂધ ૪ રતિ, મરવાનાં પાન ૨, પીપલ માસા ૨ના જાયફલ ૧ રતિ, સુરમો કાળો શુદ્ધ ૩ તોલા, મોતી અણવીંધાયેલાં ૧ માસો, બધાં ઔષધ કપડછાંણ કરી ત્રણ દિવસ ખરલ કરવાં, પછી આંખમાં અંજન કરવું, મોતિયો, ફૂલું, છાયા, તિમિર દરેક આંખના રોગ જાય છે. મારો પણ આ ખૂબ જ અનુભવેલ યોગ છે.

## પુનઃ સર્વનેત્ર રોગ

૧૭. કોરૂ, ખાપરિયું, મણસીલ, સમુદ્રફીણ, તુત્થ, કાળાં મરી, રાલ, ભારંડ પક્ષીના ઈંડાના છોતરાં (અભાવે મોરના) સાકર, સૈંધવ સમમાત્રા મધ સાથે ગોળી મરી બરોબર કરવી. મધમાં જ ઘસીને આંજવી. ઝાંભણી આદિ રોગ સારા થાય.

૧૮. સૈંધવ, સાંભરું મીઠું ૧–૧ ટંક, અફીણ ૦॥ ટંક, સરસિયાના તેલ સાથે તાંબાના વાસણમાં ૭ દિવસ સુધી મર્દે, પછી અંજન કરે તો ઝાંભણી સારી થાય.

૧૯. ટંકણખાર લીંબુના રસથી ખરડી પાંપણ પર લગાડે તો પરવાલ અને ઝાંભણીમાં સારો લાભ થાય.

૨૦. મોરથુથુ લગભગ બે તોલા વાટી પાણીમાં ભેળવવું. પછી એમાં રૂ ભીંજવવું. વાટ સુકાયા પછી એનું કાજળ તૈયાર કરી આંખમાં આંજવાથી રાત્યંધાપણું તિમિર, છાયા, ફૂલા વગેરેનો નાશ થાય છે.

## આંખના ફૂલાના ઉપચાર

૨૧. બીજાબોલ, હીંગ, ફટકડી, પીપર, ૧।–૧। તોલો લઈ તાંબાના વાસણમાં લીંબડાના ઘોટાથી ભેંસનું ૧॥ શેર દહીં નાખી ઘૂંટવું, વટાણા બરોબર ગોળીઓ કરવી. પછી છાશની આંછથી ઘસી આંખે લગાડવું. ફૂલું જશે.

૨૨. તૂઅરનાં પાંદડાંના રસમાં કસ્તૂરી અને સાકરનો ઘસારો કરી આંખે આંજવું. બચેલ પાંદડાનો કૂચો થેપલી કરી આંખ પર બાંધવો. ૧૬ વર્ષનું ફૂલું પણ ચાલ્યું જાય છે.

૨૩. સૈંધવ, પુત્રજીવામીંગી, ઘૂંસો સમભાગે લેવો. શીતલ જલથી ગોલી બનાવવી. પાણીથી ઘસી આંજવી.

થ૫. ત્રિવર્ષી જુઆરને આકડાના દૂધની ભાવના આપવી, પછી શ્વેત વસ્ત્રમાં બાંધી ઘસવી. બાળી રાખ કરવી, એ રાખ ગૌનવનીતથી આંજવો, ફૂલું જશે.

૨૫. ગળોનો રસ મધુ સાથે આંજવાથી પણ ફુલામાં સારો લાભ થાય છે.

૨૬. હિંગોટના પાંદડા ચાવી આંખે આંજવાથી પણ તથૈવ લાભ થાય છે.

૨૭. શુદ્ધતુત્થ, રાયણબીજ, અકલકરો, ખુરાસાણી વચ, મનુષ્યનાં હાડકાનું ચૂર્ણ, પીપલ ૨–૨ ટંક, કાળાં મરી ૦॥ ટંક, બધાંનું સૂક્ષ્મ ચૂર્ણ કરી ૧૫–૧૫ ટંક બકરી અને સ્ત્રીના દૂધમાં તામ્રભાજનમાં નાંખી તાંબાનો પૈસો લીંમડાના ઘોટામાં લગાડી ૩ દિવસ ખૂબ ઘૂંટવું, પછી આંખે આંજે. ઉપર દૂધનું પૂમડૂં બાંધવું. ફૂલું જાય છે,

૨૮. મૃત કાગ પ્રજ્વલિત કરી એની રાખનાં અંજનથી ગાય, ભેંસ, ઘોડા અને મનુષ્યનું ફૂલું જાય છે.

૨૯. નરવાળ ભસ્માંજનથી પણ સારો લાભ દેખાયો છે.

૩૦. હાથીનો ખુર નખ પાણીથી ઘસીને આંજવો પણ શ્રેયસ્કર છે.

૩૧. તુત્થ, કાચ, મેણસીલ, સમુદ્રફીણ, સ્વર્ણમાક્ષિક, સૂરમો (શુદ્ધ) કુક્કુટાંડજત્વગ્, નરકપાલ ચૂર્ણ, કુતકફલ, બધાંનું ચૂર્ણ કરી બકરીનાં દૂધમાં અથવા તો રાયણના દૂધમાં ગોળી બનાવવી, ગધેડીનાં દૂધમાં ઘસી આંખે આંજવાથી ફૂલું મટે છે,

૩૨. ખાપરિયું, હળદર ૨–૨ ટંક, ફટકડી ૧ ટંક, બીજાબોલ ાા ટંક, ચૂર્ણ કરી ૭–૯ ભાવના લીંબૂના રસની દેવી. સૂકું ચૂર્ણ કરી આંજવાથી ઉપર ઉપસેલી ફૂલાવાળી આંખમાં પણ સારો લાભ થાય છે. અને ફૂલું મટે છે, આ દવા લગાડયા બાદ આંખ પર નાગરમોથની થેપલી બાંધવામાં આવે તો સદ્ય ફલ આપે છે.

૩૩. *સાંબરસીંગને રૂમાં લપેટી કાજલ પાડવું, પછી આંખે લગાડવું, ફૂલા પર હિતકારી છે.

**શ્યામ ગર્દભ[૧] દાંત લે, [૨]સંબરસીંગ મિલાય,**
**એ દોનોંકો સમ કરો, [૩]વનિતા દૂધ પિસાય,**
**દોનૂં ઘસી સ્તન દુગ્ધસૂં, અંજન કરે દિન તીસ,**
**ફૂલ સીતલા ના રહે, દૃષ્ટિ હુએ સુજગીસ.**

**અર્થ :**—કાળા ગધેડાનાં દાંત અને સાંબરના શીંગડાં સમભાગે લઈ ચૂર્ણ કરવું. પછી સ્ત્રીનાં દૂધ સાથે મર્દન કરી આંખે લગાડવું, ફૂલાં પર આ ઔષધ વિશેષ પ્રભાવકારી પ્રમાણિત થયું છે.

૩૫. ચોખી ચીણી ખાંડ, લીંબૂ રસ મિલાય,
દિન ચૌદહ લગ અંજન કરૈ, તો ફૂલસીતલા જાય.

૩૬. હીરાકણી ટંક ૧, લવિંગ, ફોફીડો, કુરંદ પત્થર ૧–૧ ટંક બધાંને લોઢાંની ખરલમાં ઘૂંટે. પછી ચપટી ભરી દવા ફૂલાં પર નાંખે. આંખ પર ગાડરનાં દૂધનાં પૂમડાં બાંધે, એક પ્રહરે એક પટ્ટી, એટલે આખી રાતની ચાર પટ્ટી સમજવી. આ પ્રયોગ સાત અથવા ૧૪ દિવસ જ કરવો. અવશ્યમેવ ફૂલું સારૂં થઈ જશે. મારો પોતાનો આ પ્રયોગ સેંકડો વાર અજમાવેલ છે.

**વિશેષ :**—દવા આંજનારે ખાટું, ખારૂં અને તીખું ન ખાવું. કેસર અને સાકર મિશ્રિત દૂધ ત્રણ વખત પીવું. બને ત્યાં સુધી આંખોને દિવસે પણ શ્રમ ન આપવો. આંખમાં ચળ આવે તો પણ મશળવી નહીં.

૩૭. રોહિતાશ્વ પુષ્પ, સેવંતરી પુષ્પ, રાયપુષ્પ, કમલકેસર, વંશલોચન, ધતૂરાનું ફૂલ, હીરાકણી, ભદ્ર ખડગી સર્વ વાટી, ઘી અને લીંબડાના રસમાં ગોળી કરી આંખે આંજવી. શીતળાનું ફૂલું જાય છે.

૩૮. નવાં સૂતરને ભાંગરા, ધતૂરા અને કેળના રસની ૭–૭ વાર ભાવના આપવી, પછી સાત આઠ ફૂટ જેટલો ભાગ લઇ વાટ બનાવી ગાયના ઘીથી કાજલ બનાવી આંજવું, શીતલાના ફૂલા માટે આ મહૌષધ છે.

---

**નોંધ**—ચક્ષુમાં આંજવાના સૂરમાઓ સાથે બને ત્યાં સુધી સાંબરસીંગની સળીનો જ ઉપયોગ અધિક હિતાવહ છે.

(૧) આંખોનાં ફૂલાનાં ઘણાં પ્રયોગોમાં ગધેડાં અને ગોડીના વિશિષ્ટ ઉપાંગો તથા દૂધનો સમાવેશ કરવામાં આવ્યો છે. એનું કારણ એ છે કે શીતલાનું વાહન રાસભ–ગધેડો છે. અનુભવ તો એવો પણ છે કે માત્ર ગધેડાનાં દાંત ઘસીને અંજન કરવામાં આવે તો પણ શીતળાનું ફૂલું મટી જાય છે, પછી ભલેને ગમે તેટલું જૂનું હોય.

(૨) સાંબરનું શીંગડું—આંખો માટે વિશિષ્ટ પ્રભાવશાળી સિદ્ધ થયું છે. સળી પણ આનીજ બનાવવામાં આવે તો સારૂં.

(૩) નારી.

૩૯. સૈંધવ, બિજોરાની જડ, એલચી, આંબળા સમભાગે લઈને વાસી પાણીથી ગોળી કરી આંજવી. ૧ મહિનામાં ફૂલામાં આરામ પડવો જોઈએ.

## પરવાલ પર

૪૦. કોરું કપડું લઈ આક, નેગડ, ભૃંગરાજ, અરણી, એરંડ, લીંબડા અને કાળા ધતૂરાના રસોની ૧–૧ ભાવના આપવી. પછી વાટ બનાવી ગૌઘૃત સાથે કાજળ પાડવું. અનન્તર ચાકસુના બીજની મીંગી, ફટકડી, ખાપરિયું, તુત્થ, સૂરમો, સમુદ્રફીણ, મુકતા, પ્રવાલ ૧–૧ માસા લઇ વાટવાં. પછી કાજળ ભેળવી ૩ દિવસ ખરલ કરવું. આ અંજનથી પરવાળાં મટે છે. અનેક-વારનો અનુભૂત પ્રયોગ છે.

## રાત્યંધ પર

૪૧. તુત્થ ટંક ૧, સમુદ્રફીણ, ટંક ૦। હળદર ०॥ ટંક, દારુ હળદર ૧ ટંક, પીપર અને મરી ૧–૧ ટંક, કાનનો મેલ ૧ ટંક, સૂક્ષ્મ અંજન કરી આંજે તો રાત્રિનું અંધત્વ દૂર થાય છે.

## કાનના રોગો (બગાદિ) સંબંધી ઉપચાર

૧. ગર્દભલીંડા અને ગૌમૂત્ર એક નાના હાંડલામાં ભરવાં. ઉપર છિદ્રવાળી ઢાંકણી ઢાંકવી. શેષભાગે કપડમટ્ટી કરી પાઈપ ફિટ કરવો. અને કાનમાં ધૂંવાડો લેવો. જેથી કાનમાંથી બગ અથવા તો કાનખજૂરો નીકળી જશે.

૨. મીઠું તેલ રસોનકળી, વગર બુઝાવેલ ચૂનો. મોટી દૂધેલીનો રસ, બધાંયે તેલમાં પકવી, તેલ કાનમાં નાંખવાથી પણ બગ, કાનખજૂરો બહાર આવે છે. અને ચસકાં વગેરે મટે છે.

૩. લસણનો રસ અને અફીણ સ્વલ્પ કાને નાંખવાથી બગ અને બીજી પ્રવિષ્ટ જીવાત બહાર આવે છે.

૪. બાવળના ફૂલનો રસ અને સ્વમૂત્ર કાનમાં નાંખવાથી પણ બગ અને કાનખજૂરો તત્કાલ બહાર આવે છે.

૫. સૈંધવ બકરાના મૂત્રમાં ભેળવી નાંખવાથી પણ સૂચિત જીવ બહાર આવી જાય છે.

૬. કૂકડવેલાના બીજ ૨૧, તેલમાં તળી તેલ કાને નાંખે અને બચેલા બીનો ધુંવાડો કાનમાં લ્યો.

## અન્ય કર્ણ–વ્યથા પર

૭. **પટબિંદુ તેલ**—૩ શેર તલનું તેલ લેવું. ૫ શેર બકરીનું દૂધ, બન્ને એકઠાં કરી ઉકાળે, એક શેર તેલ રહે ત્યારે પુષ્કરમૂલ, અરડૂસો, વાડવિડંગ, ગળો, સૂંઠ, વચ, કૂઠ, જેઠીમધ, ઇન્દ્રવારુણી મૂલ ૭–૭ ટંક જોકૂટ કરી તેલમાં નાંખે. ઉકાળે, ગાળીને પછી એમાં ભાંગરાનો રસ ૧૦ શેર નાંખી પુનઃ ઉકાળે. પછી ગાળીને માંહે ૭ ટંક કેશરનો ભૂકો મેળવે. કાનમાં કોઈ પણ જાતનું દર્દ થાય ત્યારે બે–ત્રણ ટપકાં નાખે. અને કપાળ પર ચોડે, બન્ને રોગોમાં સારો લાભ થશે.

૮. જાઈનો રસ, વચ, હીંગ, સૂંઠ, ઉપલેટ, સર્વ વાટી, ઉકાળી કાનમાં ટીપાં નાંખે તો કર્ણપ્રવાહ મટે.

૧૦. મૂલાના બીજની રાખ, ટંક ૧, આછણ શેર ૦।, કેલિકંદ રસ ૦।, બધાંયે ભેગાં કરી મથીને કાનમાં નાંખે તો, કર્ણશૂલ, કર્ણવાય, પ્રવાહ, ગૂંજન આદિ રોગ મટે.

૧૧. તૂઅર, હીંગ, સૂંઠ, ગૌમૂત્ર, લીંબૂનો રસ અને સરસિયું તેલ પચાવી કાનમાં ટીપાં નાખે. કર્ણ પીડા મટે.

૧૨. વગર ઠારેલ ચૂનાની બાફ કાનમાં લેવાય તો કર્ણ ગુંજન મટે.

૧૩. કપાસિયા બાફીને કાને બાંધવાથી પણ કર્ણ પીડા મટે છે.

૧૪. વરૂણાના પાન દૂધમાં ઉકાળી બાંધવાથી પણ કર્ણમૂલ જાય છે.

૧૫. ઇન્દ્રવારુણીની જડનો રસ તેલમાં પચાવી કાને નાંખે તો બધિરત્વમાં લાભ થાય છે.

૧૬. કાનની ચોફેર અસાલિયો વાટી લેપ કરે તો ચસકા મટે.

૧૭. સૂંઠ, દેવદારુ, સિંધવ ૫–૫ ટંક, સુરિંજણાની જડ નો રસ ૧ શેર, તલના ૧ શેર તેલમાં નાંખી ઉકાળી એના ટપકાં કાનમાં નાખવાથી તમામ કર્ણ રોગો ઉપશમે છે.

૧૮. આંબા અને જાંબૂના પાંદડાનો રસ કાનમાં નાંખવાથી રોગોપશાન્તિ થાય છે.

૧૯. હુલહુલનો રસ કાનમાં નાંખવાથી પ્રવાહ રોકાય છે.

૨૦. આકડાનાં પાકા પાન ૧૨ લેવાં. નાના કટકા કરી પા શેર ગાયના ઘીમાં તળવાં. પછી કાઢીને ઘીમાં કેશર, ઇન્દ્રવારુણીનું મૂળ. લવિંગ ૦॥–૦॥ ટંક નાંખવાં, ગરમ કરી ઘી કાનમાં નાંખવાથી બધિરત્વ અને પ્રવાહમાં સારો લાભ થાય છે.

૨૧. લીંબડાનાં પાન વાટી વડો કરવો, તેલમાં તળવો. એ તેલના ટીપાં કાનમાં નાંખવાથી પ્રવાહ બંધ થશે.

૨૨. સર્પની કાંચલી ઘીમાં ઉકાળી ઘીનાં ટીપાં કાનમાં નાખવાથી બહેરાપણું મટે છે.

૨૨. વત્સનાભ અને અફીણ ઘસી કાન બહાર લેપ કરવાથી ચસકા મટે છે, બને તો ઉપર શેક કરવો.

૨૪. કૂઠ, વચ, બ્રહ્મદંડીનો રસ, લીંબડાના પાન, સૂંઠ, હળદર, પુષ્કરમૂલ સર્વ સમભાગે લઈ ક્વાથ કરવો. પછી ક્વાથ સમ ગૌઘૃત લેવું. ક્વાથ એમાં નાંખી ફરી ઉકાળવું. ઘૃતાવશેષ રહે ત્યારે ઉતારવું. કાને નાંખવાથી ચળ, નનામી દુઃખતો વગેરે મટે છે.

૨૫. કારેલીનો રસ, કાળાં મરી સમભાગે લઈ કડવા તેલમાં ઉકાળવાં, પછી કાનમાં ટીપાં નાખવાથી કાન સડતો અટકે છે.

## નાસૂર-ઉપચાર

૧. ટંકણખાર, કપાસિયાની મીંગી ૧૦–૧૦ ટંક, કાળાં મરી ૨ ટંક, ગાયના ઘીમાં મલમ કરી અદૃશ્ય ચાંદી પર લગાડવાથી અદીઠ, પાઠો, નાસૂર, બિમચી, આદિ રોગ જાય છે.

૨. કાંગસી નરમૂત્રમાં ઘસી નાસૂર પર લગાડે. અને બચેલો કૂચો નાસૂર પર બાંધી દેવો. ૨૧ દિવસ આ પ્રયોગ કરવાથી આશાતીત લાભાનુભૂતિ થાય છે.

૩. કાળાં મરી, કેરની કૂંપલ સમભાગ લઈ પાણીથી વાટી વર્તિકા દ્વારા નાસૂરમાં પહોંચાડવા પ્રયત્ન કરવો. સવારની વાટ સાંજે બદલી નાંખવી. ૨૧ દિવસ આ પ્રયોગ કરવો, સારું લાગે તો લંબાવવો.

૪. સર્પની કાંચલીની રાખ ગાયના ઘીમાં મેળવી નાસૂરમાં ભરવી. લાભ થશે.

૫. હરણનાં શીંગડા તથા ચામડાની રાખ, ઘીમાં લગાડવાથી પણ નાસૂર મટે છે. નાસૂરને લીંબડાનાં ગરમ પાણીથી ધોઈ ને આ પ્રયોગ કરવો.

૬. ભીલામો ૧, ઘોડાના નખ, ભેંસનું શીંગડું, સર્પની કાંચલી, બધાની રાખ કરી ઘીમાં મેળવી નાસૂર પર ચોપડો.

૭. ઉંધાહોલી ૧ દિવસ સુધી ખૂબ બારીક વાટવી, જેટલી વટાશે તેટલો જ ગુણ વધશે. પછી રૂ કાળાં ભરી નાંખી વાટી નાસૂર પર બાંધવી, ૧૫ દિવસમાં જ પરિણામ સારું આવે છે.

૮. કેરની સૂકાયેલ કૂંપળો અને હળદર ૧–૧ ટંક. પાણીથી વાટી નાસૂર પર લગાડવી.

૯. ફોફીડો ઘીમાં તળી એ ઘી નાસૂર પર ચોપડવું.

૧૦. અર્ક કૂંપલ બાળી પાણી સાથે નાસૂર પર લગાડવી.

૧૧. એરંડ બીજ બાળી નાસૂર પર લગાડવા.

૧૨. ભેંસનું શીંગડું બાળીને માખણ સાથે નાસૂર પર લગાડવું.

૧૩. બકરી અને માણસનું હાડકું બાળીને મધ સાથે નાસૂરે લગાડવું.

૧૪. કારેલીના રસમાં વાટ ભીંજવી નાસૂરે ભરવી.

૧૫. ગવેડાના લીંડાની રાખ, કેરની કૂંપળોનો રસ, બકરીનું મૂત્ર, ત્રણે મર્દન કરી અવલેહવત્ બનાવવું. નાસૂરે લગાડવાથી સારો લાભ થાય છે.

૧૬. અપામાર્ગની રાખ, બોરની છાલ, બાવળની છાલ અને ચૂનો ૫–૫ ટંક. પા શેર મીઠા તેલમાં પકાવી નાસૂર પર લગાડવું. ચાંદી વગેરેમાં પણ લાભ થશે.

૧૭. માજૂફળ, ફટકડી, અસાલિયો ૧–૧ ટંક. ઘોડીનાં પેશાબમાં લસોટી. વર્તિકા બનાવી નાસૂરમાં ભરે.

૧૮. સરસિયા તેલ ૧૦ તોલામાં ૧–૧ ટંક કાથો અને ચૂનો મર્દન કરી નાસૂરે લગાડે અથવા ભરે.

૧૯. એરજો પૈસા ૧, મધ પૈસા ૦૧, ચાર કે પાંચ અરીઠાની છાલ એકત્ર કરી સૂક્ષ્મ વાટી ત્રણ દિવસ સુધી નાસૂરના મોંઢા પર લગાડે. ઉપર આસમાની કપડું બાંધે, નાસૂર મટશે.

૨૦. હરડે, કપૂર, આંબાની ગોટલી ઘસીને લગાડે.

## પીનસના ઉપચાર

૧. ત્રિફલા, પીપલ ૧–૧ ટંક મધમાં ભોજન સમયે આપે તો શ્વાસ, પીનસમાં આરામ મળશે.

૨. આકડાના પીળાં પાકા પાનનો રસ નાકે નાંખે.

૩. બરાસ કપૂર, કેશર, એલચી, સાકર, તપખીર ટંક ૧–૧ ગાયનાં ઘીની પંદર ભાવના આપવી પછી છીંકણીની માફક સૂંઘવાથી પીનસ મટે છે.

૪. અડાયા છાણાંને આકડાના દૂધના ત્રણ પુટ આપવા. બાળી રાખ કરવી. પછી ત્રિફલાં નાંખી ભુંગળીથી નાસ દેવી, અપસ્માર, કપાલ રોગ અને પીનસ મટી જશે.

૫. રુદ્રજટા, હળદર, સમભાગે સ્વમૂત્રથી પીસી નાસ દેવી.

૬. ગાડરના મૂત્રનાં ટીપાં નાકમાં નાંખવાથી પીનસ જશે.

૭. અરીઠાની છાલ પાણીથી ઘસી નાસ આપવી.

૮. કેશર, પારસપીપલ બીજ, બદામ સ્વલ્પ ઘૃત સાથે ત્રણ દિવસ નાસ દેવી. પીનસ મટશે.

૯. આંબા, જાંબૂ અને કૂઠ ગોટલી ત્રણે ઘસી નાસ દેવી.

૧૦. પાઢ, બન્ને હળદર, મોરનાં હાડકાં, પીપલ, દાંતણી, જાયપત્રી ધતૂરાનો રસ, બધાંયે ઔષધ સમભાગે લેવાં. તેલમાં ઉકાળી, તેલની નાસ લેવી, ગંભીર પીનસ પણ આ ઔષધિથી નષ્ટ થશે.

૧૧. કાળા મરી, વિસખપરું, કેશર, નાગકેશર ૨–૨ ટંક, સરસિયાનાં બીજ ૪ ટંક. વાટી પાણીથી નાસ લેવી. પીનસ મટશે.

## અપસ્માર મૃગી

૧. મૌલશ્રીના બીજ, અરીઠાની છાલ, હીંગોટ–મીંગી ચણોઠીની દાળ [ શુદ્ધ ] વચ, સમભાગ પીસી પાણીથી નાસ લેવી. અપસ્માર જાય.

૨. હીંગોટની મીંગી, પીપલ, કિરાયતો, નેપાલા, ટંક. ૨–૨, વાટીને તૈયાર રાખે. પછી કાગળની ભૂંગડી બનાવી. નાસ દિયે, ૨–૩ દિવસ, અથવા તો જ્યારે અપસ્મારનું આક્રમણ થાય ત્યારે નાસ દેવી, આ વખતે શુદ્ધ આમલસારાં ગંધકની બે–ચાર વાર નાસ દેવાથી પણ અપસ્મારનો કીડો બહાર આવી જાય છે. મૃગી મટે છે.

૩. કૂતરાંની વિષ્ટા ઘેટાનાં મૂત્રમાં નાસ આપવાથી પણ મૃગીમાં લાભ થાય છે.

૪. વિંદાલની નાસ પણ હિતાવહ છે.

૫. બાવળની છાલનો રસ ચક્કર આવ્યા બાદ નાકમાં નાંખવામાં આવવાથી લાભ થાય છે.

૬. કાળા સર્પની કંચુકી, હાથી દાંતનો ભૂકો અને ગર્દભવિષ્ટા પીનસ અને મૃગી પર સારું કામ કરે છે.

૭. રવિવારે રાસભમૂત્રમાં ૭ સમુદ્રફળ નાંખી ગાય અને બકરી જ્યાં વિશેષ બેસતાં હોય ત્યાં ગાડી દિયે. આવતા રવિવારે કાઢી સુકાવી. ચૂર્ણ કરી નાસ દેવાથી પણ અપસ્માર મટે છે.

૮. રવિવારે મૃગ નક્ષત્રમાં મળેલ સિંહના લીંડામાંથી હાડકાંને લઈ મૃદંગમાં નાંખી વગાડે અથવા તો ગળામાં હાડકું બાંધવાથી પણ અપસ્મારમાં ફાયદો થાય છે.

૯. કારેલી મૂળના રસમાં વચનું ચૂર્ણ આપવું પણ સારું છે.

૧૦. ધતૂરામાં પીપલ, પટેલાંમાં કાળાં મરી, તૂંબડાંમાં સૂંઠ અને કડવાં તૂંબડામાં ઘોડાવચ ભરી બંધ કરી ૬ મહિના સુધી ચૂલાના ઉપરનાં ભાગમાં રાખે, પછી ચૂર્ણ કરી શીશીમાં ભરી રાખે. અપસ્મારનાં આક્રમણ સમયે નાસ આપવાથી અપસ્મારનો કીડો તત્કાળ બહાર આવી જાય છે. અનુભૂત છે.

૧૧. શનિવારે નિમંત્રી રવિવારે સવારે અપામાર્ગ પંચાંગ લાવી સૂકવી રાખ કરવી. પછી એમાં કાળાં મરી મેળવી નાસ આપવાથી અપરમારમાં લાભ થાય છે.

૧૨. ગજમદમાં મરી ઘસી નાસ આપવાથી પણ લાભ થાય છે.

૧૩. કાળાં મરી અને ગજમદમાં એક કપડું સારી રીતે ભીંજવી. સુકાવી એનો ધુમાડો આપવાથી પણ મૃગીવાળાને સારો લાભ થાય છે.

૧૪. વિસખપરાનાં મૂળનો રસ લઈ નાસ દેવી. મૃગીમાં લાભ થશે.

૧૫. કાળાં મરી ૨૧ લઈ ડાંડા થૂહરની ભૂંગડીમાં ૨૧ દિવસ ભરી રાખવાં. પછી સુકાય ત્યારે ચૂર્ણ કરી નાસ દેવી.

૧૬. ઉંટના* નાકનો કીડો તથા શંખનો કીડો સૂંઘવાથી પણ લાભ થાય છે.

## હેડકી-ઉપચાર

૧. જૂનું નારીયેળનું રાંઢવું. હળદર અને મયૂરપિચ્છની ધૂણી આપવાથી હેડકી થંભે છે.

૨. મૂળાના બીજ બાળીને આપવાથી પણ હેડકી રોકાય.

૩. કોડી બાળી ગોળ સાથે આપવાથી મરણાંત હેડકી પણ રોકાઈ જાય છે.

૪. ભમરાના ઘરની માટી, એલચી, શ્રીફળ જટા, કાથો, કમલ કાકડી-પખડી. સર્વ ચૂર્ણ કરી મોઢાંમાં રાખવાથી હેડકી, થૂંકણી, વમન, ઉબકા વગેરે રોકાય છે.

૫. વાંસડાની ગાંઠ અને ઝેરકોચલું પાણીથી ઘસી પાવાથી પણ હેડકી રોકાય છે.

૬. જેઠીમધ, પીપલ, સાકર, સૂંઠ અને ગોળ, મધ સાથે સમભાગે આપવાથી હેડકી મટે છે.

૭. તુલસીની જડ ચોખાના ધોવણમાં પાવી.

૮. કુમારિકા ગિર-ગર્ભ સૂંઠ સાથે આપવાથી પ્રાણાન્ત હેડકી મટે છે.

૯. દાડમની કળી, પીપલ, સાકર, દ્રાક્ષ, જીરું સમભાગે લઈ બોર પ્રમાણે ગોળી કરી મુખમાં રાખવાથી ઉકારી, વમન અને હેડકી મટે છે.

૧૦. ગેરુ (શુદ્ધ) હરડે અને આંબળા સમભાગે વાસી પાણીથી આપવાથી પણ હેડકી મટે છે.

૧૧. બકરીનું દૂધ અને પાણી એક-એક શેર, સારી પેઠે ઉકાળી રાખવું. સ્વલ્પ-સ્વલ્પ પાતા રહેવાથી પણ હેડકી મટે છે.

૧૨. લીંબડો, સૈંધવ, હીંગ, રાલ, બધાંયની ધૂણી લેવી.

૧૩. સૈંધવ અને આંબલીની ગોળી મોઢામાં રાખવાથી પણ હેડકી રોકાઈ જાય છે.

૧૪. લવિંગ, સૂંઠ ૧-૧ ટંક, ૩ શેર પાણીમાં નાખી ઉકાળે; ૧ શેર જલ શેષ ત્યારે ઉતાર્યા પછી આખો દિવસ આજ પાણી પાવું. પથ્ય મગનું રાખવું, આનાથી ઉબકા, કમળનું ઉછળવું મટે છે.

૧૫. સમુદ્રફળના બીજ ગોળ સાથે ગોળી કરી લેવાં, હેડકી જશે.

૧૬. તાપડું ૬ આંગળ લઈ, એના પર ચણા સમાન ગંધક પાથરી એવા લોટામાં બાળી નાંખવું જેની નળીથી ધૂમાડો તમાકુની માફક પી શયાય. પછી હોકા જેમ ધૂમાડો પીવો, હેડકી તરત જ બંધ થશે.

૧૭. સોનું ૫૦ વાર ગરમ કરી પાણીમાં ઠારવું અને એ પાણી પાઈ દેવું. વમન અને હેડકી તરત જ બંધ થઈ જશે.

---

* અપસ્મારમાં પ્રાણીજ ઔષધિઓ પુષ્કળ કામ આપે છે. અને એના અનુભૂત પ્રયોગો પણ સારી એવી સંખ્યામાં મળે છે. અમે જાણી જોઈને એના પ્રયોગો આપ્યા નથી.

## પડજીભી અધિકાર

૧. દ્રાખ વાટીને ઘી મેળવી જીભ પર ઘસવાથી ત્યાંના કાંટા મટે છે.

૨. દારુ–હળદર, જવાસો, જાઈના ફૂલની કળી, ગળો, દ્રાખ, ત્રિફળા, બધાંયે સમભાગે લઈ કાઢો કરવો, નવસેકા કાઢાનાં કોગળા કરવા, મુખપાક કણ્ઠશોષ, જિહ્વાશોષ મટશે.

૩. ઇન્દ્રજવ, અકરકરો, બદામ, આદુના રસ સાથે જીભે મસળવું. જિહવાશુષ્કતા મટશે.

૪. માતુલિંગ, કેશર અને સૈંધવ સમભાગે લઈ જીભ પર ઘસવાથી કાંટા એને જીભની શુષ્કતા મટે છે.

૫. લવિંગ, અકરકરો અને તુલસીનાં પાંદડાં જીભે ઘસે તો પણ અકડતા વગેરે મટે છે.

૬. ફટકડી માસો ૧, નાની એલચી માસો ૧, સફેદ કાથો માસો ૧, તુત્થ શુદ્ધ રતિ ૧, એકત્ર કરી જીભે ચોડવું. પડજીભી મટશે.

૭. કળીચૂનો, નૌસાદર, ફટકડી, સાજીખાર, સમભાગે લઈ વાંસની કાંબી સાથે જીભમાં દાબી રાખે તો પણ જીભના દરેક રોગો નિઃસંદેહ મટી જશે.

## સ્વરશુદ્ધિ

૧. પીપલ, સૈંધવ ૧–૧ માસા મધમાં લેવાથી સ્વરભંગ અને ગળું સારું થાય છે.

૨. જાવંત્રી, તમાલપત્ર, એલચી, લવિંગ, પીપલ, અકલકરો, નાગરવેલના પાનની જડ–કુલિંજન, કેશર, કસ્તૂરી બધીએ વસ્તુઓ ૧–૧ માસા લેવી. બીજોરાના રસમાં ઘૂંટી અથવા તો મધમાં અવલેહી લેવાથી કિન્નર સ્વર થાય છે.

૩. શંખાવલી, સોહગી, કાળાં મરી, નાગરવેલનાં પાનના રસમાં ગોલી કરી લેવી, સ્વર શુદ્ધ થશે.

૪. બહેડાની છાલ, પીપલ, સૈંધવનું ચૂર્ણ સમભાગે કરી લગભગ ૧ માસા ગાયની છાશ સાથે લેવાથી પણ સ્વર સુધરે છે,

## ગંડમાલા–ગળાની ગાંઠ

૧. સાજીખાર, ઇન્દ્રજવ, એરંડિયાની જડ, સૈંધવ, હીંગ, હળદર, સમભાગે લઈ આકડાના દૂધમાં વાટી ગળાની ગાંઠો પર લેપ કરવાથી ગાંઠો વિખેરાઈ જાય છે.

૨. કટુકનું મૂળ નરમૂત્રથી ઘસી લેપ કરવો. ગંડમાલ મટે છે.

૩. શંખાવલી અથવા તો સહદેવીનું મૂળ શનિ–નિમંત્રી રવિવારે લાવી. ગળે બાંધવાથી ગાંઠો મટે છે.

૪. સાજીખાર, ચોખા, સિંદૂર, હરતાલ, તુત્થ ૨–૨ ટંક મીઠા તેલમાં મર્દન કરી. રુના પૂંભડાથી ગાંઠો પર લેપ કરવાથી ગળાની ગાંઠો મટે છે.

૫. દેવદારુ, ઇન્દ્રવારુણી મૂલ, ઇન્દ્રજવ, સરસિયાંનાં બીજ, અસાળિયો, મૂળાનાં બીજ, સિરધૂ બીજ, પાણી સાથે વાટીને લેપ કરવો, ગાંઠો મટે છે.

૬. કાળાં ગધેડાના પગની રાખ ભભરાવવી, ગંડમાલાની ગાંઠો મટશે.

૭. કડવી તૂંબડીના ગર્ભનો લેપ પાણી સાથે લગાવવો.

૮. ઢંઢણીનાં બીજ, હળદર, સૈંધવ બારીક વાટી પાણી સાથે લેપ કરવો. ગળા તથા કાનની ગાંઠ બેરી જશે.

૯. સુરિંજણના બીજ અને ચણા, કાંજી સાથે વાટી લેપ કરવાથી પણ ગાંઠ બેસી જાય છે.

૧૦. થૂઅરના દૂધમાં ૧॥ તોલો ઘઉંનો લોટ ગૂંદી રોટલી બનાવવી, કડવા તેલમાં તળી વાટીને ગાંઠ પર લેપ કરવાથી કંઠમાલામાં ફાયદો થાય છે.

૧૧. ધતૂરાના પાન, ગોળ અને ચૂનાનો પિંડ બનાવી ગાંઠ પર ૨૧ દિવસ બાંધવાથી કંઠમાલા મટે છે.

૧૨. કાઠા ઘઉંના લોટને આકડાના દૂધની ૭ ભાવના દેવી, પછી તાવડી ઉપર જ તેલથી બાળી મલમ બનાવી ૧૪ દિવસ ગંડમાલા પર લેપ કરવો.

૧૩. સમુદ્રફળ, કાથો, જૂની ઈંટ ૧–૧ ટંક, કપડછાણ કરી માંખણમાં મર્દન કરી મલમ તૈયાર કરવો. પછે રુથી ગાંઠ પર લગાડવો, આરામ થશે.

૧૪. બોલ. કંકોલ, સિંદૂર, ફટકડી, સર્પની કાંચલીની રાખ, ઘી, ટંક ૫–૫ અને તેલ તોલા ૧૫ માં ઉકાળી સાત દિવસ કંઠમાલા પર લેપ કરવો.

૧૫. ગિરિકર્ણિકા અને ઇન્દ્રવારુણી મૂળ ગૌમૂત્રથી ઘસી ગાંઠ પર લગાડવું.

૧૬. ગૌજીભી મૂળ નરમૂત્રથી ગાંઠ પર ચોપડવું.

૧૭. સાજી, ઇન્દ્રજો, હીંગ, હળદર, સૈંધવ અને વચ્છનાગ વાછડીના મૂત્રમાં ગરમ કરી ગાંઠે લેપ કરવો.

૧૮. ગાંઠ જો પાકી હોય તો ચોપ ટંક ૪ ચિત્રા છાલ ટં. ૪, એની ગોળી કરી ચોખાના ધોવણથી ઘસે. જલદી રુઝ આવી જશે.

૧૯. કાલી સોપારી, આંબલીના ફૂકચા, પોસ્ત ૧–૧ ટંક, તુત્થ ૦॥ ટંક, ફૂકચા અને પોસાના ડોડાની રાખ કરવી. પછી સમસ્ત દ્રવ્ય ભેગાં કરી ઘી નાંખી તાંબાના વાસણમાં તાંબાના લોટાથી ૨૪ પ્રહર ઘૂંટી મલમ બનાવવો. પછી ગાંઠ અથવા તો અરૂઝ ચાંદીપર લગાવવો.

૨૦. હીંગ, દેવદારુ સૈંધવ, અરી અને સૂંઠ પાણીથી વાટી લેપ કરવો.

૨૧. સર્પકંચુકી ટંક ૧૦, મીણ ટંક ૧૦, હિંગલૂ ટં. ૩, સિંદૂર ટંક ૩, ચણોઠી તોલા ૧૨॥, કાંસામાં ઘસી મીણ તોલા ૧૨॥, તેલ સેર ૨॥, થાળીમાં ખૂબ મર્દન કરી બિમચી, કંઠમાલા અને ચાંદી પર લગાડવાથી આરામ થાય છે.

૨૨. રાલ, ભેંસાગૂગલ ટંક ૧–૧, બકરીનું હાડકુ ટંક ૪, થાળીમાં વાટકીથી પાણી સાથે ૩ પ્રહર સુધી મર્દન કરી લગાડવાથી ચાંદી, નનામી કંઠમાલા જાય છે.

## દંતેરુ, નનામી, ફોડા, કાંખોલાઈના ઉપચાર

૧. ઘી ગાયનું ૨૪ ટંક, મીણ ૧૨ ટંક, મુરદાસીંગ, સિંદૂર, રાલ ૬–૬ ટંક, મોરથૂથૂ ૩ ટંક, પ્રથમ ઘી ગરમ કરી મીણ નાંખવું. બન્ને ઓગળી ગયા પછી રાલ નાંખી હલાવવું. જ્યારે બરોબર મળી જાય ત્યારે શીતલ પાણીમાં ઠારવું. એવી રીત પાંચ વાર પાણી બદલવું. અનન્તર સારી રીતે મંથન કરી પછી અવશિષ્ટ દ્રવ્યો મેળવી મલમ તૈયાર કરવો. અઢાર જાતની ચાંદી, દુષ્ટવ્રણ, મેદપાટ, કંઠમાલા, નાસૂર, બિમચી, હાથપગનું ફાટવું આદિ તમામ રોગો પર આ અત્યન્ત ઉપકારી મલમ છે.

૨. હળદર અને ગૂગલ સમ લઇ ઘસી ગાંઠપર લગાડે તો ન ફૂટનાર ગાંઠ પણ થોડીવારમાં ફૂટી જાય છે.

૩. સાંડાની વિષ્ટા લગાડવાથી પણ ગાંઠ ફૂટે છે.

૪. ઝેરકોચલું ઘસી ચોપડવાથી પણ તથાવત્ લાભ થાય છે.

૫. કપીલો, સાજી, કળી ચૂનો, સેંધવ, ટંકણખાર, ખુરાસાણી મેંદી. સમભાગે એકત્ર કરી ઘી સાથે મર્દે, મલમ ફોડા, અરુઝ, ચાંદી, વિચચી, દંતેરુ, આદિ પર લગાડે, આરામ થાય છે.

૬. તૂસડીની જડ વાટી લીલી ગાંઠ પર બાંધે તો ખીલ નિકળે.

૭, લીલાં કદૂનો રસ ૫ તોલા રોજ પીએ તો નનામી મટે.

૮. તિલકંટો અને મરી વાટી પાયે તો નનામી કંઠમાલા મટે.

૯. મૂલાના બીજ, હળદર, દેવદારુ, દુધેલીનો કાંજીથી નનામી પર લેપ કરવો,

૧૦. હરડે અને કંકોલ છાશથી ઘસી લેપ કરે તો ફોડા મટે.

૧૧. કાંકસીપત્ર, કૂકડાની વિષ્ટા, ભેંસના માખણથી ઘસી લેપ કરે તો નનામી જાય.

૧૨. અરીઠાની છાલ, ટંક ૧૨, મેણસીલ ટંક ૧, હિંગલૂ, ફટકડી, હરતાલ, ધૂંસો, રાઈ, કપીલો. સરસિયાંનાં બીજ, કાળાંમરી, કસીસ, ૨-૨ ટંક, ગૂગલ, કુંદરુ, રાલ સર્વે :૧-૧ ટંક, ગાયના ઘીમાં ભીલામા બાળી ઘી નીચે ઉતારવું. પછી ટંક ૮ બળેલ ભીલામા, સરસિયાનું તેલ ૧૨ ટંક અને ગોમૂત્ર ૪૮ ટંક, એરણ્ડિયાં ૧૨ ટંક, હળદર-ગૂગલ-સિંધવ ૮-૮ ટંક અને ૧ાા તોલો મીણ બધુંએ સાથે અગ્નિપર પકાવવું. પછી લોહ પાત્રમાં લોહના ઘોટાથી ૩ દિવસ ઘુંટવું. આ મલમ દાદ, બિમૂચી, બભૂતી, ગડગૂંબડ, અરુઝ, ચાંદી પર લગાડવાથી આશ્ચર્યજનક લાભ થાય છે. શતશોનુભૂત.

૧૩. હળદર, સેંધવ, ટંકણ ૨ાા-૨ાા તોલા, તુત્થ માસા ૩, વાઘમૂત્રથી ગરમ કરી કાનમાં નાખે તો દરેક કર્ણરોગમાં લાભ થાય છે. કાન સલેસમાં વિશેષ લાભ થાય છે.

૧૪. લીંબડો ૨ાા તોલા, બકાયણની મીંગી, ભાંગરો, જીરું, કાળાં મરી, તુસડીની જડ સમભાગે ૨ માસાની ફાકી લેવી. નનામી, સલેસ વગેરેમાં આરામ થશે.

૧૫. બાવળની છાલ, જીરું, ૪-૪ ટંક, રાત્રે પાણીમાં ભીંજવી સવારે નયણે પીવું. નનામી વગેરે રોગ શમે.

૧૬. ગંધક, સોમલ, (શુદ્ધ) કૂડાછાલ, હિંગોટ મીંગી ૩-૩ ટંક, લીંબૂનો રસ પાવ, મીઠું તેલ ૦ાા શેર. ઔષધો ઉકાળવાં. તેલ માત્ર અવશિષ્ટ રહે ત્યારે ઊતારીને ગાળી શીશીમાં ભરી રાખવું. આવશ્યકતા પડે ત્યારે ૨ થી ૪ ટીંપાં કાનમાં નાખવાથી બગ, કાનખજૂરો, નનામી, આદિ સમસ્ત કપાલના રોગો શાન્ત થાય છે.

૧૭. મહાનિમ્બ-બકાયણની છાલ લીલી, બમણો ગોળ, ખૂબ વાટીને મજબૂત વાસણમાં ભરી કપડમટ્ટી કરીને ૬૦ દિવસ ઉકરડામાં ગાળી રાખવું. અનન્તર લેપ કરવાથી દરેક જાતના ગડગૂંબડ, કાંખ બિલાઇ વગેરેમાં અચૂક લાભ કરે છે. ખાઈ પણ શકાય છે.

૧૮. હળદર, પીપલ, સૂંઠ, એળિયો, એરણ્ડિયાના તેલમાં ગરમ કરી લગાડવાથી વાયુની ગાંઠ, કાંખેલાઈ મટે છે.

૧૯. ગોળ, ગૂગળ, ધૂંઆરો, બોલ, ટંકણ, રાઈ, એલિયો એરણ્ડિયાના તેલમાં ગરમ કરી લેપ કરવો.

૨૦. કોલીકાંદો-જંગલી ડૂંગળી બાંધવાથી પણ કાંખેલાઇ જાય છે.

૨૧. થૂઅરનાં પાંદડાની થેપલી કરી બાંધવાથી પણ તથૈવ લાભ થાય છે.

## ધનુષવાયોપચાર

૧. હરણના પેશાબમાં અજમો લસોટી પાવો.

૨. ખજૂર ટંક ૧૦ એરંડિયાનાં તેલમાં ખવરાવવી.

૩. લીંબુ રસ ૧ પલ, એટલાજ એરંડિયાના તેલમાં પાવું.

૪. બાવળનાં પાંદડા એરંડિયામાં પાવાં.

૫. લસણ, વચ, કિરાયતો, પીપલામૂલ, ભારંગી ટંક ૧–૧ લઈ અધકચરાં કરી કાઢો કરી પાવો.

૬. અહિફેણ સદે એટલું આપવાથી પણ ધનુષવાયુમાં લાભ થાય છે.

૭. કાલારસથી પણ ધનુષવાયુમાં આશાતીત લાભ થાય છે.

## નિદ્રા આવવાના પ્રયોગ

૧. મસાણમાં ઉગેલ અપામાર્ગની જડ શનિવારે નિમંત્રી રવિવારે લાવી હાથમાં બાંધવાથી નિદ્રા આવે છે.

૨. બીજોરું યા વૃંતાક ઓસીકે મૂકી શયન કરવાથી પણ નિદ્રા આવે છે.

૩. પારો શુદ્ધ, કાળાં મરી, સોવા, વરીયાળી, ગોળ, અજમો, જીરું, ભાંગ મધમાં ગોળી વટાણા બરાબર કરવી. સૂતાં પહેલાં પાણી સાથે લેવી.

૪. સૂંઠ, મરી, પીપલ, સોયા, સૌંફ, જીરું, વિજયા સમભાગે લઇ મધમાં ગોળી કરવી. પાણી સાથે લેવી.

૫. સર્પની કાંચલીનું ગાયના ઘીમાં કાજલ પાડવું. આંખે આંજવું. આ પ્રયોગથી નિદ્રા આવે છે અને કષ્ટી છૂટે છે.

૬. કાળાં મરી, ઘોડાની લાર અને મધ ઘસી આંખે આંજે તો ઘણી નિદ્રા આવે.

## નિદ્રાનાશક યોગ

૧. સૈંધવ, મોથ, રીંગણીનું ફળ, જેઠીમધ, ચારેક પડછાંણુ કરી છીંકણીની માફક સૂંઘવું. વધારે નિદ્રા આવતી હોય તો ન આવે.

૨. લીંઓડીની મીંગી, શુદ્ધ ગંધક, લીંબુના રસથી આંજવાથી નિદ્રા અલ્પ આવે છે.

૩. કાકજંઘાનું મૂલ વિધિવત્ લાવી માથે બાંધવાથી નિદ્રા ઓછી આવે.

## છાંદણવાય

૧. કોહલાંનું પંચાંગ લઈ ભસ્મ કરી માંખણ સાથે પગે લેપ કરવાથી છાંદણવાય મટે છે. ફાટતા હાથે–પગે પણ આ પ્રયોગ લાભદાયક છે.

૨. ૯ ટંક બરાબર કાયફળનું ચૂર્ણ લઈ તાંબાના વાસણમાં નાંખવું. એમાં પાણી અનુમાનથી ૨ શેર લેવું. પછી પાણીમાં હાથ અથવા તો પગે હોય તો પગ નાંખી નીચે અગ્નિ ચાંપવી. જેટલું સહન થાય તેટલું પાણી ગરમ થયે અગ્નિ ઓછી કરી નાંખવી. ૩ ઘડી સુધી આ પ્રયોગ કરવો. આનાથી હાથ પગનો છાંદણવાયુ સાવ મટી જાય છે. હાથપગોનું ફાટવું ભવિષ્યમાં પણ રોકાય છે.

૩. અંગૂરનો સિરકો, બદાંમ અને તેલ ગરમ કરી હાથે–પગે ચોળવાથી છાંદણવાય મટે છે. આ આ પ્રયોગ સૈંકડોવાર અજમાવેલ છે.

૪. આકડાનું દૂધ, કાંબિયોસિંદૂર, તૈલ સાથે મર્દન કરી હાથેપગે લગાડવો.

૫. સૈંધવ, કાળાં મરી, ગૂગલ, સાજીખાર, લૂંણ, સ્વર્ણમાક્ષિક ૪–૪ ટંક, ગૌઘૃત ૧૫ તોલા, મલમ બનાવી હાથે-પગે ચોપડવો. છાંદણવાય જાય છે.

૬. કપીલો, ટંકણ, મરી, અસાલિયો, તોલા ૧–૧, તોલા તૈલ ૨૫, તોલા લોઢાના વાસણમાં તડતડાવી ૭ દિવસ હાથેપગે ચોપડવું.

૭. બન્ને જાતનાં ગંધક, હળદર, મેણસીલ, હરતાલ, જોખાર. બધાંયે સમભાગે લઈ એમાં ત્રણ ગણું તેલ નાંખી ઉકાળી હાથે-પગે લગાડે તો પોસ્તવાય, છાંદણવાય મટે છે.

૮. તૂસડો કોરી અંદર હળદળના ગાંઠિયા ભરે ૨–૩ દિવસ છાયામાં રાખે, કપડમટ્ટી કરીને અગ્નિમાં પચાવે. પછી હળદરના ગાંઠિયા કાઢી તુત્થ, સેકેલા ચણા, ખસખસ ૧–૧ ટંક લઈ બધાં ભેગાં વાટે. પછી એ ચૂર્ણ ગૌમૂત્રમાં લસોટી હાથે-પગે લગાડે. ૧ કલાક સુધી મસળે તો છાંદણાદિ સમસ્ત વાય મટે છે.

## વિસકંટા-ખીલનાશક પ્રયોગ

૧. ચૂનો, ગોળ, ધૂંઆળો, કૂકડાની વીઠ, સમ ભાગ લઈ વાટી મૂત્રથી પીંડી બનાવી બાંધી, ૧૨ પ્રહર સુધી રાખે તો આંગળાની ખીલ સ્વતઃ નીકળી પડે.

૨. ધૂઅડ વીઠ બાંધવાથી પણ ખીલ બહાર આવે છે.

૩. લીલી તૂસડીની જડ બાંધવાથી પણ વાંછિત સુખ પ્રાપ્ત થાય છે.

૪. થોહરની કૂંપલ બાંધવી પણ શ્રેયસ્કર છે.

૫. કડવો કાચર પણ હિતાવહ છે, ફોડીને આંગળીમાં પહેરવો.

## કાસ-ખાંસી, કફ

૧. કંટાઈ ટંક ૨૦૦, પાણી ટંક ૪૧૦૦૦, અષ્ટાવશેષ કાઢો કરવો, એમાં ત્રિકૂટ, રાયસેણ, ચિત્રક, ગળો, કાકડાસીંગી, ભારંગી, તજ, મોથ, પીપરામૂલ, ધમાસો. ૨–૨ ટંક દ્રવ્યો નાંખવાં, પછી ઘી ટંક ૩૨, કકરતરી ટંક ૮૦, મધુ ટંક ૧૬, જૂનો ગોળ ત્રણ વરસનો ટંક ૧૬ સંમિલિત કરી, દવા તૈયાર કરવી, ૨–૩ ટંક નિત્ય સેવન કરવાથી શ્લેષ્મ ખાંસી અને નાશ પામે છે.

૨. બહેડા ટંક ૪, ભારંગી ટંક ૩, કૂઠ ટંક ૧, ત્રણે વાટી ખૈરના કાઢાથી ૩ વાર ભાવિત કરી ગોળી કરવી, મોઢામાં રાખી ચૂસવાથી ખાંસી મટે છે.

૩. કાળાં મરી ટંક ૪, પીપલ ટંક ૨, દાડમસાર ટંક ૧૬, જૌખાર ટંક ૨, ગોળ ટંક ૩૨, વાટી નાના બોર સમાન ગોળી કરવી, ૩–૩ ગોળી સવારે સાંજે લેવાથી કફ અને ખાંસીમાં આશાતીત લાભ થાય છે.

૪. લીલો અરડૂસો લાવી ડાળમાંથી પાંદડાં દૂર કરવાં. અવશિષ્ટ ભાગને ઊખલમાં નાંખી ભૂકો કરવો, પછી ૭ ગણું પાણી નાંખી ત્યાં સુધી ઉકાળવો જ્યાં સુધી લાલ ફીણ ન આવવા લાગે, પછી એમાં બમણો ગોળ અને પીપલ નાંખી સુકાવી ગોળી કાળાં મરી બરોબર બનાવવી, નિત્ય બબ્બે ગોળીઓ સાયંપ્રાત લેવાથી શ્વાસ અને કફમાં સારો લાભ થાય છે.

૫. મરી, પીપલ, જૈખાર, ૩–૩ ટંક ગોળથી ગોળી બાંધવી, સવારે સાંજે બબ્બે ગોળીઓ ચૂસવાથી ખાંસી મટે છે.

૬. સૂંઠ, મરી અકરકરો. અનાર દાણાં ટંક ૧૫–૧૬, ભાંગરા અને આદુના રસની ૧–૧ ભાવના આપવી. ગોળી મરી બરોબર બનાવવી. સવારે–સાંજે બબ્બે ગોળી ખાવી.

૭. મેથી, અજમો, કાકડાસીંગી, ભારંગી, ૭–૭ ટંક, વસ્ત્ર ગાળ ચૂર્ણ કરવું. ટંક ૪ ની ૦। સેર પાણીમાં ઉકાળી સાત દિવસ લેવી, આરામ થાય છે.

૮. કાકડાસીંગી, ત્રિકુટા, ત્રિફલા, રીંગણી, ભારંગી, પુષ્કરમૂલ, અરડૂસો, સૈંધવ, વડલૂંણ, કચલૂંણ, સમુદ્રલૂંણ, સર્વ સમભાગ લઈ બે ટંકની ફાકી લેવી, ખાંસી. કફ આદિ વિકાર ઉપશમે.

૯. વિષ, ત્રિકટુ, રીંગણી, અકરકરો, ભારંગી, બહેડાં, હરડે, કુલિંજન–પાનની જડ, કાકડાસીંગી, દેવદાસ, પીપલામૂળ, સતાવરી, લવિંગ, એલિયો, સમભાગે લઈ કુમારિકા રસમાં એક ભાવના આપવી. પછી નાગરવેલનાં પાનનાં રસમાં વટાણા સમાન ગોળી બાંધવી. મુખમાં રાખી રસ ઉતારવો, સાંજે–સવારે બેથી ત્રણ ગોળિઓ ચૂસવી. કફ નાશ પામે છે. અને ખાંસી મટે છે.

૧૦. અરડૂસો ૧ શેર, પીમલ ૫ તોલા, ૫ તોલા સૈંધવ, વાટીને રોટલા જેવું કરે, પછી હાંડલીમાં બે શેર પાણી નાંખી ડોલકા યંત્રે પકાવે. રોટલો ગળીને હાંડલામાં બેસી જશે, પછી બે ચાર દિવસ પડ્યો રહેવા દે, સુકાયા બાદ ૧ ટંક રોજ ખાય, ખાંસી, કફ મટે છે.

૧૧. પીપલના છોડાંની રાખ રોજ ત્રણ ટંક સુધી પાણી સાથે સેવન કરે તો કોડી પડતી મટે.

૧૨. જૂના અરણિયા છાણાને આકડાના દૂધની ૩ ભાવના આપી બાળવા, આ રાખમાં અજમો, પંચ લવણ, ત્રિફલા મેળવી ફાકી લેવામાં આવે તો ઘણા વરસની ખાંસીમાં આરામ થાય.

૧૩. હીયાવલી, કાયફળ, સોહગી, કાળાં મરી ૨–૨ ટંક ખોરાક એક માસાની, ખાંસી મટે.

૧૪. ધતૂરાના બીજ, અપામાર્ગ આકડાનું દૂધ, વચ્છનાગ શુદ્ધ, ટંકણખાર, વાસા. સર્વ સર્વ સમભાગે લઈ રાખ કરે, રાખથી ત્રણ ગણો જવખાર મેળવવો. પછી આદુના રસમાં ગોળી બનાવવી, નિત્ય ૩ ગોળી ખાવી, ખાંસી, દમ આદિમાં સારો લાભ થાય છે.

૧૫, શુદ્ધ સિંગ્રફ, અકરકરો, કાળાં મરી, એકત્ર કરી નાગરવેલના પાનમાં રસમાં ગોળી બાંધવી. પથ્યમાં વૃત્તાંકનો ભુર્તો લેવો. ત્રણ ગોળી દિવસમાં ચૂસવી.

૧૬. કુતકફળ, સીંધવ સમભાગે લેવું. ૦।। માસો દવા વાછડીના મૂત્રમાં લેવી, ખાંસી જશે.

૧૭. લવિંગ, પીપલ, અસગંધ, મિશ્રી–સાકર, સાકરની ચાસણીથી જ ગોળી બનાવવી, બોર બરોબર સાંજે લેવી, શ્વાસ ખાંસીમાં લાભ થશે.

૧૮. ત્રિફલા, ત્રિકૂટા, વચ્છનાગ–શુદ્ધ, લવિંગ, એલચી, કુંમારિકા રસથી કાળાં મરી સમ ગોળી બનાવી દિવસમાં ૪ ગોળિઓ સેવન કરવી.

૧૯. નાગરવેલના પાનનો ભૂકો, ટંક ૧, કેશર ટંક ૦।। અફીણના ડોડા ટંક ૧, તામ્ર ભસ્મ ટંક ૧, કળી–ચૂનો, અકરકરો, બહેડા, ભારંગી ૧–૧ ટંક, ચૂર્ણ કરી નાગરવેલના પાનનાં રસમાં ગોળી બાંધવી, નાગરવેલનાં પાનમાં દિવસમાં ત્રણ ગોળીઓ લેવી. શ્વાસ, કફ, ખાંસી મટે.

૨૦. પીપલ, મરી જૈખાર, ખૈરસાર, બધી ચીજને લીંબૂના રસની બે ભાવના આપી ગોળી બનાવવી. ૩ ગોળી ખાવી ખાંસી મટે.

૨૧. ફટકડી, સાજી, કલીચૂનો, હળદર. ક્રમશઃ ૧, ૨, ૪, ૮ ટંક ગોળ, ૧૬ ટંક એકત્ર કરી ગોળીં બોર પ્રમાણ બનાવવી. સાયં પ્રાતઃ જલથી લેવી, તમામ હૃદયનાં દર્દો માટે હિતાવહ છે.

૨૨. હરડા અને બહેડાની છાલ, વાસાપુષ્પ, ગજપીંપળ, સૂંઠ, શોધેલ અફીણ, ૩–૩ ટંક સૂક્ષ્મવાટી ૧ ટંકની પડિકી મધમાં વાપરવી. ૭ દિવસ લેવી, વધારે ખાંસી હોય તો ૨૧ દિવસ લેવી. તમામ ખાંસી અને શ્વાસ માટે આ અતિ ઉપયોગી પ્રયોગ સિદ્ધ થયો છે.

૨૩. લવિંગ, જૈખાર, સાજીખાર, સંચલ, સૈંધવ, સાચોરું મીઠું, વડ લૂણ, કલી ચૂનો ટંક ૫–૫ જૂનો ગોળ ૧ શેર બંધાયે ભેગાં કરી એક હાંડલીમાં ભરી મોઢું સારી રીતે પેક કરી ૧ ગજ જમીનમાં ખાડો ખોદી માંહે હાંડલી દાટી દેવી. એક માસ પછી કાઢવી, ૨ ટંક જેટલી દવા પ્રતિદિન ખાવી, શ્વાસ, દમ, ખાંસીમાં આશ્ચર્યજનક લાભ થાય છે.

૨૪. સંચલ, સાજી ૧–૧ ટંક, કાથો ૬ ટંક. ઔષધો ભેગાં કરી ૪૦ તોલા પાણીમાં ઉકાળવું. ૧૦ તોલા પાણી રહે ત્યારે પાવું, ૭–૧૪ દિવસ પૂરો પરહેજ રાખવો. આ પ્રયોગ જૂની ૨૦–૨૨ વર્ષની ખાંસી માટે અચૂક છે.

૨૫. સૂંઠ, અજમો, સંચલ, સૈંધવ ૮–૮ પલ જવનો લોટ ૩૬ પલ, આકડાનાં દૂધમાં લસોડે, રોટલો બનાવે, આરણ્યક છાણાનો જગરો નિર્ધૂમ થાય ત્યારે સેકે, ભૂંભરમાં દાબી રાખે, બળીને કાળો થઈ જશે. પછી કૂટી ચૂર્ણ કરી શીશીમાં ભરી રાખે, માત્રા ૧–૩ ટંકની પેટ દુખવું, છર્દિ, ગોળો, કાલજાની પીડા, પીહો, ગાંઠ, શ્વાસ, ખાંસી અનેક રોગો પર અવ્યર્થ મહૌષધ છે.

૨૬. ફટકડી, બીજાબોલ, ૫–૫ ટંક, પીપલ ૩ ટંક. સર્વ વાટી ટંકની ફાકી વાસી પાણીથી લેવી, સંખ્યા ૨૫ પ્રમાણે પ્રભાવ.

આ દવા ખવરાવતાં જ ઉપર ગોળ ખવરાવવાથી સારો ફાયદો દેખાય છે, ૨૧ દિવસનો પ્રયોગ છે.

૨૭. સોનલની છાલ છાયાશુષ્ક. ૨ ટંકની ફાકી આપવાથી શ્વાસ મટે છે. ભયંકર પીડા હોય તો ૪–૪ કલાકે લેવી. ઉપર ગોળ ખાવો.

૨૮. એલિયો, શુદ્ધ ગંધક, સતવા સૂંઠ, ૧–૧ તોલો. ૫ ચણાં બરોબર નિત્ય ફાકી લેવાથી ઉર્ધ્વશ્વાસમાં લાભ થશે.

૨૯. માણસના માથાના વાળ એક હાંડલામાં તલ બરોબર થર કરી પાથરે, ઉપર શોરો પાથરે, વળી વાળ, વળી શોરો. એવી રીતે ૧૧ અથવા ૧૩ થર કરે, પછી મુખ બંદ કરી મજબૂત મુદ્રા દેવી. અનન્તર અડાયાં છાણાંની અગ્નિ ૨ પ્રહરની આપવી. હાંડલીમાંથી તડાતડ અવાજ આવે તો જરાયે ચિંતા ન કરવી. ઘણી વખત એવો આભાસ થાય છે કે માટલૂં ફૂટ્યું, પણ એવો ભય ન રાખવો.

સ્વાંગ શીતલ થાય ત્યારે ઔષધ વાટીને શીશીમાં રાખવું. રોગીને એક માસાની ફાકી દેવી. અથવા તો નાગરવેલના પાનમાં આપવું. થોડી વાસ જરુર આવશે. પણ શ્વાસ, ખાંસી અને પેટના તમામ દર્દોમાં સારો લાભ આપે છે. આ સર્વથા નિર્ભય મહૌષધ છે.

૩૦. શુદ્ધમણસીલ એક ટંક લઈ ગાયના ઘીમાં મેળવી રૂના ૩ પૂંબડાં તૈયાર કરવા. પછી માટીની ઠીકડી કે તવામાં એક ખૂબ લાલ કોયલો મૂકવો. એના પર મેણસીલવાળું પૂંબડું મૂકી ઉલટી ચલમ કે પપૈયાની ડાંડીથી ધૂંવાળો લેવો. ૩ દિવસમાં કફમાં લાભ થશે.

૩૧. સંભાલૂ પાઠ ૧॥ શેર, કંટાલી પંચાંગ ૧॥ શેર, અરડૂસાના પાન પાશેર. વાટીને ગોળો કરવો. કપડમટ્ટી દઈ પકાવવો પછી કાઢી ૩ ટંક આ રાખ અને પા ટંક મરીની ફાકી ખાલી પેટે આપવી. સાત જ દિવસમાં ખાંસી, શ્વાસ, દમ પર ઉલ્લેખનીય લાભ આપે છે. અનુભૂત છે.

૩૨. લીંબડો, સાંભરું મીઠું, આકડાનું દૂધ અને કુવારપાઠાનો ગર્ભ, અડધો અડધો શેર દ્રવ્યો લઈ માટલાંમાં ભરી કપડમટ્ટી કરી અરણિયા છાણામાં ગજપુટે પકવી. પોતાની મેળે જ શીતલ થાય ત્યારે કાઢી. એ રાખ ટંક ૨ અને ચિત્રક અજમો ટંક ૦॥-૦॥ ૧૪ દિવસ ખાય તો ખાંસી, શ્વાસ, તોડ, ગોલો કઠોદર, સફોદર આદિ તમામ ઉદર વ્યથા શાન્ત થાય.

૩૩. ત્રિફલા, ત્રિગટૂ, ૧૫-૧૫ ટંક, મોથ ૧ ટંક, વાયવિડંગ ચિત્રક, પીપલામૂલ ૫-૫ ટંક. લોહચૂર્ણ, હીંગ, શિલાજીત ૧૨-૧૨ ટંક, ૧૦૦ ટંક નિવાત, ૨૦૦ ટંક મધુ. બધાની માત્રા ૨॥ ટંકની છે. વાજીકરણ પ્રમેહ, શ્વાસ, મૂત્રકચ્છ્ર, પાંડુ, શ્વાસ, ખાંસી અને કફ આદિ અનેક પેટ તથા હૃદયના દર્દો માટે ઉપકારી છે.

૩૪. મરી ટંક ૪, હરતાલ, મણસીલ ટંક ૧-૧, જલ ભાંગરો તોલા ૧૨, મૂંડીકલ્હાડ અને સહસ્ર-મૂલીનો રસ, ૧૨-૧૨ તોલા, વાનસ્પતિક રસમાં કપડું ભીંજવી તૈયાર રાખવું. સુકાયાબાદ ઉપરની દવાઓ કપડામાં તંબાકૂની પેઠે ભરી ભૂંગલી કરી ધૂમ્રપાન કરવું. ૫-૭ દિવસ લગી, ઉપર ગોળ ખાવો. ખાંસી આદિ રોગ મટે છે.

૩૫. હરડે, નાસપાલા, સતવા સૂંઠ, સમુદ્રફળ, સમભાગ ફાકી ટંક ૧ ની પાણી સાથે લેવી. ખાંસી મટશે.

૩૬. આકડા, ધાવડા અને રીંગણીના ફૂલ ૦॥ ૦॥ શેર બકરીના મૂત્રમાં ૧ સપ્તાહ ભીંજવી રાખે. પછી ગાળીને ૧-૧ ટંક પાવે તો ખાંસી મટે.

૩૭. અશોકનુંમૂળ મધથી ઘસી પાય તો ખાંસી મટે.

૩૮. હીયાવલી ટંક ૫ દૂધમાં ઉકાળી સૂકવે, પીપલ ટંક ૦। કંથેડીની જડ ટંક ૫, દેવાલી ટંક ૧. ચૂર્ણ કરી મધમાં આપે તો સાત જ દિવસમાં કોથડી નિકળી પડે. પથ્ય બકરીનું દૂધ અને ચોખા.

૩૯. શિલાજીત ટંક ૧, પોકરમૂલ, વાસા, બહેડા, ૪-૪ માસા, પીપલ ચોસઠ પ્રહરી માસા ૨, ૪૦ ટંક મધમાં અવલેહી રાખે. પછી એક એક ટંક ખવરાવે, દિવસમાં ત્રણવાર ક્ષત, જ્વર, વાત, પિત્ત શ્લેષ્મ, ખાંસી મટે.

૪૦. કલીચૂનો ટંક ૫, બીજાબોલ ટંક ૧૦, ફટકડી ટંક ૦॥, ખાંડ ટાંક ૪૮, ભેગાં કરવાં, વાછડીના મૂત્રમાં ટંક ૩-૫ સુધી પાવાં, ખાંસી આદિ મટે.

૪૧. ૦॥ શેર ચોખા ૩ દિવસ આકડાનાં દૂધમાં ભીંજોવે, પછી સરાવસંપુટમાં ભસ્મ કરે, પછી આમાં કાળાં મરી અને કાથો ૮-૮ ટંક મેળવી રાખે. ૨-૨ ટંક સવાર સાંજે ઘીમાં ચટાવે તો ખાંસી મટે, સાથે ઘી છે તો રુગ્ણએ જરાય ભય ન રાખવો,

૪૨. મોઠની દાળ આકડાનાં દૂધમાં ભીંજવી, સૂકવી, વાટી રોટલો કરે. અગ્નિમાં બાળે, પછી ચતુર્થાંશ પીપલ નાંખે, ૨–૪ રતિ ખવરાવે, પથ્યમાં ભાત અને ઘી ન લેવું, ખાંસીમાં અચૂક લાભ થશે.

૪૩. ગોખરુનું મૂળ ચોખાના ધોવણમાં અને નાગકેસરનું મૂળ મધમાં ઘસી પીવાથી ખાંસી મટે છે.

૪૪. અપામાર્ગ, આકડો અને અરડૂસાનાં લાકડા ઠીકરામાં બાળી રાખ કરવી. પછી ગળોના સત્વની માફક ત્રણેનો સત્વ કાઢવો, એ સત ૧ ટંક આપવાથી ખાંસી અનેક પ્રકારની મટે છે. જૂનીમાં પણ હિતાવહ છે.

૪૫. રાતી અને ધોળી ડાંડીની બહુફળી છાયા શુષ્ક, ચૂર્ણ, ૧॥ શેર ગાયના દૂધમાં નાંખવું, ઉકળતાં ઉકળતાં અડધું રહે ત્યારે ઉતારી નાંખે, પછી ધીરે ધીરે સેવન કરે, ઘી સાથે, છાતીએ લોહી પડતું અટકે. છાતી દુ:ખતી મટે.

૪૬. બીજાબોલ, સોહગી, કળીચૂનો, શંખચૂર્ણ, ફટકડી, લોહભસ્મ, ત્રણ–ત્રણ ટંક, ગોળ ૨૦ ટંક, બધાંની ૧૭ ગોળિઓ બનાવે. સવારે પાણી સાથે એક આપે, ખાંસી, લોહી પડતું રહે.

૪૭. કંટાઈનો રસ ૧૦ શેર લઈ આમાં ૧ શેર સૂંઠ નાંખી ઉકાળવી. પછી સુકવી વસ્ત્રગાળ ચૂર્ણ કરવું, પછી સવા–સવા તોલા મરી અને પીપલ તથા ૨॥ ટંક અકરકરો, ૧૦ ટંક સૈંધવ, સંચલ અને ચિત્રક ૫–૫ ટંક મેળવી બધાંનું ચૂર્ણ કરી રાખવું. ૩–૩ ટંકની ફાકી ગરમ પાણી સાથે આપવી. હૃદયના રોગોમાં અસરકારક સુધારો થશે.

૪૮. **ઉદ્ધ્વ શ્વાસ પર વિશેષ.**

સૂંઠ, આદુ, પીપલ મરી, અકરકરો, સૈંધવ, ૫–૫ ટંક, શુદ્ધવચ્છનાગ ૨॥ ટંકુ, પ્રથમ વચ્છનાગ અને મરી સાથે વાટે, પછી એએ આદુનાં રસમાં ૨ ઘડી મર્દન કરે. અનન્તર બીજા ઔષધોને આદુના રસની બે ભાવના આપે, પછી કળાં મરી બરોબર ગોળીઓ બાંધે. સાંજ–સવાર નિત્ય સેવન કરે, ખાંસી, કફ, શ્વાસ, શ્લેષ્માદિમાં તથા ઉદ્ધ્વશ્વાસમાં પરમ ઉપકારી છે, કદાચ રોગીને ગરમી વિશેષ જણાય તો ભાતનું ઓસામણ પતાસા નાંખીને પીવડાવવું.

## પીલિયો–કમળો

૧. કડૂ રાત્રે ભીંજવી રાખે, સવારે વાટીને રોગીને પાય. સ્વાદ માટે થોડી સાકર નાખવી જોઈએ, કમળો મટે.

૨. મારવાડી જૂના ખેલડાં, રાત્રે ભીંજવી સવારે સાકર મેળવી પાવાં, કમળો મટે.

૩. ભાંગરાનો રસ ગાયના દૂધ સાથે આંજવો, કમળો મટે.

૪. કાંટાળા કૂકડવેલાના ફળનો રસ નાકમાં નાંખે, નાંખતી વખતે મોઢાંમાં સાકર રખાવવી. નાકમાંથી જેટલું પીળું પાણી વહે, વહેવા દેવું, કદાચ ફળ લીલૂં ન મળે તો સૂકું લઈ ગરમ પાણીમાં ભીંજવી રસ કાઢવો કમળા માટે અતિહિતકારી છે.

૫. વિષખપરાનું ફૂલ ખૂબ ચાવી થૂંકવું. પછી કડવા તેલના કોગળા કરવા, એવી રીતે ત્રણ દિવસ કરવું. જડથી કમળો જશે, નિર્ભય પ્રયોગ છે.

૬. અપામાર્ગની જડ ટંક ૧૦, તેલ ૦॥ શેરમાં ઉકાળી શરીરે ચોપડે, શરીરની પીળાશ જશે.

૭. હળદર, હરડે લોહચૂર્ણ (શુદ્ધ) સમમાત્રા લઈ વિષમ ભાગે ઘૃત મધુ સાથે અવલેહીને આપવાથી પણ કમળો મટે છે.

૮. ગળો રસ સમભાગે મધુથી પાવો કમળો જાય.

૯. અપામાર્ગ, મુલેઠી, દારુહળદર, લીંબડાની છાલ, રોહિસના ફૂલ, રતાંજણી, જીરું, સમભાગે લઈ કાઢો કરી પાવો.

૧૦. ફ્રો, ચોખા હળદર મિશ્રી ટંક ૩–૩ વાસી પાણીથી બન્ને ટંકની ફાકી આપવી.

૧૧. ગધેડોના તાજા બે લીંડા લઈ ૧ કપ પાણીમાં પા કલાક ભીંજવી રાખવાં પછી અડધો શેર છાશ મંગાવી, લીંબડાવાળુ પાણી ગાળી ખૂબ નીચવીને છાશમાં મેળવી તરત જ પાઈ દેવું, સવારે આ ક્રિયા કરવી. ખાવામાં મીઠાનો પૂરો ત્યાગ કરવો. ત્રણ દિવસમાં કમળો જાય છે. ન મટે તો સાત દિવસ પ્રયોગ કરવો. નિશ્ચિત જ કમળો મટી જશે.

**વિશેષ:—**

આ પ્રયોગ વાદળાંવાળી ઋતુમાં ન કરવો, કદાચ કોઈને ટિટિનસ થવાનો ભય હોય તો પહેલાં એન્ટી ટિટિનસનું ઇન્જેકશન લઈ લેવું જોઈએ, પીળાપણું દૂર થઈ ગયા પછી ૧ માસ સુધી યકૃત્પ્લીહારિ લોહનું સેવન કરવું જોઈએ. જેથી શક્તિ આવી જશે અને યકૃત્ પણ કામ કરતું થઈ જશે.

૧૨. ગધેડાની લીદને વાટી એક–એક ટંકની ૨૧ પડીકી બનાવે. ગાયની પાસેર છાશમાં દિવસમાં ત્રણ વખત પાવી. પીળિયો મટશે, આના કરતાં ૧૧ સંખ્યાવાળો પ્રયોગ કરવો જ હિતાવહ છે.

૧૩. કટૂ અને જીરું ૩–૩ ટંક ચોખાના ધોવણથી વાટીને પીવું, ૩ દિવસમાં કમળો મટશે.

૧૪. લીલો ધમાસો વાટી પીવાથી પણ કમળો મટે છે.

૧૫. વિંદાલના ડોડા વાટી પોટલી કરી સૂંઘવાથી પણ કમળો મટે છે, પથ્યમાં લૂખી દાળ જ ખાવી.

૧૬. કડવી તૂંબડીનો ગર્ભ અથવા બી વાટી સૂંઘવાથી કમળાનું પીળું પાણી નીકળી જાય છે.

૧૭. કોંકણી બોર ૧ શેર, ગોળ ૧ શેર, લોહ ચૂર્ણ ૫ શેર, ૧ ઘડામાં નાંખવા, માંહે પાણી ૧૦–૧૫ શેર ભરવું. ઢાંકણું ખૂબ મજબૂત કરી ૨ ગજ ઊંડી ખાડમાં રાખી ઉપરથી બંધ કરી ૧૪ દિવસ રહેવા દેવું, પછી ગાળીને રાખવું, બાળક માટે ૨–૩ તોલા અને મોટી ઉંમરના માણસ માટે ૪–૬ તોલા સુધી પાવું. શીતળતા અને મીઠાનો ખૂબ જ પરેજ રાખવો. કમળો, પાંડુરોગ મટી શરીર પણ પુષ્ટ રક્તવર્ણું થશે.

## લોહાષ્ટક

૧૮. ત્રિફલા, ત્રિકુટા ૨૭–૨૭ ટંક, નાગકેશર ટંક ૧૦, પીપલામૂળ ૧૦, ચિત્રક, તજ, લવિંગ, એલચી ૯–૯ ટંક, કોંકણી બોર ૧ શેર, લોહચૂર્ણ ૨ શેર, ગોળ ૫ શેર, પાણી ૧૫ શેર,

---

૧. મેવાડમાં આનો ખૂબ જ ઉપયોગ કરવામાં આવે છે. ત્યાના વિખ્યાત આયુર્વેદ વિશેષજ્ઞ હસ્તીરુચિની રચનામાં પણ આ પ્રયોગ આપ્યો છે. ૧૭–૧૮મી શતાબ્દીના અન્ય સ્ફુટ આયુર્વેદ સંગ્રહમાં પણ સર્વત્ર નોંધાયો છે. શિક્ષિતોને કદાચ આ પ્રયોગથી અણગમો ઉપજે, પણ પીલિયા માટે તો અવ્યર્થ મહૌષધ છે.

ચીકણા વાસણમાં ભેગાં કરી ૧૦ દિવસ લગી ભૂમિમાં ગાડી રાખવું. તૈયાર થયે ૪–૫ ટંક પીવું. શ્વાસ, ખાંસી, પાંડુતા, પ્રમેહ, કૃમિ, ઉદર વ્યથા, કોઈ ઠેકાણાનું પાણી લાગ્યું હોય તે આદિ અનેક રોગો પર આ લોહાષ્ટક ઉપકારી પ્રમાણિત થયું છે.

૧૯. સૂંઠ, હરડે, સૈંધવ ૫–૫ ટંક, લોઢાની સાંકળ તથા કીટું ૦॥ શેર, છાશ ૨॥ શેર, તડકે ૧૪ દિવસ રાખે, પછી ૩–૩ તોલા નિત્ય પાવું, પાંડુતા મટશે.

૨૦. વાયવિડંગ, ત્રિફળા, ત્રિકટૂ, તમાલપત્ર, નાગકેશર, ચિત્રક, તવખીર, સોનામાખી, ગોખરુ, મોથ, વંશલોચન. બલબીજ, અસગંધ, ચિતાવર, લોહસાર, બંગ, અભ્રખ ૨–૨ ટંક, મિશ્રી ૦॥ શેર, સાટોડીના રસમાં ગોળી કરવી, પાંડુરોગ વિનાશિની આ નવરસ ગુટિકા મહાપુરુષોએ કહી છે.

૨૧. સોનલ અપરનામ સોવનફલી, પંચાંગ છાયા શુષ્ક ચૂર્ણ ૨–૩ ટંક દહીં સાથે લેતાં કડવી લાગે તો સમજવું કે પીલિયો મટી ગયો છે, આ લેવાથી પેશાબમાં પીળાશ નહિં આવે.

## શોથ–સોજાનો અધિકાર

૧. તાંદળજાની ભાજી બાફીને બાંધવાથી સોજો ઉતરે છે.

૨. આંબલી અથવા પાન બાફીને બાંધવાથી સોજો ઉતરે છે.

૩. કુષ્માંડ રસ ગોળ સાથે પાવાથી પણ સોજો ઉતરે છે.

૪. અરણી અને કેળાંના પાનની રાખ પાવાથી સોજો ઉતરે છે.

૫. સફેદ સરપંખા, કંકોલનું મૂળ વાટી લેપ કરવાથી સોજો જશે.

૬, અરણી, અહિખરાની રાખ ટંક ૧ પીવાથી સોજો મટે છે.

૭. સૂંઠ, હરડે, દેવદારુ સમભાગે ગરમ પાણીથી લેપ કરવો.

૮. કણગચની જડ, સતાવરી, પુનર્નવા જડ, વિસખપરા મૂલ, કણગુગલીની જડ, હરડે, ૧૫ ટંક, ૧૫ ટંક સૂંઠ, અડધો શેર ગૌમૂત્રમાં નાખી ઓટાવે, પછે મર્દન કરી લેપ કરે, સર્વાંગ શોથ મટે, અને જો પેટમાં પીએ તો મુખપાક વગેરે મટે.

૯. મોટું કાગદી લીંબુ લઈ વચમાં ડગરી દેવી. એમાં ૧॥ ટંક હીંગ ભરી તરબૂચની પેઠે ડગરી પાછી ચાંપી દેવી, પછી લીંબુ પર કાપડમટ્ટી કરી ૧૫–૨૦ આરણિયા છાણામાં ફૂંકવું. પોતાની મેળે અગ્નિ શાન્ત–શીતલ થાય ત્યારે કાઢી ઠંડા પાણી સાથે ટંક ૧ હીંગ લેવાથી સર્વાંગ શોથ મટી ખૂબ ભૂખ લાગશે, વાયુની બળતરા મટશે.

૧૦. પુનર્નવા–સાટોડી, લીંબડો, પટોલ, સૂંઠ, આંબા હળદર, કુટક, ત્રિફલા પાણીથી વાટી લેપ કરવાથી શોથ મટે છે.

૧૧. સૂંઠ, પુષ્કરમૂલ, વચ, ચૂર્ણ સરસિયામાં મર્દી લેપ કરવાથી ગમે તેવો સોજો મટે છે.

૧૨. કાગજંઘા મૂલ ચોખાના ધોવણથી પાવાથી શોથ મટે છે.

૧૩. સાટોડી, દેવદારુ, હળદર, હરડે, ગળો, સૂંઠ, કિરાયતું સર્વ ૧–૧ તોલો લઈ ક્વાથ કરી, તદુપરી સ્વલ્પ ગૂગલ નાંખી પીવાથી ત્વચા–ચામડી દોષ, સોજો, ઉદર રોગ, પાંડુ, પ્રસ્વેદ, શ્વાસ વગેરે દોષો મટે છે, આ ચૂર્ણ ભેંસના મૂત્રમાં ૧૬ માસા પીવાથી પણ ઉપર લખ્યા મુજબ લાભ થાય છે.

૧૪. ગૂગળ, એરંડિયાની જડ, સૂંઠ, કુટકી, પુનર્નવા, ગળો, દેવદાર, હરડે, ગૌમૂત્રથી કાઢો કરવો, પીવો શોથ ઉપશમશે.

૧૫. એળિયો ટંક ૨૫, ફટકડી ટંક ૫, અકરકરો, લવિંગ, અજમો, જમસાઓ, સુરપાલી સૂંઠ, ૩ાા–૩ાા ટંક. બધાંનું ચૂર્ણ કરી સૂંઠના પાણીથી ગોળી બોર બરોબર બનાવવી. સાયંપ્રાતઃ ૧–૧ સેવન કરવાથી આમવાત, સોજો આદિ રોગો મટે.

૧૬. સોનલની છાલ, ટંક ૨–૩ દહીં સાથે પાવાથી સોજો મટે છે, પીલિયો પણ ઉપશમે છે.

૧૭. સિરધૂજડ, બિલ્વપત્ર, ૫–૫ શેર, સિરધૂ કચરી બિલ્વપત્રનાં રસમાં સાત દિવસ ભીંજવી રાખે, પછી કેરની કૂંપલ, બાવળની ટીસી, એયનો રસ, ૨ાા શેર ભેગો કરી ૫–૭ ટંક રોજ વાપરે તો ગોળો, ફીહો, ઉદરવાત, સોજો આદિ રોગ મટશે.

૧૮. સંભાલૂના પાન ગરમ કરી ૩ દિવસ બાંધવાથી શોથ મટે છે.

૧૯. છાયા શુષ્ક જલભાંગરો ટંક ૧–૧ નિત્ય લેવાથી સોજો મટે છે.

૨૦. બકરીનાં ૧ શેર દૂધમાં ગોળ નાંખી ઉકાલે. ૦ાા શેર રહે ત્યારે પાય, સોજો મટશે.

૨૧. વગર વ્યાયેલી પાડીનું મૂત્ર તોલા ૨ પાણી સાથે પીવાથી પણ સોજામાં આરામ થાય છે.

૨૩. પુનર્નવા, દેવદારુ, હરડે, હળદર સુરિંજન, સરસવના બીજ કાંજીથી લેપ કરવાથી શોથ મટે છે.

૨૩. સરસિયાંનાં પાનનો રસ ૦ા ઘી તોલા ૨ નાંખી પીવાથી ગમે તેવો સોજો બે દિવસમાં મટે છે.

## ઉદર, ગુલ્મ, ફીહાદિના ઉપચાર

૧. સૈંધવ, પંચલૂણ, સાજીખાર, ટંકણખાર, વાયવિડંગ, સમભાગે લઈ વાટી ૧ાા ટંક નિત્ય કુમારિકા ગર્ભ સાથે સેવન કરવાથી ગોળો ગળે છે.

૨. એળિયો તોલા ૧૫, લવિંગ તોલો ૧, ફટકડી તોલા ૨, અજમો તોલા ૩, અકરકરો તોલો ૧, ટંકણ તોલો ૧, બધાંનું ચૂર્ણ કરી આદુના રસ અથવા તો સૂંઠના પાણી સાથે ગોળિયો બનાવવી. અને અજમાનાં ચૂર્ણમાં નાખી રાખવી, સેવન કરવાથી વાયુનો ગોળો, ફીહો, કબ્જિયાત આદિ અનેક જાતની ઉદર વ્યથા મટે છે.

૩. સૂરણ ૨ાા શેર, થૂહરના ડોડા ૨ાા શેર, અર્કપત્ર ૨ાા શેર, કલમીશોરા ૧ાા શેર, જવખાર ૧ા પાવ, બધાંયેનું ચૂર્ણ કરી આકડાનું દૂધ એક હાંડલામાં ભરવું. દવાઓ મેળવવી. કપડમટ્ટી કરીને ગજપુટમાં ફૂંકવું, કાઢયા બાદ અજમો, સુઆ, મેથી, અસાલિયો, સૂંઠ, ચિત્રક, પીપલ, મરી, ચૂર્ણ કરી સાથે ખરલ કરવું. ૧ ટંક રોજ ગરમ પાણીથી સવારે સાંજે આપવાથી કમળો, સોજો, ફીહો ગોળો, વાયુની ગાંઠ, આદિ તમામ ઉદરના રોગો શાન્ત થાય છે.

૪. અપામાર્ગ ક્ષાર, જવખાર, સોરો, સાજી, જાયફળ, ત્રિકટુ, સમભાગે ચૂર્ણ કરી થોરનાં દૂધની ૧ તથા આકડાના દૂધની ૩ ભાવના દેવી, લઘુ બોર સમાન ગોળી કરી કુમારિકાના ગર્ભ સાથે લેવાથી સમસ્ત ઉદર વ્યથા જશે.

૫. કાળાં મરી, હળદર, સૈંધવ અને ટંકણ, કુમારિકા ગર્ભથી સેવન કરો તો તાપતિલ્લી વગેરે રોગ જાય છે.

૬. તૂસ ગર્ભ, ૦ાા ટંક, સૈંધવ ૦ા ટંક. ૪ પ્રહર સુધી કાચની કટોરીમાં રાખે. સવારે ખાલી પેટે ખાવું, પથ્યમાં માત્ર ખીચડી જ ખાવી, ફીહા વગેરે ઉદરરોગ જશે.

૭. અજમાના ચૂર્ણને એરંડ તેલની ૫–૭ ભાવના આપવી પછી ફીહાવાળાને ૨ તોલા જેટલી માત્રા આપવાથી આશ્ચર્યકારક લાભ થાય છે.

૮. એળિયો, કલમીશોરો, ટંકણખાર, સમભાગે લઈને વાઘના મૂત્રમાં ઘૂંટી બોર સમાન ગોળી બનાવવી, ગોળ સાથે ખવડાવવી. દિવસમાં ૩ વખત ૪૯ દિવસ આપવાથી ગમે તેવો ફીહો હોય, મટશે.

૯. આકડાનાં પાન ૧ શેર, હાંડલામાં નાખી રાખ કરવી, પછે આ રાખમાં સૈંધવ ભેળવવું, તોલો ૧ રોજ લેવાથી ફીહો ૨૧–૨૨–૪૮ દિવસમાં સારો થશે.

૧૦. એળિયો, સંચળ, સાજી, સમ વાટી સ્વમૂત્રથી ટંક ૪ની ફાકી લેવાથી ફીહો મટે છે. દવા સવારે આપવી અને સાંજે મૂળો સાજી ચૂર્ણ સાથે ખાવો.

૧૧. સોહગી ટંક ૧, પાસેર ઘઉંના લોટની બાટી બનાવી પકાવવો, પછે કાઢીને ટંક ૧૦ ખાંડ સાથે ૩ દિવસ લેવો, ગોળો ગળી જશે.

૧૨. વાયવિડંગ, ત્રિફલા, ચોપ, વિષાણભસ્મ, સમભાગે લઈ ચૂર્ણ કરી ૨ ટંક ગૌદુગ્ધ સાથે લેવું. ગોળો નહિં રહે.

૧૩. શુદ્ધ ફટકડી, કલમી શોરો, અજમો ધાણા, સાજી, વાડવિડંગ જૌખાર, સોહગી–ફૂલાવેલ, નૌસાદર શુદ્ધ, પંચલૂણ, આકડાનાં પાકાં પીળાં પાન, બધીએ વસ્તુ ૧૧–૧૧ ટંક લઈ વાટી ચૂર્ણ કરવું, પછી સચિક્કણ વાસણમાં નાખી, તેમાં લીંબૂનો રસ નાંખવો, વાસણ ખૂબ પેક કરી ભૂમિમાં ૧૫ દિવસ ગાડવું, પછી છાયા શુષ્ક કરી નિત્ય ૧ાા ટંક લેવું. ઉપર કાળા બળદનો પેશાબ પીવો, કદાચ કોઈને આ અજુગતું લાગે તો ઉના પાણીનો ઉપયોગ કરવો, આ ઔષધથી ગોલો, ફીહો, તિલ્લી કાળજૂં આદિ અનેક પેટની વ્યથાઓ શાન્ત થાય છે. જો કદાચ કોઈ જમીનમાં ન રાખી શકે તો ઘઉં કે બીજા અનાજની કોઠીમાં રાખી ને પછી ઉપયોગમાં લઈ શકે. અનેક વખત અનુભૂત કરેલ છે.

૧૪. પીપલ, જીરું મરી, હીંગ, લસણ, જૌખાર, તંતડી, અમલવેત ૪–૪ તોલા, ઘી ૧ શેર, દહીનું પાણી ૧ાા શેર, સર્વ એકત્ર કરી આગ પર ચઢાવે, ધૃતાવશેષ ઉતારી ટંક ૨ નિત્ય ઉપયોગમાં લે, ગુલ્મનાશ માટે ઉપકારી છે.

૧૫. નિશોત, ત્રિફલા, રાસ્ના, વચ, કડૂ, રીંગણી, સમ ચૂર્ણ કરી ૧ શેર પાણીમાં નાખી ચુલા પર ચઢાવે પાશેર અવશિષ્ટ રહે ત્યારે ઉતારી ૧–૧ શેર દૂધ અને ધૃત. ૪ તોલા થૂહરનું દૂધ નાંખી વળી ગરમ કરે. ઘી માત્ર રહે ત્યારે એ ઘી જાળવી રાખે, ૨ તોલા રોજ ઉપયોગ કરવાથી ગોળો, કઠોદર, શોથ, પાંડુ, આમ જ્વર, જલોદર, ઉદર ગ્રંથી આદિ અનેક રોગ મટે છે.

૧૬. સૈંધવ, ત્રિફલા, સૂંઠ, વાડવડિંગ, ત્રિકુટા, કચલૂણ, ચિત્રક, નાગરમોથ, જીરું, કાળું જીરું, જવખાર, ટંકણખાર, સિરધૂ, તજ, લસણ, હીંગ, બધુંયે ભેગું કરી અજાક્ષીર અથવા મૂત્ર તથા એરંડિયાની ૧–૧ ભાવના દે, પછી દવાનો ગોળો એરંડિયાના પાનમાં રાખી કપડમટ્ટી કરી અગ્નિમાં ફૂંકે. સવારે ઔષધ કાઢી જેટલું સહન થાય તેટલું નિત્ય લેવું, અડધો તોલો તો લેવું જ, ગોલો ફીહો મટે છે.

૧૭. સૂંઠ તોલા ૧૨, નિશોત તોલા ૩, અજમો, હરડે, ૬–૬ તોલા ચિત્રક ૪ તોલા, ચૂર્ણ કરી લગભગ ૧ તોલાની પડિકી પ્રભાતે લેવી ગાયના દૂધ સાથે, ખાટું ખારું, વાયળું ન ખાવું, ગોળો આદિ ઉદર રોગ મટે.

૧૮. સંચલ, આમલવેત, વડલૂણ, સૈંધવ, અતિવિષ, ત્રિકટુ, કચૂર, સમભાગે ચૂર્ણ કરી ૩ માસ માસ સુધી ગરમ પાણી સાથે સેવન કરવું, ગુલ્મ અને વાતશૂલ મટશે.

૧૯. વિડંગ, પીપલ, મૂસલી કંદ, નાગકેશર, લવિંગ, પત્રજ, ત્રિફલા, ત્રિકટુ, રાસના, નાગરમોથ, દેવદાર, બ્રહ્મદંડી, સમભાગે ચૂર્ણ કરી ગરમ પાણી સાથે ૧ તોલા લેવાથી દરેક જાતના ગોળા અને ઉદર રોગ મટે છે.

૨૦. બીજપૂરક, હીંગ, સૈંધવ, વડલૂણ, સર્વસમ, ફાકી લેવી, ગુલ્મ નાશ.

૨૧. આમલવેતના રસમાં સાજી અને મીઠું ૧–૧ માસા નાંખી પીવાથી ગોળો ગળી જાય છે.

૨૨. હીંગ, સૂંઠ, મરી, પીપલ, પાઠ, હુંસી હરડે, અજમો, તંતડીક, આમલવેંત, ઉપલેટ, કાળુ જીરું, ચિત્રક, વાવિડંગ, સાજી, પંચલૂણ, યાવિક, જૌખાર, પીપલમૂલ, વરધારો, સમભાગે લઈ ફાકી લેવી, ગુલ્મ, સંગ્રહણી, અતિસાર અને કફાદિમાં પણ લાભકારક છે.

૨૩. જવખાર સાજી, સૈંધવ, સમુદ્રલૂણ, વડલૂણ, નેપાલો ( શુદ્ધ ), નિશોત સમભાગે લઈને, ૧ માસા ગાયનાં માંખણમાં ચાટવાથી વિષમ ગુલ્મ નાશ થાય છે.

૨૪. કાંટાવાળી થૂઅરના દૂધમાં ૫ તોલા પીપલ ૩ દિવસ સુધી ભીંજવી રાખવી, છાયા શુષ્ક કરી ૧–૧ માસાની ગોળીઓ બાંધવી. ૧૪–૧૫ દિવસ સુધી ૧–૧ ગોલી સવાર સાંજે ગાયનાં ઘીમાં આપવી, વાયુ ગોલા, ગાંઠ પર સારો લાભ થાય છે.

૨૫. વાયવિડંગ, ઉસીર, નાગકેશર, લવિંગ, તજ, પદ્માખ, પત્રજ, ત્રિફલા, ત્રિગડૂ, રાઠ, ઉંધાહોલી, મોથ દેવદારુ, અસગંધ, સાકર, સર્વસમ, ૩ માસાની ફાકી લેવાથી, શ્વાસ, ખાંસી, વમન, ઓડકાર, વિષમ ગુલ્માદિ મટે છે.

૨૬. કેરની કૂંપલ ટંક ૧૦ સૂકવી ૨૧ દિવસ લેવાથી ગોળો મટે છે.

૨૭. ટંકણખાર, સૈંધવ, હીંગ, શુભ્રા, સાજી, નવસાદર, જવખાર, વડલૂણ, કલીચૂનો, સમભાગે ચૂર્ણ કરી નિત્ય ટંક ૧ાા લેવાથી વિષમ ગોળો મટે છે.

૨૮. સૈંધવને આકડાના દૂધની ૩ ભાવના દેવી. પછી ખાટી છાશમાં ૪ રતિ આપવાથી ગુલ્માદિ મટે છે.

૨૯. પીપલના છોડાંની રાખ ૨ માશા લેવાથી ગોળો મટે છે.

૩૦. ચિત્રાનું મૂળ, કેતકીના પાન, બન્નેની રાખ ગોળ અને કેળાંનાં અનુપાનથી આપવામાં આવે તો ગોળો મટે.

૩૧, સૂંઠ, પીપલ, હરડે, નિશોત, સૈંધવ, ૧૦–૧૦ ગોળ ટંક ૬૧, ૩ ટંકની ગોળી કરી નિત્ય સેવન કરે ગોળો, ૩ ઠોદર, જલોદર, સંફોદર મટે.

૩૨. એલિયો, ટંકણખાર, ફટકડી–શુભ્રા, બોલ, સૈંધવ, હરડે, હળદર, કણગચ બીજ, વિંદાલ, સમભાગે ચૂર્ણ કરી કુમારિકાના રસથી વટાણા બરોબર ગોળિઓ બનાવે, બાળકને એક, મોટાંને બે

તથા શક્તિશાળીને ૫ ગોળિઓ આપવી, આ ગોળી દાંતે ન અડવા દેવી. ખટાઈ વગેરેનો તો ખૂબ જ પરેજ રાખવો, ઉદરના તમામ રોગો માટે આ ગોળી અત્યન્ત ઉપકારિણી છે.

૩૩. નાગકેશર, ગોળ અને મધુ–ઘૃત વિષમ ભાગથી ખાય તો જલોદર જાય.

૩૪. વિષ્ણુકાન્તાનું મૂળ છાશ પાવાથી જલોદર મટે છે.

૩૫. ઊંટણીનું મૂત્ર તથા દૂધ પણ જલોદરમાં સુખાકારી છે.

## કઠોદર–ઉપચાર

૧. સુરિંજણા મૂલ ૧ શેર, રાઈ ૧ શેર, સૈંધવ ૧ શેર, નૌસાદર અને ટંકણ ૫–૫ ટંક, વાટીને ચીકણા વાસણમાં ભરે, ઉપર ૧૦ શેર બળદનું મૂત્ર નાખે, વાસણ બંધ કરી ૭ દિવસ જમીનમાં ગાડે, પછી સહન થતું ખાય તો કઠોદર આદિ રોગો ઉપશમે.

૨. જવખાર, સૈંધવ, સાજી, સંચળ, ટંકણખાર, સર્વ ૧૦–૧૦ ટંક, એક શેર થૂહરનાં દૂધની ભાવના આપવી, પછી ૧૫ ટંક ત્રિફળા મેળવવાં, પ્રતિદિન ૨ ટંક પાણી સાથે ફાકી મારવી, કઠોદરાદિ ઉદરના તમામ રોગો મટે.

## શૂલના ઉપચાર

૧. હીંગ, જીરું અને સંચળ એકત્ર કરી એક ટંકની ફાકી દેવાથી શૂલ મટે છે.

૨. પિતપાપડો, અજમો, બોલ, એરંડમૂલ, સંચળ અને સૂંઠ, સમભાગ કરી કાઢો બનાવી પીએ તો સર્વ શૂલ મટે.

૩. અજમોદ, મોચરસ, સૂંઠ, ધાવડાના ફૂલ, ઇંદ્રજવ, કુડા છાલ, અતિવિષ, નાગરમોથ, પલાસપાપડો, સમ ભાગ ચૂર્ણ કરી ૩ ટંકની પડિકીનો કાઢો કરી પીવાથી ઉદર શૂલ મટે છે.

૪. અજમો, પાઢ, ત્રિકૂટ, સંચલ, લવિંગ, પુષ્કરમૂલ વાટી ગરમ પાણીથી ૩ માસાની ફાકી લઈએ અજીર્ણ શૂલ મટે છે.

૫. સાકર ટંક ૨૫, ધાણા ટંક ૧૫, સતવા સૂંઠ ટંક ૧૫, નારિયેલ ટંક ૧૫ વાટ ૫–૫ ટંકની ગોળિયો બનાવી ખાવાથી હાથ–પગ અને આખા શરીરની બળતરા મટે છે.

૬. ઢંઢણ બીજ, ટંક ૫, સૂંઠ ટંક ૧, પુષ્કરમૂલ ટંક ૧॥, હીંગ ટંક ૧, સાબરસીંગ ટંક ૨, વાટીને લેપ કરવાથી શૂલ મટે છે.

૭. મરી અને બિજોરાનો ગર્ભ લ્યે તો હૃદય શૂલ મટે.

૮. સંચળ, જીરું, આમલવેતસ, મરી, બધાંને બિજોરાના રસની ભાવના ૩ દેવી, પછી ગોલી ઉન્હાં પાણીમાં આપવાથી વાયુ શૂલ મટે છે.

૯. અજમોદ, ઉપલોટ, જવખાર, વચ, સાજી, સૈંધવ, ત્રિકુટ, હરડે, ઉંધાહોલી, મોથ, સંચળ, આમલવેતસ, સમ ચૂર્ણ કરે, ૦॥ તોલો છાશથી પીએ તો માથાની શૂલ મટે.

૧૦. ત્રાયમાન, દ્રાખ, સાકર, સમભાગે ૪ ટંક ખાય તો દરેક જાતની શૂલ મટે.

૧૧. દેવદારુ સુઆ, સૈંધવ, કુડ, આકડાનાં દૂધમાં ૨ ઘડી રાખે, પછી વાટીને શૂલ ચાલતી હોય ત્યાં લેપ કરે.

૧૨. સંચલ, સૂંઠ, પુષ્કરમૂલ, હીંગ ઘસી શૂલ પર લગાવે.

૧૩. એળિયો, છીંકણી, અજમો, કાળાં મરી વાટીને પાણીથી ગોળી બનાવે. ખાવાથી શૂલ મટે છે.

૧૪. એળિયો પાણીમાં ઉકાળી શૂલ લગાવે.

૧૫. એરંડિયું ચોપડી નેગડનો બફારો લેવાથી શૂલ પર મટે છે.

૧૬. રીંગણી, પીપલ, પાષાણભેદ, સમભાગ લગભગ ૧ તોલો લઈ કાઢો કરી પીવાથી શ્લેષ્મ શૂલ મટે છે.

૧૭. એલચી, હીંગ, વચ, શિલાજીત, જોખાર ૨–૨ ટંક માત્રા ૩ ટંકની. એરંડિયા તેલમાં પાવાથી શૂલ મટે છે.

૧૮. વિષાણુભસ્મ, ગાયના દૂધ અને ઘૃતમાં આપવાથી મહાવિષમ હૃદયશૂલ મટે છે.

૧૯. સાજી, મરી, બોલ, લવિંગ, બરાબર લઈ પાણીમાં ગોળી બનાવવી. સાંજે બે ગોળી આપવાથી શૂલ મટે છે.

૨૦. સૂંઠનો કાઢો કરી ઉપર સ્વલ્પ હીંગ અથવા સંચળ ભભરાવી પીવાથી ઉદરશૂલ મટે છે.

૨૧. સૂંઠ, સંચલ, પુષ્કરમૂલ, હીંગ બબ્બે રતિ ગરમ પાણીથી લેવાથી શૂલ તત્કાળ મટે છે.

## સંગ્રહણી–ઉપચાર

૧. ખાપરિયો, જાવંત્રી, સમભાગે લઈ ૧ ટંક ચૂર્ણ ગુલાબજળમાં પાયે તો સંગ્રહણીમાં લાભ થાય છે.

૨. બલબીજ, અજમોદ, વચ. ચિત્રક, મોથ, પાઠ, હીંગ, ચવિક, અતિવિષ, કુટકી, પંચલૂણ, પીપલ, જવખાર, ત્રિકટુ, ત્રિફલા, તજ, પત્રજ, એલચી, સમભાગ લઈ સરસિયાના તેલમાં મકરોવે, ગરમ પાણીથી ટંક ૧॥ ની માત્રા લેવી. હર્ષ, શ્વાસ, ખાંસી, ગુલ્મ, ફીહો, પાંડુ, કૃમિ, સંગ્રહણી, અરુચિ, પ્રમેહ, જ્વર, આમવાત, અને સર્વ જાતનાં ઉદર રોગ મટે છે.

૩. શુદ્ધપારદ, શુદ્ધગંધક, ૧–૧ ટંક, સોહંગી ૨ ટંક, સોંઠ ટંક ૩, પીપલ, મરી ૩–૩ ટંક, હરડે ૮ ટંક, પાણીથી ગોળીઓ મગ સમાન બનાવવી, પાણી સાથે સવાર સાંજે સેવન કરવી, સંગ્રહણી આદિ મટે. પથ્યમાં જુઆર ખાય તો વધારે લાભ થાય છે.

૪. સૂંઠ, મોથ, પતીસ ગિલોય એક એક તોલા. ૪૦ તોલા પાણીમાં કાઢો કરવો ૧૦ તોલા પાણી રહે એટલે ગાળી સ્વલ્પ મીઠું નાખી પીવો. સંગ્રહણી મટે છે.

૫. ૧૦ શેર પોસ્તાના ડોડા અડધા મણ પાણીમાં ઉકાળવા, ૩ શેર પાણી શેષ રહે ત્યારે ફોતરાં કાઢી લેવાં, ૪૯ ટંક મોચરસ, ૩ ટંક અફીણ, ૪ ટંક ધાવડાના ફૂલ, બચેલા ૩ શેર પાણીમાં નાખી વળી ઉકાળવું, પાશેર રહે ત્યારે ૫ તોલા સૂંઠ નાખી નાનાં બોર પ્રમાણે ગોળી બનાવવી. ૧–૧ ગોળી પાણી સાથે નિત્ય સેવન કરવાથી અષ્ટ સંગ્રહણી મટે છે.

૬. પીપલ, પીપલામૂલ, કાળુંજીરું, વડલૂણ, પત્રજ, સૈંધવ, નાગકેશર, કુટકી, મરી, સૂંઠ, સંચલ, તજ, દાડમસાર, કાળું મીઠું, સમુદ્રલૂણ, અમલવેતસ. સમ ભાગે ચૂર્ણ કરવું. ૩–૩ માસા, સવાર–સાંજ ગરમ પાણી સાથે ફાકી લેવી, મંદાગ્નિ, અરુચિ આફરો, સોજો, પાંડુ, સંગ્રહણી આદિ ઉદર રોગ મટે.

૭. સંગ્રહણીવાળાને લોહ બુઝાવેલ પાણી પણ હિતકારી છે.

## ઉદર પીડા-ઉપચાર

૧. બંદૂકમાં ભરવાનો શોરો ઢીંગલા ભર ગરમ પાણી સાથે પીવાથી ઉદર પીડા શમન થાય છે.

૨. સોહગી, મોહરો અકરકરો સમભાગે પાણી સાથે ગોળી બનાવી લેવાથી પેટ પીડા મટે છે. ગોળીઓ ચણા બરાબર બનાવ.

૩. ૧૦ રતિ નૌસાદર, ૫ રતિ ફટકડી, ૨ રતિ શુદ્ધ વત્સનાભ, ૩ કાળાં મરી સાથે લેવાથી માસીક અને ઉદરની પીડા મટે છે.

૪. હરડે ૧ ટંક, અજમો અને સંચલ ૫-૫ ટંક, કાળાં મરી અને લવિંગ, ૪-૪ ટંક ચૂર્ણ કરી ૧ ટંક પાણી સાથે આપવાથી પેટની પીડા મટે છે.

૫. સોહાગો, ફટકડી ૪-૪ ટંક નૌસાદર ૯ ટંક, મુહરો ૧ ટંક કાળાં મરી, ૭ ટંક બારીક ચૂર્ણ કરી ૨-૩ રતિ આપવાથી પેટનું દર્દ મટે છે.

૬. એલિયો, ફટકડી, હળદર, નૌસાદર, ટંકણખાર ઘેનુ મૂત્રથી ૨-૩ રતિ પીવું. અથવા તો પેટે ચોપડવું ગરમ પાણીનો ઉપરથી શેક કરવો.

૭. બાવચી પંચાંગ ગરમ પાણી પાવાથી પેટ પીડા મટે છે.

૮. રેવંતચીની ૧॥ તોલા, ગેરુ ૨ તોલા, ફટકડી ૨ તોલા, ગોળ ૧॥ તોલા, જૂદા જૂદા વાટીને ૩ ટંકની ગોળી બનાવવી, એક ગોળી સવારે લેવી, ઉપર ૩ તોલા ગોળ ખાવો, આ પ્રયોગથી પથરીને કારણે મેટમાંથી તથા બીજા ઠેકાણેથી જે રક્ત પ્રવાહ થાય છે. એ મટે છે અને દરેક જાતના પેટનાં દર્દો પણ ઉપશમે છે.

૯. છાયા શુષ્ક સિરધૂની જડ, જીરું, સમાનભાગે વાટીને ચૂર્ણ કરવું. પછી છાશમાં વાટીને પીવાથી ઉદર વિકારોમાં આશાતીત લાભ થાય છે.

૧૦. ફટકડી અને મરીનું ચૂર્ણ ૧ ટંક લેવાથી પેટની ગાંઠ સારી થાય છે.

૧૧. સમુદ્રલૂણ, ટંકણ, સાજી. મોથ, ચિત્રાની છાલ, વાયવિડંગ, બન્ને જીરાં, બન્ને હળદર, હીંગ, ત્રિફલા, સૂંઠ, મરી, પીપલ. વચ ખુરાસાણી, અજમોદ, રસોન, દાડમસાર, સમભાગે ચૂર્ણ કરી ૧ ટંકની ફાકી લેવી.

૧૨. સૂંઠ, ચિત્રક સમભાગે લઈ ૧ ટંક દહી સાથે ખાવાથી પેટપીડા મટે છે.

૧૩. રાઈ, અજમો, સૂંઠ, ૧-૧ તોલા લઈ કાઢો પીવાથી પેટ દર્દ મટે છે.

૧૪. ગાડરના દૂધમાં સૈંધવ નાંખી પીવું પણ પેટ માટે હિતાવહ છે,

૧૫. મોટી હરડે અને સૈંધવ લેવાથી પેટ પીડા મટે છે.

૧૬. દૂધ ૫ શેર, ભલ્લાતક ૧॥ શેર, પકાવે, પછે ૧॥ શેર સૂંઠ ટંક ૧૦ ચિત્રક નાંખી લાડુ બનાવે. ખાવાથી ૮૪ ઉદર પીડા, કમર દુખતી મટે છે.

## ક્ષુધા-ભૂખ લગાડવાના પ્રયોગો

૧. લવિંગ, જાવંત્રી, વાયવિડંગ, ગર, ચિત્રક, બન્ને જીરા, તાલિસપત્ર તલ, ચંદન, સૂંઠ, કપૂર, મરી, પીપલ, ત્રિફલા, તવખીર, તજ, તમાલપત્ર, એલચી, નાગકેશર, સર્વ સમ વાટી ચૂર્ણ કરે, પછી

૩૦ ટંક ભાંગ મેળવે, ૨૦ તોલા સાકર પણ મિશ્રિત કરી બબ્બે ટંક સવાર–સાંજ સેવન કરે, વાતવિકાર, પ્રમેહ આદિ રોગોમાં લાભ થાય અને ક્ષુધા પ્રબલ થાય.

૨. ત્રિગટુ, ત્રિફલા, જાવંત્રી, જાયફળ, તજ, લવિંગ, એલચી, તમાલપત્ર, નાગકેશર, આસીંદ, સાટોડી, અનારદાણાં ૧–૧ તોલા, ચૂર્ણ કરી ૩ ટંક લોહસાર, ૧૪ ટંક અભ્રખ, ૬ ટંક વંશલોચન, ૪૨ ટંક મિશ્રી–સાકર મેળવી રાખે, વાસી પાણીથી ૨ ટંકની ફાકી લેવાથી પ્રમેહમ ટે અને ભૂખ લાગે છે, આ પ્રયોગ ક્ષુધા તો લગાડે જ છે. પણ સામાન્યતઃ શક્તિ માટે પણ ઉપયોગી છે.

૩. પાશેર સૂંઠ, ૫–૫ ટંક, પંચલૂણ, બધાંને વાટી લીંબૂના રસમાં રોટલો કરી સેકવો, પછી ચૂર્ણ કરી રાખવું, ભોજન વેળાં પ્રથમ ગ્રાસમાં ૧ ટંક લેવાથી ભૂખ પ્રબલ થાય છે, આ પ્રયોગમાં હું સાજી, શુભ્રા, અર્કક્ષાર, અપામાર્ગક્ષાર મેળવું છું.

૪. ત્રિગડુ, ત્રિફલા, ચિત્રક, વાયવિડંગ, કાકડાસીંગી, કાળું જીરું, સંચલ, સાંભરનું લૂણ, અજમો, અજમોદ, ધાણાં, સતાવરી ૫–૫ ટંક. શોધેલી ભાંગ ૩૦ ટંક, ચૂક ાા શેર, લીંબૂરસમાં સાત વાર ભાવિત કરી ાા ટંકની ગોળિઓ બનાવવી, અતિબળપ્રદાયક અને જઠરાગ્નિ પ્રદીપક યોગ છે.

૫. કેસૂડાંનાં ફૂલ, ૧ સેર, મજીઠ ૧૦ તોલા, ખાંડ ૧ સેર, ચૂર્ણ કરી નિત્ય ૧–૨ અથવા ૩ ટંક સુધી ફાકી લેવાથી શરીરનાં રક્તવિકારો સારા થાય છે, વર્ણ સુધરે છે અને પેટ પીડા પણ મટી ભૂખ લગાડે છે.

૬. તજ, ભાંગ, ૨–૨ તોલા, સૈંધવ ૧ ટંક, સૂંઠ ૧૪ તોલા, કૂટી ચૂર્ણ કરવું. સવાર સાંજ પાણી સાથે ફાકી લેવી, ભૂખ લાગે.

૭. વિજયા, ૧૨ તોલા, સેકેલ જીરું ૧૨ તોલા, સૈંધવ, સંચળ ૬–૬ તોલા, સાંભરું લૂણ ૩ ટંક, પીપલ ાા ટંક, સૂંઠ મરી ાા–ાા ટંક, ચિત્રક ૪ તોલા, ધાણા ૧૨ તોલા, બધાને વાટી લીંબુના રસની ૩ ભાવના દેવી, ાા માસો અથવા એક માસા સુધી સવાર સાંજ ફાકી લેવી. વાયુશૂલ, અજીર્ણ, આફરો, અરુચિ, મંદાગ્નિ આદિ ઉદર રોગ મટે અને પ્રબલ ક્ષુધા લાગે.

૮. મીઠું, સંચલ, સીંધવ, જૌખાર, અજમોદ, સૂંઠ, પીપલ, વાયવિડંગ, હરડે, સર્વ સમ, હીંગ ૧ ટંક, ચૂર્ણની ફાકી લો તો ભૂખ લાગે, શૂલ મટે.

૯. હીંગ, પીપલ, પુષ્કર મૂલ, પીપલા મૂલ, ધાણા, ચિત્રક, વચ, ચવિક, પાઠ, કૈથ, સંચલ, સૂંઠ, મરી, ટંકણુ, જોખાર, અનાર, હરડે, આમલવેત, નાગકેશર બંને જીરાં વાટીને આદુ, અમલવેત અને બિજોરાના રસની ભાવના ૧–૧ દઈ ચૂર્ણ સુકવવું, પછી ૧ ટંક હીંગ ઘીમાં સેકી, ૧–૧ ટંકની ફાકી સવાર સાંજ લેવી. ગરમ પાણી પીવું, ગોળો, ફીહો, સંગ્રહણી, ગુદા વિકાર, અજીર્ણ, આફરો, જલોદર, આમવાતાદિ રોગ ઉપશમે.

૧૦. હરડે, આમલગંઠી, ૧૨–૧૨ તોલા, પીપલ ૩ાા તોલા, સિંધવ ૧૭ ટંક, કાળા મરી ૧૪ ટંક, ચૂકના રસમાં નાના બોર પ્રમાણે ગોળિઓ બનાવવી. ૧–૧ ખાવી, શ્વાસ, કાસ, વમન, ગુલ્માદિ રોગો મટે છે.

૧૧. એક સેર અજમો, સંચલ ૧૨ તોલા, સિંધુ, જૌખાર, કચલૂણ ૧૦–૧૦ તોલા સુહાગો ૨ાા તોલા, ચૂર્ણને ૧૦૦ લીંબુની ભાવના આપવી, પછી સહન થાય એવી રીતે ખાવાથી ઉદર વ્યથા મટી ભૂખ લાગે છે.

૧૨. નાગકેશર, ૧ ટંક, લવિંગ ૨ ટંક, એલચી ૪ ટંક, મરી ૮ ટંક, પીપલ ૧૬ ટંક, સૂંઠ ૩૨ ટંક, અસગંધ ૩૨ ટંક, ૧૨૮ ટંક સાકર, ચૂર્ણ કરી ૧ ટંક ખાવાથી વાયુ વિકાર મટી ક્ષુધા પ્રદીપ્ત થાય છે.

૧૩. હરડે અજા મૂત્રમાં ૩ દિવસ ભીંજવવી, ૩ દિવસ ગોમૂત્રમાં, ૩ દિવસ કાંજીમાં, ૩ દિવસ છાશમાં, પછી ફાડીને ગોઠલી ફેંકી તેમાં હિંગ્વાષ્ટક ભરી લીંબુની ૭ ભાવના દેવી. પછી ૧–૧ નિત્ય ખાવાથી ક્ષુધા પ્રદીપ્ત થશે.

આ હરડેમાં ત્રિગડૂ, પંચલૂણ, જવખાર, અજમો, જીરું, સાચોરું મીઠું, સાજી પણ ભરી શકાય છે. ગુણ ઉપર પ્રમાણે છે. સમુદ્રાષ્ટકનો ઉપયોગ પણ કરવો હિતકારી છે.

૧૪. પંચદાણા—મેથી, અસાળ્યો, સુઆ, અજમો અને કલુંજી ૪–૪ રતિ ચૂર્ણ કરી, આપવાથી ઉદરવ્યથા મટે છે.

૧૫. ગમે એવું પેટ દુઃખતું હોય ત્યારે બે રતિ મીણની ગોળી બનાવી ગરમ પાણી અથવા ચામાં પાવાથી તત્કાલ દર્દ સમાપ્ત થાય છે, નિર્ભય અને પ્રભાવશાલી પ્રયોગ છે.

## વાયુ–અધિકાર

૧. મલ્લ[1] કોહલાનાં રસમાં દોલકા યંત્રથી શુદ્ધ કરવો, એક ટંક મલ્લ, કાથો, કેશર, મસ્તીંગ ગૂંદ, ૧૦–૧૦ ટંક, નાગરવેલના પાનના રસમાં કાળાં મરી બરોબર ગોળિઓ બનાવવી, પાનના બીડામાં ખવરાવવી; સવારે અને સાંજે ૧–૧ ગોલી લેવી, તમાત વાયુ માટે આ સુંદર અને ઉપકારી છે, ઘી દૂધ સારા પ્રમાણમાં ખાવું પીવું.

૨. સૂરણ અને આદુ ૦।।–૦।। શેર, લસણ ૦। શેર, ત્રણેને ખાતણીમાં નાંખી ફરી છૂંદે કરે, પછી સૈંધવ, સંચલ, સાજી, જૌખાર, ૫–૫ તોલા છૂંદામાં મિશ્રિત કરે, રવિવારે એક કોરું ચીકણું વાસણ લઈ એમાં ભરી રાખે. ઉપર ૦।। શેર મીઠું તેલ નાખી મુખમુદ્રા બરોબર બંદ કરી એકાન્ત સ્થાને એક અઠવાડિયા લગી મૂકી રાખે. અનન્તર વાયુ પીડા વાળાને ૨–૩ તોલા નિત્ય ખવડાવે, સામાન્ય વ્યક્તિ તે ૦।। તોલો આપવો, ૧૪–૨૧–૪૯ દિવસમાં સર્વ વાયુ મટશે, અજમુંદા છે.

૩. સંખ્યા ૧ પ્રમાણે શોધેલ મલ્લ તોલો ૧, સફેદ કાથો તોલા ૧ વંશલોચન તોલો ૧, નાગરવેલના પાનનાં રસમાં ગોળિઓ મરી પ્રમણ બનાવવી. ૧–૧ સવાર સાંજ આપવાથી વાયુ મટે છે, ગરમ ઋતુમાં સંભાળીને ઉપચાર કરવો, પથ્યમાં ચણાની રોટલી લૂખી જ ખાવી. ન ભાવે તો સ્વલ્પ ઘી ચોપડવું.

૪. સુરિંજનાનું મૂલ ૧ માસા, કાળા મરી ૧ માસા. બન્ને પાણીથી લેવાથી વાયુ મટે છે.

૫. એરંડિયાનું મૂલ સાત દિવસ ગૌતકુમાં પીવું વાયુ મટે છે.

૬. કણગચ ટંક ૨ ગરમ પાણીથી પીવાથી વાયુ મટે છે.

---

૧. આવા પ્રયોગો અનુભવી ચિકિત્સકની દેખરેખમાં જ કરવા જોઈએ. અપક્વ મૃત્યુ નોતરે છે, પરિપક્વ મલ્લ વાયુ રોગો માટે અમૃત છે. શુદ્ધ કરવાના બીજા પણ ઘણાં પ્રયોગો છે, તે બીજા ભાગમાં પ્રકટ થશે.

૭. ત્રિગડૂ અને વચ પણ ઉષ્ણ જલ-પાનથી વાયુ મટે છે. શૂન્ય વાયુમાં વિશેષ લાભ પહોંચાડે છે.

૮. સિરધૂની જડ ટંક ૩ ગૌતકુમાં પીએ તો ૭ દિવસમાં વાયુ જાય.

૯. ત્રિગડૂ-સોંઠ, મરી, પીપલ, કેશર, જાયફલ, અકરકરો, છડ, ઉટીંગણ, માલકાગણી, લવિંગ, ૧-૧ ટંક, કિરાયતો ૪ ટંક, સોંઠ ૧૦ ટંક, કુલિંજન, અજમોદ, ગોખરુ, જાવંત્રી, મૂઢ, તજ, ૧-૧ ટંક, દ્રાખ ૧૦૦ ટંક વાટી બે ટંકની ગોળી કરે, દિવસમાં બે વાર ખાય, અકડ અને સંધિવાત માટે અકસીર છે.

૧૦. આકડાની જડ, ૪ તોલા, ભાંગરો પંચાંગ ૨॥ તોલા, ગુરાલીની જડ ૨॥ તોલા જૂની ખાંડ સર્વ સમ, ઘી સાથે ૩ ટંક રોજ ખાવી. વાત વ્યાધિ જશે.

૧૧. પીપલ, પીપરામૂલ, ચિત્રક, સંભાલૂ, અજમો, કૂઠ, કડા-છાલ, અજમોદ, અસાલિયો, સુવા, સમ ભાગે લઈ ચૂર્ણ કરવું, સર્વ સમાન સાકર મેળવી ૨-૪ ટંકની નિત્ય ફાકી લેવી, સર્વ વાયુ માટે ઉપયોગી છે.

૧૨. કુડાછાલ ૩૪ ટંક, કાળા મરી ૧૭ ટંક, પાસેર ગોળમાં નાખી કૂટવું, ૧-૧ ગોળી સવાર-સાંજ લેવાથી બદ્ધકોષ્ઠ, આદિ ઉદર રોગ તથા વાયુ ૧૪ દિવસમાં માટે છે.

૧૩. શુદ્ધ કનકબીજ ૨૧ ટંક, જાયફળ, સફેદ કનેરની શુદ્ધ છાલ, અકરકરો, વિજયા, ખુરાસાણી વચ, અજમો, ૫-૫ ટંક, બે શેર પાણીમાં કાઢો કરે, એક શેર રહે ત્યારે ગાળી ૨ ટંક લવિંગ નાંખી વળી મંદાગ્નિ પર ચડાવે, પાણી સૂકાઈ જાય ત્યારે લવિંગ કાઢે. એ લવિંગ રોજ એકથી બે ખાય તો દરેક જાતની વાયુ મટે છે.

૧૪. સૂંઠ અસગંધ, પાઠ, સતાવરી સમભાગે ચૂર્ણ કરે, પછી ૨-૩ ટંક ચૂર્ણ ફાકે. સર્વ વાયુ મટે છે.

૧૫. ધતૂરાના બીજ ૨ શેર, ચણોઠીની દાલ ૧ શેર, બંને ભેગાં કરી તેલમાં ભાવિત કરે, પાતાલ યંત્રે તેલ કાઢે, એ તેલમાં લવિંગ ૨ દિવસ ભીંજવી રાખે, ૧-૨ લવિંગ રોજ ખાવાથી શીત-વાયુ આદિ રોગો મટે છે.

૧૬. મુલેઠી, સૂંઠ, ૫-૫ ટંક, કંટાઈ જડ ૧૦ ટંક, કપડ છાણ ચૂર્ણ કરી તાંબાના વાસણમાં લીંબડા-ના ઘોટાથી ઘસે, માંહે ગાડરનું દ્રવ નાખે. ઘોટાના મોઢે તાંબાનો પૈસો ચોડવો ન ભૂલવો. આ લેપ શુષ્કવાયુ માટે અવ્યર્થ સિદ્ધ પ્રયોગ છે.

૧૭. રાઠ, એરંડમૂલ, વચ, સૂંઠ, ધમાસો, વાસા, હરડે, પતીસ, મોથ, દેવદાર, સતાવરી ૧-૧ તોલા, ૧ શેર પાણી પઢાવવું દવા નાંખી ઉકાળવું. ૦। શેર રહે ત્યારે ઉતારવું, આખા દિવસમાં કટકે કટકે પીવું, વાયુ મટશે.

૧૮. શુદ્ધ પારદ, ગંધક, ૩-૩ ટંક, વચ્છનાગ, હીરવસી, નિર્મલી, કુટક, ચણોઠી, ખુરાસાણી વચ ટંક ૧-૧, દેવદારુ, સિંદૂર ૩-૩ ટંક, પીપલ, સૂંઠ, સમુદ્રફળ, સમુદ્રશોષ, સમુદ્રફીણ, અફીણ, ઇસ્પંદ, હીંગ, રસોનકુલી ૩-૩ ટંક, ધૂંસો, હળદર, કરંજબીજ, સોમલ, કાથો, મોરથુથુ, હરતાલ, સોરાખાર, કલુંજી, લીંબોડી, ખાપરિયું, ચમેડનાં બીજ, ગૂગલ, નિગુંડી, અર્કમૂલત્વચા, ખુરાસાણી વચની જડની ત્વચા, સાજી, પંચલૂણ, અજમો, અજમોદ, સતાવરી, શુદ્ધ કોચલાં, મેથી, પલાસ પાપડો, ઉપલેટ, સાબુ, લવિંગ, કેશર, જાયફળ, નાગકેશર, નાગરમોથ, કેરની કૂંપલ, એલિયો, બોલ,

ઘોડાવચ, નેપાલો, મોટી હરડે, એરંડબીજ, સર્પ કાંચલી, ચકલાંની વિષ્ટા, ચોપ, ઇન્દ્રવારુણી મૂલ, પુષ્કરમૂલ, ઇશ્વરલિંગી, રાયણમીંગી, પીપલામૂલ, કિરયાતો, નિશોત, રાઈ, બધાંએ ૩–૩ ટંક, ચૂર્ણ કરી આકડા, ધતૂરા, લીંબડા, થોર, લીલી ભાંગ, તમાકૂ અને દાંતણીના રસોની ૩–૩ ભાવના આપવી. ગોલી મગ સમાન કરવી, ચૌરાસી વાયુ, સીતાંગ, શૂલ, દરેક જાતના વિષ, સંગ્રહણી, બળતરા, રકતવિકાર, કબ્જી, આદિ તમામ રોગો પર આ ચિન્તામણિ રત્નવત્ અતિ હિતકર છે. બનાવવામાં સાવધાની રાખવી, શતસોનુભૂત છે.

૧૯. અકરકરો, તેજબલ, પીપલ, મરી, ૯–૯ ટંક, સૂંઠ, કિરાયતો, અજમોદ, ખુરાસાણી અજમો, ચવિક, જાવંત્રી, જાયફળ, લવિંગ, કુલિંજન, સીંગી મોહરો, ૪–૪ ટંક, સર્વોષધ ચૂર્ણ કરી સાકર યા મધથી ગોળી બનાવવી વટાણા સમાન, ૧ ગોલી નિત્ય સાંજે ખાવી, ખટાઈનો પરહેજ પાડવો, સર્વ વાયુ મટશે.

૨૦. પારદ, ગંધક, કનકબીજ, મોહરો, નિર્વિસી, મેથી, જીરું, કાળા મરી, સર્વ સમ, પ્રથમ પારા ગંધકની કજ્જલી કરવી. પછી ઔષધો મેળવી ખરલ કરી લીંબુ રસની ૭–૯ ભાવના આપવી. મગ સમાન ગોળિઓ બનાવવી, પાનના બીડામાં એક ગોળી ખાવાથી, કફ, વાત, પ્રમેહ મટશે.

૨૧. **પક્ષાઘાત તૈલ**

ધતૂરા, આકડા, સુરિંજણા, ત્રણેનો એક–એક શેર રસ, તલનું તૈલ ૧૦ શેર નાખી પકાવે પછી સર્વાંગે માલીશ કરે તો પક્ષાઘાત મટે.

૨૨. એરંડ તૈલ ০।। શેર, સરસિયું અને તલનું તૈલ ০।।–০।। શેર, સૂંઠ, મરી, હળદર, સૈંધવ ૨–૨ ટંક તૈલમાં નાખી મંદાગ્નિએ પચાવે, પછી મર્દન કરે, પક્ષાઘાતમાં લાભ થશે.

## અફીણ છોડાવવાના પ્રયોગ

૧. જાવંત્રી, માલકાંગણી, અકરકરો, ખુરાસાણી, અજમો, વાયવિડંગ, કાળાંમરી, પીપલ, એલચી, અફીણ, પીપલામૂલ, ઝેરકોચલાં, સમુદ્રફીણ, ૬–૬ ટંક લેવા. ચૂર્ણ કરવું. પછી ૧ તોલા અફીણના પાણીમાં મોટા બોર બરોબર ગોળીઓ કરવી. સવાર સાંજ અફીણ સેવન કરનારને આપવાથી થોડા સમયમાં અફીણનું બંધાણ છૂટી જશે. કદાચ હાથ–પગોમાં કળતર થાય તો ગાડરના દૂધથી મર્દન કરવું. ૧૫–૨૦ દિવસમાં અફીણ છૂટી જાય છે.

૨. એક શેર અજમો ૪ શેર દૂધમાં ઉકાળવો. માવો થાય ત્યારે ૧૦ જાયફળ અને ૫–૫ ટંક જાવંત્રી તથા લવિંગનું ચૂર્ણ મેળવવું. બે ટંકની ગોળીઓ બનાવવી. નિત્ય એક બે ગોળી સેવન કરવાથી બંધાણ છૂટે છે.

## અફીણનું વિષ ઉતરે

૧. બાવળનાં પાંદડાં અને છાલનો રસ પાવાથી અફીણનાં વિષનું શમન થાય છે.
૨. કાળાં મરી, સૂંઠ ૧–૧ તોલો સેકીને ખાવાથી, પણ અફીણનું ઝેર ઉતરે છે.
૩. તૂસની દાળ ખાવાથી અહિફેન વિષ ઉતરે છે.

---

૧. પક્ષાઘાત પર જયપુરના સ્વામી અખૈરામ રચિત "વૈદ્ય બોધ સંગ્રહ"માં એક તૈલનો પ્રયોગ આપ્યો છે. એ સૈંકડો રોગિઓ પર અજમાવવામાં આવેલ છે. આજસુધી એ નિષ્ફળ નિવડયો નથી. પક્ષાઘાતની ગમે તેવી સ્થિતિમાં અત્યન્ત લાભદાયક સિદ્ધ થયો છે.

## વિષાધિકાર

૧. **સર્પ વિષ**—ચૂનો અને મીઠું એકત્ર કરી પાવાથી સર્પ વિષ ઉતરે છે.

૨. સંદેશડાના મૂળિયાં ઘસી ૫–૬ ટંક પાવાથી સર્પ વિષ શમે છે, સર્પ કરડ્યા પછી લીંબડાના પાન, કાળાં મરી સાથે ચવડાવવાં, જો કડવાં ન લાગે તો ઉપરનો પ્રયોગ કરવો, કારણ કે વિષ પ્રભાવથી કડવાં લાગતાં નથી.

૩. નેપાલા બીજ, ફટકડી, કાળાંમરી, રસોન, વાટીને તાંબાના વાસણમાં લીંબૂનો રસ નાખી તાંબાના લોટાથી ખૂબ ઘૂંટવું. ૨૧ વાર રસ નંખાઇ ગયા પછી તાંબાની જ ડબ્બીમાં ભરી રાખવું. કામ પડે ત્યારે સર્પ ડશનું સ્થાન જરા ખરડી ઉપર ચોપડવા અથવા ઘસવાથી સર્પ, વૃશ્ચિક આદિ વિષો શાન્ત થાય છે.

૪. મરી, વચ, નેપાલા, તુત્થ, શુભ્રા, મોરના પગ, અભાવે મયૂરવિષ્ટા, બધાંને વાટી લીંબૂના રસની બે ભાવના આપવી, પછી ચોખાના ધોવણથી ગોળીઓ મરી સમાન બનાવવી. સર્પ કરડ્યાને આંખે અંજન કરવું. અને આંખ પર બકરીનાં દૂધના ફોયા મૂકવા. કાળો સર્પ કરડ્યો હોય તો ૧ ગોલી આંજવી અને બીજો કરડ્યો હોય તો અડધી, સર્પ વિષ માટે આ સુંદર પ્રયોગ છે.

૫. સૈંધવ, લીંબોડી, કાળાંમરી ૦।।–૦।। તોલો અજામૂત્રથી પાવાથી સર્પ અને દેડ ગરોળીનું ઝેર ઉતરે છે.

૬. આકડાનું મૂલ ઘસીને ૩ ટંક પાવાથી સર્પ વિષ જાય છે.

૭. પુનર્નવા ૨।। તોલા પાવાથી સર્પ વિષ ઉતરે છે.

૮. સંખાવલી પંચાંગ ઘીથી પાવાથી પણ તથૈવ લાભ થાય છે.

૯. બીજોરાની મીંગી પાવાથી પણ સર્પ વિષ શમે છે,

૧૦. મયૂરનાં ઈંડાને ફોડી અંદર તુત્થ ભરી ૬ માસ સુધી પેક કરીને એકાન્ત સ્થાને રાખી મૂંકવું, પછી કામ પડે ત્યારે લગભગ ૧ માસા સર્પ કરડ્યા ઉપર પાણીમાં આપવાથી સર્પ વિષનું સત્વર શમન થાય છે. આ પ્રયોગ અનેક વાર અજમાવવામાં આવેલ છે. કદાપિ અપયશ આપ્યો નથી.

૧૧. ચૂનો, હીંગ, આકડાનાં દૂધમાં ગોળી તૈયાર કરવી. સર્પ અને વીંછી કરડ્યાને આકડાનાં દૂધમાં અભાવે પાણીમાં ઘસી ડંખ પર લગાવવાથી વિષ ધીરે–ધીરે ઉતરે છે.

૧૨. મરેલો સર્પ ૮ વાલ (બને ત્યાં સુધી સર્પનો ઉપરનો ભાગ લેવો, પાછળનો ભાગ નિરુપયોગી છે.) કાથો ૦। ટંક, કાળાંમરી ૧ ટંક. વાટીને દશમ દ્વારે ચઢાવવાથી સર્પદંશથી મૃત્યુનો ભય રહેતો નથી.

૧૩. પારદ, ગંધક, મોહરો, હરતાલ (બધાં શુદ્ધ લેવાં) ટંક–૩, કેરની કૂંપલોની ભાવના આપે. મોટી સોગઠી ૨–૪ બનાવે, પાણી સાથે ઘસીને વૃશ્ચિક, સર્પ, ઘોયરો કરડ્યો હોય તો લગાવે અને મશળે પણ.

### વચ્છનાગ

૧. ઝીંઝવાનાં પાન અને લીલા ચણા વાટીને લસોડે, સાકર નાંખીને સાત વાર પાવાથી વચ્છનાગનું ઝેર ઉતરે છે.

૨. લીંબૂમાં મીઠું નાખી સૂસાવવાથી પણ ઝેર ઉતરે છે.

૩. દૂધ સાકર પાવાથી અથવા તો જૂની જુઆરની રાખ પાવાથી પણ વિષ ઉતરે છે.

૪. કસૂંદી પંચાંગ તાંદલિયાનાં રસમાં પાવાથી વચ્છનાગનું ઝેર જોત જોતામાં ઉતરી જાય છે.

૫. કાકડીનાં બીજ, જીવાપોતાના બીજ, કણગચ બીજ (ત્રણેની મીંગીઓ જ કામમાં લેવી. ફોતરાં કાઢી નાંખવાં) તુત્થ (શુદ્ધ) સમમાત્રા વાટી. ટંક ૨–૩ પાવે તો પણ વચ્છનાગનું ઝેર ઉતરે છે.

## સંખિયા–સોમલ વિષ

૧. ચણાની દાળ ભીંજવી, મશલીને ખવરાવાથી સંખિયો કાચો ખાધો હોય તો તેનું ઝેર ઉતરે છે.

૨. ચૂનાના પાસેર પાણીમાં ઘી અને કેશર પાવાથી પણ વિષ તત્કાલ શમન થાય છે.

૩. દૂધ, ઘી અને કેશર પણ વિષ શમન અત્યન્ત ઉપકારી છે.

## વાઘ બાલ વિષ નિવારણ

જૂનાં જમાનાંમાં પારસ્પરિક ભીષણ શત્રુતાને કારણે વાઘની મૂંછોનાવાળો ખવરાવામાં આવતા હતા. જેથી શત્રુ ધીરે–ધીરે મૃત્યુ પામતો હતો. આ હલ્કા ઝેરની વ્યાપક અસર ધીરે–ધીરે થતી. એની ઓળખાણ માટે કે વાઘનો વાળ ખવરાવ્યો છે? રોગીને કેળાંના મોટાં પાન પર વિષ્ટા કરાવતા. આમ કરાવવાથી પાંદડામાં ગોળ ચકરડાં નજરે આવતાં, એટલે સમજવામાં આવતું કે કોઈએ વાઘનો વાળ ખવડાવ્યો છે. વિષ નિવારણના ઉપચારો આ પ્રમાણે છે.

૧. મેવાડમાં એક જાતનું ઘાસ થાય છે જેને ગાંઠિયો ખડ કહેવામાં આવે છે. આ ખડને ગાડરનાં દૂધમાં લગભગ ૨ તોલા વાટીને પાવાથી વાઘ વાળનું વિષ ઉતરે છે.

૨. ઉંદરની લીંડીઓ આખી આપવાથી પણ વાઘનાં વાળનું વિષ સમન થાય છે.

૩. સસલાની મૂંછનાવાળ બાળી આપવાથી પણ ઝેર શમે છે.

૪. સફેદ દૂર્વા ગાડરના દૂધ સાથે આપવી પણ હિતાવહ છે.

૫. કસૂંદીનો રસ નિત્ય ૭ દિવસ સુધી ૨ તોલા પાવામાં આવે તો પણ વાળ વિષ ઉતરે છે.

૬. જાંબૂની ગોઠલી ૭–૮ દિવસ ઘસી પાવાથી પણ વિષ ઉતરે છે.

## માંકડ મૂષકાદિ પલાયન

૧. ઘોડાનાં ખુરની ધૂંણી આપવાથી ઘરમાંથી ઉંદર ભાગી જાય છે.

૨. ભિલામાં, આકડાનાં ફૂલ, મોથ, કિવાંચની જડ અને ગોળની ધૂણી કરવાથી માંકડ, મચ્છર, સર્પ, ઉંદર, આદિ જીવો ગૃહત્યાગ કરે છે.

## ગોહ–ઘોયરા વિષ

બન્ને ભયંકર વિષૈલાં જીવો છે.

૧. ઘોયરો ફૂંક મારે અથવા ચંદન ઘો કરડે તો કહેવાય છે કે આનો ઇલાજ નથી. પણ મરવાનાં પાંદડાનો રસ ૦ાા–૦ાા કલાકે રોગીને પાવામાં આવે અને ફૂંક મારેલ તથા કરડેલ સ્થાને મરવાનો કૂંચો બાંધવામાં આવે તો વિષ શમન થઈ જાય છે. મૃત્યુનો ભય રહેતો નથી.

## હડક્યા કૂતરા-વિષ-નિવારણ

૧. વિષ, નૌસાદર, પારદ, ગંધક, તુત્થ, બધાં સમભાગે અને શુદ્ધ લેવાં, લીંબૂના રસમાં ઘૂંટી ગોળી બનાવવી, પછી ડંક પર લગાડવી, અને દશમે દ્વારે ચડાવવી, આમ કરવાથી કરડેલ કૂતરાંનાં વાળો નિકળી જાય છે, વિષ શમન થાય છે.

૨. નેપાલો ૧ાા ટંક, નશોત, ટંકણ, કડવી તૂંબી, હિંગૂલ, પીપલ, મરી, હરડે ૧–૧ ટંક, ગોળ ૪ ટંક, લઈ વાટી ગોળિઓ એટલી એવી મોટી બનાવવી કે ૨૧ દિવસ ચાલી શકે. આ ગોળીથી ગમે તેવા કૂતરાનું વિષ ઉતરી જાય છે, પાણી સાથે ગોળી આપવી.

૩. કડવી તૂંબડીનો ગર્ભ, નેપાલો, સોહંગી, હિંગલૂ, મરી, ૪–૪ ટંક, સમભાગે ગોળમાં ૨ ટંકની ગોળી બનાવવી, દંશ પર આ ગોળી બાંધવી, સવારે અને સાંજે, પરમ ઉપકારક ઔષધ છે.

૪. કૂકડાની વિષ્ટા અને કતરાની દાઢ ઘસી લગાવે તો દાંત પાકે નહીં. અને કૂતરાનું ઝેર વધારે ન ચઢે.

૫. વાંઝિયા કંકોડાંનું મૂલ ૩ ટંક, ખાંડ ૭ ટંક, ૩ દિવસ ખવડાવવાથી કૂતરાં કરડ્યાનું ઝેર શમન થાય છે.

૬. કળીચૂનો કરંજિયાના તેલમાં વાટી કરડેલ સ્થાન પર લગાડે, તત્કાલ આરામ મળે છે.

૭. ચૌરાના ડાંખડાંનું ચૂર્ણ ૨ાા તોલા, ૫ તોલા કૂપજલ સાથે પાવું, કેવલ ૩ દિવસ જ પાણી પણ કૂઆનું જ પીવું. પથ્ય અલૂણાં જૂઆરના બાકુલા જ ખાવા, હડકિયા વિષ નાશ પામે.

૮. ભૂમિડોડા કૂઆના જલપાં પાવાથી પણ સારી યાદત મળે છે.

૯. અપામાર્ગનાં પાંદડાની ટીકળી દંશ પર બાંધવી હિતાવહ છે.

## ભિલામા વિષ

૧. મરવાનો રસ ચોપડવાથી ભિલામાના સોજા ઉતારે છે, તતળી ગયેલ સ્થાન પર લગાડવાથી લાભ થાય છે.

૨. એરંડોલી ઘસી લગાડવાથી ભિલામાંનું વિષ ઉતરે છે.

૩. તુલસી, કાળું જીરું મલાઈ, ચારોલી, બદામ ઘસી લેપ કરવાથી પણ વિષ ઉતરે છે.

૪. અખરોટ અને ચારોલી માખણમાં ઘસી લગાડે અને ખાવાથી અત્યની પ્રભાવશાળી લાભ થાય છે.

૫. કાચી આંબલી પાણીમાં નાખી ઉકાળી એ પાણીથી સ્નાન કરાવવાથી પણ ભિલામાનો સોજો ઉતરે છે. ભિલામાંનું કામ કરનારે પહેલાંથી જ સાવધાની રાખવી જોઈએ. ટોપરાંનું તેલ ચોપડી કામ કરે તો ઉપદ્રવજ ન થાય, ભિલામાં ઔષધની દૃષ્ટિએ આયુર્વેદનું મહામૂલ્યવાન રત્ન છે, તલ અને ચારોલી ખાવાથી પણ વિષ ઉતરે છે. તથા હળદર ચારોલી, તલ શિલા પર વાટી લગાડવું પણ સારું છે.

૧. **મકડી વિષ નિવારણ**—માટે સરસિયાંની ખલી ડંક પર લગાડવી, અથવા ઝેર કોચલું ઘસી લગાડવું.

૧. **આક વિષ**—દહીં, હરડે અને ખાંડ ખાવાથી આકડાનાં દૂધનું ઝેર ઉતરે છે, દૂધ આંખમાં પડ્યું હોય તો ગૌદુધનું અંજન કરવું, ભેંસનું ગોબર છાશમાં મેળવી ધોવાથી અર્કવિષ શમે છે.

**થોર-થૂઅર**—હીંગ ખવરાવવાથી થૂઅરનાં દૂધનું ઝેર ઉતરે છે, જો કદાચ થૂઅરનું દૂધ આંખમાં ચાલ્યું ગયું હોય તો બકરીનાં દૂધની ધાર આંખમાં નંખાવવી.

**હરતાલ**—તાંદલિયાનો રસ પાસેર સાત દિવસ પાવાથી હરતાલનું ઝેર ઉતરે છે, અમૃતીનાં રસથી પણ નાશ પામે છે.

**મોરથૂથુ**—લાપસી ખાવાથી તુત્થ દોષ શમે છે.

**ધતૂરો**—નિવાત દૂધ પીવું, હળદરનો લેપ કરવો, ખટાઈ ખૂબ ખાવી, મોઢે છાંટવી પણ.

**મૂષક**—ગંધક, કડવી તૂંબડીની જડ કડવા તેલથી ચોપડવાથી ઉંદરનું ઝેર ઉતરે છે.

**ભાંગ**—વધારે પીધી હોય તો લીંબૂ ચૂસવાથી ઉતરે છે.

**વૃશ્ચિક**—લસણની કુલીને ૨૧ ભાવના લીંબૂ રસની આપે, આંખે અંજન કરવાથી વીછીનું ઝેર ઉતરે છે, અપામાર્ગનાં પાંદડાં બાંધવાથી પણ આરામ મળે છે. કણગચની જડ ઘસી ડંકે લગાડવી પણ હિતકારક છે. તમાકૂ યા છીકણી પાણી સાથે લસોટી ડંક પર મસળવી જોઈએ.

**કાકીડા**—બને ત્યાં સુધી કાકીડો કોઈને કરડતો નથી. પણ કોઈ વખત અકસ્માત બની જાય તો આ ઉપચારો કરવા.

૧. નગદબાવચી, ગળો, પાણીમાં ભીંજવીને ખાવો.

૨. અસાલિયો ફેકાવવો; ૧ તોલા, ૧ તોલા સાકર સાથે.

## કુચલાદિ વટી

પાસેર ઝેરકોચલાં ૧ સેર દૂધમાં ઉકાળવાં,* પછી ધોઈને અંદરનો તલ જેવો ભાગ કાઢીને એમાં બમણો ખુરાસાણી અજમો નાંખી, લીંબૂ રસની ભાવના આપી નાના બોર સમાન ગોળિઓ બનાવવી, પાણી સાથે બે વાર સેવન કરવાથી બબાસિર, પેટ પીડા, આદિ રોગો જાય છે, વાયુ માટે આ વિશેષ ઉપયોગી છે.

## કુચલાદિ વટી

ઝેર કોચલાં પાસેર લઈને ૨ દિવસ પાણીમાં ભીંજવી રાખે, પછી બાફે, બીજે દિવસે ૩ શેર પાંણીમાં નાખી ઉકાળે. ૧ શેર પાણી શેષ રહે ત્યારે ઉતારે, સુકાવે, પછી સાત સેર દૂધમાં નાખી માવો કરે, માવામાં ત્રિફલા ટંક ૬, ચતુર્જાતક, ટંક ૮, જાવત્રી, લવિંગ, કાન્તિસાર, અભ્રખ, બંગ, બબ્બે ટંક અને ૧ તોલો શોધેલ પારો પણ મેળવે, એક સેર ખાંડની ચાસણી કરી મોટા બોર પ્રમાણ ગોળિઓ બનાવે, ખાવાથી સંધિવાત, હડવાત, પક્ષાઘાત, પ્રસૂતી વાત આદિ અનેક રોગોનું શમન થાય છે.

રોગી જો વાતપ્રકૃતિ પ્રધાન હોય તો આમાં સોમલ ભસ્મ મેળવવાથી વિશેષ ગુણકારી બને છે.

## કલ્યાણ ઘૃત

ઇન્દ્રિવારુણી જડ, ત્રિફલા, રેણુકા, દેવદાર, વાલો, અસાલિયો, પાઢ, તગર બન્ને હળદર, ગુલીસર, પ્રિયંગુ, ઇલાયચી, દાડિમસાર, દાંતણી, પલડી, તાલિસપત્ર, નાગકેશર, કૂંઠ, રીંગણી, માજૂફલ, વાયવડિંગ, ચંદન, પ્રદ્માખ, સર્વૌષધકૂટી, ચાર ગણું પાણી મેળવી કાઢો કરે, ચતુર્થાંશ અવશિષ્ટ રહે ત્યારે ૨૫૬ ટંક ઘી નાખી ઉકાળે, ધૃતાવશેષ ઉતારી પ્રાતઃ ૩–૫ ટંક ભક્ષણ કરે. વાયુદોષ માટે અતીવ હિતકારી પ્રયોગ છે.

---

* ૧. ગ્રંથકારે આ દૂધને વાંસણ સાથે ખાડામાં ગાળી દેવાની સૂચના કરી છે, પણ આ દૂધમાં મલ્લ, કનેર જડ માલકાંગણી ચણોઠી આદિ નાંખી ઉકાળીને જમાવી દેવામાં આવે એને પછી ઘી કાઢી તિલા રૂપે વપરાય તો વધારે સારું છે. નપુંશકપણ મટે છે.

## પેચોટીના ઉપચાર

૧. મીંઢાવલીનું ચૂર્ણ ૧ ટંક, ખાંડ ૨ ટંક સાથે ફાકવું.

૨. નાની આંબલીની જડ શનિવારે નિમંત્રી રવિવારે વિધિ સાથે લાવવી, નાભી પ્રદેશને સાત વાર સ્પર્શ કરાવી હાથે બાંધવી.

૩. સૂચિત વિધિ પ્રમાણે કાંકસી, ઉંટકંટાળો, રીંગણી, શંખાવલી કે અપામાર્ગ, કોઈ પણ એકની જડ શનિવારે વિધિવત્ નિમંત્રી રવિવારે લાવી, પેચોટીએ સ્પર્શ ૭ વાર કરાવી હાથે બાંધવાથી પેચોટી ઠેકાણે આવે છે,

## કૃમિ આદિ ઉપચાર

૧. જંગી હરડે, સૈંધવ, લીંબડાની કૂંપલ, જીરું, હળદર, મરી, ટંક ૧-૧,ની પાણીથી ફાકી આપવી, ઉદર કૃમિ નાશ થશે.

૨. નાગરવેલનાં પાન વધારીને ખાવાથી પણ કૃમિ મટે છે.

૩. અજમોદ, પલાશ બીજ, હીંગ અને લીંબોડીનું ચૂર્ણ લેવાથી કૃમિનામ થાય છે.

૪. પીપલ, સૂંઠ, વચ, સઢિ, મરી, વાયવડિંગ, મુસ્તા, પુષ્કરમૂલ, ૧-૧ તોલા, ૨૦ તોલા પાણીમાં કાઢો કરી ગૌમૂત્ર નાંખીને પાવાથી ઉદર કૃમિ નષ્ટ થાય છે.

૫. કપીલો ટંક ૫, દિવસ ૩ ગાયની છાશથી પાવો, કૃમિ નિકળે.

૬. ખૈરસાર, નીમ્બપત્ર, વચ, સુંઠ, મરી, પીપલ, ત્રિફલા, :નિશોત, સર્વ સમમાત્રા લેવાં, ૧-૧ તોલાની ૭ પડિકી નિત્ય લેવી. સાત દિવસ સુવી. કૃમિ નિકળે.

૭. સરસિયું તેલ ગૌમૂત્રમાં પીવાથી પણ કૃમિ નાશ પામે છે.

૮. કોળીકાંદાનાં રસમાં સૈંધવ અને મરી નાંખી પીએ તો કૃમિ નષ્ટ થાય છે. રસ લભગર ૨ તોલા લેવો, રસ લેતાં પહેલાં જો એ તોલા ગોળ ખવાય તો વધારે સારું.

૯. સ્વલ્પ ગોળ ખાવા પછી લગભગ ૪ તોલા બોરની જળ ઘસીને ગરમ પાણીમાં પીવડાવવામાં આવે તો કૃમિ જલ્દી સમાપ્ત થાય છે.

૧૦. દાડમના છોડાં ઉકાળીને ૩ દિવસ પાવાથી કૃમિ મટે છે.

૧૧. સવારે ૩ તોલા ગોળ ખાઈ ઉપર ૧॥ તોલા સુધી ખુરાસાણી અજમો વાસી પાણીથી લેવાથી કૃમિ સમાપ્ત થાય છે,

૧૨. ખૂબ તેજ રાઈની કાંજી સાત દિવસ પાવાથી પણ કૃમિ નાશ પામે છે.

૧૩. ખૈરસાર, કડવા ઇન્દ્રજો, લીંબડાના પાન, વચ, ત્રિકટૂ, નિશોત, ત્રિફલા ૧-૧ તોલો. કાઢો કરી પાવાથી પણ કૃમિ નિકળી પડે છે, સાત દિવસ આ પ્રયોગ કરવો, બની શકે તો કાઢો ગૌમૂત્રમાં જ બનાવવો.

## વિરેચન-પ્રયોગ

૧. નિશોત, સંચલ, સૂંઠ, હરડે, સમભાગે લેવાં. ૩ માસાની ફાકી ગરમ પાણી સાથે આપવાથી રેચ લાગે છે.

૨. ત્રિગડૂ, ત્રિફલા, વાયવિડંગ, નિશોત, ચિત્રક, નેપાલો, સૂંઠ, સંચલ, કપીલો, પીપલામૂલ, ટંકણ, ૧–૧ તોલો, ગોળ ૧ા। ટંક, ગોળી બોર સમાન બનાવવી, ગરમ પાણી સાથે આપવાથી રેચ લાગે છે.

૩. ચોપ, એરંડબીજ, નેપાલો, ઇન્દ્રવારુણી જડ, વચ, સમ ભાગે લઈ આકડા અને થૂઅરના દૂધની ૧–૧ ભાવના આપવી, પાતાલ યંત્રે તેલ કાઢી નાભી અને નખ પર ચોપડવાથી રેચ લાગે છે.

## ગુદાવર્ત્તિકા

૧. હરતાલ શુદ્ધ, પાણીની સેવાળ, નૌસાદર, સોરાખાર, ૧–૧ ટંક લેવાં, અલસીનાં તેલમાં વર્તિકા બનાવી પશ્ચિમ દ્વારે ચઢાવવી, વિરેચન થશે.

૨. ગિરિકર્ણિકાને કાંજીના પાણીથી વાટ બનાવી ચઢાવવાથી પણ સારું વિરેચન થાય છે, અને આમ પાકીને બહાર આવી જાય છે.

## રેચન–સ્તંભન યોગ

૧. ત્રિગડુ. ટંકણ, ગંધક, અજૈપાલા, સમભાગ લઈને ૧ ટંકની ગોળી ગોળ સાથે બનાવી શીતલ પાણીથી લેવાથી વિરેચન લાગશે. અને ગરમ પાણી પીવાથી રોકાશે. પથ્યમાં દહીં મગ અને ભાત જ લેવાં.

૨. અજૈપાલ, તિશોત, જમસાઉ, જૌખાર, સૈંધવ. ઇન્દ્રવારુણી મૂલ, મુલેઠી, સંભાલુના બીજ સર્વ સમ લઈ પ્રહર સુધી મર્દન કરવાં. પછી ૧ા। માસાની ૧–૧ ગોલી કરવી. શીતલ પાણીથી લેવી. વિરેચન થશે. રોકવા માટે ગરમ પાણી પીવું.

૩. એલચી, મેંદાલકડી, ધાણા, સતવા સૂંઠ, મોટી ઇલાયચી, સુહાગો, ગોપીચંદન, સર્વ ૧–૧ ટંક, ૩ તોલા કાલપી મિશ્રી, આ ચૂર્ણ ૧ માસા બરોબર સેવન કરવાથી પેટમાં સંચિત રક્ત બહાર આવે છે.

૪. રાલ ટંક ૨–૩, બમણી ખાંડ મેળવી પાણી સાથે ફકાવવાથી મલદ્વારનું રક્ત પડતું બંધ થાય છે. દહીંથી પણ આ ચૂર્ણ આપી શકાય છે.

૫. સોનામાખીના પાન, નિશોત, મુનક્કા, વરધારો, મિશ્રી સર્વ ૫–૫ ટંક. ૭ ગોળિઓ કુલ બનાવવી, ૧ ગોળી સાંજે અથવા તો રાત્રે આપવી. પેટની આમઝરી આરામ મળશે. થોડું ગરમ પાણી અવશ્ય લેવું.

૬. અજૈપાલ–નેપાળાનાં તેલમાં લવિંગ ભીંજવી માણસની વય અથવા બળ જોઈ ૧–૨–૩ સુધી આપવાથી સૂક્ષ્મ વિરેચન થાય છે.

૭. થૂઅરનાં દૂધમાં ચણાની લોટની એક એક માસાની ગોળીઓ બનાવવી. પછી ગોળી લઈ ઉપર ગરમ પાણી પીવાથી સૂક્ષ્મ રેચ લાગે છે, સોજો ઉતરે છે.

## રેચ સ્તંભન–અતિસારાદિ

૧. બકરીની મીંગણી વાટી રસ કાઢવો. રસ દહીંનાં ઘોળમાં આપવાથી અતિસાર થંભે છે.

૨. તૂંઅરના પાંદડાનો રસ ૧ા। તોલા મધ સાથે આપવો. અતિસારમાં આવતું રક્ત રોકાય છે.

૩. અહિખરાનાં બીજ, જીરું વાટીને દહીંથી પાવાથી પણ રક્તાતિસાર થંભે છે,

૪. નિવાત, પાષાણભેદ, રાલ, ધાવડીનાં ફૂલ ૨–૨ માસા દહીથી પાવા. અતિસાર અને રક્ત સ્તંભે.

૫. કુંગચા આમલીના અને મોચરસ બબ્બે ટંક વાસી પાણીથી આપવા. રક્તાતિસાર થંભે.

૬. હરડે, સતવા સૂંઠ, અતિવિસ, સમુદ્રફળ, પીપલ સમભાગ માત્રા ૨ માસાની. ગરમ પાણીથી પાવાથી પેટના ગડગૂંબડ મટે છે. રક્તાતિસારમાં પણ સુંદર કામ કરે છે. ધૈર્યની સાથે લાંબા સમય લગી ૪ રતિ ફિરોજાની પિષ્ટી સાથે આપવાથી પેટનું અલસર પણ મટેલ છે.

૭. લૂણકૃયાનો રસ પણ રક્તાતિસારમાં ફાયદો કરે છે.

૮. ખાપરિયું, પડવાસ, અતિવિસ, સૂંઠ, જાયફળ, ૩–૩ ટંક, જૂનું અફીણ ૧ ટંક, મજીઠ ૦॥ ટંક, મોચરસ ૧॥ ટંક, કસોલો, મુર્દાસિંગી ૦॥–૦॥ ટંક, સાઠીચોખાના પાણીમાં ચણા બરોબર ગોળિઓ બનાવવી. પેટના મરોડ, પ્રમેહ આગરુ આદિ પર અવ્યર્થ મહૌષધ પ્રમાણિત થયું છે.

૧૦. **અફીણિયાના અતિસાર પર**—આંબલીના કુંગચા ટંક ૧૦, ખારેખની કુલીઓ ટંક ૧૦, વરીયારી ટંક ૧૦ ત્રણેનું ચૂર્ણ ૧૦ તોલા ગંગેરીના રસમાં આપવાથી અફીણ ખાવાવાળાનો અતિસાર થંભે છે.

૧૧. પીપલ, અફીણુ, કાથો સમભાગે લઈ લીંબુના રસમાં ઘૂંટી, ચણા સમાન ગોળિઓ બનાવે. ૧ ગોળી ચૂસવાથી પેટ સ્તંભે છે.

૧૨. અફીણ. કેશર, ખારક, આંબાની ગોટલી સમ લઈ ચોખાનાં પાણીમાં ગોળિઓ ચણા પ્રમાણ બનાવવી. ચૂસવાથી અતિસાર થંભે છે. પેટ પર લેપ કરવાથી પણ સ્તંભન થાય છે.

૧૩. પાષાણભેદ, છાયાશુષ્ક ભાંગરો, નાનું એટલે અપકવ બિલ્વ ફળ, ટંક ૧–૧. ભાંગ અને પોસ્તનાં પાણીમાં ગોળીઓ કરવી. નાના બોર પ્રમાણ સાઠી ચોખાના પાણી સાથે એક ગોળી આપવાથી અતિસાર સ્તંભે છે.

૧૪. કુડછાલ, પાષાણભેદ, ૨–૨ ટંક, વાટીને ૩ પડિકીઓ બનાવે. પોસ્તના પાણીથી ૩ દિવસ પાવી અતિસાર સ્થંભે.

૧૫. અજમોદ, મોચરસ, શ્રુંગબેર અને હરડે સમભાગે લેવાં. ૨ માસા ગાયની છાશ સાથે આપવાથી અસાધ્ય અતિસાર મટે છે.

૧૬. મોથ, મોચરસ, ઈન્દ્રજો, ધાવડાના ફૂલ, લોદ, સર્વ સમ, ૨ માસા ગૌતકુથી ફાકી આપવી. અસાધ્ય અતિસાર થંભે.

૧૭. એલચી, હિંગલૂ, જાયફળ, લવિંગ, અહિફેણુ, સૂંઠ, કેસર, સર્વ સમ, ચોખાના પાણીમાં ગોળીઓ બનાવવી. બોર બરોબર, અસાધ્ય અતિસાર રોકાય.

૧૮. બાજરો ભીંજવી, સાંબેલાંથી કૂટી વાસી પાણીથી ખવડાવાય તો અસાધ્ય અતિસાર રોકાય છે, વાસી પાણીથી સોપારી પણ આપવી હિતકારક છે.

૧૯. જૂના આરણ્યાં છાણાની રાખ અને મીઠું સમભાગ કરી વાસી પાણીથી આપવાથી રક્તાતિસાર થંભે છે.

૨૦. હિંગલૂ, જાયફલ, અફીણ, હીંગ ૧–૧ ટંક, સર્વ વાટી જાયફલ કોરીને અંદર ભરવાં. પછી

બાટીમાં નાંખી પકાવવું, સ્વાંગ શીતલ થાય ત્યારે વાટીને ગોળી નાના બોર સમાન બનાવવી. ૧ ગોળી પાણી સાથે લેતાંજ અતિસાર બંધ થાય છે.

૨૧. વડની જટા દૂધી સાથે કૂટીને પાવાથી રક્ત સ્તંભે છે.

૨૨. તાંદળિયાનું મૂળ, સાકર અને સાઠીચોખાનું પાણી સાથે પીવાથી અતિસાર મટે છે.

૨૩. સફેદ કાથો, સતવા સૂંઠ, બિલ્વ ગર્ભ ૩–૩ ટંક, અફીણ ૨ ટંક, કાંકસીનાં પાનનાં રસમાં ખરલ કરી ગોળી બનાવે. ગૌ દહીંથી ૧ ગોળી આપવાથી ગમે તેવો અતિસાર શમન થશે.

## જ્વરોપચાર

૧. અગર, વાળો, સુખડ, કિરાયતો, પીપલ. ગળો, ધાણા, ૦ાા–૦ાા ટંક, પાનરસથી ગોળી બાંધવી. દાહજ્વર શાન્તિ માટે દિવસમાં ત્રણ વાર પાણી સાથે સેવન કરવી.

૨. ગોરખ તંબોલ છાયા શુષ્ક ટંક ૧, મિશ્રી ટંક ૩ સાથે ૧૪ દિવસ પીવાથી ઉષ્ણ જ્વર મટે છે.

૩. હરડેની છાલ ટંક ૨, શુદ્ધ પારદ, શુદ્ધ નેપાળા ૧–૧ ટંક, ૨૫ ટંક બકરીનાં દૂધમાં પકાવી ૧–૧ રતિની ગોળીઓ બનાવવી. દિવસમાં બે ખાવી. પથ્ય કેવલ દૂધ, ભાત, મલબંધ, પેટપરનો ભાર, ઉષ્ણતા અને જીર્ણજ્વર મટે છે.

૪. ત્રિકટુ, ત્રિફલા, પુષ્કરમૂલ, કિરાયતો, ચિત્રક, પીપલામૂળ, સમભાગ પ્રતિદિન ૧–૨ ટંક લેવાથી ગરમી, અરુચિ, અજીર્ણાદિ દોષોનું શમન થાય છે.

૫. દાહજ્વર માટે જેઠીમધ અને એલચી લીંબૂના રસમાં આપવાથી સારો લાભ થાય છે.

૬. તાવની પ્રબળતાને કારણે પગમાં ખેંચાણ વગેરે હોય તો ૨ાા તોલા અજમો પાણીમાં થોડીવાર ભીંજવી લસોટીને પીવાથી સૂચિત દોષ મટે છે.

૭. લવિંગ, કિરાયતો સમભાગે લઈ સાંજ–સવારે ૪ રતિ આપવાથી સન્નિપાતમાં લાભ થાય છે.

૮. અકરકરો, સેકેલ ચણા, કડવી તૂંબડીનો ગર્ભ, અજમો, સર્વ ચૂર્ણ કરી શરીરે મસળવાથી સીતાંગત્વ શમે છે.

૯. ચણોઠીની શુદ્ધ દાળ ટંક ૦ાા વાટીને ફાકી દેવાથી તેજરો–ત્રણ દિવસમાં આવનાર તાવ મટે છે. પણ આ પ્રયોગમાં એટલી સાવધાની અપેક્ષિત છે કે તત્કાળ દૂધ અને ભાતનું પથ્ય આપવું જોઈએ, અન્યથા અકથ્ય પરિણામની સંભાવના છે.

૧૦. કાકવિષ્ટા રવિવારે અધર ઝીલી ૧ માસા સુધી ગોળમાં આપવામાં આવે તો નિશ્ચયથી તેજરો તાવ શમે છે.

૧૧. કાકજંઘા પંચાંગ પાવાથી પણ વાંછિત ફળ તેજરા માટે આવે છે.

૧૨. પારદ, ગંધક, કનકબીજ, (શુદ્ધ) ચોક ૧૨ ટંક, ચોકને ગૌદુગ્ધમાં ડોલકાયંત્રે શોધવો. પછે ૩ વાર જંભીરી અને ૩ વાર આદુના રસની ભાવના દેવી, અનન્તર પારદ ગંધક કજ્જલી કરી ક્રમશઃ ઔષધો મેળવવાં. ચૂર્ણ ૧ રતિ, મિશ્રી ૦ાા ટંક સાથે સેવન કરાવવાથી વાત, પિત્તાદિ જનિત સર્વ જ્વરોનું શમન થાય છે.

૧૩. આંબલીની જડ, શીતળ જળથી ઘસી ૧૨ ટંક, પીવાથી તેજરો મટે છે.

૧૪. ગૌમૂત્રમાં ઘસી આંબલીની જડ પીવાથી એકાન્તરો તાવ મટે છે.

૧૫. શુદ્ધ બગદાદી હરતાલની ભસ્મ, ૧ રતિ, શુદ્ધ સોમલની ભસ્મ ૧ રતિ, કુંમારિકાના રસમાં ગોળી બનાવી ૩ દિવસ આપવાથી તેજરો તાવ જાય છે. પણ બન્ને વસ્તુઓ અતિ શુદ્ધ હોવી જોઇએ. આમાં પથ્ય ચૂરમું અને ખાંડ આપવાં.

૧૬. વચ, સુંઠ, મરી, પીપલ, કૂઠ, મોહરો, અજમો, અકરકરો ગૌમૂત્રમાં સારી રીતે વાટીને પગે લેપ કરી ઉપર ઘઉંનો રોટલો ગરમ ગરમ બાંધવાથી સન્નિપાતનું શમન થાય છે.

**વીર્યસ્થંભનાધિકાર:—**

## પ્રમેહોપચાર

૧. ૧ સેર ગોધૂમ ચૂર્ણ, (નિશાસતો) ૦ાા સેર સફેદ મુસલી, કૌંચબીજ, બિલાડી કંદ ૧૦–૧૦ તોલા, ૧ા સેર ખાંડ, પાસેર ઘૃત (વધારે પણ આવશ્યકતાનુસાર લઈ શકાય છે) ખાંડની ચાસણી કરી બધાંયે દ્રવ્યો મેળવી લીંબૂ પ્રમાણુ ગોળિઓ બનાવવી, છાયામાં સૂકવવી. સહન થાય એટલી નિત્ય ખાવી, ઉપર ગાયનું દૂધ ૨ તોલા સાકર નાંખી પીવું. ૧૫ દિવસમાં બિંદુકુશાદિ પ્રમેહમાં આરામ મળે છે.

૨. લવિંગ, જાયફળ, જાવંત્રી, કાન્તિસાર, અભ્રખ, રસસિંદૂર, વાયવિડંગ, ભદ્રખડગી ૧ા–૧ા ટંક, એકત્ર કરી ૨૧ પડિકી બતાવી, ૧–૨ નિત્ય સેવન કરવાથી સૂચિત દોષ અને નપુંસકત્વ દૂર દૂર થાય છે. દવા લીધાં પછી પણ બ્રહ્મચર્યનું ૧૫ દિવસ સખ્ત રીતે પાલન કરવું, જો હસ્તમૈથુનથી પુરુષત્વ ગયું હોય તો કોઈ સારા ઘૃત યા તૈલનો ઉપયોગ મર્દનમાં કરવો.

૩. ખારક, વિદારીકંદ ૧–૧ સેર, સાકર ૦ાા સેર, ચાસની કરી ઔષધ કૂટી, મેળવી ૪ ટંક સમાન ગોળિઓ બનાવવી. પ્રતિદિન ૨ ગોળિઓ સેવન કરવાથી ધાતુવૃધ્ધિ સાથે પ્રમેહમાં પણ અચૂક લાભ થાય છે.

૪. **ઘૃતઃ**—કનકબીજ ૨ સેર, દૂધ ૨૧ સેર, કનકબીજની પોટલી બનાવી દોલકા યંત્રે શુદ્ધ કરે, અવશિષ્ટ દૂધમાં જામણુ નાખી જમાવે, ઘી બનાવી અનંતર દૂધમાં શોધેલ ગંધક ૧ા તોલો મેળવી મોટા મોઢાની શીશીમાં ભરી રાખે. તુલસી અથવા નાગરવેલના પાન સાથે પ્રતિદિન ૧ માસો સેવન કરવાથી પ્રમેહનું શમન થાય છે. શક્તિ આવે છે.

૫. શુદ્ધ શિલાજીત, પાષાણભેદ, ગોખરુ, આંમલા ૫–૫ ટંક, સાકર ૨૫ ટંક, ચૂર્ણ ૦ાા–૦ાા તોલો સાંજ સવારે પાણી સાથે લેવાથી પ્રમેહ મટે છે.

૬. અભ્રખભસ્મ, જાયફળ, કૂઠ, ભાંગ, તામ્રભસ્મ, આસગંધ, સમુદ્રશોષ, બળબીજ, મોચરસ, વિદારીકંદ, કાળીમુસલી, ગોખરુ, સતાવરી, અજમોદ, અડદ, તલ, ધાણા, આંમલા, નાગવલ્લી, કનકબીજ, જાવંત્રી, ખુરાસાણી અજમો, ભારંગી, કાકડાસીંગી, ભાંગરો, બન્ને જીરા, નાગકેસર, એલચી, તજ, તમાલપત્ર, ધોળી મૂસલી, ગજપીપલ, દ્રાખ, વંશલોચન, આંમલીના કુંકચા, હરડે, કાળાંમરી, અહિફેન, શણના બીજ, પીપલ, સૂંઠ, ખારેકની ગોઠલી, બલબીજ, સર્વ દ્રવ્ય ૧–૧ ટંક, સાકર ૧૦૮ ટંક, ચૂર્ણ કરી મધમાં મોટા બોર બરોબર ગોળિઓ બનાવવી. સર્વ પ્રમેહ વિનાશ માટે આ ઉપયોગી છે. ધાતુવૃધ્ધિ માટે પણ ઉત્તમ છે.

૭. ધતૂરાના બીજ–કનક બીજ ૨૧, જાયફલ ૫, ખુરાસાણી અજમો ટંક ૨, સફેદ કનેરની છાલ ટંક ૫, અકરકરો, મોહરો અને વિજ્યા ટંક ૫–૫, ૨ શેર પાણીમાં ઉકાળે, ૦ાા શેર પાણી શેષ રહે ત્યારે ગાળી વળી ચૂલે ચઢાવી પાણીમાં ૨૧ લવિંગ નાંખે. જ્યારે પાણી સાવ સમાપ્ત થાય ત્યારે લવિંગ જૂદાં કાઢી સુકાવે, આવશ્યકતાનુસાર ૧–૩ સુધી કામમાં લેવાથી શીત પ્રમેહ તથા વાતવિકાર શમે છે.

૮. બાવળનાં બીજ અથવા પંચાંગ સાકર સાથે સેવન કરવાથી પ્રમેહ તો મટે જ છે. પણ દૂધમાં લેવાથી શરીરનું બલ તથા વર્ણ પણ સુંદર થાય છે.

૯. જેઠીમધ, આમલા, ગળો અથવા તો સત, ગોખરુ, સમ સાકર સાથે ફાકવાથી પ્રમેહ મટે છે.

૧૦. શુદ્ધ કુચીલા, અફીણ, તાલમખાણાં એલચી ૬–૬ ટંક, પોસ્તાના પાણીથી ચણા સમાન ગોળીઓ બાંધવી. ૧–૨ ગોળી સાંજે સેવન કરવાથી વીર્ય સ્તંભન થાય છે.

૧૧. ત્રિફલા, બંગ, ગિલોય સત, પ્રતિદિન ૨–૨ રતિ મધમાં સેવન કરવાથી પ્રમેહ મટે છે.

૧૨. ખેરી ગૂંદર, સિંઘાડા, બલબીજ, આંબાની ગોઠલી, સમ ખાંડ સાથે પ્રતિદિન અડધો તોલો ખાવાથી પ્રમેહ મટે છે.

૧૩. અસગંધ, સૂંઠ, કાળા તલ, ગોળ, ઘી અડદનો લોટ, ૦ાા–૦ાા શેર, ગોળની ચાસની કરી ૯–૯ ટંકની ગોળીઓ અથવા પાપડી બનાવવી, બે અથવા એક વાર દિવસમાં સેવન કરવાથી બિંદુ–કુશાદ મટે છે.

૧૪. અસગંધ ટંક ૧૫, બંગ ટંક ૫, મધ ટંક ૪૫, અવલેહ કરી ૧ તોલો નિત્ય સવારે સેવન કરવું, ઉપર દૂધ પીવું, આ પ્રયોગમાં લોહ અને પ્રવાલ મેળવવાથી સત્વર લાભ આપે છે.

૧૫. શુદ્ધ કનકબીજ, બંગ, મોહરો, જીરું, શુદ્ધ સિંગ્રફ, અકરકરો, અહિફેન સમ ભાગે લઈને નાગર-વેલનાં પાનમાં ચણા સમાન ગોળીઓ બનાવવી, દૂધ સાથે લેવાથી બિંદુકુશાદિ પ્રમેહમાં લાભ થાય છે.

૧૬. ધતૂરાનાં બીજ ૨ શેર ને ગાયના દહીમાં ભીંજવી, પોટલી બાંધીને પાતાલ યંત્રે તૈલ કાઢવું, પછી તૈલ પારદ અને ગંધક, ધતૂરાનાં બીજ, ટંક ૩–૩, ભેગાં વાટી કાળાં મરી જેવી ગોળીઓ બનાવવી, સવાર–સાંજ સેવન કરવાથી વાત પ્રમેહ અને ૮૪ વાત રોગોમાં ઉલ્લેખનીય અસર કરે છે.

૧૭. અભ્રખ, મોહરો, લૌહભસ્મ, બંગ, પારદ, તામ્ર નાગરવેલનાં પાનના રસમાં ગોળી બનાવી સેવન કરવાથી તમામ જાતનાં વાત પ્રમેહ શમે છે.

૧૮. જૂનો ગોળ અને સોરોખાર પાણીમાં લસોટી તત્કાલ પાવાથી પ્રમેહ મટે છે.

૧૯. એલચી, તજ, તમાલપત્ર, નાગકેશર, ત્રિગડુ, જાવંત્રી, કુલિંજન, લવિંગ, ચારોલી, અકરકરો, ખસખસના દાણાં, બધાં દ્રવ્યોથી પાંચ ગણો આદુનો રસ, પાંચ ગણી સાકર, આદુના રસમાં ચાસણી બનાવીને સોપારી સમાન લઘુ મોદક બનાવવા. ૧–૧ નિત્ય સેવન કરવાથી વીર્યદોષ તમામ જાતના મટે છે, અને શરીરમાં શક્તિનો સંચાર થાય છે.

૨૦. કનકબીજ ૫ શેર, કૂટીને પાસેર તૈલ મેળવો પછી ગાયનાં દૂધમાં નાખી ઉકાળી જમાવી દહીં

બનાવીને ઘી કાઢે. એ ઘી ૨૦ નખે ચોપડવાથી પ્રમેહ અને ધાતુ વૃદ્ધિ તથા સ્તંભનાદિમાં ચમત્કારિક લાભ થાય છે.

૨૧. રેવંતચીની ટંક ૧ ઘસીને વાસી પાણીથી પીવાથી પ્રમેહમાં લાભ થાય છે.

૨૨. પ્લાંડુમાં ૧૩ વાર પરિપકવ સિંગ્રફમાં ધાતુ વર્ધક ઔષધિઓ મેળવી ૧ રતિ સેવન કરવાથી પુરુષાર્થ વધે છે.

## પૂયમેહ–સુજાક

૧. ખડી અને રતાંજણી વાટીને લેપ કરવાથી ચેપ મટે છે.

૨. જૌખાર અને સાકર ટંક ૧–૧ પીવાથી પણ ચણકિયો પ્રમેહ મટે છે.

૩. છાયા શુષ્ક મુંડી કલ્હાર, ૧ શેર, ૧॥ શેર દૂધમાં માવો કરી ૧૨–૧૨ ટંક જાયફલ, જાવંત્રી, લવિંગ મેળવી ૫–૫ તોલાના લાડવા બનાવવા. સાકર રોજ લેતી વખતે મેળવવી. લગભગ ૨॥ તોલા, મહાબલવંત અને પૂયમેહ નાશક આ યોગ છે.

૪. શિલાજીત, પાલાણભેદ, ગોખરુ, આંમળા, મિશ્રી ૫–૫ ટંક ચૂર્ણ કરી ચાર ટંક પ્રતિદિન કાચા ગાયના દૂધની લસ્સી અથવા તો ગાયની છાશની આંછમાં સેવન કરે તો પેશાબની બળતરા મટે અને પ્રમેહમાં પણ લાભ કરે. આ પ્રયોગમાં શુભ્રાભસ્મ ૧ રતિ અને કાથો બે રતિ મેળવે તો વિશેષ ફાયદો જણાશે.

૫. ૪ શેર ગાયની છાછમાં ૨ તોલા કલમીશોરો મેળવી આખો દિવસ તરસ લાગે ત્યારે પીવાથી પેશાબનું પ્રમેહ જનિત લોહી સ્તંભે છે. અને મદનલતાના ઘાવમાં રૂઝાન આવે છે.

૬. ૪ તોલા જીરાને ચગદી ૪ કપ પાણીમાં કાઢો કરી સાકર સાથે પીવાથી પેશાબ આરામથી આવે છે. બળતરા થતી નથી. સુજાક માટે આ સામાન્ય પ્રયોગ પણ અવ્યર્થ સિદ્ધ થયો છે.

૭. પાસેર ગુવારની દાળ અધકચરી કરી ૦॥ ટંક જેઠીમધ મેળવી આઠ પ્રહર સુધી નવા કૂલડામાં ભીંજવવી. પાણી પાસેર જ નાંખવું. સમય પાક્યા બાદ ગાળીને ટંક ૦॥ સોરોખાર નાંખવો. ૫ ટંક સાકર મેળવવી, પછી પૂયમેહ વાળાને પાઈ દેવું, માત્ર એક જ અઠવાડિયામાં આ પ્રયોગથી ભયંકર સુજાક મટી જાય છે. પણ મીઠું તેલ વાયડું નખાવું. પરહેજ પૂરો પાળવો.

૮. લીંબુનો તરતનો કાઢેલો રસ ગૌઘૃત સાથે ઉભા રહીને પાન કરવો. મદનલતાનું રક્ત રોકાશે.

૯. તકમરિયા તોલા ૧૦ ની ૭ પડિકી કરવી, ૧ પડિકી રાતે પાણીમાં ભીંજવી પ્રભાતે ગાળી તકમરિયાં ફેંકી દેવાં, ૨ ટંક સાકર મેળવી ૭ દિવસ લાગટ પાવાથી સ્ત્રી–પુરુષનો સુજાક, પરુ વહેવું વગેરે મટે.

૧૦. તલ અને ગોખરૂ સમ ભાગે લઈ વાટવા, બકરીના દૂધમાં નાખી માવો કરવો, સાત દિવસ ઔષધ ખવડાવવાથી સુજાકને કારણે વારંવાર જે પેશાબની શંકા રહે છે. અને નથી ઉતરતો અથવા તો ધીરે ધીરે ઉતરે છે. આદિ સમસ્યાઓનું સમાધાન આ પ્રયોગ દ્વારા મળી જાય છે. ઘણી વખતનો અનુભવ સિદ્ધ છે, મધુમેહ માટે પણ આ સ્વલ્પ લાભકારી બન્યો છે.

## મૂત્રકૃચ્છ્ર

૧. હરડે, ગોખરુ, કિરમાલો, પાષાણ ભેદ, જવાસો, ટંક ૧૪–૧૪ વાટીને ૩ ભાગ કરી ઠંડાઈની માફક છાંણીને પાવાથી મૂત્રકૃચ્છ્ર મટે છે.

૨. ગોખરુ, જૌખાર, ખાંડ ૧-૧ તોલો, પ્રતિદિન ૧-૧ તોલા શીતલ પાણીથી મૂત્ર કૃચ્છ્ર મટે છે.

૩. એલચી, પાષાણભેદ, સતાવરી, પીપલ, આંવલા, શિલાજીત, સંદેશડાનાં બીજ, ગોખરૂ, રેણુકા, કલથની દાળ, બોરની મીંગી, જમસાઓ, હરડે, મોથ, સર્વ સમ, તત્સમ, સાકર, ૨-૩ ટંકની પાણી સાથે ફાકી લેવી. નિત્ય, મૂત્ર કૃચ્છ મટે છે.

૪. સતવા સૂંઠ, અસગંધ, ખાંડ, ઘૃતાવલેહી લેવાથી બે-કે ત્રણ દિવસમાં પેડૂની ગરમી, રક્તસ્રાવ તથા મૂત્રકૃચ્છ્ર મટે છે.

૫. હીંગ, ઉંદરલીંડી, સાઠી ચોખા, ૫-૫ ટંક નાભી પર લેપ કરવાથી મૂત્રબંધ છૂટે છે. સામાન્યતઃ પેશાબ બંધ થયો હોય તો પણ ઉપકારી ઔષધ છે.

૬. ગોખરુ, પાષાણભેદ, કિરમાલો, ધમાસો, અરડૂસો, ૧-૧ તોલા, ક્વાથ કરવો, ઉપર શિલાજીત નાંખી પીવાથી મૂત્ર કૃચ્છ્ર મટે છે.

૭. કેશુડાં અને વરીયાળી બન્નેનો કાઢો પણ મૂત્ર વિવેચન માટે અત્યની ઉપકારી છે, પત્થરીમાં પણ વાપરી શકાય છે.

૮. એરંડાનાં કૂંપલ વાટી નાભી પર લેપ કરવો, મૂત્રકૃચ્છ્ર મટે છે.

૯. કેશૂડાં સંભાલૂ નાભી પર લેપ કરવાથી તથૈવ લાભ થાય છે.

૧૦. નિર્વંસી, જૂની મેંદી, ટંક ૩૫, જૂનો ગોળ ૫ ઘડી સુધી ભીંજવી રાખવો, બધી વસ્તુઓ અધકચરી કરી પાણીમાં નાંખવી, પછી સાકર મેળવી પાવાથી મૂત્ર કચ્છ્ર મટે છે.

૧૧. જૌખાર ટંક ૨॥, ગાયની પાસેર છાશમાં પીવાથી મૂત્રબંધ છૂટે છે. કદાચ બંધ થતાં વાર લાગે તો સૂંઠ ખવરાવવી તત્કાલ રોકશે.

૧૨. શોરાને નાભીમાં ભરવાથી પણ મૂત્ર કષ્ટ જાય છે.

૧૩. જીરુ, ખાંડ વાસી પાણીથી પીવાથી પણ મટે છે.

૧૪. આંવલા, હળદર, મિશ્રે ૫-૫ ટંક વાસી જલથી લેવાથી મૂત્રકષ્ટ મટે છે.

૧૫. ફટકડી કાચા દૂધમાં પાવાથી પણ મૂત્રકૃચ્છ્ર મટે છે.

૧૬. આંબા હળદર ટંક ૨ મધ સાથે લેવી પણ હિતકારી છે.

૧૭. વાંઝણી કંદ જલથી ઘસી પછી લગભગ ટંક ૧ નાભી પર લગાડે, પેશાબ આવે, જો ન આવે તો તેરમે દિવસે મૃત્યુ પામે.

૧૮. આકડાના દૂધમાં ઘઉંનો લોટ બાંધી રોટલી બનાવી પેડૂ પર બાંધવાથી મૂત્ર સાફ આવશે.

૧૯. મૂષક વિષ્ટા પણ મૂત્રકચ્છ્ર માટે ઉપયોગી ઔષધ છે, એની ૧ ટંક સુધીની ફાકી માત્ર ૩ દિવસ જ પાણીમાં લેવી.

૨૦. સતાવરી અને ખાંડ ૯-૯ ટંક લઈ ૩ પડિકી કરવી. ૧ પડિકી સવારે ગાયના ધારોષ્ણ દૂધમાં લેવી. ૩ દિવસમાં જ મૂત્ર કૃચ્છ્રમાં અદ્દભુત લાભ કરે છે.

૨૧. કંટાલી નર લેવી. ૧ સેર પાણીમાં ખૂબ ઉકાળી પાવાથી મૂત્ર સાફ આવે છે.

૨૨. ઉંદર લીંડી, પીપલ, કપૂર નો નાભી પર લેપ કરી ઉપર કેસૂડાં બાફી બાંધવાથી પથરી અને મૂત્ર કૃચ્છ્રમાં લાભ થાય છે.

## અશ્મરી-પથરી

૧. બિલ્વબીજ, એલચી, પીપલ, જેઠીમધ, પારાવત-કબૂતરવીઠ, ચકલાંની વીઠ, ગોખરુ, જમસાઓ, શુદ્ધ મેણસીલ, પાષાણભેદ, સર્વ સમમાત્રા, ગોળી ૧ યા ૨ ટંકની બરોબર તોલીને બનાવવી. સવારે સાંજે ૧-૧ આપવી. પાણી સાથે બાળકને અડધી ગોળી આપવી, સાથે સાથે થોડી ઘીકુંવાર ખાય તો વિશેષ લાભ થશે.

૨. જાઈનું મૂળ બકરીના દૂધમાં ખાવાથી પથરીમાં લાભ થાય છે.

૩. સુહાગો ફૂલાવેલ અને જૂનો ગોળ ૬-૬ ટંક, ગોળી ૧-૧ ટંકની ૧૪ કરે, સવારે ગરમ પાણીમાં લ્યે, ઉપર પથ્યમાં ખીચડી અને ઘી જ ખાવું. બાકી બધું બંધ.

૪. થૂઅરાનાં પાંદડાં ઠીકરીમાં ગરમ કરી બાંધવાથી કાંખોલાઈ અને પથરીમાં ચમત્કારિક લાભ થાય છે.

૫. તરકાકડી અને ખીરાકાકડીના બીજ ૩ાા-૩ાા ટંક, જૈખાર ૧ ટંક. પહેલાં ચટણીની માફક બીજ ખૂબ વાટી કપડાથી પાણી નાંખી ગાળવાં. પછી ઉપર જૈખાર ભભરાવવો, ૧૪ દિવસ આ પ્રયોગ કરવાથી પથરીમાં સારો લાભ જણાશે.

૬. પાષાણભેદ, કિરમાલો, ગળો, ગોખરુ, હરડે, સમભાગ, ૦ાા-૦ાા તોલો સવાર સાંજ ગરમ પાણીથી પીવાથી પથરી મટે છે.

૭. હરડે પાષણભેદ, એરંડ મૂલ, એલચી, શુદ્ધ ગંધક, (જો વરુણાના રસમાં શોધેલ હશે તો વિશેષ અને તત્કાલ લાભ આપશે). સમભાગે લેવાં. ૩ તોલા ઔષધ ૩૦ તોલા પાણીમાં નાંખી ક્વાથ કરી તદુપરી જૈખાર નાંખી પીવાથી પથરીમાં સારો લાભ થાય છે.

૮. આઠ વાલ સૈંધવ એક નારિયેલના પાણીમાં પાવાથી સારો ફાયદો દૃષ્ટિગોચર થશે, નાના બાળકને અડધી માત્રા આપવાથી પથરી મટે છે.

૯. તલનાં કૂંપલ તોલો ૧ દૂધમાં પાવાથી પથરી મટે છે.

૧૦. ગોખરુ અને કુળથની દાળ ૧-૧ તોલો પાશેર પાણીમાં ક્વાથ કરી પીવાથી પથરીમાં લાભ થાય છે.

૧૧. કુળથની અધકચરેલ દાળ, ગોખરુ અને ધ્રો સમભાગે એટલે લગભગ ૩-૩ તોલા લઈ ક્વાથ કરી પાવાથી પથ્થરીમાં લાભ થાય છે.

૧૨. જંગલી કબૂતરની વીઠ પાસેર, અધેલીભર સોરોખાર. ઝેરકોચલાંના બીજ સંખ્યામાં ૪, બીજ સેકી લેવાં. પાણીમાં ભીંજાવવા. પછી સર્વ એકત્ર કરી ૦ાા સેર પાણીમાં નાંખી રાત્રે ભીંજવી સવારે લગભગ ૩ તોલા પાવું, એવી રીતે પાણી ત્રણ દિવસમાં પૂરું કરવું. અવશેષ રહે તો પણ ઉપયોગ કરી લેવો. ૩ દિવસમાં અપૂર્વ લાભ પથરીમાં જણાઈ જશે.

૧૩. કુળથની દાળ, ચણા પાવ-પાવ, વરીયાળી. અજમો, ૩-૩ ટંક, ગોખરુ ૪ તોલા, બધાંનો ક્વાથ કરી પીવાથી માત્ર ૨૧ દિવસમાં જ વાત, શ્લેષ્માશ્મરી સારી થશે. ગળી બહાર આવી જશે.

૧૪. ચણાની દાળ કંટાળી થૂઅરનાં દૂધમાં વાટી બોર પ્રમાણે ગોળીઓ કરવી. સવારસાંજ એક ગોળી ગોળમાં લપેટીને આપવી. ૩ કે ૭ દિવસ પછી પેશાબમાં રેત ઉતરવી શરુ થશે. પેશાબ ગાળીને અનુભવ કરી લેવો,

૧૫. પાહણીમૂલ[1] પાણીમાં ઘસી પાવાથી લાભ થાય છે.

૧૬. પથરીનો આ પણ એક અત્યન્ત ઉપકારી અને અનેકવાર અનુભવેલ મહાયોગ છેઃ–
૧૦ તોલા કુળથની દાળ અધકચડીને નવા કૂલડાંમાં રાત્રે ભીંજવવી. સવારે ખાફવી. અવશિષ્ટ પાણી ગાળીને જૂદું રાખવું. પછી તપેલીમાં લગભગ ૫ તોલા ઘી મૂકી લસણની ૧૨ કળિઓ નાંખી. જીરું, મેથી આદિથી એ પાણી વઘારવું. અનન્તર સૈંધવ, શુભ્રા, સોહગી, સાજીખાર, કલમી શોરા, બીજાં ચારે મીઠાં ભેગાં કરી ખાંડી ચૂર્ણ કરી શીશીમાં જૂદું રાખવું. વઘારેલ પાણીમાં પસંદગી પ્રમાણે નાંખી પાઈ દેવું. ગમે તેવી જાતની પથરી હશે તો પણ એક માસની અંદર ગળીને બહાર આવી જશે. આ સેંકડો લોકો પર અજમાવેલ છે. એકવાર પણ નિરર્થક નથી ગયો.

૧૭. કેશૂડાંના ફૂલોનો કાઢો સાકર નાંખી પાવાથી પણ પથરીમાં ઉલ્લેખનીય લાભ થાય છે.

## મદનલતા–વૃદ્ધિના ઉપચાર

૧. લવિંગ, કાળાં મરી, બહેડાં, ખેરસાર, પાનના રસથી મોટી ગોળિઓ બનાવી રાખવી. પછી પાણી સાથે ઘસીને લતા પર લગાડવી. વૃદ્ધત્વ આવશે.

૨. ભોરીંગણીના ફલ, ચણોઠી વાટીને લેપ કરવો.

૩. પ્લાંડુ પંચાંગ લઈ સાત દિવસ વાસણમાં નાખી ભૂમિમાં ગાડે. પછી ગાજરબીજ ટંક ૨ા લઈ સાત ટંક પ્લાંડુ દ્રવ્યસહ મર્દી મદનાંકુશ પર લેપ કરવાથી વૃદ્ધિ થાય છે.

૪. તેલ તલનું, સુહાગો, મણસીલ, કૂઠ, જાયફળ, જાઈના પાનનાં રસમાં ૭ દિવસ ઉબટણ કરવાથી વૃદ્ધિ થાય છે.

૫. છડ, લીલી ભાંગ, ધતૂરા અને પાનનો રસ અશ્વમૂત્રથી મર્દન કરી સોપારી ટાળી બધે લેપ કરવો. ૧ાા દિવસમાં વૃદ્ધિનો અનુભવ થશે.

૬. ઈન્દ્રજૌ ટં. ૦ા આખો દિવસ ભેંસના દૂધમાં ભીંજવવાં. પછી વાટીને ૨૧ દિવસ સુધી લેપ કરવો.

૭. આસીંદ, ગજપીપળ, ઉપલેટ, લજાલૂ સર્વનું ચૂર્ણ મહિષી મૂત્રથી લેપ. મદનાંકુશ વૃદ્ધ થશે.

૮. સાટોડી, લીંબડાનો ગૂંદ, કરંજિયા તૈલ સાથે લેપ.

૯. ધતૂરાના બીજ, જાયફળ, અફીણ, સમુદ્રફળ ઘીમાં પચાવીને ઘીનો લેપ કરી એરંડપત્રમાં બાંધવાથી મદનાંકુશ વધે છે.

૧૦. કૂઠ, વચ, ગજપીપળ ભેંસના ઘીથી લેપ કરવાથી મદનલતા વિકસે છે.

૧૧. આસીંદ, જૌખાર, મરી, કૂઠ, સૈંધવ, પીપલ, સમમાત્રા તગર, ઉભીરીંગણી અને મધુથી લેપ કરવાથી વાંછિત સિદ્ધિ થાય છે.

૧૨. સફેદ કનેરનું મૂલ ઘસી ચોપડવાથી પણ વધે છે.

---

૧. આગળના પ્રયોગમાં પાહણીની ઓળખ આજ ગ્રંથકારે આ પ્રમાણે કરાવી છે. પાહણી ગળજીભી જેવી કાંટાવાળી હોય છે. પાન સ્વલ્પ વક્ર હોય છે. પાને કાંટા પણ નજરે પડે છે. પાહણીનાં પાન અને ત્વચા ચાવીને પછી કાંકરા ચાવવાથી ભૂકો થશે. એજ મોટી ઓળખ છે.

૧૩. અસગંધ, ગજપીપલ, અકરકરો, ઉંદરકર્ણી જાડાં વાટી ઉભી રીંગણીનાં પાન અથવા તો ફલના રસમાં ઘૂંટી સ્વલતાપર લેપ કરવાથી અદ્‌ભુત વૃદ્ધિ થાય છે.

૧૪. જાઇનાં ફૂલ, નેગડના પાન, કસેલો, શિરસનાં ફૂલ, ગૂંજાફૂલ, કપૂર ચીણિઓ, વચ, કૂઠ, મોથ, બધાંને સૂક્ષ્મ વાટી ભેંસના દૂધમાં લેપ કરવાથી વધે છે. કાંજીથી ધોવો.

૧૫. એ જથો લઈને ૧ સેર સરસિયાના તૈલમાં ખૂબ ઉકાળવી. બળીને કાળો થાય ત્યારે તૈલમાં જ ઘૂંટી નાંખવી. પછી ફૂંભકું કરી લતા પરજ લેપ કરવો. પણ આ પ્રયોગમાં સાવધાંની અપેક્ષિત છે. બીજે કયાંય ટીપું ન પડવું જોઈએ.

૧૬. દાડમની છાલ ટંક ૫, કંટાલીનાં છોડાં ટંક ૫, પલાસની રાખ ટંક ૬, સરસિયું તૈલ ૧૫ તોલા લોઢાની કડાઇમાં નાંખી મંદાગ્નિથી ૪ ઘડી પચાવે. પછી કપડાથી ગાળી શીશી ભરી ભરી રાખે. આ તેલ ઇંદ્રીએ મર્દન કરી ઉપર નાગરવેલનું પાન બાંધે. સ્થૂલતા અને વૃદ્ધિ થશે.

## વીર્યવૃદ્ધિ, નપુંશકતા, સ્તંભન, ધાતુ વિકારાદિ ઉપચાર

૧. જાયફલ, જાવંત્રી, તજ, તમાલપત્ર, એલચી, નાગકેસર, લવિંગ, અકરકરો, ખુરાસાણી, અજમો, અહિખરો અને કનકબીજ, વિજ્યા, અહિફેન, ત્રિકટુ, કૌંચાના બીજ, મોગરાની જડ, આકડાની જડ, કનેરજડ,(શુદ્ધ) ઉંટ કંટાલાની જડ, ઝેર કોચલાં, વચ્છનાગ, (શુદ્ધ) બોર અને ભોરીંગણીની જડ, ૨–૨ ટંક, નાગરવેલના પાનના રસથી ગોળિઓ લગભગ ૪–૪ રતિની કરવી. સવાર–સાંજે દૂધમાં લેવાથી પરાક્રમ વધે છે. સ્તંભક અને વીર્યવર્દ્ધક આ ગોળી અનેકવાર અજમાવેલ છે.

૨. લવિંગ, જાયફળ, જાવંત્રી, લૌહભસ્મ, રસસિંદૂર, અભ્રખ, વાયવિડંગ, બંગ, ટંક ૧ાા–૧ાા સર્વ કાષ્ટાદિક ચૂર્ણ કરી પછી ભસ્મો મેળવી ખરલ કરવું. નિત્ય ૧ ટંક સુધીની પડિકી લેવી. મધ સાથે ઉપર દૂધ પીવું. સંયમથી રહેવું. નપુંશકપણામાં લાભ થાય છે.

૩. ભાંગ પાસેર, જાયફલ, જાવંત્રી, તજ, વત્સનાભ, ગોખરુ, ઉટીંગણ, ખુરાસાણી અજમોદ, તાંમ્ર ભસ્મ, લૌહસાર, પારદ અને ગંધક શુદ્ધ, અભ્રખ સર્વ સમાન ભાગે ભાંગને ઘીમાં તડતડાવી લેવી. પછી ભસ્મો મેળવી સાકરની ચાસણીમાં ગોળી મોટા બોર બરાબર વાળવી. સાંજે ભોજનાન્તર લેવાથી સ્તંભન થાય છે. ધાતુ પુષ્ટ થાય છે અને શરીરે તેજ પ્રકટે છે.

૪. અહિખરો, સતાવરી, નિર્ગુંડી, ગોખરુ, સુંઠ, કાળા મરી, કાળી મુસળી ૧૫–૧૫ ટંક વિષમ ભાગે ધૃત અને મધ સાથે ગોળી ટંક ૧ની બનાવવી. સવાર–સાંજે ખાવાથી વીર્યવૃદ્ધિ થાય છે.

૫. ચિત્રક, નાગકેશર, ચવિક, સિરધૂબીજ, કનકબીજ, કૌંચબીજ, લવિંગ, કલુંજી, અહિખરાનાં બીજ, અકરકરો, અજમોદ, કાલીમુસલી, સતાવરી, પીપર, તમાલપત્ર, એલચી ૯–૯ ટંક મધુથી ૧–૧ ટંકની ગોળિઓ બનાવવી. દેહપુષ્ટિ સાથે ગતકામી વિકસિત સ્થિતિનો અનુભવ કરશે.

૬. અરણીની છાલ, બહેડાં, સતાવરી, કૌંચબીજ ૨–૨ પલ. ૯ પલ સાકર આવશ્યકતાનુસાર મધ નાખી અવલેહ બનાવવું. ૧ાા તોલા સવારે ખાઇ ઉપર દૂધ પીવું. પૌરુષમાં અભિવૃદ્ધિ થશે.

૭. અહિખરો, ગોખરુ, કૌંચબીજ, ગંગેરણની જડ, સતાવરી, કાળાં તલ, અડદ, મોચરસ, અભ્રખ, બંગ, ૧૦–૧૦ ટંક, ઉટીંગણ કાંકસી, ૩–૩ ટંક, બહેડાં, મહુઆ, કાયફળ ૭–૭ ટંક, બધાંનું મધમાં અવલેહ બનાવવું. અથવા તો નાના બોર બરોબર ગોળિઓ બનાવવી, બબ્બે ગોળિઓ

બે વખત દૂધમાં લેવાથી વિગત શક્તિ પ્રાપ્તિ માટે હિતકર છે. બલ અને પૌરુષમાં સારી વૃદ્ધિ થાય છે.

૮. મેથી, અલસી, અને મૂળાનાં બીજ, ગાજરબીજ, ઇસ્પંદ, પ્લાંડુ, સુંઠ, કાળી મુસળી, બહુફલી, જાયફળ, ઉટીંગણ, તજ, પત્રજ, કુલિંજણ, કબાબચીણી, મરતંગી, કંકોલ, કેશર, મરી, વંશલોચન. પિસ્તા, નેવજા, બધાંએ ૩–૩ પલ લેવાં. સવારે ટંક ૨ાા ની માત્રા સાકર સાથે લેવાથી વહેતી ધાતુ રોકાય છે. અને પુષ્ટ થાય છે.

૯. અકરકરો. બન્ને મૂસલી ઇન્દ્રજૈ, ગળોસત, ગોખરુ, ગૂંદાં, કૌંચબીજ ફોતરા વગરના (દૂધમાં ભીંજવી ફોતરાં દૂર કરવાં) બલબીજ, ઉટીંગણ, કબાબચીણી, તાલમખાણાં, એલચી, સિંઘાડા, સર્વ સમાન અને બધી દવાઓ સમાન સાકર લઈ લગભગ ૧ તોલાની ફાકી લેવી. ઉપર દૂધ પીવું. ધાતુપૌષ્ટિક ચૂર્ણ છે.

૧૦. અડદ ૧૦ સેર લઈ સાંજે ૧ સેર દૂધમાં ભીંજવી રાખવાં. સવારે ફોતરાં દૂર કરી દાળ બનાવવી. પછી આ દાળની ૨ાા સેર દૂધમાં ખીર કરવી. અનન્તર ગજપીપળ, જાયફળ, જાવંત્રી, અકરકરો, કાળાં-મરી, વંશલોચન, લવિંગ, કેશર, અહિખરો, અહિફેન, કપૂર, નાગકેશર, ખુરાસાણી અજમો, અસગંધ, ક્ષીરકંદ, કેલીકંદ, મૂસલી, ધાણા, સતાવરી, અજમો, સાટોડી, ધતૂરાનાં શુદ્ધબીજ, વિદારીકંદ, સતાવરી, દ્રાખ, સાલરનાં છોડાં, ભાંગ, કૌંચબીજ, ગોખરુ, ખારક, તામ્રભસ્મ, અભ્રખ, બંગભસ્મ, સર્વ ૧૦–૧૦ ટંક મેળવી. અનુકૂળતા પ્રમાણે સાકર નાંખી લાડુ બનાવવા, બલાબલ જોઈ નિત્ય સેવન કરવાથી દરેક રીતે શરીર પુષ્ટ થાય છે, અને ધાતુગત વિકારોનું સત્વર શમન થાય છે. આ પ્રયોગ સામૂહિક રુપે જ બની શકે તેમ છે.

૧૧. જાયફળ, જાવંત્રી, લવિંગ, પાનરસ, કાથો, એલચી, ખુરાસાણી અજમો, અકરકરો, ઇસ્પંદ, બહુફલી, કૌંચ બીજ, વાયવડિંગ, ચિત્રક, તમાલપત્ર, મરતંગી, સમુદ્રશોષ કસેલો, તજ, મોકની જડ, સેકેલા ચણાં, બધી દવાઓનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી ભાંગ અને પોસ્તાના પાણીની ૩–૩ ભાવના આપી ઘૂંટવું, બાદ કપૂર અને કસ્તૂરી ૨–૨ માસા, હિંગૂલ શુદ્ધ ૩ માસા મેળવી, મોટા બોર અથવા સહન થઈ શકે તો સોપારી બરોબર ગોળિઓ બનાવવી, મોઢામાં રાખી ચૂસવી, પછી પૌષ્ટિક ભોજન લેવું. આ ગોળીનો પ્રયોગ વિશેષ કરીને સ્તંભન માટે છે. એટલે સાંજે જ પ્રયોગ કરવો, કામ ઘણું જ સારું કરે છે.

૧૨. રાતા કનેરની કલિઓ, સફેદ કનેરની કળિઓ ૨–૨ સેર એકત્ર કરી ૮ સેર દૂધમાં કઢાવી દહીં જમાવવું, પછી ઘી કાઢી, પગે હાથે અને મદનલતા પર ચોપડવાથી સ્તંભન થાય છે.

આ પ્રયોગની બન્ને કનેરની જડો પણ મેળવવામાં આવે તો વિશેષ ચમત્કાર બતાવે છે, સોયની નસીંકનાં બે પાન બનાવીને પણ ખાઈ શકાય છે, પૌષ્ટિક ખોરાક અને વિશેષ રીતે ઘી–દૂધની વ્યવસ્થા હોય તો જ આ પ્રયોગને મૂર્ત રુપ આપવું. અન્યથા હાનિ થવા સંભવ છે.

૧૩. કબાબચીણી ૨ાા ટંક સમુદ્રશોષ, લવિંગ, ઇસ્પંદ, અકરકરો, શુદ્ધ હિંગૂલ, જાયફલ, જાવંત્રી ચીણિયો, કપૂર, ભાંગ, અફીણ, બધીએ દવાઓ જૂદી–જૂદી વાટવી, અનન્તર ૫ ભાવના લીંબૂના રસની દેવી. ૦ાા ટાંકની ગોળિઓ કરવી. સાંજે ૧ ગોળી સેવન કરી ૨ ઘડી બાદ ૨ તોલા ગોળ ખાવો, પછી કાર્યમાં પ્રવૃત્તિ આદરવી, સ્તંભન.

૧૪. અકરકરો, અહિફેન, વત્સનાભ, પારદ, કનકબીજ, અજમો, કંકોલ, મરી, હયબોર, કપૂર, ભાંગ

શુદ્ધ સિંગ્રફ, સમુદ્રશોષ, મૂસલી, લવિંગ, એલચી, કનેરની કળી, બલબીજ, ખીરકંદ, જાયફળ, જાવંત્રી ૧–૧ ટંક પોસ્તા, ભાંગ અને નાગરવેલના પાનની રસની ૧–૧ ભાવના આપવી, નાનાં બોર પ્રમાણે ગોળિઓ બનાવવી, દૂધ સાકર વગેરેનું ઉપર સેવન કરવું, અદ્ભુત સ્તંભન થાય છે.

૧૫. ઉટીંગણ, કૌંચબીજ, તુલસીના બીજ ૦॥–૦॥ સેર કૂટીને સર્વ સમભાગ ગોળ મેળવી ૨૮ લાડૂ બાંધવા ૧–૧ સાંજે ખાવા, ૧૪ કે ૨૮ દિવથમાં જ હસ્તમૈથુન દોષથી મુક્તિ મળે છે. અને તમામ વીર્ય દોષોમાં ઉલ્લેખનીય લાભ થાય છે.

૧૬. મોટું જાયફળ કોરીને અફીણ, સોહગી, અજમો અને તલ ભરી દેવાં, પછી એ જાયફલનું મોઢું સારી રીતે બંદ કરી જાયફલ ધતૂરાના ડોડીમાં મૂકવો, ડોડો મોટા રીંગણામાં મૂકવો, રીંગણું પર કપડ માટી કરી આરણ્યા છાણાંથી ગજપુટ દેવો. સવારે સ્વાંગ શીતલ થયે કાઢી. જાયફલ, ગોરખ મુંડી, ઇસ્પંદ, બહ્મડંડી, બબ્બે માસા લઈ તૈયાર થયેલ ઔષધિમાં મેળવવાં, પછી તમામને નાગરવેલનાં રસમાં ખૂબ ખરલ કરી મરી સમાન ગોળિઓ બનાવવી. ખાવાથી શરીર અત્યની પુષ્ટ અને તેજસ્વી બનશે તથા ધાતુપુષ્ટ થશે, આ પ્રયોગ નિર્ભય છે.

૧૭. સુંઠ, ૦॥ સેર, અસગંધ, ગોળ, ઘી, ૦॥ સેર, ગોળની ચાસણી કરી ૧ તોલો નિત્ય સેવન કરવાથી સ્વપ્નદોષ, વિંદુકુસાદિ દોષ મટે છે.

૧૮. તલના પાનનો રસ ૫ તોલા નિત્ય પાન કરવાથી વિગત કામ શક્તિનો પુનઃ વિકાસ થાય છે.

૧૯. પ્લાંડુ, લીંબૂ મધ, ૫–૫ ટંક અને ઘૃત ૨॥ ટંક નિત્ય સેવન કરવાથી પણ ઉપર મુજબ જ પ્રભાવ બતાવે છે.

૨૦. ફોફીડા ૧૪ અથવા તો ૨૦ ફોતરાં અલગ કરી ઘીમાં અવશિષ્ટ ગર્ભનો ભાગ તળવો, અનન્તર કોરી ચીકણી માટલીમાં નાખી, મધ ભરી જમીનમાં અથવા તો અનાજમાં ૭ દિવસ માટલી ગાળી દેવી. તાત્પર્ય કે પ્રાકૃતિક ઉષ્મા મળવી જોઈએ. પછી કાઢી ૧–૧ ડોફીડું નિત્ય ખાવાથી નપુંશકપણું વિના શંકાએ મટે છે.

૨૧. જાયફળ, શુદ્ધ હિંગૂલ; અકરકરો, સીંઘોડાનો લોટ, બાવળિયાં, મેંદો સર્વ મેળવી ખાંડની ચાસણીમાં પલાડી અથવા લાડૂ બનાવી ખાવાથી પૌરુષ જાગે છે.

૨૨. સફેદ અને લાલ ચણોઠીનાં બીજોને પ્રથમ ભૃંગરાજ રસની ભાવના આપવી. પછી ગાડરના દૂધની ૩ ભાવના દેવી. અનન્તર પાતાલ યંત્રે તૈલ કાઢવું, મદનલતા પર માલિશ કરવાથી વિગત શક્તિનો પુનઃ વિકાસ થાય છે.

૨૩. ઘૃત, ખાંડ અને અડદ ૧–૧ સેર, પીપલ, સિંઘાડા, બહૂફલી, વૃતાંક બીજ, કનકબીજ, કૌંચાં બીજ, બન્ને મૂસલી, સતાવરી, ભાંગરો, આસગંધ, ગંગેરણ, સર્વ ટંક ૧૧–૧૧, સારી પેઠે મેળવી, કૂલ્હડીમાં રાખે, સવારે સાંજે ૨–૨ તોલા ખાવાથી તમામ વીર્યદોષ મટી દેહ પુષ્ટ થાય છે.

૨૪. ઝેરકોચલાં ૭ ટંક, સુંઠ ૨૧ ટંક, અકરકરો ૨॥ ટંક, લવિંગ ૨॥ ટંક, બધાંનું ચૂર્ણ કરી ૨૦૦ નાગરવેલના પાનનઃ રસમાં સારી રીતે ઘૂંટી ગોળિઓ ૪–૪ રતિની બનાવી સવાર–સાંજે દૂધ સાથે સેવન કરવાથી ક્ષુધા પ્રબલ યાય છે અને વિગત વીર્યદોષ રાખે છે.

૨૫. આ પ્રયોગમાં હું લૌહ, તામ્ર અને અભ્રખ ૩–૩ માસા, તથા પ્રવાલ ૧ તોલો મેળવું છું ચમત્કારિક કામ કરે છે.

૨૫. હુલહુલનાં બીજ, ૧ સેર. ૪ સેર ગૌદુગ્ધમાં માવો બનાવે, ઘીમાં સેકી આવશ્યકતાનુસાર ખાંડની ચાસણી બવાવી લાડુ બનાવી લેવા, જાયફળ, જાવંત્રી એલચી આદિ સુગન્ધિત દ્રવ્યો કે પ્રયોગમાં નથી પણ ભેળવવાથી લાભ સારો જણાયો છે. અને શક્તિ સારી હોય તો લૌહ તામ્ર, અને રસસિંદૂર મેળવી ખાવાથી અત્યન્ત લાભ થાય છે.

૨૬. અકરકરો, કૌંચબીજ, મૂસલી, અહિખરાનાં બીજ, નાગકેશર, માલકાંગણી, તજ, તમાલપત્ર, સુંઠ, ભાંગ, કબાબચીણી, કસુંભાના બીજ, જાયફળ, કપૂર, ચૂર્ણ કરી ગોળમાં અથવા તો મધમાં ઘૂંટી ૨–૨ માસાની ગોળિઓ બનાવવી, મદનલતાની સુષુપ્તતા મટે છે. બલકારી ઔષધ છે. સવારે સાંજે દૂધમાં ૧–૧ અને બની શકે તો ૨–૩ ગોળિઓ નિત્ય શેવન કરવી.

૨૭. **કામદેવ રસ**

એક ગજ લાંબૂ–પહોડું માદરપાટ અથવા એને મળતું જાડું કપડું લઈ ૭ ભાવના ધતૂરાના રસની, ૫ ભાવના વિષખપરાનાં રસની, તથા એટલી જ ભાંગરા, તુલસીનાં રસોની આપવી. રોજ ભીંજોવી છાયામાં સૂકવવું, કપડું કકક થઈ જશે. પછી કપડા પર ભેસનું માખણ ૦॥ સેર ચોપડી તદુપરી ગંધક મેણસીલ અને હિંગૂલ ત્રણે શુદ્ધ લેવાં–ભભરાવવાં બાદ કપડાથી ધીરેથી ભૂંગળી કરી તાકમાં પરોવી ચૂઓ પાડવો, ચૂએલ દ્રવ્ય, ૧ રતિ શુદ્ધ પારા સાથે મર્દિત નાગરવેલના પાનમાં આપવાથી દરેક રીતે ગુણ કરે છે. અને વીર્યના દોષોનું સત્વર શમન કરે છે. આ ઘણું નિર્ભય ઔષધ છે.

૨૮. કંટાલી, માલકાંગણી, ધતૂરાનાં બીજ, ભાંગના બીજ, ૯–૯ ટંકની એક પોટલી બાંધી ડોલકા યંત્રવત્ ૫ સેર ભેંસના દૂધમાં કઢાવી દહી જમાવવાનું, ઘી કાઢી પાસે મર્દીને નાગરવેલના બીડામાં આપવાથી વીર્યવૃષ્ટ કરે છે. અહીં એટલું ધ્યાનમાં રાખવું કે પારો ખાધાં પૂર્વે અપામાર્ગના રસમાં ૧ દિવસ ઘૂંટી લેવો, કારણ કે અપામાર્ગ–આંધીઝાડામાં મર્દિત પારદ શરીરમાં અન્ય વિકાર નથી કરતો. પણ લેવો શુદ્ધજ, એ ન ભૂલવું.

૨૯. અહિખરો અને ગોધૂમ ચૂર્ણ ૧–૧ સેર, બન્નેનો રોટલો બનાવવો. અથવા તો રોજ બન્નેનાં લોટની ભાખરી બનાવી, રૂચ્યાનુસાર ઘૃતથી પરિપૂર્ણ કરી ખાવી, ઉપર દૂધનું સેવન કરવું, આ પ્રયોગ જો કે લાગે છે તો સામાન્ય, પણ હસ્તમૈથુનનાં રોગિઓ માટે ઉપકારી પ્રમાણિત થયો છે, હાં અને ત્યાં સુધી મદનલતાની વક્રતા મટાડવા કોઈ તિલા પણ સાથે માલિશ કરવામાં આવે તો અંદર અને બાહર બન્ને તરફથી અચિન્તિન લાભ થાય છે.

૩૦. સમુદ્રશોષ, ઉટીંગણનાં બીજ, કનેરની શુદ્ધ જડ, ૨–૨ ટંક. ભાંગ ટંક ૧૦, બમણી ખાંડ અને ઘૃત મેળવી નિત્ય ૨–૨ માસા ખાટા, અથવા તો પાનના રસમાં મોટા બોર પ્રમાણે ગોળી કરી ખાવાથી, તો સ્તંભન થાય. પ્રયોગ સાવધાનીથી કરવો, ઉપર દૂધ, બદામ આદિ પૌષ્ટિક વસ્તુઓ સારા પ્રમાણમાં વાપરવી.

૩૧. જાયફળ અને અફીણ (જો આદુના રસમાં ૨૧ વાર ભાવિત કરેલું હસે તો વિશેષ ગુણ બતાવશે) બન્ને સમ ભાગે લઈ ગોળી મરી બરોબર લેવાથી અદ્દભુત સ્તંભન કરે છે, અને કબ્જી પણ થતી નથી. દૂધ સારી રીતે પીવું જોઈએ.

૩૨. ઉંટકટારાની જડ ૧૩ સે તોતરી ૧૪ સે લાવવી કટિએ બાંધે તો અદ્દભૂત સ્તંભન થાય છે, અતિ અનુભૂત છે.

૩૩. પુષ્ટ અને બળવાન્ બળદનાં વળાંક શીંગડાંને પાણીમાં ઘસી મદનાંકુશ પર લેપ કરવામાં આવે તો મહાસ્તંભન.

૩૪. સૂંઠ, જાયફલ, તજ, તમાલ પત્ર, ગોખરુ, એલચી, વાયવિડંગ, લવિંગ, મુલેઠી, કૌંચ બીજ, અકરકરો, કબાબચીણી, પાનની જડ, ખુરાસાણી અજમો, તાલમખાણાં, હીંગ, ઇસ્પંદ, ઉટીંગણ બીજ, ચિત્રક, અહિફેન, કેશર, સર્વ સમભાગે લઈ ચાસણીથી ગોળીઓ ક્રાંકણી બોર બરોબર બનાવવી. સાંજે ૧ ગોળી લઈ દૂધ પીવું, સ્તભંન.

૩૫. ઉંટકટારાની જડ ૧૦ સેર, ૧ મણ દૂધમાં ઉકાળી. માવા જેવી સ્થિતિનું પૂર્વ રુપ જણાય ત્યારે ગાળીને જડનો કચરો દૂર કરવો, પછી ગાળેલી વસ્તુમાં અકરકરો, લવિંગ, જાયફલ, કેશર, તજ, પત્રજ, કપૂર મેળવી મંદાગ્નિએ સ્વલ્પ ઉકાળી લીંબૂ બરોબર ગોળિઓ બનાવવી. નામર્દીના વિનાશ માટે આ પરમ ઉપકારી ઔષધ છે.

૩૬. ફરીદ બૂંટી ૧।। તોલા મેંદા લકડી ૫ તોલા, સતર્વા સૂંઠ સમુદ્રફલ, અને સર્વ સમ, ખાંડની ચાસણીમાં મોટા બોર સમાન ગોળિઓ બનાવવી. ગોળી ૧ સવારે ખાલી પેટે આપવી, બિંદુ-કુશાદ અને વિશેષ કરીને યોનિસ્પર્શ થતાં જ દ્રવી જતાં રોગિઓ માટે આ ઉત્તમ અને શતશોનુભૂત છે.

૩૭. ગાજરબીજ ૨૫ તોલા, ગાયનું દૂધ ૧૦૦ તોલા હાંડલીમાં મુખમુદ્રા લઈ ઉકાળે. શીતલ થયે કાઢી છાયામાં સૂકાવે પછી વાટી ચૂર્ણ કરી, બલબીજ, સમુદ્રશોષ, મોચરસ, ધાવડાનો ગૂંદર, ૨–૨ તોલા મેળવે, બમણી સાકરની ચાસણી ૫ ટંકની એક ગોળી બનાવે. સંધ્યા–સાયં ભક્ષણ કરે. નપુંસક્તા મટે છે.

આ પ્રયોગમાં જે ગાજર, હુલહુલ અને ભૂળાના બીજો પણ સારી રીતે પચાવીને મેળવવામાં આવે તો વિશેષ અને સત્વર ગુણ કરે છે.

૩૮, પાસેર ધતૂરો ત્રણ શેર દૂધમાં ઓટાવે, દહી જમાવે. ઘી કાઢી, તે માંહે જાયફળ, મોહરો નાંખી ગરમ કરી ઘી સોયની સીંકથી પાનમાં ખાવાથી ધાતુ પુષ્ટ થાય છે, મિષ્ટાન્ન તથા પૌષ્ટિક ભોજન કરવું. પણ મીઠાંનો ત્યાગ કરવો.

૩૯. કૌંચની જડ લગભગ ૦।। તોલો ગાયના દૂધમાં ઘસી પીવાથી અદ્દભુત શુક્રવૃદ્ધિ થાય છે.

૪૦. આમલગંઠી, ચિત્રક સૂંઠ, પીપલ સમભાગે લેવા, બમણી ખજૂરમાં ગૂગલ જેમ કુટવાં, વિષમ ભાગે ઘી અને મધ મેળવવાં, ૩ તોલા લગભગ રોજ સવારે ખાવાથી શરીરની શિથિલતા તથા દુર્બલતા મટે છે.

૪૧. અસગંધ, ગજપીપલ, ઉપલેટ સમમાત્રાએ ભેંસના માંખણમાં મર્દન કરી મદનાંકુશ પર લેપ અથવા માલિશ કરવાથી કામ જાગૃતિ થાય છે. લતાની શૂન્યતા મટે છે, લેપને ગરમ પાણીથી ધોવો.

૪૨. જાયફળ અને ઉપલેટ ૨–૨ તોલા લઈ ૧૦ તોલા ઘીમાં મંદાગ્નિથી, પચાવવો, અન્નતર બન્ને બીજાં લઈ ૨–૨ રતિ એજ ઘીમાં સેવન કરવાથી કામવૃદ્ધિ થાય છે.

૪૩. સફેદ લાલ કનેરની જડની (શુદ્ધ) છાલ, પારા ગંધકની કજ્જલી ૬–૬ ટંક, પછી ૩૦ ટંક ઘી સારા જાડા કપડામાં લગાડી ઔષધ છાંટી તેઉકાય પ્રયોગ કરી ઘી એક પાળીમાં લેવું. મદનલતા પર–માલિશ કરવાથી ૨૧ દિવસમાં જ અદ્દભુત ચમત્કાર બતાવે છે, શૂન્યતા મટી તેજસ્વી બને છે.

૪૪. નેગડિયા બીજ ૦।। સેર, ચણોઠી, કનકબીજ, માલકાંગણી અજમો, અસાલિયો, ૦।–૦। સેર, અંખિયો ટંક ૧, વચ્છનાગ ટંક ૦।, બધાંનું પાતાલયંત્રે તૈલ કાઢવું, ૧ રતિ નાગરવેલનાં પાનમાં ખાવું. વિગત મદન શક્તિ પુનઃ પ્રાપ્ત થાય છે, વાત રોગોમાં પણ આ ઔષધ સારો લાભ પ્રદર્શિત કરે છે.

૪૫. ૦।। સેર કૌંચના બીજને દૂધમાં પલાડી છોતરાં દૂર કરે. પાસેર અડદને પાણીમાં ભીંજવી છોતરાં અલગ કરે. પછે બત્તીસાનાં ઔષધ મેળવી ૨–૨ તોલાનાં વડાં બનાવી ગૌઘૃતમાં તળે. પછે એ વડાં ૬ સેર મધમાં રાખી ૭ દિવસ અનાજમાં, રાખે. વળી વાર સાત મધ બદલાવી પુનઃ ગાડે સાત દિવસ, પછી નિત્ય એક એક વડું રોજ ખાય. આ વડાં કામશક્તિ વધારે છે અને તમામ જાતની ધાતુની વિકૃતિઓ દૂર કરી અદ્દભુત લાભ આપે છે.

૪૬. આકડાના પુષ્પોનું ચૂર્ણ ટંક ૧ ગૌદુગ્ધથી પીવાથી વિગત શક્તિ પ્રાપ્ય થાય છે. કામ જાગૃતિ થાય છે.

૪૭. અહિખરાના બીજ, પરસૂદી ખાંડ અથવા તો સાકર સાથે લેવાથી કામવૃદ્ધિ થાય છે. સારું એ છે કે ઘી નાંખીને પાપડી બનાવી લેવી,

## ૪૮. રાજા જગન્નાથની કામેશ્વર ગુટિકા.

કામેશ્વર ટંક ૬૦, ભાંગ ટંક ૬૦, કેશર. સોનનાં વરક, રુપાના વરક, પ્રવાલ, મુક્તા, વંશલોચન, અંબર, કસ્તૂરી, કપૂર, ચંદ્રોદય રસ, મોટી હરડે ૬–૬ ટંક, દોઢગણું નિવાત મધ સાથે ઘૂંટી નાના બોર બરોબર ગોળિયો કરે. દૂધ કેશરિયા સાથે નિત્ય સેવન કરવાથી અદ્દભૂત ગુણકારી છે. સ્તંભન, વીર્યવૃદ્ધિ, નપુંશકતા આદિ દરેક ધાતુગત રોગોપર અવ્યર્થ મહૌષધ છે.

## ૪૯. સિંહવાહની ગુટિકા મહારાણા કુંભાની.

અફીણ, વચ્છનાગ, કેશર ૨ ટંક, પોસ્તાની ૭ ભાવના દેવી. બાદમાં અકરકરા, ભાંગ, લવિંગ, ઝેરકોચલાં, ધતૂરાનાં બીજ અને સમુદ્રશોષની બબ્બે ભાવના દેવી, અનન્તર આદુના રસની સાત ભાવના આપવી. અન્તિમ ભાવના કુમારિકા રસની દઇ નાનાં બોર પ્રમાણે ગોળિઓ. બનાવવી. ૧ ગોળી સાંજે સેવન કરવાથી અદ્વિતીય સ્તંભન થાય છે. શતશોનુભૂત,

૫૦. પીપલ, તજ, તમાલપત્ર, એલચી, લવિંગ, અકરકરા, હિંગૂલ, અકરકરા, જાયફળ, જાવંત્રી, કેશર, સિંઘાડા, અડદ, ઉટીંગણ, મેથી, મોઠજડ, મૂસલી, બંગ, લૌહ ભસ્મ સર્વ ૯–૯ ટંક, ઔષધ સમ નિવાત, મધથી ગોળી બાંધવી. નાના બોર પ્રમાણ સાંજે ૧ કે બે ગોળિઓ સાંજે દૂધ સાથે લેવાથી અદ્દભૂત સ્તંભન થાય છે.

૫૧. શુદ્ધ હિંગલુ, મસ્તંગી, ગંધક શુદ્ધ, અકરકરો, જાયફળ, કેશર, જાવંત્રી, લવિંગ, તજ, કબાબચીણી, કપૂર, ભારંગી, મોટી હરડે, તવખીર, બાવળની જડ, ચણાનો લોટ, સમસ્ત ઔષધ ૧–૧ ટંક, ખારેક, અહિફેન, ઈરપંદ ૨।।–૨।। તોલા, ખુરાસાણી અજમો ૧૬ તોલા, જૂનો ગોળ ૫૦ તોલા, જૂનો ગોળ ૦।। સેર પોસ્તાના પાણીમાં ભીંજવી રાખે, અને એમાંજ બધાં ઔષધોની ગોળિઓ

બનાવે. નાના બોર પ્રમાંણુ, ગોળી વધારે તેજ બનાવવી હોય તો પલાસવલ્લીના રસ તોલા ૧ માં વાપરે. પછી ઉપર ધૃતપાન, ગોળી બપોરે લ્યે. અને સાંજે પણ સેવન કરી દૂધ ધૃતાદિક પુષ્ટ ભોજન આરોગે. ગ્રન્થકાર તો જણાવે છે કે ૩ દિવસનું સ્તંભન થાય છે. પણ અનુભવ એવો છે કે આ ઔષધ સ્તંભન માટે અકથ્ય પ્રભાવ બતાવે છે. ગ્રન્થકાર તો બધીએ ૬૪ ગોળિઓ બનાવવા પર ભાર મૂકે છે. પણ આજના જમાનામાં બળાબળ પ્રમાણે મેં બોર બરાબર જ કરી અનુભવ અન્ય મનુષ્યોને કરાવેલ છે.

૫૨. ઉંટકટાળા, સફેદ અને લાલ કનેરનું મૂળ, ધતૂરાનું મૂળ, પંચાંગ બાવચી, કેલીકંદ, મુસલીકંદ, કેશરકંદ, શતાવરી, અકરકરો, ઝેરકોચલાં, મોદ. વાસા–અરડૂસા કેવડા, અપામાર્ગ, જાઇની જડો, વચ્છનાગ, સોનાહોલીની જડ, બધા સમમાત્રા, સર્વ સમાન અફીણ, બધીએ વસ્તુઓ નારિયેલનાં ગોળામાં ભરવી. સારી પેઠે બંદ કરી ગોળાને દૂધમાં પચાવવો. પછી ભાંગને શુદ્ધ કરી સૂકવી, ઔષધથી ભાંગ બમણી લેવી. પછી ચાસણીમાં ગોળિઓ બનાવવી. (મારા મતે ચાસણીની અપેક્ષા લીલી ભાંગના રસમાં જ ઘૂંટીને ગોળિઓ બાંધવી હિતકર છે.) નાના બોર પ્રમાણે અફીણિયાને ૧ ગોળી તથા સામાન્યને અડધી ગોળી આપવી. મહાસ્તંભન થાય છે.

૫૩. બાવચી, બંગ લવિંગ, સત્તાવરી, અકરકરો, વત્સનાભ, રસસિંદૂર, કપૂર, માલકાંગણી, કૌંચબીજ, ખુરાસાણી અજમો ઉટીંગણુ, જાયફળ, કેશર ૫–૫ ટંક, કસ્તૂરી ૫ માસા, ઉપર પ્રમાણે નારિયેલમાં પચાવે, મહાસ્તંભન થાય છે.

૫૪. સેકેલા ચણાંને ધતૂરાના ૭ ભાવના આપે, પછી અફીણ અને અકરકરા પંચાંગ (અભાવે સૂકા અકરકરાના કાઢાની) ભાંગ, જાયફલ, જાવંત્રી અને દૂધી સાત–સાત ભાવના આપે, જેટલા ચણા ખાવામાં આવશે એટલી ઘડી સ્તંભન થાય છે. આ પ્રયોગ પણ ઘણો જ અસરકારક સિદ્ધ થયો છે.

૫૫. બકાયણની ફુલી, લીંબોડીની મીંગી, ભાંગના બીજ, ત્રણેનું ડોલા યંત્રે તૈલ કાઢે, હાથે પગે ચોપડવા માત્રથી અદ્દભુત સ્તંભન થાય છે.

૫૬. જાવંત્રી જાયફલ, અકરકરા, કબાબચીણી, સમુદ્રશોષ, હિંગૂલ, મિશ્રી, કપૂર, ઇસ્પંદ, મિશ્રી, સમભાગે વાટી મધુથી બોર પ્રમાણે ગોળિઓ કરવી મોટા બોર પ્રમાણ, સાંજે ગોળી ખાઈ ચૂરમું જમવું, રાત્રે શયન સમયે દૂધ સાકર સાથે પીવું. પાનબીડા ૩–૪ ખાવાથી આ ગોળી સ્તંભન થાટે ખૂબ જ ઊગે છે, કદાચ સ્ખલિત ન થાય છો લીંબૂ ચૂસવું.

૫૭. સવા પાસેર ધતુરાના બીજ ૧૨ દૂધમાં નાંખી રુપાની વીંટીથી દૂધ જમાવવું. વલોણું કર્યા પછી જે ઘી બને એ નખે–હાથ–પગ બન્નેમાં ચોપડી ૧ ઘડી બાદ હાથ પગ ધોવા, અનન્તર મદનમંદિરની સાધના કરવી.

૫૮. કોડીયો લોબાન, ચીણીયો કપૂર, મિશ્રી, અફીણ, મનુષ્યનો ગંડોલો, સર્વ સમ ચરકલીનાં ઈંડાના રસમાં ૬ કલાક ઘૂંટવું. જીરા સમાન ગુટિકા કરવી. સંભોગ સમય સ્વલ્પ પૂર્વ ૧ ગોળી દૂધથી લેવી, ૨ પ્રહર સ્તંભન, ઘી પીવાથી છૂટશે, જો ગરમી લાગે છો મિશ્રી ખાવી.

૫૮. કેશર, જાયફલ, પારો ઉટીંગણુ, તેજબલ, એલચી અકરકરો, ૪–૪ ટંક ઔષધથી બમણી શુદ્ધ ભાંગ, નાગરવેલના રસમાં ગોળિઓ નાનાં બોર સમાન કરવી, સાજે ખાવી, સ્તંભન.

૫૯. અફીણ, વચ્છનાગ, નાગકેશર, ચવિક ચિત્રક, શિરધૂલીજ, ભાંગબીજ, કૌંસબીજ, જીરું, અહિખરો, કુલીંજન, લવિંગ, અજમો, અકરકરો, પીપલ, તમાલપત્ર, તજ, એલચી ૨-૨ ટંક, મધથી નાનાં બોર પ્રમાણ ગોળિઓ બનાવવી, મીઠાઈ ખાવી, દૂધ પીવું, મહાસ્તંભન.

૬૦. ગોધૂમ્ર ચૂર્ણ ૧ સેર, અડદ, સીંધાડાનો લોટ ૧-૧ સેર ખૈરીગૂંદ ૧૫ તોલા, કૌંચમૂલ ૧૦ ટંક બન્ને મુસલી ૧૦-૧૦ ટંક, ઉટીંગણ ૫ ટંક, જાયફલ, જાવંત્રી, લવિંગ, અકરકરો, ખુરાસાણી અજમો, હિંગૂલ, બરાસકપૂર, ૫=૫ ટંક, બંગ, રસસિંદૂર, રસકપૂર ( શુદ્ધ ) ૩-૩ ટંક, અભ્રખ ૨ ટંક, મજીઠ ગોખરુ, કેશર, નાગકેશર ૫-૫ ટંક, સર્વ પ્રથમ લોટ ઘૃતમાં સેકવો, ઔષધ બધાંયે જૂદાં જૂદાં ખાંડી અલગ રાખવાં, પછી દૂધનો માવો કરવો, માવો સેકેલો લોટ અને દવાઓ ભેગી કરી ચાસણીમાં નાખી ૫-૫ તોલા જેટલાં લાડૂ બાંધવા, પહેલે દિવસ અડધો લાડૂ લેવો, બીજે દિવસ અનુકૂળ પડે તો થોડી માત્રા વધારવી, અને સહન થઈ જાય તો ૫ તોલાથી વધારે માત્રા લઈ શકાય છે, ખૂબ ખૂબ ભૂખ લાગે છે, ગતવીર્ય પણ અશક્ત બને છે, તાત્પર્ય શરીરમાં આમોદકથી પૌરુષ પ્રકટે છે, શતશોનુભૂત.

૬૧. ૦ાા સેર ભાંગ ધોઈને ૧ાા સેર દૂધમાં માવો તૈયાર કરે, તજ, તમાલપત્ર, એલચી, લવિંગ, જાવંત્રી, જાયફલ, સૂંઠ, નાગકેશર, વિદારીકંદ, મોચરસ, કેલીકંદ, કૌંચબીજ, મૂસલી, ઉટીંગણ, અહિખરો, ખુરાસાણી અજમો, સતાવરી, અસગંધ, નાગવલ્લીબીજ, પીપલ, મરી, કંકોલ, કનકબીજ, અહિફેન, ગોખરુ, અકરકરો ચીણિઓ કપૂર કાષ્ટાદિક ઔષધિઓ, કૂટી તૈયાર રાખે, પછી ૨ સેર ફૂલ ખાંડની ચાસણી કરે એમાં માવો, દવાઓ નાંખીને ખૂબ મેળવે, પછી સાર, બંગ, અભ્રખ પારદ ભસ્મમાં ૧-૧ તોલા નાંખી ખાઈ શકે તેટલા મોટા મોદક બતાવે, દરેક રીતે ગુણકારી છે, નામર્દી મટાડી શરીર અને ધાતુ પુષ્ટ કરે છે.

૬૨. ઉટીંગણ બીજ, મસ્તંગી, અકરકરા, જાયફળ, જાવંત્રી, ખુરાસાણી, અજમો, સમુદ્રશોષ, ચીણિયો, કપૂર, ઇસ્પંદ, કેશર, લીંબૂ રસથી ગોળી બોર પ્રમાણ સાંજે દૂધ સાથે લેવી, ગોળી લીધા પછી ભોજન ન કરવું, સ્તંભન.

૬૩. ભલ્લાતક શુદ્ધ, ચારોલી, બદામ, વાયવિડંગ કાળા તલ, સર્વ સમ, બમણો ગોળ, ગોળમાં દવાનું ચૂર્ણ નાંખી ગુટિકા બોર પ્રમાણ, બનાવવી. નપુંશકતા મટે છે, બ્રહ્મચર્યનું પૂરું પાલન અપેક્ષિત છે.

૬૪. ગાડરનું દૂધ ૧૦ સેર, ધતૂરાના બીજ ૧૫ તોલા, અહિફેન બે તોલા, ગાડરના દૂધમાં નાખી જમાવી ઘૃત કાઢવું, કોરી ઢાંકણીમાં આજ ઘૃતનું કાજલ પાડવું અને આંખે આંજવું, સ્તંભન, ઘણાં લોકોએ આ પ્રયોગ અનુભવ્યો છે, સ્તંભન માટે અતિ ઉત્તમ છે.

૬૫. પીપળામૂળ, સૂંઠ, સેમલના પુષ્પ, જીરું, એલચી, લવિંગ, તાલમખાણા, જાયફલ, ભાંગ, મધમાં ગોળી બનાવવી, ૧-૧ બે વખત લેવાથી વીર્ય ધાતુ પુષ્ટથાય છે.

૬૬. ચણોઠી, કનકબીજ, પીળો સોમલ શુદ્ધ, ( પૈત્તિક પ્રકૃતિ વાળા માટે આ પ્રયોગ હિતકર નથી ) ૧૦ સેર દૂધમાં ૫-૫ તોલા નાખી ૧૬ પ્રહર સુધી જમાવે, ઘી તૈયાર થયે જૂઆરના દાણાં જેટલું હાથે પગે લગાડે, સ્તંભન.

૬૭. ઝેરકોચલા, અફીણ, મસ્તંગી, પાનના રસમાં ગોળી બોર પ્રમાણ, સાંજે લઈ દૂધ પીવું સ્તંભન.

૬૮. ઉટીંગણ, મસ્તંગી, અકરકરો, જાયફલ, જાવંત્રી, સમુદ્રશોષ, ઇસ્પંદ, ખુરાસાણી, અજમો, ચીણિયો કપૂર, કેશર, સમ, નાગરવેલના પાનના રસમાં ગોળી કરવી, બોર પ્રમાણે, ગોલી ૧ લઈ દૂધ પીવું સ્તભંન.

૬૯. પારદ, ચિ. કપૂર, અકરકરો, ખુરાસાણી અજમો, સમુદ્રશોષ, સમ, તુલસીના રસમાં ગોળિઓ કરી ખાવી સ્તંભન.

૭૦. પાસે, અહિફેન, રસસિંદૂર, ત્રણે સાથે ઘૂંટવાં, પછી ગૂંદનાં પાણી સાથે મર્દન કરી નિવાત રસથી ગોળી બાંધવી. ૧ માસા બરોબર સાંજે ખાઈ દુગ્ધપાન કરવું સ્તંભન થશે.

૭૧. રવિવારને દિવસે આઠમ હોય ત્યારે અધરજ પારેવાની વિષ્ટા ઝીલવી. આસગંધ બીજ અને ગંધક થૂઅરનાં દૂધણાં ઘૂંટવાં. પછી ત્રણેય સફેદ વસ્ત્ર પર લેપવાં. અનન્તર ગાયના ઘીમાં દીપક કરવો. સંભોગ સમયે સામે રાખવો, સ્તંભન.

૭૨. અકરકરો, મૂસલી, ચર્મઘર્ષિણી, મોચરસ, મીઠાં ઇન્દ્રજૌ, ગોખરુ, સૂંઠ, ગૂંદા મોટાંકૌંચ, ઉટીંગણ, બલબીજ, તાલમખાના, કબાબચીણી, મસ્તંગી, સૂવૌંષધ સમ, ૧ અથવા અડધો તોલો ઔષધ ૧-સેર દૂધમાં પલાળી તે નિત્ય ખાવો. ગતકામ વિસ્તૃત થશે.

૭૩. કનકબીજ, દાલચીની સમ, મધમાં લતાપર લેપ કરવાથી સ્તંભન.

૭૪. પારો ધતૂરાના રસમાં ઘૂંટી જાયફલમાં ભરી અફીણથી મોઢું બંદ કરે અને જાયફલ ધતૂરાના ડોડામાં મૂકી ઘઉંના લોટની બાટીમાં બંદ કરી ઘૃતમાં પચાવે, એમ ત્રણવાર કરે, પછી બહાર કાઢી અફીણ, અકરકરો, અજમો ખુરાસાણી, સમુદ્રશોષ, ઇસ્પંદ, માલકાંગણી સાથે જાયફળવાળું દ્રવ્ય મેળવે. બધાં ઔષધ ૧-૧ ટંક લેવાં. મધમાં ઘૂંટી ગોળિઓ મરી સમાન કરે, પ્રાતઃ સાયંસેવન કરવાથી સ્તંભન અને ધાતુપૌષ્ટિ પણ છે.

૭૫. ઉટીંગણ બીજ પાવ ૧, ભેંસના એક સેર દૂધમાં ખીર કરે, સંધ્યા અને પ્રાત ટંક ૧ લઈ મદનલતા પર માલિશ કરે તો દિવસ ૪૯ માં હસ્તકૃત દોષ હસ્તમૈથુનથી લતામાં આવેલ વાંકાપણું મટે છે.

૭૬. કૌંચ બીજ, પીપર, અહિખરો, અસગંધ, સમભાગે લેવાં, ભેંસના દૂધમાં લસોડવાં. કાર્ય પડે ત્યારે ભેંસનાં દૂધમાં ગરમ કરી માલિશ કરવાથી મદનલતા દઢ થાય છે.

૭૭. સાકર, અફીણ, જાયફલ, કનકબીજ, ભેંસના માખણથી લેપ કરી નાગરવેલનું પાન બાંધવાથી દઢતા આવે છે.

૭૮. નાગબલા, અતિબલા, અસગંધ, વચ, કૂઠ, ગજપીપલ, સફેદ કનેરની જડની છાલ, ૧-૧ તોલા, ઘૃતમાં પચાવી, ઘૃતવડે મદનાંકુશ પર મશળવાથી દઢતા આવે છે.

## ઉપદંશ-ફિરંગવાય

૧. એલચી, જાયફલ, ચિત્રક, કાથો, કપૂર, જાવંત્રી, અકરકરો, રસકપૂર, (શુદ્ધ) સમભાગે લઈ જૂદાં-જૂદાં વાટવાં, પછી નાનાં બોર :બરોબર ગોળી કરી દૂધની લસ્સીમાં સેવન કરવી, કદાચ મોઢું આવે તો દૂધ અને સાકરનો ઉપયોગ, ઉપદંશ અર્થાત્ ફિરંગ મટે છે.

૨. સોહગી, સિંગ્રફ ૬-૬ માસા, વાટી ૧૪ પડિકી કરવી, સાત દિવસ ધૂણી દેવી.

૩. શુદ્ધ સોમલ, કાથો, ધતૂરાનાં બીજ, માજૂફલ સમ ભાગે લેવાં, રીંગણીના રસમાં ખરલ કરી મોઠ બરોબર ગોળિઓ બનાવવી, નિત્ય સેવન કરવાથી ફિરંગવાયુ શમે છે, ખાટું ખારું ન ખાવું હવામાં ન ફરવું.

૪. પારદ, ગંધક સમાન ભાગે લઈ તુલસીના રસમાં ૧ દિવસ ખરલ કરી મરી બરોબર ગોળિઓ બનાવવી, સેવન કરવી, અને સિંદૂર, કાથો, કપીલો, સોનાગેરુ મસીંગી, માલકાંગણી સમભાગ લઈ ઘીમાં મલમ કરી ઉપદંશ-પર લગાડવાથી વ્રણ વગેરેમાં સારો લાભ થાય છે. આ પ્રયોગ માત્ર સાત જ દિવસ કરવો.

૫. ચોપચીની પાસેર, જાયફલ, જાવંત્રી. લવિંગ, એલાયચી, તજ, તમાલપત્ર, નાગકેસર, અકરકરો, સૂંઠ, મસ્તંગી પીપલ, ભાંગરો, સર્વૌષધ સમ તદ્દ્વિગુણી સાકર, મધ સાથે સોપારી બરોબર ગોળિઓ કરવી. ૧-૧ સાંજ સવારે લેવી. ૨ અઠવાડિયા લેવાથી ઉપદંશ દ્વારા થયેલાં ફોડા અને રક્તવિકારં ,આદિ મટે છે.

ઉપદંશનાં ૨૦૦ થી પણ વધારે પ્રયોગ સંગ્રહકારે ટાંકયા છે. પણ સ્થાનાભાવને કારણે જતા કરવા પડયા છે.

## મલમ-ઉપદંશપર

૧. બોરની મીંગી, હીરાકસીસ, કાથો, મૌલશ્રીની છાલ સમભાગ ચૂર્ણ ઘીમાં મદનલતા પર ચોપડવાથી ઉપદંશજનિત કષ્ટથી નિવૃત્તિ મળે છે.

૨. જાવંત્રી, પટોલ, લીંબડાનાં પાન, કડુ, મજીઠ, હળદી, હરડે, જેઠીમધ, તુત્થ, કરંજબીજ, લોદ, સમભાગ લઇ ગૌઘૃતથી એક પ્રહર ખરલ કરી ચોપડવાથી નાડીવ્રણ, ગંભીરવ્રણમાં ઉલ્લેખનીય લાભ થાય છે.

૩. ફટકડી, કોનરુ ગૂંદર, તુત્થ, ચંદ્રરસ, સિંદૂર, મસ્તંગી, ગૂંદ, હિંગલૂ સમભાગે લઈ મદનલતા પર લેપ કરવાથી ઉપદંશની ચાંદી મટે છે.

૪. મુરદાસીંગી, તુત્થ, સોનામાખી, હિંગલૂ, ભૂફોડ, સર્પની કંચળી સર્વ સમ ઘી ગરમ કરી દવાઓ નાંખવી. મલમ બનાવી નાસૂર, કીડીનગરા, ઉપદંશ આદિ પર લગાડવાથી મટે છે.

## દુષ્ટ વ્રણ પ્રતિકાર

૧. ફરીદબૂંટી અને તુત્થ સમભાગે ઘાવ અથવા કોઇ પણ અરુઝ ચાંદીપર ભભરાવવાથી રુઝાય છે.

૨. કાલીપહાડ ઘસીને લગાવવાથી પણ મટે છે.

૩. આંબલીના કૂંગચા વાટી ઘાવ પર બાંધવા હિતકર છે.

૪. ગૌઘૃત ૧ સેર તાંબાંના વાસણમાં ઉકાળવું. તેમાં કાંસાના નાના કટકા ૪ તોલા નાંખવાં. એકમેક થાય ત્યારે ૩ તોલાં કાળાં મરીનું ચૂર્ણ નાંખવું. ૨ ટંક સિંદૂર મેળવી ખૂબ હલાવવું. પછી જરૂરત પડે ત્યારે કંઠમાલા, અર્બૂદ, મસા, બિમચી, ચાંદાંઓ મટે છે.

૫. ગોળ, ચૂનો, કુકડાની વિષ્ટા, નરમૂત્રથી વાટી શરીરનાં કોઈપણ ભાગની ખીલપર બાંધવાથી ખીલ બહાર આવી જાય છે.

૬. ભેંસા ગૂગલ, રાલ, બકરીનાં હાડકાં (બાળેલ) ઘી સાથે લગાડવાથી ચાંદી, નાસૂર વગેરે મટે છે.

૭. તૈલમાં સાજી, લીંબડીના પાન અને મીણ પચાવી લગાડવાથી આરામ થાય છે. આ સામાન્ય લાગતો મલમ ખૂબ જ અસરકારક છે.

૮. અપામાર્ગનાં વાટેલ પાન, બીલ્વજડ, પીંડી કરી ઘાવ પર બાંધવાથી ચમત્કારીક પ્રભાવ બતાવે છે.

## ૯. વિશિષ્ટ-અનેકવારનો અનુભૂત

ઘી ટંક ૨૪, મીણ ટંક ૧૨, મુરદાશીંગી, રાલ, સિંદૂર, મસ્તંગી, તુત્થ ૬-૬ ટંક. મલમ બનાવી લગાડવાથી દરેક જાતની ચાંદી, નાસૂર, ભગંદર વગેરેમાં થોડા જ દિવસમાં સારો લાભ થાય છે. અને ધૈર્યપૂર્વક લગાડવાથી સદંતર મટે છે. ઘણીવાર ભયંકર ઘાવો પર આ ખૂબ જ લાભપ્રદ સિદ્ધ થયો છે.

૧૦. ધતૂરાના પાન, કારેલીના પાનની પીંડી બાંધવાથી સમસ્ત ચાંદી રુઝાય છે.

૧૧. છાયાશુષ્ક જાઇની જડ ઘાવપર ભભરાવવાથી ઘાવ દૂખતા નથી અને પાકતા પણ નથી.

૧૨. ઉંધાહોલી મૂલ ઘાવ લગાડવા પર ઉપકારક છે.

૧૩. તમાકૂના પાન, બાળીને લગાડવાં પણ ઉપકારક છે.

૧૪. લીંબડાની છાલ, બમણો ગોળ, હાંડલામાં ભરી ૬૦ દિવસ ઉકરડે ગાડે. કાઢીને ચાદીપર લગાડવામાં આવે તો તત્કાલ ઘા રુઝાય છે.

૧૫. ઉલ્લૂ-ઘુઅડની વિષ્ટા પાણી સાથે લગાડવાથી પણ મટે છે.

૧૬. અરીઠાની છાલ ૧૨ ટંક, મણસીલ ૧૨ ટંક, હરતાલ, શુભ્રા, સિંદૂર, હિંગૂલ, સરસવ, રાઇ, કપીલો, મરી, ધૂંસો, ગૂગલ, કસીસ ગૂંદર ૧-૧ ટંક, ગાયના ઘીમાં ઉકાળે. સાથે ભીલામાં બાળે તો વધારે સારૂં. બધાંનો મલમ ચાંદી, ઘાવ, નાસૂર, કંઠમાળ, વગેરેપર અતિ હિતકર સાબિત થયો છે.

૧૭. કેવડિયો, કાથો, કપીલો, સાજી, મેંદી, મીણ, સાબુ ઘાવ અને જંતુનાશક દ્રવ્યોનો ઘીમાં અથવા તૈલમાં મલમ બનાવી લગાડવામાં આવે તો દરેક જાતના ન રુઝાયેલા ઘાવો તત્કાલ ભરાય છે.

૧૮. સફેદો, કાથો, રાલ, સિંદૂર, મોટી એલચી સર્વથી બમણું ઘી તાંબાના વાસણમા નાંખી ૪ ઘડી તાંબાના લોટાથી મર્દન કરી લગાડવાથી દુષ્ટ વ્રણ મટે છે.

૧૯. રસકપૂર ઘીમાં લગાડે તો ઘાવ વગેરે રુઝાય છે.

૨૦. સીસું અને પારાની ગાંઠ પાડી ઘીમાં મર્દન કરી ઉપયોગ કરવાથી ભગંદરાદિ ગંભીર રોગોમાં અચૂક લાભ થાય છે.

૨૧. હરણનાં શરીરના કોઇ સારા અંગને બાળી ચાંદી પર રાખ ભભરાવવી અથવા ઘીમાં મલમ કરી લગાડવાથી ચાંદી આદિ ઘાવો ભરાતા જોયા છે.

૨૨. મીણ, રાલ, કણગુગલી, ગોળ, મુરદાશીંગી, સિંદૂર, મરી, તુત્થ, સૈંધવ, માજુફલ, કેશર, આદિનો ઘૃતમાં બનાવેલો મલમ ભગંદરાદિ માટે હિતાવહ છે.

૨૩. મૃત કૂતરાની જીભ ઘીમાં તળી નાસૂર અથવા ભગંદર પર બાંધવાથી બન્ને મટે છે. અનુભૂત છે.

૨૪. તુલસી રસમાં ઘઉંના લોટની ટીકડી ત્રણ દિવસ બાંધવાથી ભગંદરમાં અભૂતપૂર્વ લાભ થાય છે. ૩ દિવસ સુધી ગરમ પાણીથી. જેમાં કાળાં મરી અને નિર્વિસી સમ્મિલિત હોય. ધોવાથી પણ આરામ મળે છે.

૨૫. બોર, પીપલ, પલાસ, લીંબોડી, લાખ, ભાંગરો. તૂઅરના છોતરાં, ત્રિફલા, કરેલી બધાંની પીંડી બાંધવાથી ભગંદરમાં ઉલ્લેખનીય ફાયદો થાય છે,

## શસ્ત્ર ઘાવના મલમ

૧. દ્રાખ, ગૂગલ, હળદર, સૈંધવ, કપીલો, મીણ, સીંદૂર મલમ બનાવી લગાડવાથી શસ્ત્રોના ઘાવ ભરાય છે.

૨. ભેંસના દૂધમાં તલ વાટી ઘાવ પર બાંધવાથી ઘણુ ઘાવ ભરાય છે. અને પાકતા નથી.

૩. કેરઓ ઘીમાં લગાડવાથી તલવાર આદિના ઘાવ તત્કાલ ભરાય છે.

૪. મૂળાનો રસ, લીંબડાનો રસ, મોગરાનો રસ. ત્રણે ભેગા કરી ખાંડને ભાવિત કરી પછી એ ખાંડ ઘાવ પર ભુભરાવવાથી ઘાવ ભરાઇ જાય છે.

૫. સીપ ગરમ કરી આકડાના દૂધમાં બુઝાવે, પછી વાટીને ઘીમાં ચાંદી અને શસ્ત્ર ઘાવ પર લગાડે તો ઘાવ, ચાંદી વગેરે જલ્દી રુઝાય છે.

## સ્તન પીડા

૧. કૌંચના બીજ, ચણોઠીની દાળ, રાઈ, ધૂંસો, ત્રિફલા, આંબલીના કુંગચા, ચૂનો, ગોળ, ગૂગળ ઘીમાં વાટી ૧ પ્રહર ઘૂંટી મલમ બનાવે. સ્ત્રી સ્તન પર લગાડવાથી ૫-૭ દિવસમાં પીડા મટે છે.

૨. કાળા મરી, સિંદૂર, કપીલો, કપૂર, ગાયયા ઘીમાં ૧ પ્રહર ઘૂંટી મલમ લગાડવાથી પણ સ્તન પીડા મટે છે.

૩. ઇન્દ્રવારુણી મૂળ પાણીમાં ઘસી લગાડવાથી પણ મટે છે.

૪. સામાન્યતઃ સ્તનમાં પીડા હોય તો મગની દાળ બાફીને બાંધવામાં આવે તો સારો લાભ જણાય છે.

## શ્વેત કુષ્ટોપચાર

૧. અંકોલ બીજનો ચોવો ચોપડવાથી શ્વેત કુષ્ટ મટે છે.

૨. પોસ્ત ૧ સેર, વડાગડું મીઠું ૫ ટંક. બન્નેને બાળવાં. ટંકણખાર, સાંભરો લૂણ, જૈખાર આ બધાં ભેગાં કરી મર્દન કરવું. પછી ૪ ઘડી અથવા તો જેટલી વાર બેસી શકે એટલી વાર તડકે બેસાડવો. પછી ગરમ પાણીથી નવરાવવો. ૨-૩ માસમાં આનાથી શ્વેત કોઢમાં ઉલ્લેખનીય લાભ થાય છે.

૪. ચિત્રક, કછોડી, ભલ્લાતક, કાળાં તલ, જીરૂં, સમ ૮ ગુણી સાકર, ૨ ટંક નિત્ય પાણી સાથે લેવી. પછી ચણોઠીની દાળ સુંઠ આંમલસારો શુદ્ધ ગંધક, બાવચી અને ચિત્રક વાટી છાછથી કુષ્ટ સ્થાને લેપ કરવો. લાભ થશે.

૪. ૧॥ સેર જૂના પાકા આકડાની છાલ સુકાવી ચૂર્ણ કરવું. ૫ સેર બકરીના દૂધની ભાવના આપી સુકવવું. ૨–૩ ટંક પ્રતિદિન એમ ૪૯ દિવસ લેવાથી લાભ જણાશે. આ સાથે ભદ્રખડગીનો ઉપયોગ કરવામાં આવે. નિશ્ચયેન ૬ માસમાં કોઢ જાય છે. વિશેષ અનુભૂત છે.

૫. હરડે, ચિત્રક, મોટી કૂઠ, જીરૂં, ભલ્લાતક, કાળા તલ, સમ સર્વ સમાન સાકર લેવી. ૨॥ ટંક સુધીની ફાકી લેવાથી કોઢમાં સારો લાભ દેખાવા લાગે છે. પથ્યમાં બાજરો, મગની દાળ (ફોતરાં વાળી લેવી) મીઠું ન ખાવું. આ પ્રયોગ ચાલુ કર્યા બાદ શરીરમાં જ્યાં કોઢ હશે ત્યાં ફોડા પડશે. એના પર હીરાકસીસ તેલમાં મેળવી ચોપડવાથી મટશે. આ પ્રયોગ કોઢ માટે અસરકારક નિવડેલ છે. પછી વર્ણ સુધારવા જાયફલનો પ્રયોગ કરવો.

૬. હરડે, ચિત્રક, લસણ, નિશોત, તુત્થ, ગંધક, હીરવી સમ સર્વ સમાન ગોળ મેળવી ગોળીઓ સોપારી બરોબર બનાવે. પછી ચાઠાં પર અરણિયા છાણાથી ઘસીને ગોલી વાઘ મૂત્રમાં ભીંજવી લગાવે. જો કદાચ ફોડા ઉપડે તો પમાડની જડ ઘસીને લગાડવી.

૭. બાવચી, સંખિયો (શુદ્ધ) નેપાલો ગૌમૂત્રમાં ઘસી લેપ કરવો. પ્રથમ કુષ્ટ પર અરણિયા છાણાથી ઘસવું. પછી લેપ કરવો. જ્યારે ચાઠા પાકી જાય ત્યારે લેપ ન લગાડવો. માત્ર હરડે અને આંવલાં જ ભભરાવવાં. ચાઠાં મટે છે.

૮. ગુંજાદાળ, હરતાલ, આંવલા આંબલસારો ગંધક, મીંઢીયાવલ, ચિત્રક, બાવચી, ખાટી છાછમાં આ ઔષધોને ૩ દિવસ ભીંજવી રાખવાં. પછી લગાડવાં. તડકે જેટલું બેસાય તેટલું સારૂં. પથ્ય પૂરૂં પાળવું. ખાસ મીઠું ન ખાવું.

૯. બાવચી, આંબલા, રેવન્તચીણી ઇત્યાદિ. અંજીરના જડની છાલ ૧–૧ તોલો વાટીને સાત પડિકી બનાવવી. વાસી પાણીથી નિત્ય પ્રાતઃ ફાકવી. માત્ર ૨૧ દિવસમાં જ પ્રભાવ બતાવે છે. જો એનાથી જલ્દી સારૂં ન થાય તો વધારે સમય સુધી ઉપયોગ કરવો. નિશ્ચયેન આ પરમ ઉપયોગી છે.

૧૦. પિતપાપડો, તુત્થ, લીંબુના રસમાં ઘસી લેપ કરવાથી ૨૧ દિવસમાં કોઢ પણ સારી અસર બતાવે છે, આ પ્રયોગમાં બાવચીનું બનાવેલું ઘી ખવરાવી શકાય તો જલ્દી પ્રભાવ બતાવશે.

૧૧. બાવચી, અરડૂસો પંચાંગ, પમાડનાં બીજ, અંજીર–જડ છાલ, આકડાના ફૂલ, ચિત્રકની જડની છાલ, પિયાવાસક બધીએ દવાઓ ૧–૧ સેર બમણું દૂધ લઇ પચાવવી. પછી કસ કાઢી દૂધ જમાવી દેવું. ઘીનું મર્દન આખાયે શરીરે કરવાથી કોઢમાં અદ્ભુત લાભ દૃષ્ટિગોચર થાય છે.

૧૨. અડધો સેર ગંધક આંવલસારો, ગાડરનું દૂધ અડધો સેર. બન્નેને ખરલ કરે, જેટલું દૂધ ગંધકમાં રચશે એટલો જ ફાયદો વિશેષ થશે. પછી પાતાલયંત્રે તૈલ કાઢવું. આરણ્યા છાણાથી ઘસી કોઢે લગાડવું. ધવલકુષ્ટ સારો થાય છે.

૧૩. પારદ, ગંધક, હરડે, બહેડાં, આંબલા, ભાંગરો, બાવચી, ભીલામા, (શુદ્ધ) કાળાતલ, લીંબોડીની મીંગી, ૨॥–૨॥ તોલા બધાંયે ભેગાં કરી ૨૧ દિવસ સુધી ભાંગરાના રસમાં ખરલ કરે. પછી ૩૬ દિવસ સુધી પથ્યસહ ભક્ષણ કરે. આ પ્રયોગ કુષ્ટ માટે અદ્વિતીય છે. અનેકવારનો અનુભૂત છે.

૧૪. અપામાર્ગની રાખ, ચિત્રકની છાલ, આરણ્યા છાણાથી ઘસી લગાવે. ૪ દિવસ, તદનન્તર શાંતિ રાખે. વળી ચાર દિવસ પછી લગાડે. કોઢ મટશે.

૧૫. મજીઠ, કૂડાછાલ, નાગરમોથ, ગળો, ભારંગી, સૂંઠ, ઈન્દ્રજો, શ્યામકંટારી, લીંબડાછાલ, વચ, દારુહળદર, ત્રિફલા, પટોલ, કડુ, મરવાના પાંદડાં, વાયવિડંગ, શણનાં બીજ, ચિત્રક, સતાવરી, ત્રાયમાન, પાઠ, અરડૂસો, ભાંગરો, દેવદારુ, ખેરસાર, ચંદન, નિશોત, વરુણા, કિરાયતો, બાવચી, કિરમાણો, બકાયન પત્ર, કરંજપત્ર, અતિવિસ, પિતપાપડા, ભદ્રખડગી બધાં સમભાગે લેવાં. પછી એમાંથી ૫ તોલા ભાર અધકૂટેલ ચૂર્ણ ૧ સેર પાણીમાં ચઢાવી ઉકાળવું. અડધું રહે ત્યારે ઉતારી ગાળીને ૪૯ દિવસ લગી પાવું. મસૂરની દાળ અને મસૂરની જ રોટલી ખાવી. મીઠું ન ખાવું. આ પ્રયોગ કરવાથી સફેદ કોઢ તો મટે જ છે. અતિરિક્ત વાતાદિ રોગ અને દરેક જાતના ચર્મ રોગોમાં શાંતિ થાય છે. અનેકવાર આ પ્રયોગે આયુર્વેદની કીર્તિ વધારી છે.

૧૬. નેપાલો, પારદ, ગંધક, સીંગીમોહરો, તુત્થ, ઝેરકોચલાં, સોમલ (શુદ્ધ) નૌસાદર, સાજી, સોહગી, જોખાર, સર્વ સમ ભાગ લઈ, લીંબૂના રસમાં ૩ દિવસ ખૂબ ખરલ કરવું, પછી ગુટિકા બનાવી સુકવી રાખવી, કામ પડે ત્યારે ઘસીને આછો પાતળો લેપ કોઢ ઉપર કરવો, શ્વેતકૃષ્ટ મટે છે.

૧૭. પીત શુદ્ધ સોમલ, ગોળ, આંબલસારો ગંધક, ૦।।–૦।। ટંક, પાણી સાથે ગોલી કરવી ઘી અથવા પાણીથી ઘસી લગાડવી, કુષ્ટ જશે.

૧૮. બગદાદી શુદ્ધ હરતાલ, તુત્થ, ચણોઠીની દાળ, પલાસપાપડો, હળદર બધાંને લીંબૂના રસમાં ૭ વાર ભાવિત કરી ગુટિકા બનાવવી. પછી કુષ્ટસ્થાન પર આરણ્યક છાણાથી ખૂબ ઘસી બકરીના મૂત્રથી લેપ કરવો. કદાચ ઉપાડ થાય તો બકરીની લીંડીઓને ગૌમૂત્રની સાત ભાવના દઈ એમાં ૨।। તોલા તુત્થપુનઃ મેળવી. પાતાલ યંત્રે તેલ કાઢવું અને એ તેલ ચોપડવું અવશ્ય ચાઠાં જશે.

૧૯, આંવલા અને કાથાનો કાઢો કરી ઉપર પીતી વખતે બાવચીનું ચૂર્ણ નાંખી પીવાથી પણ ૪૨ દિવસમાં શ્વેત કોઢ મટે છે.

૨૦. ચોક, લાણુંલી, હળદર, સમભાગે થૂઅરના દૂધની ૭ ભાવના દઈ ગોળિઓ કરવી, છાણાથી શ્વેત કુષ્ટનાં ચાઠાને ઘસી સરસિયાં તેલમાં ગોળિઓનો લેપ કરવો, આમ કરવાથી ઉપાડ થશે. ઉપાડ પર ત્રિફલા અને કસીસનો લેપ ભાંગરાના રસમાં કરવો, કોઢ મટે છે.

૨૧. પમાડનાં બીજ, માલવી બાવચી ૯–૯ ટંક, મસ્તંગી ગૂંદર ૩ ટંક, ૧ ટંકની માત્રા વાસી પાણીમાં સવારે દેવી, જ્યાં ચાંઠાં હોય ત્યાં [1]પમાડ ઘસીને લેપ કરે, આ યોગ સાત દિવસ કરવો, રોગીને તડકે બેસાડવો, જેથી ખૂબ પરસેવો આવે.

૨૨. જમાલગોટાનાં બીજ પાણીમાં વાટી શ્વેતકુષ્ટ પર ચોપડવાથી લાભ થાય છે, વર્ણ બદલાવવા પમાડની જડનો લેપ કરવો જોઈએ.

૨૩. ભીલામા ૧ સેર, તલ ૦।। સેર, હળદર, લીંબડાના પાન, અજમોદ ૦।।–૦।। સેર, પારો ટંક ૩, ત્રણ વરસ જૂનો ગોળ ૩ સેર, બધાંને કૂટી ૮૦ મોદકો બનાવવા, ૪૦ દિવસ સવાર સાંજ સેવન કરવાથી રક્તવિકાર, શૂદ્રતા આદિ ચર્મ રોગો છે.

૨૪. નેપાલાનું તેલ સર્પની કાંચલી, હાથીનું ચામડું, હીરવી ત્રણેને બાળી રાખ કરવી. નૈપાલાના તેલમાં ચોપાડવાથી શ્વેત મંડલમાં મારું પરિવર્તન લાવે છે.

---

૧. કોઢના પમાડ વિશેષ વ્યવહારમાં લેવાય છે, કારણ કે વર્ણ પરિવર્તનમાં પમાડ ઉપયોગી કામ કરે છે.

૨૬. આકડાની મૂલની છાલ ભીલાવાં ૧-૧ સેર, બકરીની લીંડી અને કનકબીજ ૦।।-૦।। સેર, મેળવી પાતાલ યંત્રે તૈલ કાઢી, મંડલ પર ચોપડવું શ્વેત કુષ્ટ મટે છે.

## રક્તપિતી

૧. સુરીંજણા, લીંબડા, કનેર, રાઈ, નેગડ, અરણી, અર્ક, ધતૂરા, કાળીકંટેલી, બન્ને રીંગણી, હિંગોટ, બધાં મૂળિયાં એ ત્ર કરી પાતાલ યંત્રે તૈલ કાઢે, ૧૫ દિવસ શરીર પર ચોળવાથી રક્તપિત્તી મટે છે.

૨. ભીલામાં અને તલ બમણા ગોળથી ગોળિઓ બનાવે, નિત્ય સેવનથી રક્તપિત્તી મટે છે.

૩. વાવબૂટીનો બફારો લેવાથી તથા રસ પીવાથી પણ રક્તપિત્તી મટે છે.

૪. જંગલી સૂકર વિષ્ટાના તૈલ ચોપડવાથી પણ રક્તપિત્તિ મટે છે.

૫. ગાંઠિયો ખડ (મેવાડમાં પ્રસિદ્ધ છે) વાટીને પીવાથી પણ રક્તપિત્તી એકજ સપ્તાહમાં મટે છે.

૬. શતવર્ષીય નીંબત્વચા ચૂર્ણ અને અજમો સમભાગે લગભગ ૦।। તોલો નિત્ય લેવાથી ૪૮ દિવસમાં રક્તપિત્તી મટે છે પણ પરહેજ બરાબર પાળવો.

## અંડવૃદ્ધિ-નલવૃદ્ધિ આદિના ઉપચાર

૧. મૂષકકર્ણી અને એરંડમૂલ પાણીથી ઘસી લેપ કરવાથી અંડવૃદ્ધિ શમે છે.

૨. ઉપલોટ જીરું, ગાયના છાણનાં રસથી વાટી લેપ કરવાથી અંડવૃદ્ધિમાં સારો લાભ થાય છે, ચાંદી પડી જાગ તો બીજો કોઈ સારા મલમનો પ્રયોગ કરવો.

૩. શતાવરી ગોદુગ્ધથી પાન કરવામાં આવે તો અન્તર્વૃદ્ધિ મટે છે.

૪. સૈંધવ, એરંડ તૈલથી લેપ કરી, એરંડનું જ પાન બાંધવાથી અન્તર્વૃદ્ધિ મટે છે.

૫. પીપલની કૂંપલ અને લસણની કળિઓ સામાન્ય વાટી પોટલી કરી સેકવાથી અંડવૃદ્ધિ યા સોજો મટે છે.

૬. ઘઉંનો રોટલો બનાવી, દૂધમાં બાફી બાંધવાથી પણ અંડનો સોજો ઉતરે છે. એવી રીતે ચોખા અથવા મગની દાળ બાંધવાથી પણ ઉલ્લેખનીય લાભ થાય તે.

૭. ગૌમૂત્ર ૪ ટંક, એરંડ તૈલ ૪ તોલા, ઉકાળી રાખે, અનન્તર ત્રિફલાના કાઢા અને ગૌદુગ્ધથી પાન કરે તો અન્તર્વૃદ્ધિ મટે છે.

૮. હળદર, ટંક ૩ ગૌમૂત્રથી ઘસી સાત દિવસ ચોપડે, અન્તર્ગાંઠ ગળી જશે, અથવા તો દબાઈ જશે.

૯. સૂંઠ, પીપલ, હરડે, નિશોત, સંચલ, સમભાગે ચૂર્ણ કરી ૧-૨ ટંકની ફાકી વાસી પાણીથી લેવાથી અંતર્ગલ મટે છે.

૧૦. અંકોલ ઘસી લેપ કરે. પછી અંડ અને પેડૂ પર એરંડના બીજ ૧૦ તોલા, શંખાવલી ૧૦ તોલા, ૧૦ તોલા વાટીને બન્ને જગ્યાએ બાંધે, સાત દિવસ પેડૂ અને અંડ પર બાંધવાથી અન્તર્વૃદ્ધિ વધરાવળ મટે છે.

૧૧. કોનરુ ગૂંદર ગાડરના દૂધમાં ઘસી લેપ કરવાથી પણ ૩ દિવસમાં જ વધરાવળ મટે છે અનુભૂત.

## નલવૃદ્ધિના ઉપચાર

૧. આંબલીનો રસ તૈલ સાથે પીવાથી નલ વધતા રોકાય છે.

૨. રાઈ ૧ ટંક, ગોળ બે ટંક નિત્ય લેવાથી નલવૃદ્ધિ રોકાય છે.

૩. કંદરું ગૂંદર, ૨૦ ટંક, અજમો ૧૦ ટંક, સાજીખાર ૧૦ ટંક, એકત્ર કરી માત્ર સાત દિવસ લેવાથી નલવૃદ્ધિ મટે છે, માત્રા ૧–૨ ટંકની પાણીમાં લેવી.

૪. નાગરમોથ, જૈખાર ૧–૧ ટંક સાત દિવસ લેવાથી તલવૃદ્ધિ મટે છે.

૫. ત્રિફળા, ત્રિગડૂ, બિલ્વમૂલ, અજમોદ હીંગ, વાયવિડંગ, કડૂ, બન્ને હળદરો, સોવા, સહી, ચવિક, સૈંધવ, સંચલ, જૈખાર, વડલૂંણ, સમુદ્રલૂણ, પીપલામૂલ, મોથ, ઈન્દ્રજૈ, અજમો સમભાગે લઈ લઈ ચૂર્ણ કરવું, સવારે અને સાંજે લગભગ ૧ ટંક ફાકવું દરેક જાતની અન્તર્વૃદ્ધિ અને તલવૃદ્ધિ રોકાય છે. મૂત્ર સાફ આવે છે, આ ચૂર્ણનો ઉપયોગ શરીર શોથ માટે પર પણ પ્રભાવકારી સિદ્ધ થયો છે.

૬. કોદરું ગૂંદર ચાર રતિ બકરીના સ્તનથી ઘસી બાળકને પાવામાં આવે તો તેના નલ સંબંધી રોગો મટે છે.

૭. કુળથ, હળદર, દેવદારુ, ગોમૂત્રથી લેપ કરી ઉપર એરંડ પત્ર બાંધવાથી વૃષણવૃદ્ધિમાં થાય છે.

## બબાસિર–મસ્સા

૧. ગોપીચંદન, એલચી ૧–૧ ટંક, સાકર ૦।। ટંક ત્રણ પડિકી કરી વાસી પાણીથી લેવાથી મસામાંનું રક્ત રોકાય છે.

૨. કુડાછલ, ચિત્રકની જડની છાલ, ઈન્દ્રજૈ ૩–૩ તોલા, ૮ તોલા, ૯ તોલા સાકર, ૪–૪ માસા સવાર–સાંજે લેવાથી રક્ત રોકાય છે અને બદ્ધકોષ્ઠતા નષ્ટ થાય છે, દવા છાશની આંછથી લેવી.

૩. પારદ ૪ ગણો, ગંધક ૧૬ ગણો, સૈંધવ ૩૬ ગણું, સૂરણ અને લીંબૂના રસમાં ખૂબ ખરલ કરી શુષ્ક કરવું, અનન્તર સૂરણ મોટું લેવું. કોરવું તરબૂચની પેઠે. પછી એમાં ઉપરનું ચૂર્ણ ભરી, ઉગળી દઈ હાંડલામાં નાખવું, હાંડલાનું પોઢું બંદ કરી ગજપુટ આપવો. માત્રા પ્રતિ દિન ૧ તોલા લેવી. ૧૫ દિવસમાં ઉલ્લેખનીય બબાસિરમાં લાભ થશે.

૪. સંધલ ચૂર્ણ, સોમલ ( શુદ્ધ ) તુત્થ, ચોપ, સમભાગે લઈ લીંબૂના રસમાં ખરલ કરી મસ્સા પર ચોપડવાથી મસ્સા ખરી પડે છે. પછી ઉપર કોઈ સારો મલમ લગાડવો જોઈએ.

૫. ભાંગ અને પિતળાપડો ચટણીની પેઠે વાટી બાદીની બબાસિર પર બાંધવાથી બળતરા ઓછી થાય છે. શતસોનું મૂત.

૬. મૂસલીકંદ ૨૧ દિવસ ગૌમૂત્રથી પાવાથી મસ્સામાં લાભ થાય છે.

૭. બાળસિરવાળાને બને ત્યાં સુધી ગમે તે રીતે સૂરણનું સેવન કરવું હિતકર છે.

૮. કાળી ચિત્રક, જે જૂના કૂઆં અને વાવડિયો વચ્ચે ઉગે છે, નો રસ પાવાથી એકજ ખોરાખમાં મસ્સામાંનું પડતું રક્ત રોકાય છે, પાણીમાંની સેવાળનો રસ પાઈ કૂચો બાંધી દેવો પણ હિતકર છે.

૯. નાગકેશર ઈન્દ્રજૌ અને ચિત્રકની જડનું ચૂર્ણ લગભગ ૪ માસા સાકર અને દહીં સાથે સેવન કરવાથી બબાસિરમાં અદ્ભુત લાભ થાય છે.

૧૦. સોમલ, કળીચૂનો, મોરથૂથૂ, લગભગ ૧–૧ તોલો લઈ ગાયના ૨૪ ટંક ઘીમાં મલમ બનાવી રુના ફૂંબડાંથી મસ્સા પર ચોપડવો. લોદ અને સિંગ્રફની ધૂણી દેવી. અલૂણું ખાવું, હાથ પગ

ધોવા માટે બોરની જડ નાંખી ઉકાળેલું પાણી કામમાં લેવું, આજ પાણીનો શેક પણ વધારે બળતરામાં કરવો હિતકર છે. આ પ્રયોગમાં જરા બળતરા થાય છે એટલે રોગી શક્તિશાળી હોય તો જ ઉપયોગ કરવો.

૧૧. અપામાર્ગનું મૂલ યા છાલ ગર્દભમૂત્રથી લેપ કરવાથી મસ્સામાં લાભ થાય છે.

૧૨. ગંધક, હિંગૂલ, કૃષ્ણજીરક સોવા ભૃંગરાજ, કનકપત્ર, વિજયા સર્વ એકત્ર કર વિજ્યાની ભાવના ૩ આપે, પછી ઘી ગાયનું મેળવી ૧–૨ ટંકની નિત્ય ધૂણી લ્યે, ૧૫ દિવસમાં અચૂક લાભ થશે.

૧૩. કિરમાલાનું મૂળ છાછ સાથે ૨૧ દિવસ પીવું.

૧૪. સૂરણ અને ગોળ ૨–૨ તોલા નિત્ય કૂટીને સેવન કરી થોડીવાર પછી ભેંસનું દૂધ પીવું. ગરમ કરતી વેળા દૂધમાં એક ભલ્લાતક નાંખવું.

૧૫. વાસાત્વક્, નીંબત્વક્, કિરાયતો, ઈન્દ્રજૌ, સીંધવ, દારુ હલદ, મધ સાથે ખરલ કરી ૧–૧ તોલાના મોદક બનાવી ૧૪ દિવસ સેવન કરવા.

૧૬. રાતા અગથિઆને વિધિવત્ શનિવારે નિમંત્રી રવિવારે લાવી કટિ પ્રદેશમાં બાંધવાથી પણ દરેક જાતની બઆસિરમાં લાભ થાય છે.

૧૭. ચિત્રક, થોર, ભાંગરો, અર્કપય, કૂઠ, સેંધવ, સંચલ, પંચલૂણ, બમણું તૈલ, ચાર ગણું ગૌમૂત્ર નાંખી અગ્નિપર ચઢાવે, તૈલાવશેષ ઉતારી મસ્સા પર લગાડે, ઝરી પડશે. આ તૈલ કોઢ. ગજચર્મ વગેરે પર અજમાવેલ છે. સારું કામ કરે છે.

૧૮. સૂરણ ૪ સેર સૈંધવ ૧ સેર, નાના કટકા કરી હાંડલાંમાં ભરી ગજપુટમાં ફૂંકે, સ્વાંગશીતલ થયે ચૂર્ણમાં આ વસ્તુઓ મેળવે.

ત્રિફલા, ત્રિગડુ, ચવિક, હીંગ, ચિત્રક, પીપરામૂલ, વચ, કુલિંજણ અજમો, અજમોદ, પંચલવણ, કડૂ દેવદાર, જીરું, તજ, અમલવેંત, લવિંગ, ધાણા, તંતરીક, દાડમસાર, જાયફળ, જાવંત્રી, એલચી, કપૂર બધાં મળીને ૩૨ નું વજન લેવું, અનન્તર લીંબૂ, નેગડ, આદુ, ભાંગરો, નાગરવેલના પાનના રસની ૩–૩ ભાવતા આપવી, પછી ૪ રતિ ચૂર્ણ નિત્ય સેવન કરવાથી ક્ષુધાપ્રદીપ્ત થશે. બઆસિર દરેક જાતથી આ ચૂર્ણથી સદાને માટે મટે છે.

૧૯. અર્કપત્રની થોર સ્નદી દુગ્ધથી ટીકડી કરી બાંધવાથી મટે છે.

૨૦. લાંગુલી ઘસી લેપ કરવાથી પણ મસ્સા મટે છે.

૨૧. ભાંગ અને થોરની ધૂણી પણ હિતકર છે.

૨૨. કડવી તૂંબડીનો ગર્ભ કાંજીથી લેપ કરવાથી પણ બઆસિર મટે છે.

૨૩. ગળો ૧ ટંક, મુક્તા–શુક્તા ભસ્મ (મૂળાના રસમાં બનાવેલ) ૧ ટંક સેવન કરવાથી મસ્સા મટે છે.

૨૪. કૂકરવેલાના ફૂલની ધૂણી દેવી, મસ્સામાં લાભ લશે.

૨૫. મસ્સાની બળતરા પર ગધેડાનું તાજું લીંડૂં બાંધવું હિતકર છે.

## અગ્નિ દગ્ધોપચાર

૧. બળ્યા પર સોનાગેરુ પાણીથી ઘસી લેપ કરવો.

૨. અસાલિયો તૈલ સાથે દગ્ધસ્થાને ચોપડવો.

૩. બકરીનું હાડકું બાળી અથવા ચૂર્ણ કરી બળેલ સ્થાને ભભરાવવું.

૪. રીંગણાની જડ પાણીથી ઘસી લગાવવાથી પણ શાન્તિ મળે છે.

૫. બટેકાં વાટી લગાડવાં પણ લાભમાં છે.

## રસોલી મેદ–ઉપચાર

૧. રસોલી પર તેલ ચોપડી ૨ માસા શુદ્ધ સોમલ ચૂર્ણ કરી ભભરાવવો, ઉપર જૂઆરનું ઢોકળું, બાંધવું, પછી મજબૂત પાટો બાંધી દેવો, આ પ્રયોગ સાત દિવસ કરવો, રસોલી બે–ચાર દિવસમાં જ નરમ પડી જશે.

૨. જૂઆર ૫ તોલા લઈ ઢોકળું બનાવવું, પછી ચૂરમૂં કરી યથાશક્તિ ગરમ–ગરમ જ મેદ પર બંધાવવું. ઉપર જૂઆરની રોટલી અલૂણી બાંધી પાટો બાંધવો, એમ ત્રણ માસ બાંધવાથી મેદ ગળવી શરૂ થશે.

૩. એરકોચલું ઘસી મેદ પર લેપ કરવો.

૪. રેવન્તચીણી, મોરથૂથૂ, નિર્વિસી ગૌમૂત્રથી લેપ કરવો મેદ ગલે.

## પામ, ચાંદી, દાદનાં ઉપચાર

૧. મોટી બાવચી, ૫–૫ ટંક, ગંધક ૧ તોલો, બધાંયે સૂક્ષ્મવાટી ૧। શેર પાણીમાં રાત્રે ભીંજવી રાખે, સવારે ૦। સેર તેલમાં નાખી અગ્નિ પર ચઢાવે, તૈલાવશેષ ઉતારી ગાળી શીશીમાં ભરી રાખે, પામવાળાને તડકે બેસાડી માલિશ કરાવે, ધીરે–ધીરે પામ મટશે.

૨. ધામણ સર્પની કાંચલી. બાળીને રાખ કરવી, એનાથી બમણાં માનવ હાડકાં, તેથી ત્રણ ગણી આરણ્યાની રાખ, સરસિયાં તૈલમાં મેળવી મલમ બનાવવો. મશળવાથી પામ વગેરે રોગોમાં લાભ થાય છે.

૩. પારો, ગંધક, બાવચી, તુત્થ, ટંક ૧–૧, ૧૨ કલાક ખરલ કરી ૧૨ તોલા ગૌઘૃતમાં ફરી ૧૨ કલાક ખરલ કરવું, પછી મર્દન કરવું, તડકે બેસવું, આ પ્રયોગ માત્ર ૭ દિવસ કરવાનો છે, પામ, દાદ, ખસ, ચાંદી આદિ મટે છે.

૪. પારદ, ગંધક ૨॥–૨॥ ટંક, મરી, તુત્થ ૨૦ ટંક ગૌઘૃત અનુમાનથી લઈ કાંસાના પાત્રમાં લીંબડાનાં એવા ઘોટાથી મર્દન કરવું જેને મોઢે તાંબાનો પૈસો ચોળેલ હોય, દવા ૧૨ કલાક ઘૂંટવી. પછી, પામ, દાદ બભૂત, ખસ પર લગાડવાથી બહુજ જલ્દી આરામ મળે છે, આ પ્રયોગ કરતાં કદાચ શીતળા જેવાં ચાંદાં શરીરે ઉઠે તો જરાય ગભરાવું નહીં. ચાંદા પર કપૂર ભભરાવવું. બાળક માટે આ પ્રયોગ ન કરવો.

૫. સીપનો ચૂનો, સોપારી પાનનું બીડું બનાવી ખાવું, જે પીક થાય તેને હથેલીમાં લઈ ૧ ટંક પારા સાથે હાથમાં જ મર્દીએ ચોપડવાથી ગમે તેવી દાદર મટે છે.

૬. ટંકણખાર, કાકડાસીંગી, કાળા મરી, ૧૦–૧૦ ટંક ગૌઘૃતથી મલમ બનાવી લગાડવાથી ચાંદી, ખિમચી મટે છે, પામ માટે પણ હિતાવહ છે.

૭. ફટકડી દુગ્ધ કાચામાં મેળવી શરીરે મર્દે તો વપત્તિ તત્કાલ બેસી જાય છે, કદાચ દસ્ત લાગે તો દહીં ચોખા ખાવા.

૮. મરી, સિંદૂર, ૫-૫ ટંક, ચમેલીના ૨॥ તેલમાં નાંખી કાંસાના પાત્રમાં ૩ દિવસ જસતના ભાજનથી ઘસી લગાવો, પામ ચાંદી જશે.

૯. આરણ્યા છાણાને આકડાના દૂધની ભાવના દઈ સૂકવે, પછી બાળી રાખ કરી સરસિયાં તેલમાં પામ, ચાંદી પર ચોપડે. તો લાભ થશે.

૧૦. સિંદૂર, મીણ, કપીલો, મણસીલ ઘી વા તેલમાં મર્દી શરીર પર લગાડે તો પાંમ, ચાંદી મટે.

૧૧. ગંધક, બન્ને હળદળ, જોખાર, સાજી, મણસીલ, હરતાલ, શંખ ચૂનો, પમાડબીજ, ૮ ગણું તેલ લેવું, લૌહ પાત્રમાં સર્વ એકત્ર કરી ૩ દિવસ તડકે રાખો પછી હલાવી શરીરે મશળે દાદ પામાદિ દોષ ટળે.

૧૨. પમાડબીજ, ૦॥, રાલ તોલા ૪, આંવલા તોલા ૪, નાશપાલા તોલા ૪, વચ્છનાગ તોલા ૪, સર્વ જલમાં વાટી દાદ પર લગાવે તો દાદમાં સારો લાભ થાય છે.

૧૩. એલિયો, બીજાબોલ, પમાડબીજ, અજમો ૦॥-૦॥ સેર, હાંડલામાં પાણી ભરીને દવા પાણીમાં નાખી જમીનમાં સાત દિવસ ગાડે, બાદ શરીરે ચોપડે, દાદ, ખુજલીમાં આરામ થાય છે.

૧૪. કમલકાકડી, બહેડાંની મીંગી. કાળાતલ, સાલર, પ્રિયંગૂ, મહુડાની છાલ, સમભાગે વાટી લેપ લેપ કરવો, દાદ મટે.

૧૫. આંબાની ગોઠલી, આંમળા ૦॥-૦॥ સેર વાટીને માથા અને દાઢી (રાખતા હોય એને માટે) ના વાળ ધોવા, આ પ્રયોગથી વાળ વધે છે અને માથા તથા દાઢીની ખાજ-ખસ મટે છે.

૧૬. ગંધક ગાડરના દૂધમાં ઘસી લગાવે તો દાદ ગજચર્મ મટે.

૧૭. નરમૂત્રથી અંકોલ ઘસી લગાવે તો પણ દાદ શમે.

૧૮. ગૂંજાની દાળનું ચૂર્ણ ભેંસના માખણમાં લગાડવું, દાદ માટે ઉત્તમ છે.

૧૯. પમાડ, હીરાકસીસ પાણીથી વાટી લગાવે તો દાદ મટે.

૨૦. ખીરકંદ વાછડાના મૂત્રથી ઘસી લગાવે તો દાદ શમે.

૨૧. માખીવીઠ, ચૂનો, વચ, લોદ, છાણાંથી ઘસી દાદ પર લગાવે.

૨૨. જૂઆર, ગળો, નિશા-હળદર, છાશથી લગાવે, દાદ પર.

૨૩. દૂબ, સૈંધવ, હરતાલ, હરદળ ગૌમૂત્રમા ત્રણ દિવસ ભીંજવી લગાવે તો દાદ પામ મટે.

૨૪. કુંવારગિર ૩ સેર, પમાડ ૦॥ સેર, આંબાગુઠલી ૦।, હળદ ૦।, કુંવારના કકડાઓમાં દવાઓ ૩ દિવસ ભીંજવે. અનન્તર દાદ પર મશળે.

૨૫. ઓદારસીંગ ગાડરના દૂધમાં ઘસી લગાવે તો દાદ જાય.

૨૬. **કચ્છદાદ પર વિશેષ:—**

૭૦ તોલા પમાડના બીજનું ચૂર્ણ. ૩ ટંક ગંધક. આંવલા ટંક ૬. ઔષધો જૂદા-જૂદા વાટવાં. ગાયની છાશમાં **શરીર પર** યા દાદ જ્યાં-જ્યાં હોય ત્યાં ત્યાં લેપ કરવો. તડકે ૨-૩ ઘડી બેસવું. વધારે નહીં, દાદ જાય. કચ્છ દાદ પર આ યોગ અવ્યર્થ પ્રમાણિત થયો છે.

૨૭. નાગરમોથ, વાયવિડંગ, રાલ, મણસીલ, હરતાલ, કસીસ, કૂઠ, પીપલામૂલ, નિશા, કનેરજડ, લોદ,

કપીલો, બાર ઔષધ વાટીને કડવા તેલમાં પચાવી તૈલ દાદ પર માલિશ કરે તો ગમે તેવી દાદ હશે. અવશ્યમેવ મટશે.

૨૮. સાજી, કળી ચૂનો, સાચોરો ખાર, ઉના પાણીમાં પકાવી શીશીમાં ભરી રાખે. લગાવવાથી બ્યોચી દાદ પામ મટે છે.

૨૯. ઉભયનિશા, કોઠ, મોથ, બહેડા, સરસવ, દવાથી ચાર ગણું મીઠું તેલ મેળવી ઉકાળે. ૧ ઘડી પછી ગાળી શીશીમાં ભરી રાખે. લગાડવાથી દાદ મટે છે.

૩૦. પારો, ગંધક, લીંબુનો રસ. સર્વ સમ બધાંથી બમણું તૈલ, દ્રવ્યો તાંબાના વાસણમાં નાંખી લોટાથી મર્દે. ૧ ઘડી દાદ પર લગાડવાથી તત્કાલ પ્રભાવ બતાવે છે.

૩૧. સોહગી. ગંધક બન્ને લીંબુના રસથી લેપ કરવાથી દાદ મટે છે.

## બભૂતોપચાર

૧. લઘુ તુરીયાનાં બીજ યા પાનનો રસ હરતાલ સાથે કિંવા અપામાર્ગ ક્ષાર, હરતાલ, શેરડીના રસમાં લેપ કરે તો પણ બભૂતિ પર સારો પ્રભાવ પડે છે.

૨. મૂળાના બીજ કાંજીમાં ઘસી લેપ કરવાથી બભૂતિ મટે છે. મૂળાના બીજની ખીર પણ આવી રીતે લગાડી શકાય છે.

૩. સુખડ, રાલ, જૈખાર, આંવલા, મૂલાબીજ, ગાજરબીજ, સોમલ, છાશની આંચથી લેપ કરવો. સાત દિવસમાં બભૂતિ જશે.

૪. દાંડીયો ગંધક, મરી સૈંધવ ૩–૩ તોલા, લીંબુના રસમાં ગુટિકા બાંધવી. નરમૂત્રથી ઘસી બભૂતિ પર ચોપડવી.

૫. દૂબ, આંમલા, હળદર, ગળો, બાવચી ધૂંસો, ભ્રમરમૃતિકા પાણીથી વાટી લેપ કરવાથી બભૂતિ મટે છે.

૬. બાવચી, માલવી બાવચી, માલકાંગણી, કેરની કૂંપલ. જુઆર, ઢૂંસણી, પલાસના રસમાં બધાં દ્રવ્યો એકત્ર કરી અષ્ટાવશેષ કૂવાથ કરવો. ગજચર્મ બભૂતિ પર લેપ કરવાથી સત્વર શુભ પ્રકટ થાય છે.

૭. ભલ્લાતક, યવક્ષાર, બાવચી, હરતાલ, મેણસીલ, ખિરેંટીબીજ, લાંગલી, ઉપલેટ, ચિત્રક, નિશા, સમભાગે લઈ ગૌમૂત્ર સાથે લેપ કરવાથી ગજચર્મ બભૂતિ આદિ ચર્મ રોગ મટે છે.

૮. કોલ્હાની વેલ પંચાંગ માટલામાં બાળી રાખ ઘીથી લગાડવાથી ગજચર્મ બભૂતિ આદિ સર્વ રોગો શમે છે.

૯. પમાડબીજ, બાવચી, કપીલો, જૈખાર, ચિત્રક, સફેદ ચણોઠી, મણસીલ, હરતાલ, સૈંધવ, સાજી, લૂણ, પીપલામૂલ, આંવલા, સમાન ભાગે લઈને ઘીમાં પાચન કરે. પછે ઘી લગાડે. સાતજ દિવસમાં લાભ પ્રદર્શિત કરે છે-

૧૦. આકડાની જડની છાલ, ઉપલેટ, ભાંગરો, કનેરમૂલ, સૈંધવ, હરતાલ, નિગુંડી, થૂઅરનું દૂધ બધીએ દવાઓથી ચારગણું તેલ, આઠગણું ગૌમૂત્ર, તૈલાવશેષ પચાવે. પછે તૈલ ગજચર્મ, ખસ, બભૂતિ આદિ ચર્મ રોગો પર લગાડવાથી શીઘ્ર લાભ બતાવે છે.

૧૧. મેંદી પાણીથી વાટી લગાડવાથી પણ બભૂતિમાં ૧૪ દિવસમાં લાભ કરે છે.

## વાળા-નેહરુના ઉપચાર

૧. ચૂનો અને નૌસાદર ૧-૧ તોલો, અડધા સેર દહીંમા ઘોળી પાવાથી વાળો ત્રણ જ દિવસમાં બહાર આવે છે. અથવા તો અંદર જ ગળી જાય છે. આ પ્રયોગમાં ચૂનાની માત્રા વધારે લાગશે પણ લેવામાં જરાયે વાંધો નથી. પણ ત્રણ દિવસ લૂણ સર્વથા ન ખાવું. છાશ અને વગર ચોપડેલ રોટલી જ ખાવી. ૩ દિવસ આ પ્રયોગ કરવાથી ભવિષ્યમાં પણ વાળા નીકળતા નથી.

૨. વાળો કદાચ પાકી જાય તો એના પર ચૂનો, કાથો, એળિઓ અને હીંગ ૧-૧ તોલો લઈ તેલમાં વાટી મલમ બનાવવો. ટીકડી કરી વાળા વાળા ભાગ પર બાંધવાથી પીડા શમે છે.

૩. કણગચની મીંગી ટંક ૧૫, ગોળ ટંક ૯ એકત્ર કરી ૩-૩ ટંકની મોટી ગોળિઓ બનાવવી. નિત્ય ૧ સવારે સેવન કરવી. સાત દિવસમાં વાળો નિકળી જશે.

૪. નવસાદરનો ડમરુ યંત્રમાં ૫૦ વાર પાડેલ ફૂલ ૧ રતિ આપવાથી પાંચજ મિનિટમાં વાળો નિકળી જાય છે. અનેકવાર અનુભવેલ છે.

૫. કૂઠ ૦ાા તોલો ગાયના દહીથી ૭ દિવસ સેવન કરવાથી પણ વાળો નિકળી જાય છે. પાકેલ સ્થાને ઘૃત અને મીણ ગરમ કરી લગાડવું.×

## સ્ત્રી અધિકાર

**વિજયગચ્છીય આચાર્ય વિનયસાગરસૂરિજીના** શિષ્ય કુશલ ચિકિત્સક અને આ સંગ્રહના-સંકલક **મુનિ પિતામ્બરે** સ્ત્રી અધિકારની સ્વતંત્ર વ્યવસ્થા કરી છે. સર્વ પ્રથમ સંતાન ન થવાનાં-યોનિમુખ બંધ, વાયુગ્રન્થી, યૌનિકીટક, ધરણદોષ આદિ પર વિચાર કર્યો છે. કયો કયો દોષ હોય તો સ્નાનાન્તર શરીરનું કયું અંગ દુખે અને એના નિવારણ માટે કયી ઔષધિઓ આપવી જોઈએ. આદિ પાઠાન્તર રૂપે બીજાં પણ સાત ઉપકરણોની ચર્ચા કરી છે. એ ભલે આજના વૈજ્ઞાનિકો માટે વિચિત્રતા ભરેલી ચિકિત્સા પદ્ધતિનો ભાસ થાય. પણ આયુર્વેદના શાસ્ત્રીય ગ્રન્થકારોએ એના પર બહુ જ વિસ્તારથી પ્રકાશ પાડ્યો છે.

આ પ્રકરણ પુરાતન આયુર્વેદના આવા સંગ્રહાત્મક ગ્રન્થોમાં લગભગ સર્વત્ર મળે છે. કારણોમાં બધાયે એક મત છે. પણ ચિકિત્સાના પ્રયોગો દરેકનાં જૂદાં જૂદાં છે. કયાંક કયાંક નિદાનમાં સ્વલ્પ અનન્તર આવે છે. પણ મૌલિક દૃષ્ટયા સર્વમાં સામ્ય છે. થોડીવારને માટે આપણે માની લઈએ કે આવા ગ્રામીણ પ્રયોગો આજના વૈજ્ઞાનિક અને સર્વ સાધન સમ્પન્ન યુગમાં કેટલે અંશે ઉપયોગી છે? પણ ખરું પૂછો તો જ્યાં અમારા વૈજ્ઞાનિક દૃષ્ટિ ધરાવતા ચિકિત્સકો કંઈ પણ નથી કરી શકતા ત્યાં આવા ગ્રામીણ પ્રયોગોએ સારી સિદ્ધિ પ્રાપ્ત કરી છે. સ્ત્રી ચિકિત્સા પર એક સ્વતંત્ર ગ્રંથ **યોગ સુધાનિધિ બન્દિ મિશ્ર** રચિત મારા સંગ્રહમાં છે. એમાં બાલક અને સ્ત્રીની ચિકિત્સા પર બહુ જ સુંદર અને પારદર્શી પ્રકાશ પાડ્યો છે. અનુવાદ સહિત પ્રકાશિત કરવા ભાવના છે. વિચાર તો એ પણ છે કે સ્ત્રી ચિકિત્સા સંબંધી જેટલી સામગ્રી પુરાતન સંગ્રહોમાં મળે છે એનો એક ભાગ જૂદો જ પ્રકાશિત કરવામાં આવે. સમય, શક્તિ અને સાધનની ત્રિવેણી પ્રાપ્ત થયે પ્રયત્ન કરીશ.

સ્ત્રિઓનાં ઘણાં ખરાં દર્દો ઋતુ-માસિક ધર્મ સાફ ન આવવા કારણે જ પ્રસરે છે. માટે સર્વ પ્રથમ ઋતુ અધિકાર જ આપવામાં આવે છે.

---

× આ સિવાય વાળાના લગભગ ૩૦૦ પ્રયોગો સ્ફુટ હસ્તલિખિત આયુર્વેદિક સંગ્રહોમાં પ્રાપ્ત થાય છે. જેનું પ્રકાશન **અનુભૂત પ્રયોગ રત્નમાળા**માં કરવા ભાવના છે.

## ઋતુ-માસિક ધર્મ

૧. મૂંડાપાતી, ભાંગરો, સતાવરી, ગળો બધીએ વસ્તુઓ સમભાગે લેવી. મધમાં અવલેહી નિત્ય લગભગ ૧ તોલો એકવર્ણી ગાયના દૂધમાં સેવન કરવાથી માસિક ધર્મ સાફ આવે છે. મીઠાંનો ત્યાગ કરવો. માત્ર ચોખા જ ખાવા.

૨. ઘઉં કાદા ૦।, મેથી ૦।, એક સેર પાણીમાં બન્ને ઉકાળવાં. અડધું પાણી રહે ત્યારે જાડા કપડાથી ગાળી, નિચોવી ગોળ નાંખીને પી જવું. માસિક ધર્મ સાફ આવશે. ૭ દિવસનો આ પ્રયોગ છે. રાહત મળે તો વધારે પણ લઈ શકાય.

૩. સૈંધવ, મીઠું તૈલ પાવાથી પણ સારો લાભ થાય છે.

૪. મેથી, કાઠા ઘઉં, અડદ, મસૂર ૧૦-૧૦ ટંક. અડધા સેર પાણીમાં ઉકાળી ચતુર્થાંશ કવાથ કરી માંહે તૈલ લગભગ ૨ તોલા અને જૈખાર ૦ાા તોલો નાંખી પીવું- માત્રા જોવામાં વધારે લાગે છે. પણ માસિક ધર્મની શુદ્ધિ માટે આ સારો યોગ છે.

૫. સોહગી, જૈખાર, કપૂર, ત્રણે સમભાગે લઈ મધમાં ઘૂંટી મોટા બોર પ્રમાણે ગોળિઓ બનાવી નિત્ય સેવન કરે.

૬. નાગરમોથ. ફટકડી, ખાપરિયું, બોલ, લવિંગ, સૈંધવ. કાળાં મરી, માલકાંગણી સર્વ સમભાગે લઈ વાટીને પાણીથી જ ગોળિઓ બનાવવી. બોર બરોબર અનન્તર સંખાવલી પંચાંગના રસમાં નિત્ય સવાર-સાંજ એક એક ગોળી ખાવી. રસ ન મળે તો કવાથ પાવો. થોડું તૈલ કવાથમાં નાંખવું. માસિક ધર્મ રોકાયેલું હશે તો પણ આ પ્રયોગથી સાફ આવી જશે,

૭. જાસૂદના ફૂલ છાછમાં વાટી પીવાથી માસિક ધર્મ આવે છે.

૮. શંખાવલી ૩-૫ ટંક વાસી પાણીમાં ફાકવી. પથ્યમાં ઘઉંની રોટલી અથવા મગની દાળની ખીચડી જ ખાવી.

૯. અસાલિયો, લવિંગ, સરસવ, જાવંત્રી, જાયફળ, ઉટીંગણ, અગર, બધાં ૨-૨ ટંક, દુધમાં વાટી પાવાથી ઋતુ આવે છે.

૧૦. છાયાશુષ્ક ભાંગરો અને તલ ૦ાા-૦ાા તોલો વાટીને પાણીમાં પીવાં,

૧૧. શંખાવલી, કેશર, નાગકેશર ૧-૧ તોલો, માત્રા ૧ માસાની એક વર્ણી ગૌદુગ્ધમાં વાપરવી. સાઠી ચોખાની ખીચડી ખાવી.

૧૨. વીરબહૂટીનો કવાથ પણ માસિક ધર્મ સાફ લાવે છે. યોગ્ય ચિકિત્સકની સલાહથી આ પ્રયોગ કરવો.

૧૩. હરસાટડી મદનમંદિરમાં ૧ ઘડી સ્થાપિત કરવાથી ઋતુ આવે છે.

૧૪. રોહિસ ખડના ફૂલ ૦ાા શેર, ૧ શેર પાણીમા ઉકાળે, ૦। શેર રહે ત્યારે ૪ તોલા તેલ નાંખી સ્ત્રીને ઉભા રહીને પાયે તો અટકાયેલ માસિક ધર્મ આવે.

૧૫. કાળાંમરી ટંક ૫, કપૂર ટંક ૨ાા, અકરકરો ટંક ૨, સર્વ વાટી ભોરીંગણીના રસમાં ગોળીઓ બનાવવી. ૩-૩ કલાક સુધી એક-એક ગોળી મદનમંદિરમાં સ્થાપિત કરવી, સ્ત્રીધર્મ આવે છે. આ પ્રયોગ નિર્ભય છે,

૧૬. નાગરમોથ ટંક ૨, ફટકડી ટંક ૧, ખાપરિયું, એલ, લવિંગ, સૈંધવ, મરી ૧–૧ ટંક, માલકાગણી ટંક ૬ સર્વવાટી પાણીથી ગોળી બનાવે. સોનાહેલીના કાઢામાં ૨–૨ ગોળીઓ ૧૫ દિવસ સુધી સેવન કરવાથી માસક ધર્મ સાફ આવે છે.

૧૭. આંબાનું મૂળ, એરંડિયાનું મૂળ, નિસોત. ત્રણે સમાન ભાગે લઈને ૦।। તોલો ગાયનાં મૂત્રમાં સવારે ફાકવાથી ઋતુ આવે છે.

૧૮. કોડી બાળીને ૦।। ટંક બકરીના દૂધમાં આપવાથી પણ રોકાયેલ માસિકધર્મ આવે છે. કોડીને કેપ્સૂલમાં ભરી આપવી જોઈએ. કારણ કે જો મોઢાંમાં ચારે તરફ વળગશે તો મોઢું ફાટવાનો ભય રહે છે. જો એવું થાય તો ચાંદીનો કકડો ૧ કલાક મોઢાંમાં રાખવાથી ચાંદા મટી જશે, આ પ્રયોગ સાત જ દિવસ કરવો.

૧૯. રાયણની મીંગીને ખૂબ વાટી પીઠી બનાવી. રુમાં લગાડી મદનમંદિરમાં રાખવાથી પણ ઋતુ આવે છે. ચાંદાં પડવાનો ભય ન રાખવો.

૨૦. મેંણસીલ પાણીમાં વાટી રુની વાટ એમાં સરી રીતે ભીંજવવી. પછી મદનમંદિરમાં સાત દિવસ રાખવી, વાટ નિત્ય બદલી નાંખવી, ઋતુ આવશે.

## ગર્ભાધાન

સંતતિ થવી કે ના થવી એ ભાગ્યાધીન છે, પણ પ્રત્યેક સ્ત્રી–પુરુષની મહતી વાંછા હોય છે કે સંતાન રહિત જીવન વ્યર્થ છે. ઘણી બહેનો એવી હોય છે કે દામ્પત્યજીવનમાં ઘણાં વર્ષો પછી પણ સંતાન નથી થતું, જ્યાં ઉદર પૂર્તિ એક સમસ્યા છે ત્યાં સંતાનોની પ્રચુરતા જોવાય છે ? અને જ્યાં સુખ શાન્તિ અને સમૃદ્ધિપૂર્ણ વૈભવ હોવા છતાં પણ ભવિષ્યમાં આ સંપત્તિનો ઉપયોગ કોણ કરશે ? એવી ચિન્તા પ્રવર્તે છે, સંતાન માટે માનવી શું નથી કરતો ?

પુત્રેચ્છુક દોરા–ધાગા કરનારાઓના ચક્કરમાં ફસાઈ ખૂબ જ દ્રવ્યનો વ્યય કરે છે. ગમે તેવી જગ્યા પર માથું નમાવતો ફરે છે. પણ એવાં વ્યક્તિઓએ રીતસર તો પોતાના અને અર્ધાંગિનીના શરીરની જ આયુર્વેદીય પદ્ધતિએ યોગ્ય ચિકિત્સક પાસે તપાસ કરાવવી જોઈએ. એમાં કોનો દોષ છે ? એ નક્કી કર્યા પછી જ આવશ્યક ચિકિત્સાનો આસરો લેવો જોઈએ. પ્રયત્ન માનવનો અને પરિણામ પ્રકૃતિપર છોડી દેવું જોઈએ.

ઘણી વખતે સંતાન ન થવાનું કારણ પુરુષ પણ હોય છે. પરન્તુ આપણે ત્યાં તો સ્ત્રીને જ દોષી માનવામાં આવે છે.

૧. શ્વેત–વંધ્યા કંકોડાનું મૂળ એક વર્ણી ગાયના દૂધમાં ૦।। તોલો સ્નાન પછી પાવાથી સંતાન થાય છે.

૨. નાગકેશર, બન્ને જીરા, મોરશિંખા ૧–૧ તોલો, પડિકી ૩ કરે. દરેક પડિકીમાં ઈશ્વરલિંગીના ફળ ૧૧–૧૧ મૂકવાં. ગાયના દૂધમાં સ્નાનાન્તર પડિકી એક સૂર્ય સન્મુખ ઊભા રહી લેવી. ભૂમિશયન કરવું, સંતાન થાય.

૩. સતાવરી, જેઠીમધ, ભાંગરો પંચાંગ, મુંડાપાતી, (છાયાશુષ્ક) નાગકેશર, અશ્વગંધ, સર્વ સમ, ટંક ૨ ની ૧ માત્રા સમજવી. ૩ દિવસ પછી દૂધમાં આપવી.

૪. ઉભયલિંગી–ઇશ્વિરલિંગી ૧૧ પાનનાં બીડાંમાં સ્નાન પછી આપે.

૫. માજૂફલ, ચંદન, એલચી, સમુદ્રફીણ લવિંગ, જાયફળ, કેશર, સરિસની કૂંપલ ૨–૨ ટંક, સરિસના ફૂલના રસમાં સોપારી બરોબર ગોળીઓ કરવી, ઋતુ સમયે ધરણમાં રાખવી, આ પ્રમાણે ૫ ઋતુ પર્યન્ત કરવું.

૬. હયબોર, નાગકેશર, વરધારો ૭–૭ ટંક મિશ્રી ૨૧ ટંક, ૬ પડિકી બનાવવી. ઋતુ સ્નાનાનન્તર એકવર્ણી ગાયના દૂધમાં આપવી.

૭. બિજોરાની કળી ૪૯, ધાવડીનાં ફૂલ ટંક ૩, નાગકેશરનાં દાણા ટંક ૯, અબીંધમોતી ટંક ૩, શંખાવલી ટંક ૩, સહદેવી, અપામાર્ગ, એલચી, ગોરોચન, શરપંખા, લવિંગ, પ્રવાલભસ્મ યા પિષ્ટી, ૩–૩ ટંક, મિશ્રી ૫ તોલા, ૪–૪ માસાની ૧ માત્રા ઋતુ સ્નાનાનન્તર એકવર્ણી ગાયના દૂધમાં આપવી. ૩ માસ સુધી આ પ્રયોગ પ્રતિ માસ કરવો.

૮. નાગકેશર ટંક ૭।।, કપડછણ કરી ૨–૨ ટંકની ૬ પડિકી બનાવી, ઋતુ સ્નાનાનન્તર ગૌદુગ્ધમાં આપવી, ઉપર ક્ષીરાન્ન ભોજન ૩ માસ આપવી, સંતાન થાય.

૯. મુંડીકલ્હારનો રસ ૩ તોલા સ્નાન પછી પીવડાવી ઉપર ૨ તોલા જૂનો ગોળ ખાવાથી પણ ગર્ભ રહે છે.

૧૦. ઉંધાહોલી વિધિવત્ શનિવારે સાંજે નિમંત્રી રવિવારે પ્રાતઃકાલ લાવી ત્રણ દિવસ પછી આપવાથી સંતાન થાય છે અને એક વાર થયાં પછી જે કૂક્ષી બંદ થાય છે એ પણ પુનઃ સંતાનોત્પત્તિને યોગ્ય બને છે.

૧૧. ઇશ્વિરલિંગી, પારાપત વીઠ, મોરશિખા, ०।। ટંક સ્નાનાનન્તર એક વર્ણી ગાયના દૂધમાં આપવાં. આધાન રહે.

૧૨. લઠ્યિાનાં પાંદડાં એક શેર, પાણી ૨ શેરમાં કાઢો કરવો, ૧ શેર રહે ત્યારે ૩ ભાગ કરી ઋતુવંતીને પાવાથી પુત્ર જ થાય છે.

૧૩. એરંડનું મૂળ, અમરવેલ, થોરનુ મૂળ, નેગડની છાલ ત્રણે છાયાશુષ્ક ચૂર્ણ કરી ०।। તોલો ઋતુ સમયે આપવાથી સંતાન થાય છે.

૧૪. ઉંટકંટારાનું મૂલ, રીંગણીમૂલ, પતંજારી મૂળ, છાયાશુષ્ક ચૂર્ણ ०।। તોલો પ્રતિદિન સ્નાન પછી સાઠી ચોખાનાં ધોવણમાં આપવાથી સંતાન થાય છે.

૧૫. કાંકસીમૂલ ગૌદુગ્ધ સાથે ૧ તોલો ઘસી પાવાથી કાકવંધ્યાને પણ પુત્ર થાય છે.

૧૬. એલચી, ખુરાસાણીવચ, હળદર, અજમો, વિસખપરો, કડવી તુંબડીનો ગર્ભ, સર્વની વર્તિકા બનાવી મદનમંદિરમાં ૩ દિવસ રાખવાથી શુદ્ધિ થાય છે. અનન્તર સંતાન,

૧૭. નાગકેશર, વરધારો ૭।।–૭।। ટંક, ઉભયલિંગી ૧।। ટંક, બધાની પડિકી ૭ કરવી, ૧–૧ પડિકી ૩ દિવસ લેવી, અને ઇશ્વિરલિંગીના બીજ ૧૧ બપોરે લઈ દૂધ પીવું.

૧૮. સંખાવલી ૧ ટંક નિત્ય ૧ માસ સુધી સપથ્ય એકવર્ણી ગાયના દૂધ સાથે સેવન કરવાથી અવશ્ય સંતાન થાય છે.

૧૯. પિતપાપડો, સાજી ચોપ, ત્રણે સમાન લેવાં, ૧ ટંક સ્નાન પછી વિધિવત્ સેવન કરવાથી વંધ્યા પુત્ર પામે છે.

૨૦. બાળકની નાલ ઋતુ સમયે ગોળમાં આપવાથી અવશ્યમેવ સંતાન થાય છે.

૨૧. ઋતુ સ્નાન કર્યા બાદ પ્રથમ દિવસે સૂર્ય સન્મુખ ઉભા રહી ઉભી રીંગણીનો રસ ૩ તોલા એકવર્ણી ગાયના દૂધમાં મેળવી પીવો, ૪ ઋતુ પર્યન્ત પાન કરવું, ચૂરમાનું ભોજન કરવું. બીજે દિવસે તલ, ટોપરું અને ખાંડ જ સેવન કરવી. પુત્ર પ્રાપ્તિ થાય.

૨૨. ૧ શેર નાગકેશર, એક શેર ખાંડ એટલુંજ ઘૃત, અવલેહી પ્રતિદિન હિસાબથી એક માસ લગી સેવન કરવાથી અવશ્ય સંતાન થાય છે.

૨૩. સગર્ભા ભેંસનું દૂધ, અજામુત્ર, સતાવરી ઋતુ સમયે લેવાથી સંતાન થાય છે.

૨૪. શ્વેતવચ એકવર્ણી ગાયના દૂધમાં ઘસી પાવાથી સંતાન થાય, જો વચ પેટમાં ટકે તો, માત્રા ાા તોલો લગભગ આપવી.

૨૫. પારસપીપલ, અવીંધ મોતી, પ્રવાલભસ્મ, મયૂરશિખા, ઇશ્વિરલિંગી, વડવાઈનો કૂણો ભાગ, પટોલ–પરવલ, ચંદન અને કેશર, બધાં સમભાગે લેવાં. ગોલી રુદ્રવન્તીના રસમાં અથવા તો ઇશ્વિરલિંગીના ફલમાં ચણા પ્રમાણે બનાવવી. ૧૪, ૨૧ અથવા ૩૧ દિવસ સેવન કરાવવાથી સંતાન થાય છે. પથ્યમાં માત્ર દૂધ અને ચોખા જ લેવા.

આ સિવાય પણ જૂદા-જૂદા અનુભૂત પ્રયોગોનાં સંગ્રહોમાં સંતાનોત્પત્તિનાં એવાં પણ પ્રયોગો ટાંકેલા મળે છે. જેની સત્યતા અસંદિગ્ધ છે. ઘણાં પ્રયોગોમાં સંગ્રહકારે નામ અને પ્રયોગ પ્રાપ્તિનો સંવત્ પણ આપેલ છે. આવી આમ્નાયો આના બીજા ભાગમાં સંકલિત કરવામાં આવશે.

## નાલ પરાવર્તન

૧. મોરશિખા, રાજહંસી, ઇશ્વિરલિંગી ૩–૩ ટંક, ઋતુ પછી ૩–૩ ટંકની પડિકી ૩ દિવસ સવત્સા ગૌદુગ્ધથી પાવાથી નાલનું પરિવર્તન થાય છે.

૨. કાંકસીમૂળ પુષ્યાર્કે લાવી, ચંદ્રબલ જોઈને સારા મુહૂર્તે સ્ત્રી કટિપ્રદેશે બાંધવાથી નાલ બદલાય છે.

૩. પાતાલ ગરુડી, જીરૂં, પારદ, ગંધક, ૧–૧ તોલો મધથી ગોળી બનાવી ૭૨–૭૩ કે ૭૫ મે દિવસે લેવી શરૂ કરવી, ૨ સપ્તાહ લેવાથી નાલ પરિર્વત થાય છે.

૪. ઉંધાહોલી પંચાંગ છાયા શુષ્ક ચૂર્ણ ટંક ૦।, સવત્સા ગૌદુગ્ધથી પાન કરાવવાથી પણ નાલ પરિવર્તન થાય છે.

## કાકવન્ધ્યા[1]

૧. સિંહની વીટ ટંક ૩, મિશ્રી ટંક ૩, ાા–ાા ટંકની ૩ પડિકીઓ ઋતુ સમયે આપવાથી કાકવન્ધ્યા દોષ મટે છે.

૨. રીંગણીનો ગર્ભ, નવ સાટિકા, ધોળી, ૧–૧ ટંકની ૩ પડિકી બનાવી. સ્નાન પછી ત્રણ દિવસ ગાયના દૂધમાં આપવી, એક સંતાન પર કુક્ષી બંધ થઈ ગઈ હોય તો ખુલે છે, અનુભૂત પ્રયોગ છે.

---

૧. એકવાર સંતાન થયા બાદ સંતાન ન થતું હોય એને કાકવન્ધ્યા કહેવામાં આવે છે.

## અધુરો ન પડે

શારીરિક દુર્બલતા અથવા અસંયમ આદિ કારણોથી ઘણીવાર અધૂરો ગર્ભ પડી જાય છે. અને એક વાર ગર્ભસ્રાવ થયાં પછી બીજી વાર પણ પડવાનો ભય રહ્યા કરે છે, એવા કેસો માટે નીચેના બન્ને પ્રયોગો અત્યુપયોગી નિવડ્યા છે.

૧. ફકરવેલાના બીજ, શુભ્રા કાથો, ૨–૨ તોલા, સર્વ સમાન સાકર, ૦ાા–૦ાા ટંક ૨૧ દિવસ સેવન કરે, ખાટું–ખારું વાયડું ન ખાવું. આ પ્રયોગથી અધૂરો ગર્ભ અટકે છે. અને સંતાન પુષ્ટ થાય છે.

૨. જળાશયમાં ઉત્પન્ન વૂઈ શનિવારે નિમંત્રી રવિવારે ગ્રહણ કરી કટિ પ્રદેશે બાંધવાથી પણ અધૂરો ગર્ભ પડવાનો ભય રહેતો નથી.

## મૃતવત્સા દોષ

ઘણીવાર એવું બને છે કે સંતાન હોવાની સાથે અથવા અમુક અવધિમાં મરી જાય છે. એ દોષ ટાળવાના પ્રયોગો આપવામાં આવે છે.

૧. તિલકંટો પંચાંગ છાયા શુષ્ક ચૂર્ણ તૈયાર કરી રાખવું. સંતાન જ્યારે ૪૫ દિવસનું થાય ત્યારે તેની માને ૨ાા ટંક ચૂર્ણ વાસી પાણી સાથે ફકાવવું. પથ્યમાં માત્ર મગની ખીચડી આપવી. આ પ્રયોગ ૨૧ દિવસ ચાલુ રાખવો. શક્તિ સમ્પન્ન નારી હોય તો જ્યાં સુધી છોકરું ૪–૫ મહિનાનું ન થાય ત્યાં સુધી પૌષ્ટિક ઔષધો લેવાં.

૨. હળદર, સૂંઠ, મરી, પીપલ, લીંબડાની છાલ, પીપલા મૂળ, લવિંગ, એલચી, મોટી હરડે, નાની હરડે, દારૂ હળદર, દેવદાર, બાવચી, ચોપચીની, સુઆ, ધમાસો, રતાંજણી, જીરું, આંવલા, ચંદન, વરીયાળી, મેંદી, ચિત્રક, અરડૂસો બધી દવાઓ ૨૪ ટંક લેવી, નાના તૂંબડામાં ભરી ઉપરથી ૧–૨ સેર ગર્દભ મૂત્ર રેડવું, એ ઘરને આંગણે ગાળવું. જ્યારે બાળક ૮ માસનો થાય ત્યારે કાઢી એની ઘુટ્ટી આપવી. અને બાળક જન્મતાંની સાથે પણ બને તો ઘુટ્ટી આપવાથી મોટી ઉંમરમાં બાળક મરતાં નથી. આ પ્રયોગ નિર્ભય અને ખૂબ જ અસરકારક છે.

૩. ત્રિફલા, ત્રિગડુ, ગલી, એલિયો, જીરું, અજમો, સિંધવ, કુડાછાલ, કાળું જીરું, ગુગળ, અજમોદ, રતાંજણી, ધાણા, સુવા, આસીંદ, કિરાયતો સમાન ભાગે પ્રત્યેક દ્રવ્ય લેવાં, વાસી પાણીથી ૨ રતિ અથવા તો ગૂગળને પાતળો કરી કૂટી ચણા બરોબર ગોળિઓ બનાવી માને આપવાથી બાળક જીવે છે. આ પ્રયોગ ૫ માસ લગી કરવો. ગોળીને પ્રભાવ દૂધ પર પડે છે. એથી બાળકને દરેક જાતનાં પૌષ્ટિક તત્ત્વો મળી રહે છે.

૪. આસગંધ, કૂઠ, મરી, ત્રિફલા, બન્ને જીરાં, ઈન્દ્રજૌ, કૂડાછાલ, અજમો, ગૂગળ, ગળી, સૈંધવ, રતાંજણી, એલિયો, ચણોઠી, ઉંટના લીંડાની રાખ ૮ ટંક, બાકી બધાં ૪–૪ ટંક, વાસી પાણીથી લેવું, આ ઔષધ પાંચમો મહિનો લાગે ત્યારથી આપવું જોઈએ. માત્રા ૧ાા–૨ માસ સુધીની સમજવી. મૃતવત્સા દોષ મટે છે.

૫. શુદ્ધ સ્વર્ણ, કસ્તૂરી, વાલકનાલીનો રસ, ગૌશ્રૃંગ, ચારેની ઘૂંટી બાળકને સ્વલ્પ આપવાથી મૃતવત્સા દોષ ટળે છે.

## છોડ-ગર્ભવૃદ્ધિ

૧. સિરસનાં પાન કૂટી ગાળી માંહે ઘી મેળવી પાવાથી છોડ વધે છે.

૨. ઉંટકંટાળો શનિવારે નિમંત્રી રવિવારે વિધિવત્ લાવે. છાયાશુષ્ક ચૂર્ણ ૧ સેર પાણીમાં નાંખી ઉકાળે, અડધું પાણી બળે ત્યારે ઠંડુ કરીને પાવાથી જો ગર્ભ જીવતો હશે તો વધશે અને મૃત હશે તો પડી જશે.

૩. તિલકંટા અને કાળાં તલની રાખ ૪-૪ ટંક. ૧૪ દિવસ પાણી સાથે અપાય તો છોડ અવશ્ય વધે છે.

૪. સતાવરી, ગોરખમૂંડી, મુસલી, જેઠીમધ, આસીંદ, ભાંગરો સમમાત્રા સાઠી ચોખાના ધોવણમાં નિત્ય ૪-૬ માસ સેવન કરવાથી છોડ વધે છે. ૧૪ દિવસ તો પ્રયોગ કરવો જ.

૫. પીલુડી અને સાલરનું મૂળ બકરાનું દૂધમાં ઘસી પાવાથી છોડ-ગર્ભ વધે છે.

૬. વરધારો, સાકર, સૂંઠ, વરીઆળી, આંવલા ૫-૫ ટંક, બોલ્યાનાં પુષ્પ જૂઆરની ધાણી ધૃતાવલેહી આપવાથી છોડ વધે છે.

૭. જાસૂદના ફુલ ૨૧ દિવસ ખાવાથી ગર્ભ વધે છે.

૮. શતવર્ષીય નિમ્બમૂલ ગાયના દૂધમાં ઘસી એક મહિના સુધી પીએ તો પણ છોડ વધે છે.

૯. કાળુંજીરું, મયૂર શિખા ટંક ૧૧ ગાયના દૂધ સાથે પીવાથી છોડ વધે છે.

૧૦. સૈંધવ, જીરું, ધૃતયુક્ત પાનથી છોડ વધે છે.

૧૧. વરધારો, સાકર, સતવા સૂંઠ, પુનર્નવા ॥-॥ બકરીનાં દૂધમાં પીવાથી ગર્ભવૃદ્ધિ થાય છે.

૧૨. શતાવરી, નાગરમોથ, અશ્વગંધા, વરધારો, ગોખરુ સર્વ સમ, તત્સમ સાકર, ઘી સાથે ॥-॥ તોલો નિત્ય એક માસ સુધી લેવાથી ગર્ભ વધે છે.

૧૩. ગર્ભવૃદ્ધિ માટે શુદ્ધ સોનાગેરુ અને વૂંઠનું મૂલ પાણી સાથે લેવું અત્યન્ત હિતકર અને નિર્ભય છે.

## ગર્ભપાતન

ગર્ભપાતન ધાર્મિક દૃષ્ટિએ મહા પાપ ગણાય છે. વૈધાનિક અપરાધ પણ છે અને સ્વાસ્થ્ય માટે તો અત્યન્ત હાનિકર છે. પણ જો પેટમાં ગર્ભ મૃત પામે અને તત્કાલ બહાર ન નીકળે તો માતાના પ્રાણ જોખમમાં પડી જાય છે. એ વાત ધ્યાનમાં રાખીને જ શાસ્ત્રકારોએ ગર્ભપાતનના ઘણાં યોગો નિર્માણ કર્યા છે.

૧. સોદગી બે-ત્રણ ચણાં સમાન ગોળમાં આપવાથી ગર્ભ પડે છે.

૨. નાગરમોથ, ગોળ અને તૈલ ઉકાળી પાવાથી પણ પતન થાય છે.

૩. ઉત્તરવારુણી મૂલનો કાઢો ૪ તોલા પાવાથી મૃતગર્ભ પડે છે. એટલું જ નહિં આજ વનસ્પતિનાં પંચાંગની ગોળી મદનમંદિરમાં રાખવાથી પણ રહેલ ગર્ભ પડે છે.

૪. કંપીલો, યવક્ષાર, સુહાગો, મજીઠ ૨-૨ ટંક ઉકાળી પાવાથી ગર્ભ પડે છે.

૫. કંપીલો, ગાજરબીજ પીપલ ૧૦-૧૦ ટંક સાત દિવસ ઉકાળી પાવાથી ગર્ભ પડે છે.

૬. વૃંદાલ, વચ, રાયણમીંગી, લીંબોડીની મીંગી, એલિયો, સમ ભાગ લઈ ૬ આંગળની રૂની વાટ કરી ઔષધમાં ભાવિત કરી મદનમંદિરમાં એવી રીતે મૂકવી કે જે કમળ સાથે સ્પર્શ કરી શકે, ગર્ભ અવસ્ય પડશે.

## સુખે પ્રસવ અધિકાર

૧. અરડૂસાનું મૂલ કાંજી સાથે વાટી નાભી અને મદનમંદિરે લેપ કરી ઉંધા સૂવાથી પ્રસવ થાય છે.

૨. સર્પકંચુકી, ધાણા અને સરસવ બીજની ધુણી આપવાથી પણ સુખે પ્રસવે છે.

૩. પુનર્નવા મૂળ યોનિમાં રાખવાથી પ્રસવ સરલતાથી થાય છે.

૪. ધુંસો ચૂલા ઉપરનો ટંક ૧–૨ વાસી પાણીથી દિવસમાં બે–ત્રણ વખત આપવાથી પ્રસવમાં કષ્ટ થતું નથી.

૫. સર્પકંચુકીનું ઘીમાં કાજલ પાડી આંજવાથી કષ્ટી છૂટે છે. આ પ્રયોગથી નિંદ્રા પણ સારી આવે છે.

૬. ચંપાનું મૂળ શીતલ પાણીથી ઘસી પાવાથી પ્રસવ પીડા શમે છે.

૭. ધતૂરાનું મૂળ વિધિવત્ લાવી કટીએ ધારવું શ્રેયસ્કર છે.

૮. પાકા ગૂંદા જેઠીમધ સાથે ખાઈ ઉપર એરંડિયું તૈલ પાવાથી પણ સુવાવડમાં કષ્ટ પડતું નથી.

## પ્રદર

પુરૂષ જેમ ધાતુ ક્ષીણતાથી દુર્બલ બને છે તેમ નારી પ્રદરને કારણે પીડાય છે. આ યુગમાં પ્રદર રોગ ખૂબ જ વધી ગયો છે. એને કારણુ માસિક ધર્મ પણ સાફ આવતું નથી.

૧. પારાપત વિષ્ટા ૩ તોલા, સાકર ૬ તોલા, ગેરુ ૨ તોલા, ચૂર્ણ કરી બકરીના દૂધમાં ૧ ટંકની ફાકી આપવાથી ૮ દિવસમાં પ્રદર બંધ થશે. પણ ૨૧ ઔષધ દિવસ લઈ લેવું સારૂં છે.

૨. મૂષકમીંગણી, પારાવતવીઠ, ચંદન, મોચારસ, ધાવડાના પુષ્પ ૫–૫ ટંક, સાકર ૮ ટંક, બકરીનાં દૂધમાં ૨ ટંકની સવાર સાંજ ફાકી લેવી. ખાટું–ખારૂં ન ખાવું સત્વર પ્રદર શમે છે.

૩. એલચી, ગોપી ચંદન, પારાવત વીઠ સમ, તત્સમ સાકર, ૧ ટંક બકરીનાં દૂધમાં ફાકી લેવાથી પ્રદર શમે છે.

૪. વેકરિયો ૦ાા, ગૂંદર ધાવડાનો ૦| સેર કાચો વાટી ખાંડ ઘીથી લેવાથી પ્રદર અને ખાસ કરીને અધૂરો ગયા પછીનો પ્રદર શાન્ત થાય છે. મદનમંદિરની શિથિલતા મટે છે.

૫. એલચી, તજ, પત્રજ, નાગકેસર, ધાણા, જીરૂં, ઇન્દ્રજૌ, કૂડાછાલ, મુલેટી, તેંદૂ, લોદ, સ્વર્ણગેરૂ, ગોપીચંદન, સર્વ સમ, તત્સમ મિશ્રી, ચોખાના ધોવણથી ૪ ટંકની ફાકી લેવાથી પ્રદર, મૂર્છા, ભ્રમ, કંઠશોષ આદિનું શમન થાય છે.

૬. લાખ, કેસૂડાં સાકર સાથે વાટી પીવાથી રક્ત પ્રદર મટે છે.

૭. નેત્રવાલો, મોરશિખા અગર ચોખાના પાણીની ૦ાા–૦ાા તોલો ૨૧ દિવસ પીવાથી પ્રદર થંભે છે.

૮. બિલ્વ, ચંદન, સાકર, ચોખાના પાણીથી પીવાથી પ્રદર શમે છે.

૯. બાવચીના કોયલા ગૌદુગ્ધથી પાન કરવા પણ હિતકર છે.

૧૦. પાતાલગરુડી સાઠીચોખાના પાણીથી પીવાથી પ્રદર મટે છે.

૧૧. ડાભનીજડ ટં. ૨ાા સાકર સાથે લેવાથી પ્રદર મટે છે.

૧૨. ચંદનનો ચૂરો ૦ાા સેર, કસેલો ૧૦ તોલા, પાસેર બોરની જડની છાલ એકત્ર કરે. ૨ાા તોલાનો કાઢો કરી સાત દિવસ પીવાથી પ્રદરમાં લાભ થાય છે.

૧૩. કાંકસીમૂલ ઘસી દૂધમાં પાવું પ્રદર મટે.

૧૪. રેવન્તચીની ટં. ૧-૧ાા સાકર સાથે ફાકવાથી પ્રદર મટે છે.

૧૫. આંબાહળદર, રસોત, કિરાયતો, મોથ, વાસા, કાથો, નાનું બિલ્વફલ સાકર સર્વ સમ ફાકી પાણીથી લેવી.

૧૬. ચોખાની જડ તોલા ૧-૧ાા ચોખાના પાણી સાથે લેવી.

૧૭. લીંબુ, સતાવરી, આકડાની જડ, થોરની જડ, સમ ભાગ લઈને પુણી બનાવી મંદિરે રાખવાથી પ્રદર સત્વર શમે છે.

આ નિર્ભય યોગ છે. થોર અને આકડાથી ભય ન રાખવો,

૧૮. ફસુંદીના રસમાં ગળોસત પીવાથી પ્રદર શમે છે.

૧૯. અરણિયા છાણાની રાખ પીવાથી પણ પ્રદર શમે છે.

૨૦. ચામઘસ ૨૦ ટંક, એલચી ૫ ટંક, નિવાત, પીપળ, ઇન્દ્રજૌ એકત્ર કરી વાસી પાણીથી ૩ ટંકની ફાકી લ્યે તો વાયુ અને પ્રદરનું શમન થાય છે.

૨૧. અજાલીંડી, સાકર સાથે યોનિના બાહરના ભાગમાં લેપ કરવાથી પ્રદર શમે છે.

૨૨. પુનર્નવા મૂલ પાંણીથી પીવાથી પ્રદર મટે છે.

૨૩. જૂનું કંતાન બાળી રાખ ૧ાા ટંક લેવાથી પ્રદર મટે છે. આવી જ રીતે જૂનું કપડું અથવા તો જોડા બાળીને રાખ બનાવી આપવાથી પણ પ્રદર શમે છે.

૨૪. લૌહ ભસ્મ બે રતિ, ૧ રતિ પ્રવાલ, ૨ રતિ અજમો ખાવાથી પ્રદર મટે છે. અનુપાન દૂધેલીનો રસ.

૨૫. ફટકડી અને ખાંડ ૩-૩ રતિ ચોખાના પાણીમાં લેવાથી પ્રદર મટે છે.

૨૬. મોચરસ તોલા ૫, ખાંડ તોલા ૧૦, ૦ાા-૦ાા તોલાની પડિકી સાત દિવસ લેવાથી પ્રદર થંભે છે.

## સંકોચન

૧. વડના દૂધમાં વસ્ત્ર ભીંજવી વાટ બનાવવી. મદનમંદિરમાં સ્થાપિત કરવાથી સંકોચન થાય છે.

૨. બાવળની ફળી, પારાપતવીઠ, સમ ચૂર્ણ કરી ટં. ૧ પ્રાતઃ ભક્ષણ, સાયં સંકોચન.

૩. સમુદ્રશોષ, સમુદ્રફીણ, બાવળનાં કાચાં પાન, ચંદન, બધાંનું ચૂર્ણ કરી ૧ ટંક ચૂર્ણ સારા સુકુમાર વસ્ત્રમાં પોટલી બનાવી પાંચ કલાક મદનગર્તે મેળવી સંકોચન થશે અને પ્રદર પણ મટશે.

૪, મેંદી, શુભ્રા, કસીસ, માયા, માજૂફલ, આ ચૂર્ણથી પ્રક્ષાલન કરવાથી મદનમંદિરનો સંકોચ થાય છે,

૫. વાગોળ–વડવાંદરીની વીઠ નાલથી ધૂણી દિયે તો પણ સંકોચન થશે. કુંભ ટળી ગયો હોય તો સ્ત્રીને સૂવડાવી નાલ પ્રવેશ કરાવી ધૂંઆરો દેવો. ઠેકાણે આવશે

૬. ભાંગ ૨ તોલા, બોરની જડ ૨૦ તોલા, પાશેર પલાસની જડની છાલ, બોરની જડ ઉકાળી રસથી ભાંગ વગેરે ઔષધને સાથે બચેલો કુચો, ભગે બાંધે તો કમલ ઠેકાણે આવે, સંકોચન થાય.

૭. મોચરસ, ખુરાસાણી અજમો, હીરાકસીસ, બધાં ઔષધ ૦ાા–૦ાા તોલો ફટકડી ૧ તોલો લઈ કડછીમાં હલાવો પાણી થાય ત્યારે ત્રણે દવા અંદર નાખી ગોળિઓ બનાવે. એ ગોલી ૧ બોર પ્રમાણ યોનિમાં રાખવાથી સંકોચન થાય છે.

૮. માજૂફલ, કાયફળ વાટી ગોળી પાણીથી કરી રાખે, સંકોચ.

૯. કપૂર રુના ફૂંભડામાં રાખે તો સંકોચન.

૧૦. હીંગોટ ફલ ઘસી લેપ કરવાથી પણ સંકોચ થાય છે.

૧૧. દ્રાખ, પીપલ, ત્રિફલા લોદ વાટી લેપ કરવાથી પણ સંકોચ.

૧૨. આંબા ગોઠલી, અસગંધ કાથો, ચંદનનો અષ્ટાવશેષ ક્વાથ દ્વારા પ્રક્ષાલનથી પણ સંકોચ થાય છે.

૧૩. માજૂફલ, ત્રિફલા, કસીસ, કાથો, શુભ્રા, ધાવડાના ફૂલ, દાડમનાં છોડાં, સોપારી, સર્વ સમચૂર્ણ, બાવડની છાલનાં કાઢામાં બોર સમાન ગોળિઓ બનાવવી, મધ્યે રાખવાથી વિશેષ સંકોચન થાય છે.

૧૪. બાવળનો રસ કાઢી એક ગજ કપડાંને ભાવિત કરવું, બે કે ત્રણ ભાવના આપી, સૂકવવું, પછી ત્રણ–ચાર કકડા કરી મદનમંદિરમાં રાખતાથી સંકોચન થાય છે.

૧૫. કેશર અને ભાંગ સમ, જલથી ઘસી લેપ સંકોચન.

## ઋતુ બંદ કરવાના ઉપચાર

૧. સોનાગેરુ, વૃક્ષની જડ પાણીમાં વાટી પીવાથી માસિક ધર્મ બંદ થાય છે.

૨. ધમાસો પંચાંગ વાસી પાણી સાથે પીવાથી માસિક રોકાય છે.

૩. પુનર્નવામૂલ ૩ અંગુલ મદન સ્થાને ૩ દિવસ રાખે, માસિક બંદ થાય છે.

૪. પાંચ જાતનાં મીઠાને લીંબૂ રસની ભાવના ૧૪ દે, પછી પૂણી સાથે મેળવી યોનિમાં રખાવવાથી ઋતુ બંદ થાય છે.

૫. છાયાશુષ્કામાર્ગ મૂલ જલ સાથે લેવાથી માસિક બંદ થાય છે.

## ગર્ભ ન રહેવાના ઉપાય

૧. માસિક ધર્મ બાદ ૯ ટંક ગંધકની ગોળિઓ ગાયની છાશમાં બનાવી ત્રણ દિવસ ખવરાવવી. પછી શંખદ્રાય જેવી ઉગ્ર ઔષધિ આપવી. બીજે માસે પણ આવી રીતે જ પ્રયોગ કરવો, ગર્ભ કદાપિ નહીં રહે.

૨. ઋતુ સમયે શરપંખા ત્રણ દિવસ પીવાથી ગર્ભ રહેતો નથી.

૩. પીપર, બોર અને પલાસ ત્રણેની લાખ ૧–૧ તોલો ઋતુ સ્નાનાનન્તર ત્રણ દિવસ પીએ તો કોઈ પણ સ્થિતિમાં ગર્ભ ધારણ ન થતો નથી.

૪. સંભોગ પૂર્વ જો લીંબડાની ધૂણી લેવામાં આવે તો ગર્ભ રહેતો નથી.

૫. હાથીની તાજી લીદ લઈ એનો રસ ૧–૨ તોલા લેવો, એટલું જ મધ મેળવી પાવાથી અવશ્ય ગર્ભ રહેતો નથી.

૬. નૌસાદર, અને ચૂનો ત્રીજા ભાગે, ૦॥ તોલો દહી સાથે સાત દિવસ આપવાથી ગર્ભ નથી રહેતો અને શરીરે કોઈ જાતનું નુકશાન પણ નથી થતું.

૭. બોરની લાખની ગાય દૂધ સાથે વાટ બનાવી મેલવાથી પણ સંતાન નથી થતું.

## કુચ કઠણ કરવાના યોગ

સંગ્રાહકે કુચ કઠિન બનાવવાનાં ઘણાં પ્રયોગો નોંધ્યા છે. પણ અત્રે માત્ર બે જ આપવામાં આવે છે.

૧. ઉપલોટ અસગંધ, ગજપીપલ વાટી મહિષી માંખણથી સ્તન પર મર્દન કરી વાટકી બાંધી દેવી, **કઠિન થશે.**

૨. સાંગરી સૂકી ને બાફી તેનો રસ કાઢવો, સેલારસ મેળવી મર્દન કરી પૂર્વવત્ કટોરી બાંધવી, રાત્રિ સુધી.

## પ્રસૂતિ વાયુ

૧. તિલકંટો ૨॥ તોલા, ૩૦ તોલા પાણીમાં ઉકાળી પાવાથી સુવાવડના રોગો શાન્ત થાય છે.

૨. શુદ્ધવચ્છનાગ, શુદ્ધસિંગ્રફ અક્કરકરો, સુહાગો, સૂંઠ, મરી, સર્વ સમાન ભાગે લેવાં. ચૂર્ણને આદુની અને નાગરવેલના પાનના રસની ભાવના ૩–૩ આપવી. મોઠ બરોબર ગોળિઓ બનાવવી. ૨ ગોળી દિવસમાં સવાર–સાંજ લેવી. પ્રસૂતિવાયુનું શમન થશે.

## સ્ત્રી દ્રાવ

૧. સોહાગી કંટાઈથી ઘસી સ્વલ્પ કપૂર નાંખી મદનાંકુશ પર લેપ કરવો, સંભોગ સમયે સ્ત્રી–દ્રવિત થશે.

૨. સોહાગો તવખીર ૧ ટંક સ્ત્રીને પાનમાં ખવડાવી સંભોગ કરવાથી દ્રવિત થશે.

૩. લવિંગ પુનર્નવા, સૂંઠ ઘસી હાથે લેપ કરવો. એ હાથી કુચ મર્દનથી સ્ત્રી દ્રવશે.

૪. સોહાગો, કાથો ગોભીના રસમાં ગોળી કરી સ્ત્રીને ખવડાવવાથી દ્રવે છે.

## દૂધ આવવાના યોગ

૧. ગળો, હરડે સમાન ભાગે લઈ ગોળ સાથે સોપારી બરોબર ગોળી ખવડાવવાથી સ્તનમાં દુગ્ધવૃદ્ધિ થાય છે

૨. ખેરીગૂંદર, ટંક ૫, મગનો લોટ ટંક બન્ને ઘી સાથે અવલેહીને લેવો, શક્તિ અને દૂધ વધશે.

૩. સતાવરી ૧ તોલો ૦॥ શેર અથવા પીસકે તો વધારે લઈ ખીર બનાવી ખાવાથી નિશ્ચય દૂધ વધે છે.

૪. ભૂમિ કોહલું દૂધ સાથે ઘસી પીવાથી દૂધ વધે છે.

## સ્ત્રી પૌષ્ટિક

૧. કાઠા ઘઉંનો નિશાસતો ૫ શેર, કસેલી ૧ પાવ, બાવળનાં પાન, દાડમનાં છોડાં, કોકણી બોર, કાથો, ધાવડાનાં છોડાં ૧–૧ પાવ, ગોખરૂ, તુલસીપાન, વરીયાળી, આંમ્રકુંપલ, સૂંઠ, ધાવડાનો ગૂંદર, એક એક પાવ, જીરૂં પાસેર, ખાંડની ચાસણી કરી બધાં દ્રવ્યો મેળવવાં. પછી ૨–૨॥ તોલા નિત્ય વાપરવું. કમર દુખતી મટે, ગરમીનાં દિવસો હોય તો ચણાનો લોટ પણ પાસેર મેળવવો, પુષ્ટાઈ માટે આ સામાન્ય જણાતો યોગ વિશેષ લાભ કરે છે, આજ પ્રયોગ બીજા સંગ્રહમાં પણ લખેલો છે. એમાં ઘૃત સાથે સેકીને ચાસણી મેળવવાનો સંકેત છે, તે ઉચિત છે.

૨. કસેલો, ગાયનું ઘી, ૬૪–૬૪ ટંક, ગાયના ૫ સેર દૂધમાં કસેલો નાખી માવો બનાવવો. એમાં ત્રિફળા, ત્રિગડુ, ૧૨–૧૨ ટંક મેળવવાં. સતાવરી, પાષાણભેદ, જાયફળ, જાવંત્રી, માજુફળ, મોચરસ, લોદ, મજીઠ, કાયફલ, પાવડીના ફૂલ, બિલવફળ ૪–૪ ટંક, સર્વ વાટીને માવામાં નાખી ૪–૬ ટંકની સોપારી જેવી ગોળી બનાવી નિત્ય ખાવાથી સ્ત્રીના ઉદર તથા સમસ્ત યોનિરોગ ટળે છે.

## બાલરોગ ચિકિત્સા

૧. **સર્વરોગે**—કિરાયતો, સૂંઠ, અજમો, હરડે, પીપલ, મરી ઓલિયો, નિશોત, દાંતણી, કિરમાલો, દેવદારુ, લસણ, ઇન્દ્રવારૂણી, પંચલવણ, બીજાબોલ, બન્ને ખાર, શુદ્ધ મુરદાસંગ, ચંપા, અને કેવડાના મૂલ, સર્વ સમભાગે લઈને ગોમૂત્રની સાત ભાવના આપી ખરલ કરે, ગોલી ચણા બરોબર કરવી, બાળકના તમામ રોગો માટે આ અતિહિતકર ઔષધ છે.

૨. **બાળક મરતા રહે**—હળદર, પીપલ, જાયફલ, સોહગી, લોંગ, મરી, ઓલિયો, સૂંઠ, સોરો, આંબા હરદળ, બીજાબોલ ૫–૫ ટંક, ખાંડ ૭॥ ટંક, ઘઉં બળેલા ૧૫ ટંક બાળકનાં મૂત્ર અથવા બકરીના મૂત્રમાં ચણાં સમાન ગોળી બનાવવી, બાળક લઈ શકે તેમ હોય તો બાળકને આપવી અથવા માતાને બબ્બે ગોળિઓ સેવન કરાવવી.

૪. **અતિસાર**—નાનું બિલ્વ ફલ, ધાવડીનાં ફૂલ, નેત્રવાળો, લોદ, સમમાત્રા જલથી પડિકી આપવી. અથવા તો પાણીમાં મેળવી ચમચાથી દવા પાઈ દેવાથી બાળકનો અતિસાર મટે છે.

૪. બન્ને નિશા ઇન્દ્રજૌ, રીંગણી, જેઠીમધ યથા યોગ્ય ક્વાથ કરી પાવાથી અતિસાર મટે છે.

૫. **મૂત્ર કૃચ્છ્ર**—પીપલ, મરી, સૈંધવ, મધુ, મોથ, ૦।–૦। ટંક, ક્વાથ પાવાથી મૂત્રકૃચ્છ્ર બાળકનો મટે છે.

૬. પંચાંગ ધમાસાની ગોળી બોર સમાન, બાળકની માતાને ખવડાવવામાં આવે તો બાળક નિરોગ રહે.

૭. **કાળજાનું ઓષધ**—પીપલ, લવિંગ, જાયફલ, બીજાબોલ, નિશા, જવખાર, સોરો, ફલમી, સોહગી, બળેલ ઘઉં, બાળકના મૂત્રમાં ચણા સમાન ગોળી બનાવવી, બાળક નાનું હોય તો (અથવા ૪–૫ માસનું હોય તો) માતાને આપવી. સવાર–સાંજે બે ગોળીઓ. કાળજું મટશે.

૮. **રતવા**—કડવી ડોડીનું મૂળ, માલકાંગણી, રતાંજણી, પદ્માખ, ગળો, બરોબર કોળીના રસમાં ઘૂંટી શરીરે મર્દન કરે. થોડું ખવડાવી પણ શકાય. રતવામાં બાળકને સારો લાભ કરે છે.

૯. **ગળતો અટકે**—જેઠીમધ, વાળો, મુરમાંસી યથા યોગ્ય મધથી અવલેહી આપવાથી બાળક ગળતો અટકે છે, પુષ્ટ થાય છે.

૧૦. હરડે, રાઠ, વચ, સૂંઠ, ગળી, લોદ, નિશા, ઇન્દ્રવારુણી, દેવદરૂ, ત્રિફલા, ત્રિકુટા, સંચલ, જીરા, રીંગણી, પિતપાપડો, રતાંજણી, વરધારો, ઉપલોટ અરડુસો, વાયવિડંગ, મોથ, ચત્રિક, લીંબડો, ખેરસાર, ઇન્દ્રજૌ, વૈશાખનન્દનનાં લીંડાં, કૂવાથ કરી, ઘન થતાં ગોળી બાંધે ૧–૧ ગોળી બાજરા બરોબર લેવાથી પેટે ખાડ પડેલી સારી થાય છે. કાળજું મટે છે, અને શરીર પુષ્ટ થાય છે.

૧૧. **ખાંસી–શ્વાસ ઉકારી**—મુરમાંસી, રસૌત, લજ્જાલૂં, પીપલ, કાકડાસીંગી, અતિવિસ, મધ સાથે શક્તિ અનુસાર ચટાવે, ખાંસી, શ્વાસ ઉકારી વગેરે મટે છે.

૧૨. **પાંણ્ડુ–અમ્બલતા**—મંડૂર રતિ ૧ મધ સાથે ચટાડવું,

૧૩. **શોથ–સૂજન**—અરણીની રાખ પાણીથી પાવાથી સોજો ઉતરે છે.

૧૪. સાઠી ચોખા, લોદ, કંબોઇના રસમાં અથવા ગોળમાં ગોલી આપવાથી સોજો ઉતરે છે.

૧૫. કંબોઈનો રસ શરીરેં ચોપડવાથી પણ સોજો ઉતરે છે.

૧૬. અરણ્યા છાણાની રાખ ભેંસના ગોબરના રસમાં મેળવી લેપ કરવાથી પણ દરેક જાતનો સોજો ઉતરે છે.

૧૭. **ડબ્બો યા ડબ્બો**—રેવન્ત ચીણી, કાળાં મરી પાણી પાવાથી ડબ્બો મટે છે. જો શીતઋતુ હોય તો એકાદ લવિંગ પર ભેળવવું જોઈએ.

૧૮. હિંગોટ મીંગી ચંદનની જેમ પાણીમાં ઘસી પાવાથી પણ ડબ્બો મટે છે.

૧૯. કરંજીનાં બીજ સેકી પાણીથી આપવાથી ડબ્બો મટે છે.

૨૦. **ઉદર પીડા**—પતંજરીની છાલ ગાયની છાશમાં પીવાથી ઉદર વ્યથા મટે છે. અથવા તો એકલું કાળું મીઠું આપવાથી પણ પીડા શમે છે, પાણીમાં ઘસારો કરી ચટાવવું.

## વાળ નાશના પ્રયોગ

૧. સીસું, લોહ પાત્રમાં નાંખી ગાળે. પછી એમાં પારદ મેળવે, અનન્તર, હરતાલ, સાજી, સાબૂ, શુભ્રા, શોરાખાર, નવો ચૂનો, બધાં એકઠાં કરી કેળાંનાં મૂળ–કંદના રસમાં ઘૂંટી ગોળી બનાવે. ઘસીને લગાડવાથી વાળ ખરી પડે છે. ભવિષ્યમાં નથી આવતાં.

૨. પટોળનું ચૂર્ણ પાણી સાથે લગાડવાથી પણ વાળ ખરે છે.

૩. હરતાલ, પલાસની રાખ, નવો ચૂનો, સમભાગે પાણી સાથે લગાડવાથી કેશ ખરી પડે છે.

૪. હરતાલ, મેણસીલ, જીરું સમભાગે પાણી સાથે ઘૂંટી લેપ કરવાથી પણ વાળ ખરે છે.

૫. કડવી તૂંબી, કેરની કૂંપલ, વનડોડા, તલ, સાંગરીની રાખ ભેગા કરી વાળ ઉપાડીને મશળવાથી રોમ નથી આવતા.

૬. કિરમાળાની જડના રસના પુટ સાત કલમી શોરાને આપવાં, પછી કેળ કંદના રસમાં ઘસી લગાડવાથી વાળ નાશ પામે છે.

## વાળ ઉગાડવાના પ્રયોગ

આયુર્વેદ શાસ્ત્રોનાં ગંભીર ચિન્તક મહામનીષિઓએ શરીરનાં કોઈ પણ ભાગને ચિકિત્સાની દૃષ્ટિએ ઉપેક્ષિત રહેવા દીધો; નથી એક તરફ જ્યાં વાળ નાશ માટે સંશોધન કરી પ્રયોગો સંકલિત કર્યા છે ત્યાં બીજી બાજુ વાળ ઉગાડવા માટે પણ અન્વેષણ કર્યું છે, વાળ કોઈ ઠેકાણે કષ્ટકારક છે તો કોઈ ઠેકાણે આવશ્યક પણ છે. માથામાં જો વાળ ન હોય તો કેવું ખરાબ લાગે. અને આજે તો વાળવૃદ્ધિનાં નામે કેટલા તૈલો વખણાય છે. એ જુદી વસ્તુ છે કે જનતા એ તૈલોથી કેટલે અંશે લાભાન્વિત થાય છે.

અમુક બીમારી કે અમુક જીવજન્તુ માથા પર ફરી જવાથી વાળ ખરી જાય છે અને કોઈ-કોઈને તો આવતાં જ નથી. એટલે એ ચિકિત્સાનો વિષય તો ખરો જ. પ્રસ્તુત સંગ્રહકારે પણ નવા વાળ ઉગાડવાનો એક પ્રયોગ નોંધ્યો છે. જો કે શરીરના કયા ભાગના વાળ વધારે હોય તો કયા તત્ત્વની એ નિશાની છે. અને કઈ શિરાઓ સાથે એનો સંબંધ છે એ આજે ખૂબ જ વિચારણીય રહ્યું છે. પણ મારે આ ચર્ચામાં અત્રે નથી ઉતરવું. પણ એટલું કહ્યા વિના નથી રહેવાતું કે આજે વાળ વધારી, ઉગાડી કેમ સફળતા મેળવવી એ માટે વિશ્વ ઝંખે છે.

વાળ ઉગાડવાનો ગ્રન્થ–સંગ્રહકારનો યોગ આ પ્રમાણે છે.

વાળ ઉગાડવાના સ્થાનને સર્વ પ્રથમ આરણિયા છાણાંથી ખૂબ ઘસવું જોઈએ, પછી વડનું દૂધ ચોપડવાથી વાળ ઉગે છે.

આ પ્રયોગમાં સ્વલ્પ સફળતા મળે છે. પણ આ સાથે જો હાથીદાંતની ભસ્મ અને ભદ્રખડગી મેળવવામાં આવે અને નવનીતના માધ્યમથી વ્યવહાર થાય તો એક માસની અંદર વાળ ઉગાડવામાં સારી સફળતા મળે છે. અપેક્ષાકૃત વિદેશિયો પર આ પ્રયોગ વિશેષ અનુકૂળ પડયો છે.

એવી જ રીતે **ઉદયપુર** પાસેના **એકલિંગજી** નામક સ્થાનનાં પ્રતિષ્ઠિત નાગરિક અને વિદ્વાન પુજારીજી **પંડિત કૃષ્ણલાલજી મોઠે** પોતે ૩૦ વર્ષની ઉંમરે એક યોગ અનુભવેલ જે માત્ર બકરીની મીંગણી અને બોરના પાંદડાં સાથે સંબંધ ધરાવે છે. બોરમાં વાળ ઉગાડવાનું કયું તત્ત્વ છે અને બકરીની લીંડીમાં એવું તે શું છે કે વાળ તત્કાલ ઉગાડવામાં સહાયક બને છે, એ શોધવાનું રહ્યું.

ઘણાં જનાવરોનાં ખુરોમાં પણ એ તત્ત્વ જોવામાં આવે છે.

## કેશ કાળાં કરવાના પ્રયોગ

વાળ રંગવાના પ્રયોગો આપણે ત્યાં શતાબ્દિયોથી ચાલ્યા આવે છે, અને આ વિષય પર તો ઋષિ–મુનિઓએ અહીં સુધી અનુશીલન કર્યું છે કે અમુક ઔષધિઓ સેવન કરવામાં અથવા તો લગાડવામાં આવે તો મૂળથી જ વાળોનો રંગ કાળો જ અનુભવાય, આવા પ્રયોગોમાં વપરાતા દ્રવ્યોની વૈજ્ઞાનિક પરીક્ષા ભલે જ સંદેહાત્મક પરિણામોની ઘોષણા કરતી હોય, પણ આ દેશની પ્રજા તો એનાંથી સદાયે લાભ પ્રાપ્ત કરી રહેલ છે.

**ગ્વાલિયર** રાજ્યના આન્તરિક ભાગોમાં મને મારા પૂજ્ય સ્વર્ગીય ગુરુમહારાજ ઉપાધ્યાય **શ્રી સુખસાગરજી મ.સા.** અને મારા જીવન નિર્માતા અનેક ગ્રંથોનાં શોધક મૂકવિદ્વાન **મુનિ મંગલસાગરજી મ.સા.** સાથે વિહાર કરવાનો સુયોગ મળ્યો છે. ત્યાંના લોકોની અદ્યતન શૈક્ષણિક સ્થિતિ સામાન્ય છે, પણ

તેઓનું કોઈ–કોઈ બાબતોનું ગંભીર જ્ઞાન ભલભલા તદ્વિદ અને શોધકને આશ્ચર્યચકિત કરે એવું, આર્થિક સંકડામણને કારણે ત્યાંના લોકો પશ્વાપહરણ વધારે કરે છે; ત્રણ–ત્રણ માળ ઉપર પશુઓને સંતાડી રાખવામાં જ માત્ર તે લોકો :નિપુણ નથી પણ રાતોરાત પશુઓના રંગો અને શીંગડાંઓમાં એટલું પરિવર્તન કરી નાખે છે કે પોલિસમાં લખ્યા મુજબ એનું વર્ણન મળે જ નહીં. મેં ત્યાંના એક વૃદ્ધ પાસે પ્રશ્ન કર્યો કે તમારી પાસે એવી તો કઈ વિદ્યા છે કે તમો પશુઓના શરીરનો રંગ જ બદલી નાંખો છો. મને તેમણે ગ્રામીણ પ્રયોગો બતાવ્યા અને પછી મેં માણસોનાં વાળ કાળાં કરવા માટે ઉપાય અજમાવ્યો. એમાં અદ્યાવધિ અપયશ નથી મળ્યો, મારો કહેવાનો આશય કેવલ એટલો જ છે કે આપણે ત્યાં આવી વિદ્યાઓ હતી તો નાગરિક જીવન સુખી અને સમૃદ્ધ બનાવવા, પણ આજે એનો ઉપયોગ જે રીતે થઈ રહ્યો છે–એ ઇચ્છનીય નથી. સંશોધનની દૃષ્ટિએ અમારા વૈદ્યો અને ચિકિત્સકો ઘણાં પછાત છે એ સ્વીકારવામાં લેશમાત્ર પણ સંકોચ નથી, પૂર્ણતાના અહં એ અમારું ઓછું નુકશાન નથી કર્યું.

આયુર્વેદના આ પ્રકારનનાં અન્ય અનેક સંગ્રહાત્મક ગુટકાઓમાં વાળ કાળા કરવા અંગે શતાધિક પ્રયોગો નોંધેલા મળે છે. ઘણાં ખરાઓમાં અનુભવી વ્યક્તિઓનાં નામ પણ આપ્યાં હોય છે. પરન્તુ એ બધાં તો અત્રે સ્થાનાભાવવશાત્ વિસ્તૃત ઉલ્લેખ કરવો સંભવ નથી, કેવલ સ્વલ્પ પ્રયોગો આપીને જ સંતોષ કરીશ.

૧. ત્રિફલા, દાડમનાં છોડાં ૦ાા–૦ાા સેર, ૧ાા સેર લોહચૂર્ણ એકત્ર કરી લોઢાંના પાત્રમાં દવાઓ નાંખી ઇક્ષુરસ એટલાં પ્રમાણમાં નાંખવો જોઈએ કે દવાઓથી ૪ અંગુલ ઉપર રહે, લોહપાત્ર સારી પેઠે બંદ કરી ચૂલા આગળ ૧ માસ સુધી બાળી રાખવું. કાઢ્યાબાદ વાળ ઉપર મસળવું, મોઢાંમાં ચોખા રાખવા. કાળા ન થાય ત્યાં સુધી ઘસાવતા જવું. પછી એરંડિપાન બાંધી ક્રમશઃ આંબળાનાં પાણીથી માથું ધોવું, કેશ કાળા થશે અને વધારે સમય સુધી ટકશે.

આ પ્રયોગ સાવધાનીથી કરવો જોઈએ. કારણ કે વધારે માલિશ કરવાથી મસ્તક દુઃખવા આવે છે. હું આ પ્રયોગ બીજાં વાળ કાળાં કરનારાં દ્રવ્યોને તેલમાં પકાવી પછી ઉપરનાં દ્રવ્યો એકમેક કર્યાં બાદ કામમાં લઉં છું જેથી કોઈ પણ જાતનું કષ્ટ થતું નથી, પ્રયોગ ચાલુ કર્યા બાદ ખાવામાં કાળાં તલ, ભાંગરો, ભીલામાં આપવાથી સ્થાયી અસર થાય છે.

બીજાં પ્રયોગો એવાં વૈજ્ઞાનિક રીતે આપેલાં છે કે કાળું તત્ત્વ પેદા કરતારાં દ્રવ્યોનું ખાતર બનાવી વનસ્પતિ ઉગાડી ખાવાથી પણ વાળ કાળાં થાય છે, પણ અત્રે એ બધાંના વિસ્તૃત ઉલ્લેખનો અવકાશ નથી.

## અન્ય પ્રયોગો

ઉપરનાં પ્રયોગો વ્યવસ્થિત રીતે આપ્યા બાદ સંકલનકારે રહી ગયેલા બીજા યોગોનો સંગ્રહ કર્યો છે. અનન્તર પ્રભાવતી ગુટિકા, અશ્વકંચુકી–ત્રોડાચોલીનાં સમ્પૂર્ણ અનુપાનો વર્ણવ્યાં છે. સમુદ્ર ફલકલ્પ; રસોનકુલિકાકલ્પ આદિ આયુર્વેદ જગતમાં અતિ પ્રચલિત હોવાથી તેનું પિષ્ટપેષણ કરવું ઉચિત નથી

ઉપરનાં પ્રયોગો જોતાં સ્પષ્ટ જણાઈ આવે છે કે ગ્રન્થ સંગ્રહકારે મુખ્યતયા કાષ્ટાદિક વનસ્પતિઓને જ મહત્ત્વ આપ્યું છે, અને એ સત્ય છે કે કાષ્ટાદિક ઔષધિયોનો પરિપાક થયા બાદ વેળાસર સીમિત અવધિમાં ઉપયોગ કરવામાં આવે તો ઘણી ઉપકારક પ્રમાણિત થઈ શકે છે. છ માસ બાદ અથવા સડેલી ઔષધિઓ ચિકિત્સા માટે કામમાં લેવાય તો વાંછિત ફળ આપતી નથી. અને તેનાથી

આયુર્વેદ જેવી વૈજ્ઞાનિક અને દોષરહિત ચિકિત્સા પદ્ધતિ કલંકિત થાય છે. ઉચિત સંશોધનના અભાવે આજે ભારત કરતાંયે વિદેશિઓ આપણી વનસ્પતિઓથી વિશેષ લાભાન્વિત થઈ રહ્યાં છે.

## સિંગ્રફ–હિંગૂલ શુદ્ધિ

આયુર્વેદિક જગતમાં સિંગ્રફ અતિ પ્રભાવોત્પાદક યોગવાહી પદાર્થ તરીકે વિખ્યાત છે. સામાન્યતઃ લીંબડા અને લીંબૂના રસ તથા ભેંસના દૂધમાં સાત–સાત વાર ઘૂંટવાથીં શુદ્ધ થાય છે. અનન્તરભસ્મ બનાવી સેવન કરવામાં આવે છે. પરન્તુ પ્રાચીન અનુભવમૂલક સંગ્રહાત્મક રચનાઓમાં શુદ્ધિના વિભિન્ન પ્રકારો બતાવવામાં આવ્યા છે. પ્લાંડુ, ઘૃત, વૃતાંક, વચ્છનાગ, નાગરવેલનાં પાનનાં રસમાં શુદ્ધ કરેલ સિંગ્રફ સ્વતંત્ર રીતે પણ વ્યવહાર્ય ગણાયો છે. અને એનાંથી લાભ પણ સારી રીતે થાય છે, અહિં જે શુદ્ધિનો પ્રકાર આપવામાં આવે છે. એ બધાંય કરતાં જુદી જ રીતનો છે. અને વગર સંકોચે સ્વીકારવું જોઈએ કે આવી રીતે બનાવેલા સિંગ્રફે મકરધ્વજનું કામ સાર્યું છે. **ઋષિ ખીવસીંની** આ આમ્નાય છે. મેં પણ શુદ્ધિનાં આ પ્રકારથી સિંગ્રફનો ઘણાં રોગોમાં ઉપયોગ કરી સફળતા મેળવી છે. શુદ્ધિ પ્રક્રિયા આ પ્રમાણે છે:–

૧૫ તોલા સિંગ્રફની ડલીને ૧૫ સેર ગૌમૂત્રમાં પાંચ સેર સાંભરનું મીઠું નાખી ડોલકાયંત્રે સ્વેદન કરવું, લગભગ ૬ કલાક સુધી અગ્નિ પર રાખે, શીતલ થયે બહાર કાઢી સિંગ્રફની ડલી પર ચારે તરફ સૂતર લપેટવું, લોઢાની કડાઈમાં સિંગ્રફ મૂકી એરંડિયું તૈલ ૧ સેર ભરીને દીપાગ્નિ દેવી, સમ્પૂર્ણ તૈલ બળી ગયા પછી પુનઃ કડાઈ સાફ કરી ૧૦–૧૦ તોલા ઘી, મધ અને સુહાગો લેવો, સુહાગાનું ચૂર્ણ ઉપર નીચે પાથરી વચ્ચે સિંગ્રફ મૂકવો. ઉપર ઘી અને મધ નાંખી પુનઃ દીપાગ્નિ દેવી. બધાંયે દ્રવ્યો બળ્યાં બાદ માત્ર સિંગ્રફ રહે ત્યારે કાઢી ખૂબ ખરલ કરી શીશીમાં ભરી રાખવો. ચોખા પ્રમાણ નાગરવેલનાં પાનમાં ખાવાથી દરેક રીતે મહાન્ ગુણ કરે છે. યોગ્ય ચિકિત્સક અનુભવને આધારે પ્રત્યેક રોગમાં આનો સફળ પ્રયોગ કરી શકે છે. અપેક્ષાકૃત શ્રમ અને વ્યય તો આ પ્રક્રિયામાં વિશેષ છે. પરન્તુ અદ્‌ભૂત રસાયણ પણ એવું તૈયાર થઈ જાય છે કે સ્વલ્પ માત્રામાં જ રોગ નિવૃત્ત કરી સ્વાસ્થ્યને પૂર્ણતયા પ્રકૃતિસ્થ બનાવે છે.

## બીજો પ્રકાર

સિંગ્રફ તોલા ૫, વચ્છનાગ તોલા ૨૪, વચ્છનાગનાં ચૂર્ણને આકડાના દૂધની ૩ ભાવના આપવી, પછી એક લોઢાની કડાઈમાં અડધું ચૂર્ણ પાથરી સિંગ્રફ મુકી વળી અવશિષ્ટ ચૂર્ણ ઉપર મેલવું, મંદાગ્નિ પર ચઢાવી તદુપરી આકડાનાં દૂધનાં ટીપાં નાંખવાં, ૫ સેર દૂધના ટીપાં નાંખવાં જોઈએ, સિંગ્રફ શુદ્ધ થઈ જશે, રતિ ૧–૨ નાગરવેલના પાંનમાં આપવાથી શક્તિ આદિમાં સારો વધારો થાય છે. અનુમાન ભેદથી ઘણાં રોગોમાં આ સિંગ્રફનો ઉપયોગ કરી શકાય છે. બચેલી વચ્છનાગની ભસ્મનો ઉપયોગ ખાંસી અને દમમાં સારી રીતે કરી શકાય છે.

આવી જ રીતે સિંગ્રફ શુદ્ધિનાં બીજા પણ અનેક પ્રકારો અનુભવને આધારે બતાવ્યા છે, પણ સ્થળ સંકોચને કારણે જતા કરવા પડ્યાં છે.

સંગ્રહકારે હરતાલ, તામ્ર આદિને ફૂંકવાના થોડા પ્રકારો બીજા અનુભવીઓ પાસેથી શીખીને અત્રે સંગ્રહ કર્યાં છે, જો કે આવી ધાતુઓની ભસ્મ કરવાની વિવિધ વિધિઓ શાસ્ત્રોમાં સંગ્રહીત છે.

છતાંયે દરેક સમયમાં એનાં જે જે અનુભવો તજજ્ઞોએ કર્યા એનું મહત્ત્વ વિશેષ હોવાથી અત્રે ઉપેક્ષિત ન રાખી શકાય.

**હરતાલ**—હરતાલ તોલા ૧૦, બબ્બે દિવસ થુઅર, અકંપય, ભૃંગરાજ અને કુમારિકના રસમાં ખરલ કરી પુનઃ થોરનાં દૂધમાં ચાર દિવસ ખરલ કરી ટીકડી કરવી. ૪ દિવસ તડકે સૂકવવી, એક હાંડલામાં ૧૦ તોલા કળી ચૂનો પાથરવો, ઉપર કપડામાં લપેટી હરતાલની ટીકડી રાખવી. તદુપરી અભ્રખનો ટુકડો રાખવો, ઉપર શકોરું ઊંધુ રાખવું. ચારે તરફ ચૂનો લગભગ ૪ સેર પાથરવો, અનન્તર એક પ્રહરની દીપાગ્નિ અને ૩૨ પ્રહરની હઠાગ્નિ દેવી. સ્વતઃ શીતલ થાય ત્યારે કાઢી કામમાં લેવી. જો કદાચ અપક્વ રહી જાય તો કુંવારના રસની ભાવના દઈ પુનઃ તથૈવ અગ્નિ ૮ પ્રહરની અને વળી કાચી રહે તો એવી જ રીતે ભાવિત કરી ૧૨ પ્રહરની અગ્નિ દેવી. આ હરતાલ અનુપાન ભેદથી અનેક રોગોમાં ચિકિત્સકને યશાર્જિત બનાવે છે. ઠાકરસી નાણાવાલનો આ અનુભવ છે.

## વિષાણ ભસ્મ

સામાન્યતઃ વિષાણ ભસ્મ આંકડાંના પાન અથવા કુમારિકાના ગર્ભની લુગદીમાં તૈયાર થાય છે. પણ સંગ્રહકારે બતાવ્યું છે કે ૯ દિવસ સાંબરશૃંગ ગૌમૂત્રમાં ભીજવવું. પછી ગજપુટ આપવાથી સફેદ ભસ્મ તૈયાર થાય છે. હું આજ ભસ્મને વધારે તેજસ્વી બનાવતા આંકડાનાં દૂધની ભાવના આપી પુનઃ ગજપુટ આપું છું.

**કજજલી ભસ્મ**—પારદ ગંધક સમભાગે વાટી રાખે, પછી વડવેલાની છાલનો રસ ૧ સેર તૈયાર કરે, લોઢાના વાસણમાં કજ્જલી નાંખી ચૂલે ચઢાવે. કજ્જલી પર રસનાં ટીપાં નાખી વડના કાષ્ટથી હલાવતાં હલાવતાં કજ્જલીની ભસ્મ તૈયાર થઈ જશે, પાનમાં એક રતિ આપવાથી શીત, અકડવાયુ, હાડકાંનો દુખાવો, અક્ષુધા, સંધિગત વાયુ આદિ અનેક દોષો દૂર થઈ શરીર તેજસ્વી બને છે.

**પારદ ક્રિયા**—પારદ તોલા ૨ાા, કથીર તોલા ૧ાા બન્નેની ગાંઠ પાડી ભીલામાંના ચૂરણમાં લપેટી છાણાંની અગ્નિ આપવાથી પારદ પતાસાની માફક ફુલાઈ જશે અને કથીર નીચે પડે જશે.

**પારદ વિધિ**—પારદ ગંધક ૨ાા–૨ાા તોલા, એકત્ર કરી લીંબૂના રસમાં ૩ પ્રહર ખરલે, પછી કાચની આતશી શીશીમાં ભરે. ચૂનો, ગૂગલ અડદનો લોટ અને ગોળની દૃઢ સુખ મુદ્રા દઈ સાત કપડપટ્ટી કરે, એક હાંડલામાં ઝીણી રેત ભરી વચ્ચે શીશી મુકી ૧૬ પ્રહર અગ્નિ આપે, સિદ્ધ થયા બાદ ભાંગરો, ખટુઓ (અત્યમ્લપર્ણી) રીંગણી, કુંવાર, દેવાલી, શરપંખા અને ભાંગના રસની ભાવના દેવી. છેલ્લી ભાયના ઘી, દૂધ અને મધની આપવી. ગંધક એક જ વાર નાખવો, પુનઃ ભઠ્ઠી દેવાથી દેવાથી ઉત્તમ રસાયણ તૈયાર થાય છે. માત્ર એક માત્રા અદ્‌ભુત ચમત્કાર દેખાડે છે.

આ પ્રક્રિયામાં કામ આપતો પારદ જો સાત–સાત વાર સાગોનના રસમાં, જાઈ કુંપલનાં રસમાં ખરલ કરેલો હોય તો કીમિયાગિરીમાં પણ ઉપયોગી સિદ્ધ થાય છે.

चन्द्रसागर. सूरीश्वर जैन
क्रमांक १२१९२
श्रीपाल मार्ग उज्जैन म.प्र.